ૐ

પરમાત્મને નમઃ

પંડિત કૈલાશચન્દ્ર જૈન ગ્રન્થમાલા, પુષ્પ-૧

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

(ભાગ-૨)

વિશ્વ; દ્રવ્ય-ગુણ-પર્યાય; છ સામાન્યગુણ તથા
ચાર અભાવના પ્રશ્નોત્તર

**લેખન તથા સંકલન :**
**પંડિત કૈલાશચન્દ્ર જૈન**
**'વિમલાંચલ', હરિનગર, અલીગઢ (ઉ.પ્ર.)**

**પ્રકાશન સહયોગ :**
**તીર્થધામ મંગલાયતન, અલીગઢ**

**પ્રકાશક :**
**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, દેહરાદૂન**

## પ્રકાશકીય

જગતના સર્વ જીવો સુખ ઈચ્છે છે અને દુઃખથી ભયભીત છે. સુખ મેળવવા આ જીવ, સર્વ પદાર્થો અને પોતાના ભાવો અનુસાર પલટવા ચાહે છે. પરંતુ અન્ય પદાર્થોને બદલવાનો ભાવ મિથ્યા છે. કેમકે પદાર્થ તો પોતાની મેળે પલટે છે અને આ જીવનું કાર્ય માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે.

સુખી થવા માટે જિનવચનોને સમજવા અત્યંત આવશ્યક છે. વર્તમાનમાં જિનધર્મના રહસ્યને બતાવનારા અધ્યાત્મપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી છે. એવા સત્પુરુષના ચરણોમાં રહીને અમે જે કાંઈ શીખ્યા છીએ, તે અનુસાર પંડિત કૈલાશચંદ્રજી જૈન (બુલંદશહેર) દ્વારા ગુંથિત જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ, જિનધર્મના રહસ્યને અત્યંત સ્પષ્ટ કરનારા હોવાથી ચોથીવાર પ્રકાશિત થઈ રહ્યા છે.

આ પ્રકાશન કાર્યમાં અમે લોકો અમારા મંડળના વિવેકી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખનાર સ્વર્ગીય શ્રી રૂપચંદજી, માજરાવાલોને યાદ કરીએ છીએ, જેની શુભ પ્રેરણાથી આ ગ્રંથોનું પ્રકાશનકાર્ય શરૂ થયું છે.

અમે ઘણા ભક્તિભાવથી અને વિનયપૂર્વક એવી ભાવના કરીએ છીએ કે સાચા સુખના અર્થી જીવ, જીનવચનને સમજીનેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. એવી ભાવનાથી આ પુસ્તકોનું ચોથું પ્રકાશન આપના હાથમાં છે.

આના પહેલા ભાગમાં જૈનદર્શનના આધારભૂત સિદ્ધાંતો-વિશ્વ, દ્રવ્ય, ગુણ, પર્યાયનું વિશદ વર્ણન પ્રશ્નોત્તરાત્મક શૈલી તેમજ આત્મહિતના પ્રયોજનની દૃષ્ટિથી કરવામાં આવ્યું છે. દ્રવ્યના પ્રકરણ અંતર્ગત છએ દ્રવ્યો; ગુણના પ્રકરણના અંતર્ગત છ સામાન્ય ગુણો તેમજ પર્યાયના પ્રકરણને અંતર્ગત તેના અર્થ તેમજ વ્યંજનપર્યય; સમાનજાતીય તેમજ અસમાનજાતીય દ્રવ્યપર્યાય તેમજ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સમજાવામાં આવ્યા છે. તે સિવાય જિનાગમમાં વર્ણિત ચાર અભાવ --પ્રાગ્ભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યન્તાભાવને સ્પષ્ટ કરતા અભ્યાસ માટે અનેક પ્રશ્નોત્તર સમાયોજિત કરવામાં આવ્યા છે. સાથે જ આત્મહિતને માટે આવશ્યક જાણવાયોગ્ય વિષયોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

અમારા ઉપકારી આદરણીય પંડિત કૈલાશચંદ્રજીના જન્મ-શતાબ્દી વર્ષના અનુસંધાને, તીર્થદામ મંગલાયતનમાં આયોજિત મંગલસમર્પણ સમારોહના અવસરે આ સંપાદિત સંસ્કરણ પ્રકાશિત થઈ રહ્યું છે, તેનો અમને અત્યંત ગર્વ છે. તીર્થધામ મંગલાયતન પરિવારના પૂર્ણ સહયોથી આ કાર્ય સંપન્ન થયું છે, જેનો અમને હર્ષ છે. પ્રસ્તુત ગ્રંથને સુવ્યવસ્થી સંપાદિતરૂપમાં ઉપલબ્ધ કરવાનો શ્રેય પંડિતજીના સુપુત્ર શ્રી પવન જૈન, અલીગઢ તેમજ પંડિત દેવેન્દ્રકુમાર જૈન, બિજોલિયાનો છે. તેનો મંડળ તરફથી આભાર વ્યક્ત કરીએ છીએ.

દરેક જીવ આ ભાગમાં સમાહિત આધારભૂત સિદ્ધાંતોને સમ્યક્સ્વરૂપ સમજીને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરે - એજ ભાવના છે.

૧૦ જૂન ૨૦૧૨
**મંગલ સંપર્ણ સમારોહ**
પંડિત કૈલાશચંદ્ર જૈન
જન્મ શતાબ્દી વર્ષ

નિવેદક
**દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
દેહરાદૂન

# ભૂમિકા

વીતરાગી જિનેન્દ્ર પરમાત્માની દિવ્યધ્વનિના પ્રવાહમાં કારણ-કાર્ય વ્યવસ્થા દરેક વસ્તુની સ્વતંત્રતાનું નિર્દશન કરાવે છે. વિશ્વમાં જે-જે કાર્ય થાય છે, તે પોતાની તે સમયની યોગ્યતારૂપ સમર્થ કારણથી જ થાય છે. તે સમયે ત્રિકાળી ઉપાદાનકારણ અનંતપૂર્વ-ક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ સાથે સંયોગરૂપે નિમિત્તકારણમાં હાજરી હોય છે. અજ્ઞાની જીવ તે રહસ્યને ન જાણવાને કારણે નિમિત્તકારણને જ કાર્યને વાસ્તવિક કર્તા માનીને નિમિત્તાધીન દૃષ્ટિથી, સંસારની ચાર ગતિઓમાં પરિભ્રમણ કરતો એવો નિગોદ ચાલ્યો જાય છે. કારણ-કાર્યની વાસ્તવિક વ્યવસ્થાનું પરિજ્ઞાન થવાથી પરમાં ન તો નિમિત્તથી કાર્ય થવાની ભ્રાંતિ થાય છે અને ન તો નિમિત્તના અસ્તિત્વના ના પાડવાથી થાય છે. આ કારણ-કાર્યની સમ્યક્ વ્યવસ્થા છે. જેને આ પુસ્તકમાં છ કારક, નિમિત્ત-ઉપાદાન; નિમિત્ત-નૈમિત્તિક; વ્યાપ્ય-વ્યાપક; યોગ્યતા તથા સ્વતંત્રતાની ઘોષણા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

અહીં એ વિશેષ ઉલ્લેખનીય છે કે વર્તમાન દિગંબર જૈન સમાજમાં નિમિત્ત-ઉપાદાન વગેરે જૈનદર્શનના આદારભૂત સિદ્ધાંતોની ચર્ચાની શરૂઆત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની અધ્યાત્મ ક્રાંતિથી થઈ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના આધ્યાત્મિક પ્રવચનોમાં વસ્તુની સ્વતંત્રતાનો જે શંખનાદ કર્યો છે, તેને પરતંત્રતાની બેડી-સાંકળને તોડી નાખી છે. સ્વતંત્રતાના ઉદ્ઘોષક પૂજ્ય ગુરુદેવશ્રીનો ખરેખર સંપૂર્ણ દિગંબર જૈન સમાજ અને મારા ઉપર અનંત-અનંત ઉપકાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો તથા સમાદરણીય શ્રી રામજીભાઈ દોશી, શ્રી ખીમચંદભાઈ શેઠની કક્ષાના સમયમાં જ આ વિષયોને પ્રશ્નોત્તરરૂપથી આત્મહિતાર્થ લખતો રહું છું. જેને દહેરાદૂન મુમુક્ષુ મંડળે અત્યાર સુધીમાં ત્રણવાર પ્રકાશિત કર્યું છે. હવે આ ચોથું સંસ્કરણ મારી ભાવનાને અનુરૂપ સંપાદિત થઈને પ્રકાશિત કરી રહ્યો છું, જેથી હું પ્રસન્ન છું.

હે જીવો! જો આત્મહિત કરવા ચાહો છો તો સમસ્ત પ્રકારે પરિપૂર્ણ નિજ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો. દેહાદિથી સર્વથા ભિન્ન જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનો નિર્ણય કરીને જ સંપૂર્ણ જિનશાસનનો સાર છે કેમકે જે જીવ દેહાદિથીત ભિન્ન જ્ઞાન-દર્શનસ્વભાવી આત્માનો આશ્રય લે છે, તે મોક્ષમાર્ગ પામીને મોક્ષે ચાલ્યો જાય છે અને જે દેહાદિમાં જ પોતાપણાની શ્રદ્ધા-જ્ઞાન કરે છે, તે ચારેય ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે.

દરેક જીવ આ ગ્રંથમાં પ્રસ્તુત થયેલા પ્રશ્નોત્તરોનો વારંવાર અભ્યા કરી આત્મહિતના માર્ગે પ્રયાણ કરે-એવી ભાવના સાથે-

**પંડિત કૈલાશચંદ્ર જૈન**
અલીગઢ (ઉત્તરપ્રદેશ)

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
### (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

ભારતની વસંધરા, અનાદિથી જ તીર્થંકર ભગવંતો, વીતરાગી સંતો, જ્ઞાની-ધર્માત્માઓ તથા દાર્શનિક/આધ્યાત્મિક ચિંતકોની જન્મદાત્રી રહી છે. આ જ દેશમાં વર્તમાનકાળમાં ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધીના ચોવીસ તીર્થંકરો થયા છે. વર્તમાનમાં ભગવાન મહાવીરના શાસનકાળમાં ધરસેન આદિ મહાન દિગંબર સંત, શ્રીમદ્ કુંદકુંદાચાર્ય વગેરે મહાન આધ્યાત્મિક સંત, આ પવિત્ર જિનશાસનના પતાકાને દિગદિગંતમાં ફરકાવતા રહ્યા છે.

વર્તમાન શતાબ્દીમાં જિનેન્દ્ર ભગવંતો, વીતરાગી સંતો તથા જ્ઞાની ધર્માત્માઓ દ્વારા ઉદ્ઘાટિત આ શાશ્વત સત્યને, જેમણે પોતાના પ્રચંડ પુરુષાર્થથી સ્વયં આત્મસાત કરતા થકા ૪૫ વર્ષો સુધી અવિરલ પ્રવાહિત કર્યો છે - એવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીથી આજે કોણ અપરિચિત છે! પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રિયાકાંડની કાલીકારામાં કેદ, આ વિશુદ્ધ જિનશાનને પોતાના આધ્યાત્મિક આભામંડળ દ્વારા નતો મુક્ત કર્યો, પરંતુ એનો એવો પ્રચાર-પ્રસાર કે માનો આ વિષમ પંચમકાળમાં તીર્થંકરોનો વિરહ ભૂલાવી, ભરતક્ષેત્રને, વિદેહક્ષેત્ર અને પંચમકાળને ચોથો કાળ જ બનાવી દીધો.

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જનપદના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવીર્ય શ્રી મોતીચંભાઈને ઘરે, માતા ઉજમબાની કૂખે વિક્રમ સંવત્ ૧૯૪૬ના વૈશાખ શુક્લ બીજ, રવિવાર (તા.૨૧ એપ્રિલ, સન્ ૧૮૯૦ ઈ.સ.) પ્રાતઃકાળ આ બાળ મહાત્માનો જન્મ થયો.

સાત વર્ષની વયમાં લૌકિક શિક્ષા લેવાનો પ્રારંભ કર્યો. પ્રત્યેક વસ્તુના હૃદય સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મુધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય તથા ગંભીર મુખમુદ્રા, તથા નિસ્પૃહ સ્વભાવવાળા હોવાથી બાળ 'કાનજી' શિક્ષકો તથા વિદ્યાથીઓમાં પ્રિય થઈ ગયા. વિદ્યાલય અને જૈન પાઠશાળાના અભ્યાસમાં હંમેશા પ્રથમ નંબર આવતો, પરંતુ વિદ્યાલયની લૌકિક શિક્ષાથી એને સંતોષ નહોતો થતો. અંદર ને અંદર એવું લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરમાં માતાના અવસાનથી, પિતાજીની સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ પછી પિતાજીના સ્વર્ગવાસને કારણે, સત્તર વર્ષની ઉંમરમાં ભાગીદારની સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં જોડાવાનું થયું. દુકાન ઉપર પણ ધાર્મિક પુસ્તકોં વાંચતા હતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રીના સમયે રામલીલા કે નાટક જોવા જતાં, તો તેમાં પણ વૈરાગ્યરસનું ઘોલન કરતા હતા. જેના ફળસ્વરૂપ પહેલીવાર સત્તર વર્ષની ઉંમરમાં ઉજ્વળ ભવિષ્યની અભિવ્યક્તિ કરતું એવું, બાર લાઈનની એક કાવ્યની રચના કરે છે. - **શિવરમણી રમનાર તૂં, તૂં હી દેવનો દેવ.**

સત્યની શોધ માટે દીક્ષા લેવાનો ભાવ ૨૨ વર્ષની યુવા અવસ્થામાં દુકાનનો પરિત્યાગ કરે છે, અને ગુરુની સમક્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે, પછી ૨૪ વર્ષની ઉંમરમાં (વિક્રમ સંવત્ ૧૯૭૦)માં જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ સાધર્મીઓના વિશાળ સમુદાયની ઉપસ્થિતિમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા

અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર ચઢતી વખતે ધોતી ફાટી જાય છે, તીક્ષ્ણ બુદ્ધિધારક કાનજીને શંકા થાય છે કે કાંઈક ખોટું થઈ રહ્યું છે.

વિક્રમ સંવત્ ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદયના સૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બને છે :

વિધિની કોઈ ધન્ય ક્ષણમાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ, ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે- —**'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** સમયસારનું અધ્યયન અને ચિંતન કરતા અંતરમાં આનંદ અને ઉલ્લાસ પ્રસ્ફુટિત થાય છે તથા અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થાય છે. ભૂલી પડી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદિપીકા વગેરે દિગંબર શાસ્ત્રના અભ્યાસથી તેમને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળમાર્ગ છે અને એ જ સાચો ધર્મ છે. એ માટે અંતરંગ શ્રદ્ધા કંઈક જુદી અને બહારમાં વેષ કંઈક જુદો — આ સ્થિતિ તેમને અસહ્ય લાગવા લાગે છે. તેથી અંતરંગમાં અત્યંત મનોમંથન પછી સંપ્રદાયનો પરિત્યાગનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની શોધ કરતા કરતા સોનગઢ આવીને 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકને દિવસે, (ચૈત્ર સુદ ૧૩, સંવત્ ૧૯૯૧) બપોરે સવા બે વાગ્યે સંપ્રદાયના ચિહ્નો મુહપતિનો ત્યાગ કરે છે અને પોતે સ્વયં ઘોષિત કરે છે કે **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી; હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.'** સિંહવૃત્તિના ધારક આ મહાપુરુષે ૪૫ વર્ષની ઉંમરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં નિવાસ કરતા માત્ર ત્રણ વર્ષમાં જ જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેને કારણે આ મકાન એકદમ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમ પ્રતાપી સત્પુરુષના નિવાસસ્થાન અને પ્રવચન સ્થળ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કર્યું. ગુરુદેવશ્રીએ જેઠ વદ ૮, સંવત્ ૧૯૯૪ના દિવસે આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મસાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની ગયું.

અહીં દિગંબરધર્મના ચારેય અનુયોગના નાના-મોટા ૧૮૩ ગ્રંથોનું ગહનતાથી અધ્યયન કર્યું. એમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રી સમયસાર ગ્રંથ ઉપર તો ૧૯ વાર અધ્યાત્મ વર્ષા કરી. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો ઉપર પણ ઘણીવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનારા અને કુંદકુંદાદિ આચાર્યોના ગૂઢ શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટક આ મહાપુરુષના ભવતાપ વિનાશક અમૃતવાણીને ઈ.સ. ૧૯૬૧થી નિયમિતરૂપથી ટેપમાં ઉત્કીર્ણ કરવામાં આવ્યા. જેના પ્રતાપથી આજે આપણી પાસે નવ હજારથી વધારે પ્રવચનો સુરક્ષિત ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષ મંડળોમાં તથા લોખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘર-ઘરમાં ગુંજાયમાન થઈ રહી છે. એનાથી એટલું તો નિશ્ચિત છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોંને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મ સંદેશ, દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને

નિયમિત ઉપલબ્ધ થતો રહે, એ હેતુથી વિક્રમ સંવત્ ૨૦૦૦ના માગશર મહિનાથી (ડિસેમ્બર ૧૯૪૩થી) 'આત્મધર્મ' નામનું માસિક આધ્યાત્મિક પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણિકચંદ દોશીના સંપાદકત્વથી પ્રારંભ થયું છે, જે વર્તમાનમાં ગુજરાતી તથા હિન્દી ભાષામાં નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે.

સોનગઢમાં વિક્રમ સંવત્ ૧૯૯૭-ફાગણ સુદ બીજના દિને નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધર આદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ઈ.સ. ૧૯૪૧થી ઈ.સ. ૧૯૮૦ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતના ઉપરાંત સમ્ગ્ર ભારતદેશના અનેક શહેરોમાં તથા આફ્રીકાના નાઈરોબીમાં કુલ ૬૬ પંચ કલ્યાણક તથા વેદી પ્રતિષ્ઠા આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પાવન કર-કમળોથી થઈ.

શ્રી સમ્મેદશિખરજીની યાત્રાનું નિમિત્ત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર ઈ.સ. ૧૯૫૭ અને ઈ.સ. ૧૯૬૭માં એમ બે વાર થયું.

તા.૨૮ નવેમ્બર ૧૯૮૦ શુક્રવાર (માગશર સુદ ૭, સંવત્ ૨૦૩૭)ના દિને આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંત પુરુષ દેહાદિનું લક્ષ્ય છોડીને, પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાયંકાળ આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંત અને ભરતક્ષેત્રથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. વીરશાસનને પ્રાણવંત કરીને અહીંથી અધ્યાત્મયુગ સૃજન કર્યું.

## અધ્યાત્મ મનીષી પંડિત કૈલાશચંદ્ર જૈન

### (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત પંડિત કૈલાસચંદ્ર જૈનનો જન્મ, આજથી લગભગ ૯૯ વર્ષ પૂર્વ ગ્રામ ટીકરી, જિલ્લો મેરઠમાં પિતા મટ્ઠનલાલ જૈનના ઘરે, માતા શ્રીમતિ ભરતોદેવીની કૂખે થયો છે. એ સિવાય એમને બે ભાઈ તથા બે બહેનોં સહિત પોતે પાંચ ભાઈ-બહેન હતા.

તેમની પ્રારંભિક શિક્ષા મથુરા-ચૌરાસી તથા તે પછી જંબુ વિદ્યાલય, સરહાનપુરમાં થઈ. શરૂથી જ સ્વાભિમાની વૃત્તિના ધણી હોવાની સાથે નિર્ભીકતા, નિસ્પૃહતા, સિદ્ધાંતો પર અડગતા વગેરે એમના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતા છે.

નાનપણમાં જ લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય તેમજ સ્વાધીનતા આંદોલન પછી સ્વદેશ વાપસી ઉપરાંત બુલંદશહેરમાં આજાદ ટ્રેડિંગ કંપની નામથી સ્ટેશનરીનો વ્યવસાય કરતા થકા, પોતાની સહધર્મિણી શ્રીમતિ વિમલાદેવી તેમજ ચાર પુત્રિઓ તથા એક પુત્રની સાથે પૂરા પરિવારની જવાબદારીનું નિર્વહન કરતા થકા ધર્મમાર્ગમાં નિરંતર ગતિશીલ રહ્યા.

આપના જીવનની ધારામાં અમૂલચુલ પરિવર્તન ત્યારે થયું, જ્યારે ગિરનારયાત્રા દરમ્યાન સોનગઢની દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સાક્ષાત્કાર થયો. ત્યારબાદ નિરંતર તત્ત્વ આરાધના તથા તત્ત્વ પ્રચાર જ આપના જીવનનું અંગ બની ગયું અને સંપૂર્ણ દેશમાં તત્ત્વજ્ઞાના પતાકા ફરકાવા એકલા નીકળી પડ્યા.

યુવાવયમાં જ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ધારણ કરી,

એકમાત્ર આત્મસાધનાને જ જીવનનો ઉદ્દેશ બનાવીને તેમાં સફળતા અર્જિત કરી.

પોતાના જીવન આધાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ માનનીય શ્રી રામજીભાઈ દોશી તથા શ્રી ખેમચંદભાઈ સેઠ પાસેથી જે કાંઈ શીખ્યા, તેનું જ સાકારરૂપ છે 'જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા'ના આઠ ભાગ, જેનું અનવરત પ્રકાશન શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દેહરાદૂનથી થઈ રહ્યું છે. હિન્દી ગ્રંથોના આધાર પર પોતાની પ્રેરણાથી આપના સુપુત્ર શ્રી પવન જૈનને 'જિનાગમસાર'ની રચના/સંકલન કરી આપની પરંપરામાં વૃદ્ધિ કરી છે.

વિશ્વના પ્રાણીમાત્ર પ્રતિ કરુણાથી ઓતપ્રોત આપના હૃદયમાં પાવન ભાવનાઓંના સાકારરૂપ 'તીર્થધામ મંગલાયતન' આજ જિનેન્દ્રદેશના તેમજ ગુરુવાણીના પ્રચાર-પ્રસારની દશામાં ઉલ્લેખનીય ગતિથી કાર્ય કરી રહ્યું છે. અહીંથી પ્રકાશિત માસિક 'મંગલાયતન' પત્રિકા, 'મંગલાયતન-ટાઈમ્સ' તેમજ અનેક સાહિત્ય પણ પંડિતજીની પ્રેરણાથી તેમજ આશીર્વાદનું સુફળ છે.

વર્તમાનમાં શારીરિક શિથિલતા ઉપરાંત પણ તત્ત્વજ્ઞાનની જાગૃતિ આપના આત્મસાધનામય જીવનના જીવંત પ્રતિબિંબ છે.

## અનુક્રમણિકા

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

## ભાગ-૨

ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં,
ણમો ઉવ્જ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. ૧.
મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્. ૨.
આત્મા જ્ઞાનં સ્વયં જ્ઞાનં, જ્ઞાનદન્યત્કરોતિ કિમ્,
પરભાવસ્ય કર્તાત્મા, મોહોઽયં વ્યવહારિણામ્. ૩.
અજ્ઞાન તિમિરાન્ધાનાં, જ્ઞાનાઞ્જન શલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ. ૪.
ઉપાદાન નિજ શક્તિ હૈ, જિવ કો મૂલ સ્વભાવ,
હૈ નિમિત્ત પર યોગ તેં, બન્યો અનાદિ બનાવ. ૫.
ઉપાદાન અરુ નિમિત્ત યે, સબ જીવન પૈ વીર,
જો નિજ શક્તિ સમચાલ હે, સો પહુંચે ભવતીર. ૬.
દેવ ગુરુ દોનોં ખડે, કિસકે લાગૂ પાંવ,
બલિહારી ગુરુદેવ કી, ભગવાન દિયો બતાય. ૭.
કરુણાનિધિ ગુરુદેવ શ્રી, દિયા સત્ય ઉપદેશ,
જ્ઞાની માને પરખ કર, કરે મૂઢ સંક્લેશ. ૮.



કવિવર પંડિત બનારસીદાસ કૃત

### ઉપાદાન-નિમિત્ત દોહા

**શિષ્યનો પ્રશ્ન :**

गुरु उपदेश निमित्त बिन, उपादान बलहीन।
ज्यों नर दूजे पाँव बिन, चलवे को आधीन।।१।।
हो जाने था एक ही, उपादान सों काज।
थकै सहाई पौन बिन, पानी मांहि जहाज।।२।।

**ઉપાદાન તરફથી ઉત્તર :-**

ज्ञान नैन किरिया चरण, दोऊ शिवमग धार।
उपादान निश्चय जहाँ, तहाँ निमित्त व्यवहार।।३।।

**પ્રથમ પ્રશ્નનું સમાધાન :**

उपादान निजगुण जहाँ, तहाँ निमित्त पर होय।
भेदज्ञान परमाण विधि, विरला बूझे कोय।।४।।

**ઉપાદાન જ સર્વત્ર બળવાન છે :**

उपादान बल जहँ तहाँ, नहि निमित्त को दाव।
एक चक्र सों रथ चले, रवि को यहै स्वभाव।।५।।

**બીજા પ્રશ્નનું સમાધાન :-**

सधै वस्तु असहाय जहाँ, तहाँ निमित्त है कौन?
ज्यों चहाज परवाह में, तिरै सहज बिन पौन।।६।।
उपादान विधि निरवचन, है निमित्त उपदेश।
वसे जु जैसे देश में, धरे सु तैसे भेष।।७।।

# ૧

## છ કારક

**પ્રશ્ન-૧ :- કારક કોને કહે છે?**

**ઉત્તર :-** જે ક્રિયાનો જનક છે, એટલે કે ક્રિયાને ઉત્પન્ન કરનાર હોય તેને કારક કહે છે.

**પ્રશ્ન-૨ :- છ કારક અધિકારમાં 'અધિકાર' શબ્દ શું જણાવે છે?**

**ઉત્તર :-** પોતાના ત્રિકાળી સ્વભાવ ઉપર અધિકાર માને તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈને ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે અને પરવસ્તુઓમાં કે વિકારીભાવોમાં પોતાનો અધિકાર માને તો નિગોદને પ્રાપ્ત કરે છે. જે જીવ, પરવસ્તુઓમાં કે વિકારીભાવોમાં પોતાનો અધિકાર માને છે, તેને હજારવાર ધિક્કાર છે તેમ 'અધિકાર' શબ્દ બતાવે છે.

**પ્રશ્ન-૩ :- કારક કોને કહી શકાય?**

**ઉત્તર :-** જે કોઈને કોઈ રૂપમાં ક્રિયા, વેપાર પ્રતિ પ્રાયોજક હોય છે, કારક તે જ હોઈ શકે છે; બીજો નહિ.

**પ્રશ્ન-૪ :- ક્રિયા શબ્દના પર્યાયવાચી નામ ક્યા-ક્યા છે?**

**ઉત્તર :-** ક્રિયાને કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ પરિણતિ પણ કહે છે.



**પ્રશ્ન-૫ :- સંસારથી શું દેખવામાં આવે છે?**

**ઉત્તર :-** કાર્ય દેખવામાં આવે છે.

**પ્રશ્ન-૬ :- કાર્યથી કેટલા પ્રશ્નો ઉઠે છે?**

**ઉત્તર :-** છ પ્રશ્નો ઉઠે છે—(૧) કોણે કર્યું? કર્તા. (૨) શું કર્યું? કર્મ. (૩) ક્યા સાધન દ્વારા કર્યું? કારણ. (૪) કોના માટે કર્યું? સંપ્રદાન. (૫) કોનામાં કર્યું? અપાદાન. (૬) કોના આધારે કર્યું? અધિકરણ.

**પ્રશ્ન-૭ :- કારક કેટલા છે અને ક્યા-ક્યા છે?**

**ઉત્તર :-** કારક છ છે — (૧) કર્તા, (૨) કર્મ, (૩) કારણ, (૪) સંપ્રદાન, (૫) અપાદાન, અને (૬) અધિકરણ.

**પ્રશ્ન-૮ :- વિભક્તિ કેટલી છે?**

**ઉત્તર :-** સંબોધનસહિત આઠ છે.

**પ્રશ્ન-૯ :- કારકોમાંથી કઈ કઈ વિભક્તિ કાઢી નાખી છે?**

**ઉત્તર :-** સંબંધ અને સંબોધન વિભક્તિને કાઢી નાખી છે.

**પ્રશ્ન-૧૦ :- કારકમાંથી સંબંધ અને સંબોધન વિભક્તિને કેમ કાઢી નાખી છે?**

**ઉત્તર :-** (૧) છઠ્ઠી વિભક્તિ સંબંધને બતાવે છે - જેમ કે મારું મકાન, મારા ભગવાન. કારકની પરિભાષામાં 'જે ક્રિયાને ઉત્પન્ન કરે છે, તેને કારક કહે છે.' છઠ્ઠી વિભક્તિમાં કાર્યપણું નથી જોવા મળતું અને જ્ઞાની કોઈની સાથે સંબંધ નથી માનતા; માટે છઠ્ઠી વિભક્તિને કાઢી નાખી છે. (૨) સંબોધનમાં - હે રામ, હે લક્ષ્મણ! હેપણું જોવા મળે છે, ક્રિયાપણું નથી જોવા મળતું, અને જ્ઞાની કોઈને સંબોધન નથી કરતા, કેમકે દરેક આત્મા, જ્ઞાનનો કંદ છે; માટે સંબોધનને પણ કાઢી નાખ્યું છે.

**પ્રશ્ન-૧૧ :- વિભક્તિના કેટલા અર્થ છે?**

ઉત્તર :- બે છે (૧) વિ = વિશેષરૂપથી. ભક્તિ = લીનતા કરવી, એટલે કે આત્મામાં વિશેષ પ્રકારે લીનતા કરવી તે નિશ્ચયભક્તિ એટલે કે વિભક્તિનો પહેલો અર્થ છે. (૨) વિ, એટલે કે વિશેષ પ્રકારથી, ભક્ત, એટલે કે જુદું હોવું, એ વિભક્તિનો બીજો અર્થ છે.

**પ્રશ્ન-૧૨ :- વિભક્તિનો અર્થ, જે 'વિશેષ પ્રકારથી પૃથક્ થવું' કર્યો છે, તે કોના-કોનાથી પૃથક્ થવાનું છે?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પદાર્થોથી અલગ થવું, (૨) આંખ-નાક-કાનરૂપ ઔદારિકશરીરથી અલગ થવું, (૩) તૈજસ-કાર્મણ શરીરથી અલગ થવું, (૪) શબ્દ (ભાષા) અને મનથી અલગ થવું, (૫) શુભાશુભ વિકારીભાવોથી અલગ થવું, (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયોના પક્ષથી અલગ થવું, (૭) ભેદનયના પક્ષથી અલગ થવું, (૮) અભેદનયના પક્ષથી અલગ થવું, (૯) ભેદાભેદનયના પક્ષથી અલગ થવું.

**પ્રશ્ન-૧૩ :- વિભક્તિનો પહેલો અર્થ છે 'આત્મામાં વિશેષ પ્રકારે લીનતા.' તેની પ્રાપ્તિ કેવી રીતે થાય?**

ઉત્તર :- નવ પ્રકારના પક્ષોથી મારા આત્માને કોઈ સંબંધ નથી - એમ જાણીને, પોતાનો આત્મા જે અનંતગુણોનો અભેદ પિંડ છે, તેના તરફ દૃષ્ટિ કરે તો 'આત્મામાં વિશેષ પ્રકારે લીનતા પ્રાપ્ત થાય છે.'

**પ્રશ્ન-૧૪ :- પોતામાં વિશેષ પ્રકારે ભક્તિ કરવાથી શું થાય છે?**

ઉત્તર :- અનાદિ કાળથી નવ પ્રકારના પક્ષોમાં જે કર્તા-કર્માદિની બુદ્ધિ છે, તેનો અભાવ થઈ જાય છે અને પોતાના ભગવાનની



જાણ થઈ જાય છે. ત્યાર પછી ક્રમથી શુદ્ધિમાં વૃદ્ધિ કરતા-કરતા પૂર્ણ પરમાત્માપણું પર્યાયમાં પ્રગટ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૫ :- છ કારકોના જ્ઞાનથી શો લાભ છે?**

ઉત્તર :- અનાદિકાળથી આ જીવ પોતાને ભૂલીને પરમાં, વિકારમાં કે કોઈ પક્ષમાં પડીને પાગલ થઈ રહ્યો છે. જો તે છ કારકોનું જ્ઞાન કરે તો પાગલપણાનો અભાવ થઈ જાય.

**પ્રશ્ન-૧૬ :- છ કારકોનું જ્ઞાન કરીને અમે જ્ઞાની મનાઈ જઈએ અને લોકો અમારો આદર કરે, એમ માનીને છ કારકોનું જ્ઞાન કરે તો શું થાય છે?**

ઉત્તર :- એવા જીવો અનંત સંસારને પાત્ર બને છે કેમકે છ કારકોના જ્ઞાનથી તો અનંત કાળથીત પરમાં કર્તા-ભોક્તાની ખોટી બુદ્ધિનો અભાવ થાય છે; તેના બદલે તેનાથી સાંસારિક પ્રયોજન સાધે તો પરંપરાથી નિગોદનું કારણ છે.

**પ્રશ્ન-૧૭ :- કારકનું નિરૂપણ કેટલા પ્રકારે છે?**

ઉત્તર :- બે પ્રકારથી છે — નિશ્ચયકારક, અને વ્યવહારકારક.

**પ્રશ્ન-૧૮ :- નિશ્ચય અને વ્યવહારકારક કોને કહે છે?**

ઉત્તર :- જ્યાં પરની સાથે કારકતાનો સંબંધ બતાવવામાં આવે તે વ્યવહારકારક છે અને જ્યાં પોતામાં જ (એક જ વસ્તુમાં) કારકતાનો સંબંધ બતાવવામાં આવે તે નિશ્ચયકારક છે. વ્યવહારકારક ઔપચારિક અને નિશ્ચયકારક વાસ્તવિક કારક છે.

**પ્રશ્ન-૧૯ :- જે વ્યવહારકારક છે, તેને જ સર્વથા સાચા માને તો તેને શાસ્ત્રોમાં શું-શું કહ્યા છે?**

ઉત્તર :- (૧) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં **'तस्य देशना नास्ति'** કહ્યું છે. (૨) શ્રી સમયસાર, કળશ ૫૫માં 'તે અહંકારરૂપ મોહ અજ્ઞાન અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે' - એમ કહ્યું

છે. (૩) શ્રી પ્રવચનસારમાં 'પગલે પગલે છેતરાય છે' - એમ કહ્યું છે. (૪) શ્રી આત્માવલોકનમાં 'હરામજાદીપણું' કહ્યું છે. (૫) શ્રી સમયસારમાં 'મિથ્યાદષ્ટિ, તથા તેનું ફળ, સંસાર છે' — એમ કહ્યું છે. (૬) શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં તેના બધા ધર્મના અંગ મિથ્યાત્વભાવને પામે છે તથા 'મિથ્યાદર્શન' અને અકાર્યકારી તથા 'અનીતિ' વગેરે શબ્દોથી સંબોધન કર્યું છે. માટે જે વ્યવહારના કથનને સાચું માને છે, તેને મિથ્યાત્વ થાય છે; તેને ક્યારેય પણ ધર્મ પ્રાપ્ત નથી થતો.

**પ્રશ્ન-૨૦ :- વ્યવહારકારકના વિષયમાં શું સમજવું જોઈએ?**

ઉત્તર :- 'પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનો કર્તા-હર્તા ન હોઈ શકે'; માટે આ વ્યવહારકારક અસત્ય છે. તે માત્ર ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યની સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.

**પ્રશ્ન-૨૧ :- જ્યાં શાસ્ત્રોમાં વ્યવહારકારક અને નિશ્ચયકારકનું કથન કર્યું હોય ત્યાં શું જાણવું જોઈએ?**

ઉત્તર :- જ્યાં વ્યવહારકારકનું નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું અને જ્યાં નિશ્ચયકારકનું નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું, કેમકે શ્રી સમયસાર, કળશ-૧૭૩માં કહ્યું છે કે વ્યવહારકારકમાં જે અધ્યવસાય છે, તે બધા જ છોડવા - એમ જિનદેવોએ કહ્યું છે; માટે સમસ્ત વ્યવહારકારકનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયકારકને જાણી પોતાના જ્ઞાનશ્રદ્ધાનરૂપમાં પ્રવર્તવું યોગ્ય છે.

**પ્રશ્ન-૨૨ :- નિશ્ચયકારક અને વ્યવહારકારકના વિષયમાં કુંદકુંદભગવાને શ્રી મોક્ષપાહુડ, ગાથા-૩૧માં શું કહ્યું છે?**



ઉત્તર :- જે વ્યવહારકારકની શ્રદ્ધા છોડે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે તથા જે વ્યવહારકારકોથી લાભ માને છે, તે પોતાના આત્મકાર્યમાં સૂવે છે; માટે વ્યવહારકારકનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયકારકનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન-૨૩ :- વ્યવહારકારકનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયકારકનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- વ્યવહારનય=નિશ્ચયકારક અને વ્યવહારકારકને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે, તેથી તેવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે; માટે તેનો ત્યાગ કરવો તથા નિશ્ચયનય=નિશ્ચયકારક અને વ્યવહારકારકનું યથાવત્ નિરૂપણ કરે છે; કોઈને કોઈમાં મેળવતું નથી, તેથી એવા શ્રદ્ધાનથી જ સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૨૪ :- આપ કહો છો — વ્યવહારકારકના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન છોડો અને નિશ્ચયકારકના શ્રદ્ધાનથી સમ્યક્ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરો, પણ જિનમાર્ગમાં બંને કારકોને ગ્રહણ કરવાનું કહ્યું છે, એ કેમ હશે?**

ઉત્તર :- જિનમાર્ગમાં જ્યાં નિશ્ચયકારકની મુખ્યતા લઈને વ્યાખ્યાન છે તેને તો 'સત્યાર્થ આમ જ છે' — એમ જાણવું તથા જ્યાં વ્યવહારકારકની મુખ્યતાથી વ્યાખ્યાન છે, ત્યાં 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી કર્યું છે' - એમ જાણવું - આ પ્રકારે જાણવાનું નામ જ નિશ્ચયકારક અને વ્યવહારકારકનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૨૫ :- કોઈ-કોઈ વિદ્વાન, બંને કારકોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે'**

**- એ પ્રમાણે કહે છે - શું તેનું કહેવું સત્ય છે?**

**ઉત્તર :-** ખોટું છે, કેમકે નિશ્ચયકારક-વ્યવહારકારક, આ બંને કારકોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે' — એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને કારકોને ગ્રહણ કરવાનું નથી કહ્યું.

**પ્રશ્ન-૨૬ :- જો વ્યવહારકારક અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? એક નિશ્ચયકારકનું જ નિરૂપણ કરવું જોઈએ ને.**

**ઉત્તર :-** વ્યવહારકારક વિના, નિશ્ચયકારકનો ઉપદે અશક્ય છે; માટે વ્યવહારકારકનો ઉપદેશ છે. નિશ્ચયકારકનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારકારક દ્વારા ઉપદેશ આપે છે. વ્યવહારકારક છે, વ્યવહારકારકનો વિષય છે તે જાણવા યોગ્ય છે પણ અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન-૨૭ :- કાર્યના કારક કેટલા કહેવામાં આવે છે?**

**ઉત્તર :-** ચાર કહેવામાં આવ્યા છે — (૧) તે સમયની પર્યાયની યોગ્યતા; (૨) અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય; (૩) ત્રિકાળી; (૪) નિમિત્ત; આ પ્રકારે કાર્યના ચાર કારક કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૨૮ :- શાસ્ત્રોમાં ક્યાંક કાર્યના કારણને તે સમયની પર્યાયની યોગ્યતાને; ક્યાંક અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાયને; ક્યાંક ત્રિકાળીને અને ક્યાંક નિમિત્તને કેમ કહી છે?**

**ઉત્તર :-** (૧) જ્યાં શાસ્ત્રોમાં કાર્યના કારક તે **સમયની પર્યાયની યોગ્યતાને** કહી છે, ત્યાં 'આ જ સાચું કારક છે અને અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાય, કાર્યનું સાચું કારક નથી.' તેમ જાણવું.

(૨) જે કોઈ જગ્યાએ કાર્યના કારક **અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાયને** કહ્યું છે, ત્યાં 'ભૂત-ભવિષ્યની પર્યાયોથી જુદું કરાવવાની અપેક્ષાએ કહ્યું છે' - તેમ જાણવું.



(૩) જ્યાં ક્યાંય કાર્યના કારકને **ત્રિકાળીને** કહ્યું છે, ત્યાં 'નિમિત્તકારકની દૃષ્ટિ છોડાવવા માટે કહ્યું છે' - તેમ જાણવું.

**પ્રશ્ન-૨૯ :- સ્વાશ્રિતો નિશ્ચયકારક અને પરાશ્રિતો વ્યવહારકારકની અપેક્ષાએ ક્યા-ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** (૧) કાર્યનું કારક તે સમયની પર્યાયની યોગ્યતાથી સ્વાશ્રિત નિશ્ચયકારક કહ્યું હોય; તેની અપેક્ષાએ અનંતર પૂર્વક્ષણવર્તીય પર્યાયને પરાશ્રિત વ્યવહારકારક કહેવામાં આવે છે.

(૨) કાર્યનું કારક, અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાયને સ્વાશ્રિત નિશ્ચયકારક કહ્યું હોય; તે અપેક્ષાએ ત્રિકાળીને પરાશ્રિત વ્યવહારકારક કહેવાય છે.

(૩) કાર્યનું કારક ત્રિકાળીને સ્વાશ્રિત નિશ્ચયકારક કહ્યું હોય; તેની અપેક્ષા નિમિત્તને પરાશ્રિત વ્યવહારકારક કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૩૦ :- જિન-જિનવર અને જિનવરવૃષભોએ ચાર પ્રકારના કારકોના વિષયમાં શું જણાવ્યું છે?**

**ઉત્તર :-** કાર્યનું કારક તે સમયની પર્યાયની યોગ્યતા જ છે પણ જ્યારે જ્યારે કાર્ય થાય છે, ત્યારે બાકીના ત્રણ કારકો પણ હોય છે કેમકે 'જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરી છે - એવું દ્રવ્ય પણ જોકે યોગ્ય બહિરંગ સાધનોના સાન્નિધ્યના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે' - એમ જાણવું.

**(શ્રી પ્રવચનસાર, ગાથા ૯૫ની ટીકામાંથી)**

**પ્રશ્ન-૩૧ :- કોઈ કાર્યનું કારક, માત્ર તે સમયની પર્યાયની યોગ્યતાને જ માને, અન્ય કારકોનો સર્વથા નિષેધ કરે - - તો શું તે ઠીક છે?**

**ઉત્તર :-** ઠીક નથી. કેમકે જ્યારે કાર્ય થાય છે, ત્યારે અન્ય ત્રણ કારક પણ હોય છે - એવો વસ્તુસ્વભાવ છે. તેને ન માનવાથી

તે ખોટું છે.

**પ્રશ્ન-૩૨ :- કાર્યના આ ચાર પ્રકારના કારકોમાં શું રહસ્ય છે?**

ઉત્તર :- (૧) કોઈ એકલું તે સમયની પર્યાયની યોગ્યતાને કાર્યનું કારક માને, પણ અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાય કારકને; ત્રિકાળીકારકને અને નિમિત્તકારકને ન માને, તે જૂઠું છે.

(૨) કોઈ એકલું અનંતતર પૂર્વક્ષણવર્તીયપર્યાય કારકને જ માને, પણ ત્રિકાળીકારક, નિમિત્તકારક અને તે સમયની પર્યાયની યોગ્યતા કારકને ન માને, તો તે જૂઠું છે.

(૩) કોઈ માત્ર ત્રિકાળીકારકને જ માને, પણ તે સમયની પર્યાયની યોગ્યતા કારકને, અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાય કારકને અને નિમિત્તકારકને ન માને તો તે જૂઠું છે.

(૪) કોઈ એકલા કાર્યના કારક નિમિત્તને જ માને, પણ ત્રિકાળીકારક, અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાય કારક અને તે સમયની પર્યાયની યોગ્યતારૂપ કારકને ન માને, તે પણ જૂઠું છે; કેમકે જ્યારે જ્યારે કાર્ય થાય છે, ત્યાં ચારેય પ્રકારના કારક એક સાથે હોય છે.

**પ્રશ્ન-૩૩ :- છ કારક દ્રવ્ય છે, ગુણ છે, કે પર્યાય છે?**

ઉત્તર :- છ કારક ગુણ છે.

**પ્રશ્ન-૩૪ :- જો છ કારક ગુણ છે તો સામાન્ય છે કે વિશેષ?**

ઉત્તર :- છ કારક દરેક દ્રવ્યમાં જોવા મળતા સામાન્ય અને અનુજીવી ગુણ છે.

**પ્રશ્ન-૩૫ :- છ કારક ગુણ છે, તે જિનવાણીમાં ક્યાં આવ્યું છે?**



ઉત્તર :- શ્રી સમયસારની ૪૭ શક્તિઓમાં આવ્યું છે.

**પ્રશ્ન-૩૬ :- છ કારકોનું જ્ઞાન, વિદ્યા વધારવા માટે, લોકોને દેખાડવા માટે કે અમે વિદ્વાન છીએ કે પછી બીજા કોઈ કાર્ય માટે છીએ?**

ઉત્તર :- (૧) જે જીવ છ કારકોનું જ્ઞાન માન-મોટાઈ માટે કરે છે, તે અનંત સંસારનું કારણ છે. (૨) છ કારકોના જ્ઞાનથી પરમાં હું કરું - હું કરુંની કર્તાબુદ્ધિ અને ભોક્તા-ભોગ્યની બુદ્ધિનો અભાવ થઈને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને ક્રમશઃ નિર્વાણ તરફ ગતિ કરે છે. (૩) સંસારના પાંચ કારણોનો અભાવ થઈ જાય છે. (૪) પંચ પરાવર્તનનો અભાવ થઈ જાય છે. (૫) ચાર ગતિના અભાવરૂપ પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે. (૬) પંચમ પારિણામિકભાવનું મહત્ત્વ આવે છે. (૭) પંચ પરમેષ્ઠીઓમાં તેની ગણતરી થવા લાગે છે.

**પ્રશ્ન-૩૭ :- પર્યાય (કાર્ય)થી કોનું માપ નીકળવું જોઈએ?**

ઉત્તર :- પર્યાયથી સાચા કારકનું માપ નીકળવું જોઈએ.

**પ્રશ્ન-૩૮ :- પર્યાયથી સાચા કારકનું માપ કેમ કાઢવું જોઈએ?**

ઉત્તર :- કાર્ય થયું — તેમાં તો બધાનો એક મત છે પણ કરનાર કોણ છે? તેમાં ભૂલ છે. કારકનું સાચું જ્ઞાન ન હોવાથી જીવ સંસારનું પાત્ર બન્યો છે. કારકનું સાચું જ્ઞાન થઈ જાય તો સંસારનો અભાવ થઈ જાય; માટે પર્યાયથી સાચા કારકનું માપ કાઢવું જોઈએ.

કર્તાકારક

**પ્રશ્ન-૩૯ :- કર્તા કોને કહે છે?**

ઉત્તર :- જે સ્વતંત્રતાથી (સ્વાધીનતાપૂર્વક) પોતાના પરિણામને

કરે, તે કર્તા છે.

**પ્રશ્ન-૪૦ :- પ્રત્યેક દ્રવ્ય કોનો કર્તા છે?**

**ઉત્તર** :- દરેક દ્રવ્ય પોતામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી, પોતાના જ પરિણામનો સ્વતંત્રતાથી કર્તા છે.

**પ્રશ્ન-૪૧ :- દરેક દ્રવ્ય પોતાના જ પરિણામનો કર્તા છે; બીજાનો નહિ, તે જિનવાણીમાં ક્યાં-ક્યાં આવે છે?**

**ઉત્તર** :- (૧) અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે કોઈ કોઈની પરિણમાવી પરિણમતિ નથી અને કોઈને પરિણમાવવાનો ભાવ અનંત સંસારનું કારણ મિથ્યાત્વ છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૨)**

(૨) બધા પદાર્થો પોતપોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેનારા પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે, સ્પર્શે છે, તોપણ તે (બધા દ્રવ્ય) પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી.

**(શ્રી સમયસાર, ગાથા-૩ની ટીકામાંથી)**

(૩) જે કોઈ ક્રિયા છે, તે બધી દ્રવ્યથી ભિન્ન નથી. તેનાથી વિરૂદ્ધ માનનારા મિથ્યાદષ્ટિપણાનું કારણ, સર્વજ્ઞમતથી બહાર છે.

**(શ્રી સમયસાર, ગાથા-૮૫ની ટીકામાંથી)**

(૪) દરેક દ્રવ્યની દરેક પર્યાયમાં છ કરાક એક સાથે વર્તે છે; માટે આત્મા અને પુદ્ગલ, શુદ્ધદશામાં કે અશુદ્ધદશામાં પોતે છ કારકરૂપ પરિણમન કરે છે અને બીજા કારકોની (નિમિત્તકારકોની) અપેક્ષા નથી રાખતા. **(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૬૨થી)**

(૫) નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી કે જેનાથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ માટે સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવ (વ્યર્થ જ) પરતંત્ર થાય છે.

**(શ્રી પ્રવચનસાર, ગાથા ૧૬ની ટીકામાં)**



(૬) જુઓ, શ્રી સમયસાર ગાથા ૧૦૩, ૩૭૨, ૪૦૬.

(૭) શ્રી સમયસાર, કળશ ૫૧, ૫૨, ૫૩, ૫૪ તથા કળશ ૨૦૦.

**પ્રશ્ન-૪૨ :- જે એમ માને છે કે હું શરીર-સ્ત્રી-પુત્રાદિનો કર્તા છું, તેનું ફળ શું છે?**

**ઉત્તર** :- (૧) જેમ સીતાને રાવણ ઉપાડીને લઈ ગયા અને રાવણે ઘણા પ્રયત્ન કર્યા કે જેમ સીતા, રામને પ્રેમ કરે છે, તેવીજ રીતે મને પ્રેમ કરે - તેના ફળમાં તેને ત્રીજી નરકમાં જવું પડ્યું; એ પ્રમાણે જે સંસારના પદાર્થોને પોતાને અનુસાર પરિણમાવવા ચાહે છે, તેના ફળમાં તેને નરકમાં જવું પડશે. (૨) એકવાર મુંબઈમાં તોફાન થયું. લોકોએ પોકાર્યું 'મુંબઈ અમારું, મુંબઈ અમારું' તો સરકાર હેરાન થઈ ગઈ. ત્યારે મોટા જનરલે નાના જનરલને ટેલીફોન કર્યો, કે તેનો એક માત્ર ઉપાય છે કે સવારના સમાચારપત્રમં આપી દો કે જે પોતાના ઘરની બહાર નીકળશે, તેને ગોળી મારી દેવામાં આવશે. તેવું જ સવારે સમાચારપત્રમાં આવ્યું. જે કોઈ પોતાના ઘરની બહાર નીકળે, તેને તરત ગોળી મારી દીધી, જે નહિ નીકળ્યો તે ઠીક છે; એ પ્રમાણે જે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી બહાર નીકળે છે તેને ચારેય ગતિરૂપ ગોળી મારી દેવામાં આવે છે; માટે જે પોતાની મર્યાદાની બહાર નીકળ્યો છે, તે દુઃખી થાય છે. જે પોતાની મર્યાદામાં રહે છે, તે સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરીને ક્રમશઃ મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ બની જાય છે.

**પ્રશ્ન-૪૩ :- કર્તાની પરિભાષામાંથી 'સ્વતંત્રતાપૂર્વક' શબ્દ કાઢી નાખો, તો શું દોષ આવે?**

**ઉત્તર** :- 'સ્વતંત્રતાપૂર્વક' શબ્દ કાઢી નાખવાથી બીજાને પણ કર્તાપણાનો પ્રસંગ ઉપસ્થિત થાશે એ દોષ આવશે. (૧) જેમ કે

રોટલી, લોટથી બની છે અને બાઈથી પણ બનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. (૨) ઘડો, માટીથી બન્યો અને કુંભારથી પણ બન્યો, તે પ્રસંગ ઉપસ્થિત થશે, (૩) શબ્દ, ભાષાવર્ગણા કરે અને જીવ પણ કરે એવો પ્રસંગ ઊભો થશે; માટે 'સ્વતંત્રતાપૂર્વક' શબ્દ કાઢી નથી શકાતો.

**પ્રશ્ન-૪૪ :- કર્તા કેટલા કહેવાય છે?**

ઉત્તર :- ચાર કહેવાય છે; તે સમયની પર્યાયની યોગ્યતા કર્તા; અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય કર્તા; ત્રિકાળી કર્તા અને નિમિત્તકર્તા.

**પ્રશ્ન-૪૫ :- આ ચારેય કર્તામાંથી કાર્યનો સાચો કર્તા કોણ છે?**

ઉત્તર :- ખરેખર તો 'તે સમયની પર્યાયની યોગ્યતા જ' કાર્યનો સાચો કર્તા છે.

**પ્રશ્ન-૪૬ :- અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય, ત્રિકાળીકર્તા અને નિમિત્ત, કાર્યના સાચા કર્તા કેમ નથી?**

ઉત્તર :- (૧) અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી; માટે અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય, કાર્યની સાચી કર્તા નથી. (૨) ત્રિકાળીકર્તા તો સદાય એક જેવું રહે છે, જો ત્રિકાળીકર્તા, કાર્યનો સાચો કર્તા હોય તો કાર્ય ત્રિકાળ રહેવું જોઈએ, પણ કાર્ય તો એક સમયનું છે. વિચારો — કાર્ય એક સમયનું હોય અને તેનો કર્તા ત્રિકાળી સદાયે રહેનારું બને - એમ છે નહિ. (૩) કાર્યનો કર્તા નિમિત્ત તો હોવાનો પ્રશ્ન જ નથી, કેમકે કાર્યથી તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં છે.

**પ્રશ્ન-૪૭ :- જ્યાં આગમમાં કાર્યના એક કર્તાની વાત હોય ત્યાં પાત્ર જીવ શું જાણે છે?**

ઉત્તર :- તે ચારેયનું ગ્રહણ કરે છે. જો ચારેયને ન ગ્રહે તો



તે જૂઠો છે. અહીં 'ગ્રહણ'નો અર્થ જ્ઞાન છે.

**પ્રશ્ન-૪૮ :- કુંભારે ઘડો બનાવ્યો — તેમાં કર્તાકારકને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- માટી સ્વતંત્રતાથી ઘડાની પ્રાપ્તિ થઈ તો કર્તાકારકને માન્યો અને કુંભારે ઘડાને બનાવ્યો તો કર્તાકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૪૯ :- માટી સ્વતંત્રતાથી ઘડારૂપ પરિણમી, તેમાંથી 'સ્વતંત્રતા' શબ્દને કાઢી નાખે તો શું નુકસાન થાય?**

ઉત્તર :- માટીથી ઘડો બન્યો અને કુંભારથી પણ ઘડો બનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે; માટે સ્વતંત્રતા શબ્દને કાઢી શકાય નહિ.

**પ્રશ્ન-૫૦ :- માટી સ્વતંત્રતાથી ઘડારૂપ પરિણમે, તેમ કર્તાકારકને જાણવાથી ક્યાં-ક્યાંથી દૃષ્ટિ હટી ગઈ?**

ઉત્તર :- કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યોથી દૃષ્ટિ હટી ગઈ.

**પ્રશ્ન-૫૧ :- માટી સ્વતંત્રતાથી ઘડારૂપ પરિણમી, તો કર્તાકારકને માન્યો, તેને જાણવાથી શું લાભ થયો?**

ઉત્તર :- જેમ કે — માટી સ્વતંત્રપણે ઘડારૂપે પરિણમી; તે પ્રકારે વિશ્વના દરેક દ્રવ્ય અને ગુણમાં સ્વતંત્ર રીતે પરિણમન થઈ ચુક્યું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ એમ જ થતું રહેશે — એવું તેને જ્ઞાન થઈ જાય છે; પરમાં કર્તાપણાની ખોટી બુદ્ધિ નાશ થઈને જ્ઞાતાબુદ્ધિ પ્રગટે છે. તે કેવળીની સમાન જ્ઞાતા-દૃષ્ટા બની જાય છે; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનું જ અંતર રહે છે.

**પ્રશ્ન-૫૨ :- દર્શનમોહનીયના અભાવથી ક્ષાયિકસમ્યક્ત્વ થયું, તેમાં કર્તાકારકને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- આત્માનો શ્રદ્ધાગુણ સ્વતંત્રતાથી ક્ષાયિકસમ્યક્ત્વરૂપ પરિણમ્યો તો કર્તાકારકને માન્યું અને દર્શનમોહનીયના અભાવથી

ક્ષાયિકસમ્યક્ત્વ થયું - એમ માનનારે કર્તાકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૫૩ :- શ્રદ્ધાગુણ સ્વતંત્રતાથી ક્ષાયિકસમ્યક્ત્વરૂપ પરિણમ્યું. તેમાં સ્વતંત્ર શબ્દ કાઢી નાખે તો શું નુકસાન થાય?**

ઉત્તર :- શ્રદ્ધાગુણથી ક્ષાયિકસમ્યક્ત્વ થયું અને દર્શનમોહનીયના અભાવથી પણ ક્ષાયિકસમ્યક્ત્વ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે; માટે 'સ્વતંત્રતા' શબ્દ ન કાઢી શકાય.

**પ્રશ્ન-૫૪ :- આત્માનો શ્રદ્ધાગુણ ક્ષાયિકસમ્યક્ત્વરૂપ પરિણમે - તેવા કર્તાકારકને જાણવાથી ક્યાં-ક્યાંથી દૃષ્ટિ હટી ગઈ?**

ઉત્તર :- દર્શનમોહનીયના અભાવથી; સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી; સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધાથી અને આત્માના શ્રદ્ધાગુણને છોડીને, બાકી ગુણોથી દૃષ્ટિ હટી ગઈ.

**પ્રશ્ન-૫૫ :- આત્માનો શ્રદ્ધાગુણ ક્ષાયિકસમ્યક્ત્વરૂપ પરિણમ્યો, તો કર્તાકારકને માન્યો - તેને જાણવાથી શો લાભ થાય?**

ઉત્તર :- જેમ — શ્રદ્ધાગુણમાં સ્વતંત્રતાથી ક્ષાયિકસમ્યક્ત્વ થયું; તે પ્રકારે વિશ્વના પ્રત્યેક દ્રવ્ય અને ગુણમાં સ્વતંત્રતાથી પરિણમન થઈ ચૂક્યું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ થતું રહેશે તો પરમાં કર્તાપણાની બુદ્ધિ સમાપ્ત થઈને, જ્ઞાતાબુદ્ધિ પ્રગટ થવી તે કર્તાકારકને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૫૬ :- ક્ષાયિકસમ્યક્ત્વ થયું, તેમાં ચાર પ્રકારના કારકોના નામ કહો?**

ઉત્તર :- (૧) ક્ષાયિકસમ્યક્ત્વ થયું - તે સમયની પર્યાયની યોગ્યતા, સાચું કારક; (૨) ક્ષાયોપશમિકસમ્યક્ત્વનો અભાવ, અનંતર



પૂર્વક્ષણવર્તીપર્યાય, અભાવરૂપ કારક; (૩) શ્રદ્ધાગુણ, ત્રિકાળીકારક; (૪) દર્શનમોહનીયનો અભાવ, નિમિત્તકારક.

**પ્રશ્ન-૫૭ :- કર્મકારક કોને કહે છે?**

ઉત્તર :- કર્તા, જે પરિણામને પ્રાપ્ત કરે છે, તે પરિણામ તેનું કર્મ છે, કર્તાનું ઈષ્ટ, તે કર્મ છે.

**પ્રશ્ન-૫૮ :- કર્મના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે??**

ઉત્તર :- કાર્ય, અવસ્થા, પર્યાય, પરિણામ, પરિણતિ વગેરે કર્મના પર્યાયવાચી શબ્દો છે.

**પ્રશ્ન-૫૯ :- કાર્યના કર્તા કેટલા કહેવાય છે?**

ઉત્તર :- ચાર કહેવાય છે; (૧) તે સમયની પર્યાયની યોગ્યતા; (૨) અનનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય; (૩) ત્રિકાળીકર્તા; (૪) નિમિત્તકર્તા.

**પ્રશ્ન-૬૦ :- કાર્યનો સાચો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા જ દરેક કાર્યનો સાચો કર્તા છે. અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાય; ત્રિકાળી અને નિમિત્ત, કાર્યના સાચા કર્તા નથી.

**પ્રશ્ન-૬૧ :- અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય; ત્રિકાળી અને નિમિત્ત, કાર્યના સાચા કર્તા કેમ નથી?**

ઉત્તર :- (૧) પર્યાયમાંથી પર્યાય નથી આવતી; માટે અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય, કાર્યની સાચી કર્તા નથી. (૨) કાર્ય એક સમયનું હોય, તેનો કર્તા અનાદિ-અનંત રહેનારો હોય, તે પણ ન હોઈ શકે. (૩) નિમિત્તને કર્તા કહેવાનો પ્રશ્ન જ નથી ઉઠતો, કેમકે બંનેના સ્વચતુષ્ટયો જુદા-જુદાં છે.

**પ્રશ્ન-૬૨ :- કાર્યનો કર્તા ક્યાંક ત્રિકાળીને અને ક્યાંક અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાયને કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :- (૧) પરદ્રવ્યોથી ભિન્ન કરવા માટે કાર્યનો કર્તા, ત્રિકાળીને કહેવામાં આવે છે. (૨) પૂર્વની પર્યાયનું જ્ઞાન કરાવવા માટે અનંતર પૂર્વક્ષણવર્તીયપર્યાયને કાર્યનો કર્તા કહેવાય છે. (૩) માટે કાર્યને માટે ત્રિકાળીકર્તા, ભૂત-ભવિષ્યની પર્યાયો અને નિમિત્તથી દૃષ્ટિ હટાવીને, માત્ર તે સમયની પર્યાયની યોગ્યતા જ કાર્યની સાચી કર્તા છે, તે જણાય તો કલ્યાણ થઈ જાય.

**પ્રશ્ન-૬૩ :- કર્મકારકને સમજવા માટે શું યાદ રાખવું જોઈએ?**

ઉત્તર :- (૧) ખરેખર તો પરિણામ જ નિશ્ચયથી કર્મ છે; (૨) પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ છે; બીજાનું નહિ; (૩) કર્મ, કર્તા વિના હોતું નથી; (૪) વસ્તુની એકરૂપ સ્થિતિ રહેતી નથી; આ ચાર બોલ, કર્મકારક સમજવા માટે પર્યાપ્ત છે. (શ્રી સમયસાર, કળશ-૨૧૧)

**પ્રશ્ન-૬૪ :- કર્મકારકને સમજવાનો શો લાભ છે?**

ઉત્તર :- જે-જે કાર્ય થાય છે, તે બધા પોતપોતાની પર્યાયની યોગ્યતાથી જ થાય છે. જ્યારે કાર્ય પોતપોતાની યોગ્યતાથી થાય છે તેમાં તો હું તે કાર્યને કરું કે કરાવું - એવી બુદ્ધિનો અભાવ થઈને, દૃષ્ટિ પોતાના ત્રિકાળી ભગવાન પર આવે અને શાંતિનો અનુભવ થાય, તે જ કર્મકારકને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૬૫ :- કાર્યમાં 'તે સમયની પર્યાયની યોગ્યતા જ કારણ છે' તે શાસ્ત્રમાં ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- 'વાસ્તવમાં કોઈ પણ કાર્ય થવામાં કે બગડવામાં તેની યોગ્યતા જ સાધક હોય છે.' (**શ્રી ઈષ્ટોપદેશ, ગાથા-૩૫ની** ટીકા)

**પ્રશ્ન-૬૬ :- (૧) દૂધ ઢોળાયું, (૨) બાળક દોડતા-**



**દોડતા પડી ગયું, (૩) મરી ગયું, (૪) શરીર બિમાર થયું, (૫) રોટલી બળી ગઈ, (૬) માલ ચોરાઈ ગયો, (૭) ચાલતા-ચાલતા પડી ગયો, (૮) ભાષા બોલ્યો, (૯) હાથ ઉપર કર્યો (૧૦) પુસ્તક ઉપાડ્યું, (૧૧) અક્ષર લખ્યા, (૧૨) મકાન બનાવ્યું - આ બધા કાર્યોમાં કર્મકારકને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) દૂધ ઢોળાયું - કેમ ઢોળાયું? કર્મકારકને નથી માન્યું અને દૂધ પોતાની પર્યાયની યોગ્યતાથી ઢોળાયું, તો કર્મકારકને માન્યું. (૨) બાળક દોડતા-દોડતા પડી ગયું, - કેમ પડી ગયું? કર્મકારકને નથી માન્યું અને બાળક પોતાની પર્યાયની યોગ્યતાથી પડી ગયું - તો કર્મકારકને માન્યું. (૩) મરી ગયો - કેમ મર્યો? કર્મકારકને નથી માન્યું; પોતાની યોગ્યતાથી મરી ગયો - કર્મકારકને માન્યું, (૪) શરીર બિમાર પડ્યું - કેમ થયું? કર્મકારકને નથી માન્યું અને બિમારી પોતાની પર્યાયની યોગ્યતાથી થઈ - તો કર્મકારકને માન્યું. (૫) રોટલી બળી ગઈ, કેમ બળી ગઈ? કર્મકારકને નથી માન્યું અને રોટલી પોતાની પર્યાયની યોગ્યતાથી બળી ગઈ, તો કર્મકારકને માન્યું. (૬) માલ ચોરાઈ ગયો - કેમ થયું? તો કર્મકારકને નથી માન્યું અને ચોરી પોતાની પર્યાયની યોગ્યતાથી થઈ - તો કર્મકારકને માન્યું. (૭) ચાલતા-ચાલતા પડી ગયો - કેમ પડ્યો? તો કર્મકારકને નથી માન્યું અને પોતાની યોગ્યતાથી પડ્યો - તો કર્મકારકને માન્યું. (૮) ભાષા, જીવથી નીકળી - કર્મકારકને નથી માન્યું અને ભાષા પોતાની પર્યાયની યોગ્યતાથી ભાષાવર્ગણામાંથી નીકળી - તો કર્મકારકને માન્યું. (૯) હાથ ઊંચો જીવે કર્યો તો કર્મકારકને નથી માન્યું અને હાથ પોતાની પર્યાયની યોગ્યતાથી ઊંચો થયો - તો કર્મકારકને માન્યું. (૧૦) પુસ્તક મેં ઉપાડ્યું તો કર્મકારકને

નથી માન્યું અને પુસ્તક પોતાની પર્યાયની યોગ્યતાથી ઉઠ્યું - તો કર્મકારકને માન્યું. (૧૧) અક્ષર મેં લખ્યા - તો કર્મકારકને નથી માની અને અક્ષર પોતાની પર્યાયની યોગ્યતાથી લખાયા - તો કર્મકારકને માન્યું. (૧૨) મકાન મેં બનાવ્યું - તો કર્મકારકને નથી માન્યું અને પોતાની પર્યાયની યોગ્યતાથી બન્યું - તો કર્મકારકને માન્યું.

**પ્રશ્ન-૬૭ :- જ્યારે દરેક કાર્ય પોતાની તે સમયની પર્યાયની યોગ્યતાથી જ થાય છે તો જીવ કેમ પાગલ થાય છે?**

ઉત્તર :- કર્મકારકનું રહસ્ય ન જાણતો હોવાથી પાગલ થાય છે.

**પ્રશ્ન-૬૮ :- કર્મકારકનું જ્ઞાન કેમ કરાવવામાં આવે છે?**

ઉત્તર :- (૧) શાંતિ પ્રાપ્ત કરાવવા માટે અને શાંતિ પ્રાપ્ત કરવા માટે. (૨) વસ્તુસ્વરૂપ સમજાવવા માટે અને સમજવા માટે. (૩) અનાદિ કાળની ખોટી માન્યતાને નષ્ટ કરવા માટે અને કરાવવા માટે કર્મકારકનું જ્ઞાન કરાવવામાં આવે છે.

**પ્રશ્ન-૬૯ :- કઈ માન્યતાવાળાને કર્મકારકને નથી માન્યું અને તેનું ફળ શું આવ્યું?**

ઉત્તર :- જેમ કે :- રોટલી બની, તેમાં (૧) બાઈ, પાટલી, વેલણ કર્તા છે, (૨) લોટ કર્તા છે (૩) ગોરણું તેનો કર્તા છે, વગેરે માન્યતાવાળાએ કર્મકારકને નથી માન્યુ અને તેનું ફળ મિથ્યાદર્શન આદિની પુષ્ટી થઈને નિગોદની પ્રાપ્તિ થવી તે છે.

**પ્રશ્ન-૭૦ :- કર્મકારકને કોણે માન્યું અને તેનું ફળ શું આવ્યું?**

ઉત્તર :- કાર્ય 'તે સમયની પર્યાયની યોગ્યતાથી જ થાય



છે, થતું રહે છે અને થતું રહેશે' તેનાથી ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થઈ ગઈ અને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને ક્રમશઃ નિર્વાણ તરફ ગમન થવું તેનું ફળ છે.

**પ્રશ્ન-૭૧ :- કર્મ કેટલા પ્રકારના હોય છે?**

ઉત્તર :- (૧) દ્રવ્યકર્મ, (૨) નોકર્મ, (૩) ભાવકર્મ, (૪) કર્મ, એટલે કે કાર્ય, અને (૫) કર્મ નામનું કારક.

**પ્રશ્ન-૭૨ :- આ પાંચ પ્રકારના કર્મોમાંથી સિદ્ધ ભગવાનમાં ક્યા-ક્યા કર્મ છે?**

ઉત્તર :- સિદ્ધ ભગવાનમાં કર્મ અર્થાત્ કાર્ય અને કર્મકાક તે બે છે.

**પ્રશ્ન-૭૩ :- કર્મ, એટલે કે કાર્ય થાય છે, તેમાં કેટલા કારણ કહેવાય છે અને સાચું કારણ ક્યું છે?**

ઉત્તર :- ચાર કહેવાય છે — (૧) નિમિત્તકારણ; (૨) ત્રિકાળી કારણ; (૩) અનંતતપૂર્વક્ષણવર્તીયપર્યાય ક્ષણિક ઉપાદાનકારણ; (૪) તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ. આ ચાર કારણોમાંથી કર્મનું સાચું કારણ તે સમયની પર્યાયની યોગ્યતા જ છે.

**પ્રશ્ન-૭૪ :- આસ્રવતત્ત્વરૂપ કર્મ/કાર્યનો કર્તા કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ કર્તા છે.

**પ્રશ્ન-૭૫ :- કર્મને કારણે આસ્રવ માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- અજીવતત્ત્વ અને આસ્રવતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૭૬ :- જીવના આસ્રવને એક માને તો ક્યો દોષ**

આવશે?

ઉત્તર :- જીવ અને આસ્રવતત્ત્વને એક માને; તો કર્મકારકને નથી માન્યું - તે દોષ આવશે.

**પ્રશ્ન-૭૭ :- આસ્રવતત્ત્વ સંબંધી ભૂલ કેવી રીતે મટે?**

ઉત્તર :- આસ્રવનો કર્તા તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણ જ છે; દ્રવ્યકર્મ અને જીવ નથી. તે પ્રકારે કર્મકારકને માનવાથી આસ્રવતત્ત્વરૂપ કર્મસંબંધી ભૂલ દૂર થઈ જાય છે.

**પ્રશ્ન-૭૮ :- બંધતત્ત્વનો કર્તા કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ કર્તા છે.

**પ્રશ્ન-૭૯ :- બંધ તત્ત્વનો કર્તા, દ્રવ્યકર્મને માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- અજીવ અને બંધતત્ત્વને એક માન્યા; બંધકારકને નથી માન્યો - તે દોષ આવશે.

**પ્રશ્ન-૮૦ :- જીવથી બંધ માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- જીવ અને બંધતત્ત્વને એક માન્યું; કર્મકારકને ન માન્યું - તે દોષ આવશે.

**પ્રશ્ન-૮૧ :- બંધતત્ત્વ સંબંધી ભૂલ કેવી રીતે મટે?**

ઉત્તર :- ભાવબંધ 'તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ' છે; કર્મ અને જીવથી નહિ. તે પ્રકારે કર્મકારકને માને તો બંધતત્ત્વરૂપ કર્મસંબંધી ભૂલ દૂર થઈ જાય છે.

**પ્રશ્ન-૮૨ :- સંવરતત્ત્વનો કર્તા કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ કર્તા છે.

**પ્રશ્ન-૮૩ :- સંવરતત્ત્વનો કર્તા, કોઈ દ્રવ્યકર્મને રોકાવાને માને તો ક્યો દોષ આવે?**



ઉત્તર :- સંવરતત્ત્વ અને અજીવતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૮૪ :- શુભભાવથી સંવર માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- આસ્રવ, બંધ અને સંવરતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૮૫ :- દેવ-ગુરુ-શાસ્ત્રથી સમ્યગ્દર્શન માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- જીવ, અજીવતત્ત્વ અને સંવરતત્ત્વને એક માન્યા; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૮૬ :- અણુવ્રતાદિરૂપ બહારની ક્રિયાથી શ્રાવકપણું માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અજીવ અને સંવરતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૮૭ :- શુભભાવરૂપ અણુવ્રતાદિથી શ્રાવકપણું માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- આસ્રવ, બંધ અને સંવરતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૮૮ :- સંવરતત્ત્વ સંબંધી ભૂલ કેવી રીતે મટે?**

ઉત્તર :- કર્મકારકનું રહસ્ય જાણવાથી.

**પ્રશ્ન-૮૯ :- સંવરતત્ત્વ સંબંધી ભૂલ, કર્મકારકને માનવાથી કેમ દૂર થઈ જાય છે?**

ઉત્તર :- સંવરતત્ત્વ 'તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી' છે; તે જીવથી; આસ્રવ-બંધથી નથી. તે પ્રકારે કર્મકારકને માને તો સંવરતત્ત્વસંબંધી ભૂલ દૂર થઈ જાય છે.

**પ્રશ્ન-૯૦ :- ભાવ નિર્જરા તત્ત્વના સાચા કર્તા કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ, ભાવ નિર્જરાતત્ત્વના સાચા કર્તા છે.

**પ્રશ્ન-૯૧ :- દ્રવ્યકર્મથી ભાવનિર્જરા માને તે ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અજીવ અને નિર્જરાતત્ત્વને એક માને; કર્મકારકને નહિ માને - તે દોષ આવે છે.

**પ્રશ્ન-૯૨ :- જીવથી નિર્જરા માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- જીવતત્ત્વ અને નિર્જરાતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે છે.

**પ્રશ્ન-૯૩ :- પુણ્યથી નિર્જરા માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- આસ્રવતત્ત્વ અને નિર્જરાતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૯૪ :- ભાવબંધથી ભાવનિર્જરા માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- બંધ અને નિર્જરાતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૯૫ :- ભાવસંવરથી ભાવનિર્જરા માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- સંવર, નિર્જરા તત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૯૬ :- રોટલી ન ખાવાથી નિર્જરા માને તો ક્યો દોષ આવે છે?**



ઉત્તર :- અજીવતત્ત્વ અને નિર્જરાતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૯૭ :- બહારના તપ અને શુભભાવરૂપ બાર પ્રકારના વ્યવહારતપથી નિર્જરા માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- અજીવ, આસ્રવ, બંધ અને નિર્જરાતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૯૮ :- ભાવ નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલ કેવી રીતે મટે?**

ઉત્તર :- કર્મકારકને માનવાથી ભાવ નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલ મટે છે.

**પ્રશ્ન-૯૯ :- કર્મકારકને માનવાથી ભાવ નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલ કેમ દૂર થઈ?**

ઉત્તર :- ભાવ નિર્જરાતત્ત્વ 'તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી' છે; તે જીવથી, અજીવથી, આસ્રવથી, બંધથી નથી. એ પ્રકારે કર્મકારકને માનવાથી નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલ મટે છે.

**પ્રશ્ન-૧૦૦ :- ભાવમોક્ષનો કર્તા કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ કર્તા છે.

**પ્રશ્ન-૧૦૧ :- ભાવમોક્ષનો કર્તા, દ્રવ્યકર્મના અભાવને માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- ભાવમોક્ષ અને અજીવને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૧૦૨ :- ભાવમોક્ષનો કર્તા, વજ્રવૃષભનારાચસંહનનને માને તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- અજીવ અને મોક્ષતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવશે.

**પ્રશ્ન-૧૦૩ :- જીવથી મોક્ષ માને તો શું દોષ આવે?**

ઉત્તર :- જીવતત્ત્વ અને મોક્ષતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે છે.

**પ્રશ્ન-૧૦૪ :- આસ્રવથી મોક્ષ માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- આસ્રવ અને મોક્ષતત્ત્વને એક માન્યું; કર્મકારકને ન માન્યું - તે દોષ આવે.

**પ્રશ્ન-૧૦૫ :- પુણ્ય-બંધથી મોક્ષ માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- બંધતત્ત્વ અને મોક્ષતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૧૦૬ :- સંવરથી મોક્ષ માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- સંવર અને મોક્ષતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૧૦૭ :- નિર્જરાથી મોક્ષ માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- નિર્જરા અને મોક્ષતત્ત્વને એક માને; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૧૦૮ :- ચૌદમા ગુણસ્થાનથી મોક્ષ માને, તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વને એક માન; કર્મકારકને ન માને - તે દોષ આવે.

**પ્રશ્ન-૧૦૯ :- મોક્ષતત્ત્વ સંબંધી ભૂલ કેવી રીતે મટે?**

ઉત્તર :- કર્મકારકને માને તો મોક્ષતત્ત્વ સંબંધી ભૂલ મટે.

**પ્રશ્ન-૧૧૦ :- કર્મકારકને માનવાથી મોક્ષતત્ત્વ સંબંધી ભૂલ કેવી રીતે મટે?**



ઉત્તર :- ભાવમોક્ષનો કર્તા, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણ છે; જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરાતત્ત્વ તેના કર્તા નથી. તે પ્રકારે, કર્મકારકને માનવાથી ભાવમોક્ષતત્ત્વ સંબંધી ભૂલ દૂર થઈ ગઈ.

**પ્રશ્ન-૧૧૧ :- તે અમારા વખાણ કરતા હતા; આજે નિંદા કેમ? આ વાક્યમાં કર્મકારકને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- તે અમારા વખાણ કરતા હતા, આજે નિંદા કેમ? - એવી માન્યતાવાળાએ કર્મકારકને નથી માન્યું અને નિંદા, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાન કારણથી થઈ - તો કર્મકારકને માન્યું. એ પ્રકારે અન્ય કાર્યો ઉપર પણ અભ્યાસ કરવો જોઈએ.

**પ્રશ્ન-૧૧૨ :- દરેક સમયે દરેક દ્રવ્યમાં કાર્ય થતું જ રહે છે, તે કદી રોકાતું જ નથી - તે શું સિદ્ધ કરે છે?**

ઉત્તર :- કાર્ય (કર્મ)ને સિદ્ધ કરે છે અને ક્રમબદ્ધપર્યાયને સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૧૧૩ :- કર્મકારકને ક્યારે માન્યું?**

ઉત્તર :- દૃષ્ટિ પોતાના ત્રિકાળી ભગવાન પર આવી તો કર્મકારકને માન્યું.

કરણકારક

**પ્રશ્ન-૧૧૪ :- કરણકારક કોને કહે છે?**

ઉત્તર :- તે પરિણામના (કાર્યના) સાધકતમ, એટલે કે ઉત્કૃષ્ટસાધનને કારણ કહે છે.

**પ્રશ્ન-૧૧૫ :- કરણકારકમાં 'સાધકતમ' શું બતાવે છે?**

ઉત્તર :- 'સાધકતમ' એ બતાવે છે કે ઉત્કૃષ્ટસાધન, કર્તાની બહાર નથી.

**પ્રશ્ન-૧૧૬ :- કાર્યનું ઉત્કૃષ્ટસાધન શું બતાવે છે?**

ઉત્તર :- કાર્યનું કારણ, મધ્યમસાધન, જઘન્યસાધન નથી; માત્ર કાર્યનું ઉત્કૃષ્ટસાધન જ કારણ છે; બીજું નથી.

**પ્રશ્ન-૧૧૭ :- કાર્યના સાધન કેટલા કહેવાય છે?**

ઉત્તર :- ચાર કહેવાય છે — તે સમયની પર્યાયની યોગ્યતા સાધન; અનંતપૂર્વ ક્ષણવર્તીપર્યાય સાધન; ત્રિકાળીસાધન અને નિમિત્તસાધન.

**પ્રશ્ન-૧૧૮ :- કાર્યનું સાચું સાધન કોણ છે કોણ નથી?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા જ કાર્યનું ઉત્કૃષ્ટસાધન છે. અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય સાધન, ત્રિકાળીસાધન અને નિમિત્તસાધન, કાર્યના સાચા સાધન નથી.

**પ્રશ્ન-૧૧૯ :- અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય, ત્રિકાળી અને નિમિત્ત, કાર્યના સાચા સાધન કેમ નથી?**

ઉત્તર :- અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી; માટે અનંતરપૂર્વ-ક્ષણવર્તીપર્યાય, કાર્યનું સાધન નથી; કાર્ય એક સમયનું હોય, તેનું સાધન ધ્રુવ હોય - એમ પણ નથી બનતું. નિમિત્તને સાધન કહેવાનો પ્રશ્ન જ નથી કેમકે બંનેના સ્વચતુષ્ટય અલગ-અલગ છે.

**પ્રશ્ન-૧૨૦ :- કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટ સાધન કોણ છે, કોણ નથી?**

ઉત્તર :- કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટ સાધન, તે સમયની પર્યાયની યોગ્યતા જ છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ત્રિકાળી જ્ઞાનગુણ અને જ્ઞાનાવરણીયનો અભાવ, ઉત્કૃષ્ટસાધન નથી.



**પ્રશ્ન-૧૨૧ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ભાવશ્રુતજ્ઞાન; આત્માનો જ્ઞાનગુણ અને જ્ઞાનાવરણીયનો અભાવ કેવા સાધન કહેવાય છે?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ભાવશ્રુતજ્ઞાન, અભાવરૂપ સાધન; આત્માનો જ્ઞાનગુણ, ત્રિકાળી સાધન અને જ્ઞાનાવરણીયનો અભાવ નિમિત્ત સાધન કહેવાય છે.

**પ્રશ્ન-૧૨૨ :- શું કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટ સાધન, વજ્રવૃષભનારાચસંહનન છે? તેમાં કારણકારકને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટ સાધન, તે સમયની પર્યાયની યોગ્યતા છે, ત્યારે તો કારણકારકને માન્યું અને કેવળજ્ઞાનનું સાધન, વજ્રવૃષભનારાચસંહનન કહે તો કારણકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૧૨૩ :- કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટસાધન, તે સમયની પર્યાયની યોગ્યતા કેવળજ્ઞાન જ છે; બીજું નહિ - તો અન્ય સાધનોમાં શું-શું આવ્યું?**

ઉત્તર :- વજ્રવૃષભનારાચસંહનન; ચોથો કાળ, કેવળ-જ્ઞાનાવરણીયનો ક્ષય; આત્મા; આત્માના અનંતગુણ; અનંતર-પૂર્વક્ષણવર્તીપર્યાય બાવશ્રુતજ્ઞાન - વગેરે અન્ય સાધનોમાં આવે છે.

**પ્રશ્ન-૧૨૪ :- કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટ સાધન, તે સમય પર્યાયની યોગ્યતા કેવળજ્ઞાન જ છે - એમ જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- જેમ, કેવળજ્ઞાનનું ઉત્કૃષ્ટ સાધન, તે સમયની પર્યાયની યોગ્યતા જ છે; તે પ્રકારે વિશ્વમાં અનંત દ્રવ્ય છે; દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે; દરેક ગુણમાં જે-જે કાર્ય થઈ ગયું છે, થઈ રહ્યું છે, ભવિષ્યમાં થશે; તે બધાનું સાધન માત્ર તે સમયની પર્યાયની

યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ છે. - એમ માનતા જ ચારે ગતિના અભાવરૂપ ધર્મની પ્રાપ્તિ થશે - આ કારણકારને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૨૫ :- શું રોટલીનું ઉત્કૃષ્ટસાધન પાટલી, વેલણ છે? તેમાં કરણને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- રોટલીનું ઉત્કૃષ્ટ સાધન, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણ રોટલી છે, તો કરણકારકને માન્યું અને રોટલીનું ઉત્કૃષ્ટસાધન પાટલી-વેલણ આદ છે, તો કરણકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૧૨૬ :- રોટલીનું ઉત્કૃષ્ટ સાધન તે સમય પર્યાયની યોગ્યતા છે, ત્યારે બીજા સાધનોને ક્યા-ક્યા નામથી કહેવામાં આવે છે?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીયપર્યાય ગોરણામાં અભાવરૂપ સાધન કહેવાય છે; લોટને ત્રિકાળી સાધન કહેવાય છે; બાઈના રાગને, પાટલી, વેલણ, તાવડો, આગ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યને નિમિત્તસાધન કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૧૨૭ :- રોટલીનું ઉત્કૃષ્ટસાધન, તે સમયની પર્યાયની યોગ્યતા જ છે - એમ માનવાથી ક્યા-ક્યા સાધનથી દૃષ્ટિ હટી જાય છે?**

ઉત્તર :- બાઈનો રાગ, પાટલી, વેલણ, લોઢી, ધર્મ, અધર્મ, આકાશ, કાળદ્રવ્ય વગેરે નિમિત્તોથી; ત્રિકાળી લોટથી; અનંતરપૂર્વક્ષણવર્તીયપર્યાય ગોરણાથી દૃષ્ટિ હટી જાય છે.

**પ્રશ્ન-૧૨૮ :- રોટલીનું ઉત્કૃષ્ટસાધન, તે સમયની પર્યાયની યોગ્યતા જ છે - એમ જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- જેમ, રોટલીનું ઉત્કૃષ્ટસાધન, તે સમયની પર્યાયની યોગ્યતા રોટલી જ છે; તે પ્રમાણે જગતમાં જેટલા પણ કાર્યો



છે, તે બધા કાર્યોનું ઉત્કૃષ્ટ સાધન, તે સમય પર્યાયની યોગ્યતા જ છે — એમ જાને-માને તો ચારેય ગતિના અભાવરૂપ ધર્મની પ્રાપ્તિ થવી, એમ જાણવાથી લાભ છે.

**પ્રશ્ન-૧૨૯ :- કરણ શબ્દ કેટલા અર્થોમાં પ્રયુક્ત થાય છે?**

ઉત્તર :- ત્રણ અર્થોમાં પ્રયુક્ત થાય છે — (૧) કરણ=ઈન્દ્રિય; (૨) કરણ = પરિણામ; (૩) કરણ = સાધન, એટલે કે કરણકારક.

**સંપ્રદાનકારક**

**પ્રશ્ન-૧૩૦ :- સંપ્રદાનકારક કોને કહે છે?**

ઉત્તર :- કર્મ (પરિણામ; કાર્ય) જેને દેવામાં આવે અથવા જેના માટે કર્મ કરવામાં આવે, તેને સંપ્રદાન કહે છે.

**પ્રશ્ન-૧૩૧ :- 'સંપ્રદાન' શબ્દનો શો અર્થ છે?**

ઉત્તર :- સમ્ = સમ્યક્ પ્રકારે; પ્ર = પ્રકૃષ્ટરૂપે - વિશેષરૂપે; દાન = શુદ્ધતાનું દાન દેવામાં આવે; એટલે કે સમ્યક્ પ્રકારે વિશેષે કરીને જે દાન પોતાને દેવામાં આવે, તે સંપ્રદાનનો અર્થ છે.

**પ્રશ્ન-૧૩૨ :- સંપ્રદાનનો અર્થ સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- (૧) જેમ કે લોભનો ત્યાગ, જે શુદ્ધિ પ્રગટી, તે સંપ્રદાન છે. (૨) મિથ્યાત્વનો અભાવ, સમ્યગ્દર્શન પ્રગટ્યું, તે સંપ્રદાન છે. (૩) પાંચમા ગુણસ્થાનમાં જે શુદ્ધિ પ્રગટી તે સંપ્રદાન છે. (૪) છઠ્ઠા ગુણસ્થાનમાં જે શુદ્ધિ પ્રગટી, તે સંપ્રદાન છે. તે પ્રકારે સર્વત્ર જાણવું.

**પ્રશ્ન-૧૩૩ :- સંપ્રદાનકારકને ક્યારે માન્યું?**

ઉત્તર :- પોતાનું દાન પોતાને દે, ત્યારે સંપ્રદાનકારકને માન્યું. જેનું કાર્ય છે, તે તેને દેવામાં આવે, અથવા તેના માટે કરવામાં આવે તો સંપ્રદાનકારકને માન્યું.

**પ્રશ્ન-૧૩૪ :- ઘડો, પાણી પીનારા માટે બન્યો છે? આ વાક્યમાં સંપ્રદાનકારકને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા માટે ઘડો બન્યો તો સંપ્રદાનકારકને માન્યું અને પાની પીનારારાઓ માટે બન્યો તો સંપ્રદાનકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૧૩૫ :- સંપ્રદાનકારકને જાણવાથી શો લાભ થયો?**

ઉત્તર :- જગતમાં જેટલા પણ કાર્યો થાય છે, તે બધા તેની તે સમયની પર્યાયની યોગ્યતા માટે જ થાય છે; બીજા માટે નથી થતા; — તેમ માને તો ધર્મની પ્રાપ્તિ થાય છે.

**અપાદાનકારક**

**પ્રશ્ન-૧૩૬ :- અપાદાનકારક કોને કહે છે?**

ઉત્તર :- જેમાંથી કર્મ (ક્રિયા) કરવામાં આવે, તે ધ્રુવવસ્તુને અપાદાનકારક કહે છે.

**પ્રશ્ન-૧૩૭ :- અપાદાનકારક શું બતાવે છે?**

ઉત્તર :- જે ઉત્પાદ થયો, તે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનના અભાવને અને ધ્રુવને બતાવે છે.

**પ્રશ્ન-૧૩૮ :- અપાદાનકારકમાં કેટલા ઉપાદાનકારણ આવે છે?**

ઉત્તર :- ત્રણે ઉપાદાનકારણ આવી જાય છે.

**પ્રશ્ન-૧૩૯ :- 'કેવળજ્ઞાન' થયું - તેમાં ત્રણે ઉપાદાનકારક ક્યા પ્રકારે આવ્યા?**

ઉત્તર :- કેવળજ્ઞાનનો ઉત્પાદ - તે સમયની પર્યાયની યોગ્યતારૂપ ક્ષણિકઉપાદાનકારણ; ભાવશ્રુતજ્ઞાનનો વ્યય, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ; આત્માનો જ્ઞાનગુણ,



ત્રિકાળી ઉપાદાનકારણ; તે પ્રકારે ત્રણેય ઉપાદાનકારણ આવી જાય છે.

**પ્રશ્ન-૧૪૦ :- (૧) ક્ષાયિકસમ્યક્ત્વ, (૨) ક્ષયોપશમ સમ્યક્ત્વ, (૩) રોટલી બની, (૪) કેવળદર્શન, (૫) કબાટ બન્યો; તેમાં ત્રણે ઉપાદાનકારણ ક્યા પ્રકારે આવે છે?**

ઉત્તર :- (૧) ક્ષાયિકસમ્યક્ત્વનો ઉત્પાદ, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ; (૨૨) ક્ષયોપશમસમ્યક્ત્વનો વ્યય, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ; (૩) આત્માનો શ્રદ્ધાગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ; એ પ્રકારે ત્રણે ઉપાદાનકારણ આવી જાય છે. તે પ્રકારે અન્ય ચાર વાક્યો લઈ લેવા.

**પ્રશ્ન-૧૪૧ :- કેવળજ્ઞાનાવરણીયના અભાવમાંથી કેવળજ્ઞાન થયું - શું અપાદાનકારણને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે કેવળજ્ઞાન, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ, ભાવશ્રુતજ્ઞાનનો અભાવ કરીને, આત્માના જ્ઞાનગુણમાંથી આવ્યું; કેવળજ્ઞાનાવરણીયકર્મના અભાવમાંથી નથી આવ્યું - એમ સમજે તો અપાદાનકારકને માન્યું.

**પ્રશ્ન-૧૪૨ :- કોઈ ચતુર એમ કહે કેવળજ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન થયું, તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- તેણે અપાદાનકારકને ઉડાવી દીધું. અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ, શ્રુતજ્ઞાનના અભાવને અને આત્માના જ્ઞાનગુણને પણ ઉડાવી દીધા.

**પ્રશ્ન-૧૪૩ :- કેવળજ્ઞાનમાં કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો - શું અપાદાનકારકને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે કેવળજ્ઞાનાવરણીયનો અભાવ, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ જ્ઞાનાવરણીયના

ક્ષયોપશમનો અભાવ કરીને કાર્મણવર્ગણામાંથી આવ્યું; કેવળજ્ઞાનમાંથી નથી આવ્યું - એમ સમજે તો અપાદાનકારકને માન્યું.

**પ્રશ્ન-૧૪૪ :- કોઈ ચતુર એમ કહે કે - કેવળજ્ઞાનમાંથી જ કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો - તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- તેણે અપાદાનકારકને ઉડાવી દીધું; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ જ્ઞાનાવરણીય ક્ષયોપશમના અભાવને અને કાર્મણવર્ગણાને ઉડાવી દીધા.

**પ્રશ્ન-૧૪૫ :- ત્રણે ઉપાદાનકારણોમાં કેટલો સમય લાગે છે?**

ઉત્તર :- ત્રણેનો એક જ સમય છે.

**પ્રશ્ન-૧૪૬ :- બાઈએ રોટલી બનાવી - આ વાક્યમાં અપાદાનકારકને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- રોટલી, અનંતરપૂર્વક્ષણવર્તીયપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાનો અભાવ કરીને, ત્રિકાળી ઉપાદાનકારણ લોટમાંથી બની, તો અપાદાનકારકને માન્યું અને બાઈથી રોટલી બની - તો અપાદાનકારકને નથી માન્યું. એ પ્રમાણે દરેક કાર્ય પર લગાવવું જોઈએ.

**પ્રશ્ન-૧૪૭ :- બાઈએ રોટલી બનાવી - શું અપાદાનકારકને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે રોટલી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાનો અભાવ કરીને, ધ્રુવ લોટમાંથી બની છે; બાઈથી નહિ, ત્યારે અપાદાનકારકને માન્યું.

**પ્રશ્ન-૧૪૮ :- કોઈ ચતુર કહે કે બાઈથી જ રોટલી બની - તો ક્યો દોષ આવે?**



ઉત્તર :- તેણે અપાદાનકારકને ઉડાવી દીધું; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાના અભાવને, અને ધ્રુવ લોટને પણ ઉડાવી દીધો.

**પ્રશ્ન-૧૪૯ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો તો અભાવ થઈ જાય છે, તેમાંથી ઉત્પાદ કેવી રીતે થઈ શકે છે?**

ઉત્તર :- ખરેખર તો અનંતરપૂર્વક્ષણવર્તીયપર્યાય ક્ષણિકઉપાદાનકારણના અભાવમાંથી ઉત્પાદ નથી થતો; તે તો તે સમયની પર્યાયની યોગ્યતામાંથી થાય છે. આ તો અભાવરૂપ ઉપાદાનકારણની અપેક્ષાએ જ્ઞાન કરાવ્યું છે.

**પ્રશ્ન-૧૫૦ :- ત્રિકાળી ધ્રુવ અનાદિ-અનંત છે અને કાર્ય એક સમયનું છે, તેમાંથી કાર્ય કેવી રીતે થયું?**

ઉત્તર :- નિમિત્ત, પરદ્રવ્યોથી અલગ કરવાની અપેક્ષાએ ત્રિકાળી ઉપાદાનને કાર્યનો કર્તા કહે છે. ખરેખર તો ઉત્પાદ, તે સમયની પર્યાયની યોગ્યતાથી થયું છે.

**પ્રશ્ન-૧૫૧ :- કેવળજ્ઞાનરૂપ કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતાથી થયું - એમ માનવાથી કોના-કોના ઉપરથી દૃષ્ટિ હટી જાય છે?**

ઉત્તર :- (૧) વજ્રવૃષભનારાચસંહનનથી, (૨) ચોથા કાળથી, (૩) જ્ઞાનાવરણીયકર્મના અભાવથી, (૪) આત્માથી, (૫) જ્ઞાનગુણથી, (૬) શ્રુતજ્ઞાનથી દૃષ્ટિ હટી જાય છે.

**પ્રશ્ન-૧૫૨ :- ક્ષાયિકસમ્યક્‌ત્વસ્વરૂપ કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતાથી થાય છે - એમ માનવાથી કોના-કોના ઉપરથી દૃષ્ટિ હટી જાય છે?**

ઉત્તર :- (૧) દેવ-ગુરુથી, (૨) દર્શનમોહનીયના ઉપશમાદિથી,

(૩) આત્મા (ત્રિકાળી ઉપાદાન)થી, (૪) શ્રદ્ધાગુણથી, (૫) ક્ષયોપશમ સમ્યક્ત્વથી દૃષ્ટિ હટી જાય છે.

*નોંધ :- અહીં આત્મા (ત્રિકાળી કારણથી) દૃષ્ટિ હટાવાનો આશય, કાર્ય માટે તે તરફ દેખવું ન રહ્યું - તે છે/ શ્રદ્ધાપર્યાયના સ્વભાવથી પોતાપણું હટાવાનો આશય નથી.*

**પ્રશ્ન-૧૫૩ :- કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતાથી જ કાર્ય થાય છે - આ નિર્ણય ક્યારે સાચો-ખોટો છે?**

**ઉત્તર :-** તે સમયની પર્યાયની યોગ્યતાથી જ કાર્ય થાય છે - એવો નિર્ણય થતાં જ દૃષ્ટિ ત્રિકાળી સ્વભાવ ઉપર આવે તો નિર્ણય સાચો છે. નહિતર ખોટો છે.

**અધિકરણકારક**

**પ્રશ્ન-૧૫૪ :- અધિકરણકારક કોને કહે છે??**

**ઉત્તર :-** જેમાં અથવા જેના આધારે કર્મ (કાર્ય) કરવામાં આવે, તેને અધિકરણકારક કહે છે.

**પ્રશ્ન-૧૫૫ :- અનાદિથી અજ્ઞાનીએ કાર્યને માટે કોનો આધાર માન્યો અને તેનું ફળ શું આવ્યું?**

**ઉત્તર :-** અનાદિથી અજ્ઞાની જીવે કાર્ય માટે પરનો આધાર માન્યો છે. તેનું ફળ ચારેય ગતિમાં ફરીને નિગોદ આવ્યું.

**પ્રશ્ન-૧૫૬ :- ધર્મને માટે અજ્ઞાનીને કોનો-કોનો આધાર માન્યો?**

**ઉત્તર :-** (૧) પોતાના આત્માને છોડીને, તીર્થંકરોનો, મુનિઓનો, અત્યંત ભિન્ન પદાર્થોનો આધાર માન્યો; (૨) શરીર-ઇન્દ્રિયો ઠીક રહે તો ધર્મ થાય, તેનો આધાર માન્યો છે; (૩) કર્મનો ક્ષય આદિ થાય તો ધર્મ થાય, તેનો આધાર માન્યો છે; (૪) શુભભાવ હોય તો ધર્મ થાય, તેનો આધાર માન્યો છે; (૫)



ભેદનયના પક્ષનો આધાર માન્યો છે; (૬) અભેદનયના પક્ષનો આધાર માન્યો છે; (૭) ભેદાભેદનયના પક્ષનો આધાર માન્યો છે અને તેનું ફળ અનંત સંસાર છે.

**પ્રશ્ન-૧૫૭ :- શું એક વસ્તુને બીજી વસ્તુનો આધાર નથી?**

**ઉત્તર :-** બિલકુલ નથી, કેમકે દરેક વસ્તુ પોતપોતાનું કાર્ય પોતાને આધારે કરે છે; પરની અપેક્ષા નથી રાખતી.

**પ્રશ્ન-૧૫૮ :- શું શરીરને રોટલીનો આધાર છે?**

**ઉત્તર :-** બિલકુલ નથી, કેમકે શરીરનો આધાર, આહારવર્ગણા છે; રોટલી અને જીવ નથી.

**પ્રશ્ન-૧૫૯ :- શરીરને રોટલીનો આધાર છે, તેમાં અદિકરણકારકને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

**ઉત્તર :-** શરીરને આહારવર્ગણાનો આધાર છે; રોટલીનો નહિ. ત્યારે અધિકારણકારકને માન્યું, અને રોટલી જ શરીરનો આધાર છે, એમ માને તો તેણે અધિકરણકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૧૬૦ :- શું મોક્ષનો આધાર, કર્મનો અભાવ છે?**

**ઉત્તર :-** બિલકુલ નથી, કેમકે મોક્ષનો આધાર, આત્મા છે; કર્મનો અભાવ નથી.

**પ્રશ્ન-૧૬૧ :- મોક્ષનો આધાર, કર્મનો અભાવ જ છે, એમ કહે તો ક્યો દોષ આવે છે?**

**ઉત્તર :-** તેણે અધિકરણકારકને નથી માન્યું.

**પ્રશ્ન-૧૬૨ :- મોક્ષનો આધાર, કર્મનો અભાવ ક્યારે માની કહી શકાય છે?**

**ઉત્તર :-** જ્યારે દ્રવ્યકર્મ, જીવ થઈ જાય તો મોક્ષનો આધાર, દ્રવ્યકર્મનો અભાવ માની શકાય છે, પણ એમ થઈ જ નથી શકતું.

**પ્રશ્ન-૧૬૩ :- મોક્ષનો આધાર કોણ થયું?**

ઉત્તર :- મોક્ષનો આધાર, ત્રિકાળી આત્મા છે અને ખરેખર તો મોક્ષનો આધાર, તે સમયની પર્યાયની યોગ્યતા જ છે.

**પ્રશ્ન-૧૬૪ :- અધિકરણકારકને ક્યારે માન્યું કહી શકાય?**

ઉત્તર :- દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયનો આધાર કથંચિત્ નિરપેક્ષ છે - એમ માને ત્યારે અધિકરણકારકને માન્યું કહી શકાય છે.

**પ્રશ્ન-૧૬૫ :- શું ગુરુને શિષ્યનો આધાર છે?**

ઉત્તર :- બિલકલુ નથી, કેમકે ગુરુને પોતાનો જ આધાર છે; શિષ્યનો નહિ.

**પ્રશ્ન-૧૬૬ :- શું ગુરુને શિષ્યનો આધાર છે - તેમાં અધિકરણકારકને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- ગુરુને શિષ્યનો આધાર છે - એમ માને તો અધિકરણકારકને નથી માન્યું, કેમકે બંનેને પોતપોતાનો આધાર છે; એકબીજાનો નહિ.

**પ્રશ્ન-૧૬૭ :- ગુરુને શિષ્યનો આધાર ક્યારે કહી શકાય?**

ઉત્તર :- ગુરુને પોતાના આત્માનો આધાર છે; તેના બદલે શિષ્યનો આત્મા, ગુરુનો આત્મા બની જાય તો ગુરુને શિષ્યનો આધાર કહી શકાય છે પણ એમ બની શકે નહિ.

**પ્રશ્ન-૧૬૮ :- તેમાં સાચો આધાર કોનો થયો?**

ઉત્તર :- ગુરુને પોતાના આત્માનો આધાર છે અને ખરેખર તો ગુરુને 'તે સમયની પર્યાયની યોગ્યતાનો આધાર' છે. એ પ્રમાણે દરેક જગ્યાએ સમજવું જોઈએ.

**પ્રશ્ન-૧૬૯ :- અનાદિથી છોકરીએ કોનો-કોનો આધાર માન્યો અને તેનું ફળ શું છે?**

ઉત્તર :- (૧) ઘરમાં છોકરી જન્મી - પહેલા તો મા-બાપને આધાર માન્યા. (૨) પછી પતિનો આધાર માન્યો. (૩) પતિ પછી છોકરાને આધાર માન્યો. (૪) દીકરાએ જવાબ આપી દીધો તો રૂપિયા-પૈસાને આધાર માન્યો. (૫) રૂપિયા-પૈસા ન રહ્યા તો દિવાલને આધાર માન્યો. તેનું ફળ ચારેય ગતિમાં ફરીને નિગોદ છે.



**પ્રશ્ન-૧૭૦ :- છોકરી કોનો આધાર લે તો શાંતિ મળે?**

ઉત્તર :- એકમાત્ર પોતાના આત્માનો આધાર માને તો કલ્યાણ થાય, પછી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન-૧૭૧ :- પર્યાયનો આધાર કોણ છે?**

ઉત્તર :- ખરેખર તો 'તે સમયની પર્યાયની યોગ્યતા જ' પર્યાયનો આધાર છે.

**પ્રશ્ન-૧૭૨ :- જ્યારે દરેક દ્રવ્યની પર્યાયનો આધાર, તે પર્યાય જ છે; બીજો નહિ, ત્યારે દૃષ્ટિમાં મારો આધાર હું જ છું - એમ માનવા-જાણવાથી શો લાભ થાય છે?**

ઉત્તર :- (૧) અનાદિકાળથી પરમાં પોતાના આધારની કલ્પનાનો અભાવ થઈ જાય છે; (૨) 'સ્વયંભૂ' કહેવાય છે; (૩) ચારે ગતિનો અભાવ થઈને પંચમ ગતિનો માલિક બની જાય છે; (૪) પંચ પરમેષ્ઠિઓમાં તેની ગણતરી થવા લાગે છે; (૫) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનો અભાવ થઈ જાય છે; (૬) પંચ પરાવર્તનનો અભાવ થઈ જાય છે; (૭) પંચમ પારિણામિકભાવનું મહત્વ આવી જાય છે; (૮) આઠ કર્મોનો અભાવ થઈ જાય છે; (૯) ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાનથી દૃષ્ટિ હટીને પોતાના ત્રિકાળી સ્વભાવ ઉપર આવી જાય છે.

**આઠ કર્મો ઉપર કારકનું સ્પષ્ટીકરણ**

**પ્રશ્ન-૧૭૩ :- દ્રવ્યકર્મ કેટલા છે?**

ઉત્તર :- આઠ છે — જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય,

મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય.

**પ્રશ્ન-૧૭૪ :- કર્મ આઠ જ છે, વધારે-ઓછા કેમ નહિ? તેને સિદ્ધ કરો.**

ઉત્તર :- કર્મ આઠ છે, એ વાત શાસ્ત્રોમાં તો છે જ પણ કાર્યથી પણ કારણનું અનુમાન લગાવી શકાય છે, જે આ પ્રકારે છે —

**વેદનીય કર્મ** — (૧) એક જીવ રોગી છે, એક નિરોગી છે. (૨) એકની પાસે લાખો-કરોડો રૂપિયા છે, એકની પાસે ફુટી કોડી પણ નથી, તેનાથી વેદનીયકર્મ સિદ્ધ થાય છે.

**નામકર્મ** — (૨) એક જ્યાં જાય છે ત્યાં માન મળે છે; એક જ્યાં જ્યાં જાય છે ત્યાં અપમાન મળે છે. (૨) એક રૂપવાન છે, એક કુરૂપવાન છે. તેનાથી નામકર્મની સિદ્ધિ થાય છે.

**આયુકર્મ** — (૧) એકની સો વર્ષની ઉંમર છે; એકની પચાસ વર્ષની ઉંમર છે. (૨) કોઈ ગર્ભમાં મરી જાય છે, કોઈ ત્રણ વર્ષમાં મરી જાય છે, તેનાથી આયુકર્મ સિદ્ધ થાય છે.

**ગોત્રકર્મ** — (૧) એક જૈન છે, એક શુદ્ર છે. (૨) એકને ઉચ્ચપણે જોવામાં આવે છે, એકને નીચાપણે જોવામાં આવે છે. તેનાથી ગોત્રકર્મની સિદ્ધિ થાય છે. જુઓ, સંયોગ ચાર પ્રકારના જ બને છે, એ સિવાય જો કોઈ સંયોગ જોવામાં આવે તો બતાવો. માટે ચાર પ્રકારના સંયોગ સિવાય બીજા બનતા જ નથી; તેનાથી ચાર અઘાતિકર્મો સિદ્ધ થાય છે.

**જ્ઞાનાવરણીયકર્મ** — (૧) એકને જ્ઞાનનો ઉઘાડ એવો છે કે એક જ વારમાં બધી વાતો યાદ રહી જાય છે, (૨) એકને જ્ઞાનનો ઉઘાડ એવો છે કે પચાસ વાર સાંભળ્યા પછી પણ યાદ નથી રહેતું, તેનાથી જ્ઞાનાવરણીયકર્મ સિદ્ધ થાય છે.



**દર્શનાવરણીયકર્મ** — (૧) જ્યાં વિશેષજ્ઞાન હોય છે, ત્યાં સામાન્ય દર્શન હોય જ છે, તેનાથી દર્શનાવરણીયકર્મ સિદ્ધ થાય છે.

**મોહનીયકર્મ** — (૧) એકને વિશેષ રાગ જોવામાં આવે છે. એકને ઓછો રાગ જોવામાં આવે છે. (૨) એક મિથ્યાત્વી છે, એક સમ્યક્ત્વી છે, તેનાથી મોહનીયકર્મ સિદ્ધ થાય છે.

**અંતરાયકર્મ** — (૧) કોઈ તીવ્ર પુરુષાર્થ કરે છે અને કોઈ મંદ પુરુષાર્થ કરે છે, તેનાથી અંતરાયકર્મ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે ચાર ઘાતિકર્મ છે, તે બધા પાપરૂપ છે. અઘાતિમાં પુણ્ય-પાપમાં અંતર પડે છે; આ પ્રમાણે તર્કથી આઠ કર્મની સિદ્ધિ થાય છે અને જિનવાણીમાં પણ આઠ કર્મો બતાવ્યા છે.

**પ્રશ્ન-૧૭૫ :- કર્મની કેટલી દશાઓ છે?**

ઉત્તર :- ચાર છે — (૧) ઉદય, (૨) ક્ષય, (૩) ક્ષયોપશમ, અને (૪) ઉપશમ.

**પ્રશ્ન-૧૭૬ :- આઠેય કર્મોમાંથી ઉદય કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- આઠેય કર્મોમાં ઉદય હોય છે.

**પ્રશ્ન-૧૭૭ :- આઠેય કર્મોમાંથી ક્ષય કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- આઠેય કર્મોમાં ક્ષય હોય છે.

**પ્રશ્ન-૧૭૮ :- આઠેય કર્મોમાંથી ક્ષયોપશમ કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- ચાર ઘાતિયાકર્મોમાં હોય છે.

**પ્રશ્ન-૧૭૯ :- આઠ કર્મોમાંથી ઉપશમ કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- એકમાત્ર મોહનીયકર્મમાં જ હોય છે.

**પ્રશ્ન-૧૮૦ :- આઠ કર્મોમાં ઉદય આદિ કુલ કેટલા ભેદ થયા?**

ઉત્તર :- (૧) ઉદયના આઠ ભેદ; (૨) ક્ષયના આઠ ભેદ; (૩) ક્ષયોપશમના ચાર ભેદ; (૪) ઉપશમ તો એક ભેદ; આ પ્રમાણે કુલ ૨૧ ભેદ થયા.

**પ્રશ્ન-૧૮૧ :- જ્ઞાનાવરણીયકર્મમાં કેટલી દશાઓ હોય છે?**

ઉત્તર :- ત્રણ હોય છે - ઉદય, ક્ષય, ક્ષયોપશમ.

**પ્રશ્ન-૧૮૨ :- દર્શનાવરણીયકર્મમાં કેટલી દશાઓ હોય છે?**

ઉત્તર :- ત્રણ હોય છે - ઉદય, ક્ષય, ક્ષયોપશમ.

**પ્રશ્ન-૧૮૩ :- અંતરાયકર્મમાં કેટલી દશાઓ હોય છે?**

ઉત્તર :- ત્રણ હોય છે - ઉદય, ક્ષય, ક્ષયોપશમ.

**પ્રશ્ન-૧૮૪ :- મોહનીયકર્મમાં કેટલી દશાઓ હોય છે?**

ઉત્તર :- ચાર હોય છે - ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ.

**પ્રશ્ન-૧૮૫ :- અઘાતિકર્મોમાંથી કેટલી દશાઓ હોય છે?**

ઉત્તર :- બે હોય છે — ઉદય અને ક્ષય.

**પ્રશ્ન-૧૮૬ :- આ પ્રમાણે ઉદય આદિના કેટલા ભેદ થયા?**

ઉત્તર :- (૧) જ્ઞાનાવરણીયના ત્રણ ભેદ; (૨) દર્શનાવરણીયના ત્રણ ભેદ; (૩) અંતરાયના ત્રણ ભેદ; (૪) મોહનીયના ચાર ભેદ; (૫) આયુના બે ભેદ; (૬) નામના બે ભેદ; (૭) ગોત્રના બે ભેદ; (૮) વેદનીયના બે ભેદ; આ પ્રમાણે કુલ ૨૧ ભેદ થયા. તે ૨૧ ભેદ છે તે કાર્ય છે અને દરેક કાર્યમાં છ કારક એક સાથે વર્તે છે. આ પ્રમાણે ૧૨૬ ભેદ થયા.

**પ્રશ્ન-૧૮૭ :- જ્ઞાનાવરણીયકર્મના ઉદય પર છ કારકો કેવી રીતે લાગે છે?**



ઉત્તર :- જ્ઞાનાવરણીયકર્મનો ઉદય તે કાર્ય છે. કાર્ય પરથી છ પ્રશ્ન ઉઠે છે. (૧) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય કોણે કર્યો? કાર્મણવર્ગણાએ કર્યો. તેથી કાર્મણવર્ગણા, **કર્તા** થઈ; (૨) કાર્મણવર્ગણા એ શું કર્યું? જ્ઞાનાવરણીયકર્મના ઉદયે; તેથી જ્ઞાનાવરણીય કર્મનો ઉદય **કર્મ** થયું; (૩) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય ક્યા સાધન દ્વારા થયો? કાર્મણવર્ગણાના સાધન દ્વારા; તેથી કાર્મણવર્ગણા **કરણ** થઈ; (૪) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય કોના માટે કર્યો? કાર્મણવર્ગણા માટે કર્યો; તેથી કાર્મણવર્ગણા **સંપ્રદાન** થઈ. (૫) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય કોનામાંથી કર્યો? પહેલી પર્યાયનો અભાવ કરીને; કાર્મણવર્ગણામાંથી કર્યો; તેથી કાર્મણવર્ગણા **અપાદાન** થઈ. (૬) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય કોના આધારે થયો? કાર્મણવર્ગણાને આધારે થયો; તેથી કાર્મણવર્ગણા **અધિકરણ** થઈ.

**પ્રશ્ન-૧૮૮ :- ૧૨૬ ભેદોથી શું સિદ્ધ થયું?**

ઉત્તર :- (૧) દરેક કાર્યની સ્વતંત્રતા સિદ્ધ થઈ, (૨) જીવના કારણે, દ્રવ્યકર્મમાં ઉદય, ક્ષય વગેરે અવસ્થાઓ થાય છે અને દ્રવ્યકર્મને કારણે, જીવમાં ઔપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔપશમિકભાવ થાય છે - એવી ખોટી માન્યતાનો અભાવ થઈ ગયો.

**પ્રશ્ન-૧૮૯ :- (૧)આપે કર્મોની સ્વતંત્રતાને સિદ્ધ કરી અને સમજાણું કે કર્મનો ઉદય વગેરેનો કર્તા કાર્મણવર્ગણાનું કાર્ય છે; જીવનું નહિ, પણ 'ગોમ્મટસાર' વગેરે શાસ્ત્રોમાં લખ્યું છે કે (૧) કર્મ, જીવને ચક્કર કરાવે છે. (૨) જ્ઞાનાવરણીયકર્મના અભાવથી કેવળજ્ઞાન થાય છે. (૩) ક્ષાયિકસમ્યક્ત્વ, દર્શનમોહનીયના ક્ષયથી થાય છે; શું તે ખોટું લખ્યું છે?**

**ઉત્તર :-** (૧) અરે ભાઈ! તે બધું વ્યવહારકથન છે અને વ્યવહારકથનનો અર્થ 'એમ છે નહિ', નિમિત્તાદિની અપેક્ષાએ કથન છે - એમ જાણવું જોઈએ. (૨) જે વ્યવહારના કથનને જ સત્યાર્થ માને છે, તે જિનવાણી સાંભળવાને અયોગ્ય છે. (૩) વ્યવહારના કથનને સત્યાર્થ માનવાથી તો મિથ્યાત્વની પુષ્ટી થાય છે.

**પ્રશ્ન-૧૯૦ :- જીવમાં ઔદયિકભાવ, ક્ષયોપશમિકભાવ, ક્ષાયિકભાવ, ઔપશમિકભાવ પણ શું કર્મની અપેક્ષા વિના થાય છે?**

**ઉત્તર :-** હાં; જીવમાં પણ ઔદયિક આદિ ભાવરૂપથી પરિણમિત થવાની ક્રિયામાં ખરેખર જીવ પોતે જ છ કારકરૂપ વર્તે છે; માટે તેને અન્યકારકોની અપેક્ષા નથી.

**પ્રશ્ન-૧૯૧ :- શું શરીર, મન, વાણીનું કાર્ય; દ્રવ્યકર્મ; જીવના વિકારી; અવિકારી ભાવ, નિરપેક્ષ હોય છે?**

**ઉત્તર :-** (૧) હાં, નિરપેક્ષ હોય છે. શ્રી પંચાસ્તિકાય, ગાથા-૬૨ની ટીકામાં લખ્યું છે કે 'દરેક દ્રવ્યની દરેક પર્યાયમાં આ છ કારક એક સાથે વર્તે છે; માટે આત્મા અને પુદ્‌ગલ શુદ્ધદશામાં કે અશુદ્ધદશામાં પોતે છે કારકરૂપ પરિણમન કરે છે અને બીજા કારકોની અપેક્ષ નથી રાખતા.' જયધવલ પુસ્તક નં.૭ પૃષ્ઠ ૧૭૭માં લખ્યું છે - '**बज्झ कारण निरपेक्खो वत्थु परिणामो**' વસ્તુના પરિણામ બાહ્યકારણોથી નિરપેક્ષ હોય છે. સમયસાર કળશ નં.૫૧, ૫૨, ૫૩, ૫૪, ૬૧માં પણ આ જ ભાવ છે તથા કળશ ૨૦૦માં ૫'**नास्ति सर्वोऽपि सम्बन्धः**' એમ કહ્યું છે. આપ્તમીમાંસામાં કહ્યું છે '**ધર્મી, ધર્મને નિરપેક્ષ માનો.**'

**પ્રશ્ન-૧૯૨ :- શું એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ નથી કરતું?**



**ઉત્તર :-** હાં, ભાઈ! કાંઈ નથી કરી શકતું. વિચારો! કેવળીભગવાનને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ અરિહંતદશામાં થઈ છે તે તે સમયે ઔદારિકશરીર અને ચાર અઘાતિકર્મોનો અભાવ ન કરી શકે અને છદ્મસ્થને થોડો પણ જ્ઞાનનો ઉઘાડ થયો અને તે કહે, હું પરનું કરી શકું છું - આશ્ચર્ય છે.

**પ્રશ્ન-૧૯૩ :- સંસારમાં કેટલા પ્રકારની દષ્ટિ છે?**

**ઉત્તર :-** બે છે. (૧) દ્રવ્યદષ્ટિ અને (૨) પર્યાયદષ્ટિ.

**પ્રશ્ન-૧૯૪ :- આ બે દષ્ટિઓનું શું ફળ છે?**

**ઉત્તર :-** દ્રવદષ્ટિનું ફળ મોક્ષ છે અને પર્યાયદષ્ટિનું ફળ નિગોદ છે.

**છ કારક : ભિન્ન અપેક્ષઓ અને પ્રયોગ.**

**પ્રશ્ન-૧૯૫ :- 'બાઈએ રોટલી બનાવી' - તેના પર વ્યવહારકારક ક્યા પ્રકારે લાગુ પડે છે?**

**ઉત્તર :-** જુઓ, 'રોટલી બની' તે કાર્ય છે અને કાર્યથી છ પ્રશ્નો ઉઠે છે. (૧) રોટલી કોણે બનાવી? બાઈએ; તો બાઈ કર્તા થઈ. (૨) બાઈએ શું કર્યું? રોટલી બનાવી; તો રોટલી કર્મ થયું. (૩) રોટલી ક્યા સાધન દ્વારા બની? પાટલી, વેલણ દ્વારા બની; એટલે પાટલી, વેલણ કરણ થયું. (૪) રોટલી કોના માટે બની? ખાનાર માટે બની; તો ખાનાર સંપ્રદાન થયું. (૫) રોટલી શેમાંથી બની? થાળીમાંથી બની; માટે થાળી અપાદાન થયું. (૬) રોટલી કોના આધારે બની? ચુલા, તાવડીના આધારથી બની; તે ચુલો, તાવડી અધિકરણ થયું.

જુઓ! આમાં બાઈ, કર્તા; રોટલી, કર્મ; પાટલી-વેલણ, કરણ; ખાનારો, સંપ્રદાન; થાળી, અપાદાન અને ચુલો-તવો, અધિકરણ; આ પ્રમાણે દરેક કારકો ભિન્ન-ભિન્ન છે. ખરેખર તો આ વ્યવહારકારક

અસત્ય છે, માત્ર ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહી શકાય છે.

**પ્રશ્ન-૧૯૬ :- વ્યવહારકારકને જ સત્ય માને તો શું થશે?**

ઉત્તર :- તે મહા અંધકારરૂપ અજ્ઞાન અંધકાર છે, તેનું સવળું થયું દુર્નિવાર છે. તેનાથી કદી પણ ધર્મની પ્રાપ્તિ નહિ થાય.

**પ્રશ્ન-૧૯૭ :- 'બાઈએ રોટલી બનાવી' તેમાં ત્રિકાળની અપેક્ષાએ છ નિશ્ચયકારક લગાવો?**

ઉત્તર :- રોટલી બની — તે કાર્ય છે. કાર્યથી છ પ્રશ્નો ઊઠે છે. (૧) રોટલી કોણે બનાવી? લોટે બનાવી; તો લોટ **કર્મ** થયો; (૨) લોટે શું કર્યું? રોટલી બનાવી; માટે રોટલી **કર્મ** થયું; (૩) રોટલી ક્યા સાધનથી બની? લોટના સાધન દ્વારા; માટે લોટ કરણ થયું; (૪) રોટલી કોના માટે બની? લોટ માટે બની; માટે લોટ **સંપ્રદાન** થયું; (૫) રોટલી શેમાંથી બની? અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાનો અભાવ કરીને લોટમાંથી બની; તેથી લોટ અપાદાન થયો; (૬) રોટલી કોના આધારે બની? લોટના આદારે બની; તેથી લોટ **અધિકરણ** થયો.

**પ્રશ્ન-૧૯૮ :- આપે રોટલીનો કર્તા લોટને કહ્યો. પણ લોટ તો કથરોટમાં પડ્યો છે, ત્યારે રોટલી કેમ નથી બનતી? તો કહેવું પડશે - બાઈ, પાટલી, વેલણ હોય તો રોટલી બને - શું એ વાત ઠીક નથી?**

ઉત્તર :- ના ભાઈ! અમે લોટને કર્તા કહ્યો, તે તો માત્ર પરદ્રવ્યોથી દૃષ્ટિ હટાવવા માટે કહ્યું. રોટલીનો કર્તા તો તેની અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણું છે.

**પ્રશ્ન-૧૯૯ :- રોટલીનો કર્તા અનંતરપૂર્વક્ષણવર્તીયપર્યાય ગોરણું ક્ષણિકઉપાદાનકારણ અને રોટલી કર્મ; તો તેને**



**જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- (૧) ભૂત-ભવિષ્યની પર્યાયોથી દૃષ્ટિ હટી ગઈ, (૨) અનંતર-પૂર્વક્ષણવર્તીપર્યાયની અપેક્ષાએ લોટ વ્યવહારકારણ થઈ ગયું. (૩) હવે રોટલી માટે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણા તરફ દેખવાનું રહ્યું.

**પ્રશ્ન-૨૦૦ :- રોટલી બની — અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાની અપેક્ષાએ છ કારક લગાવો?**

ઉત્તર :- રોટલી બની - તે કાર્ય છે; કાર્ય પરથી છ પ્રશ્નો ઉઠે છે. (૧) રોટલી કોણે બનાવી? અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાએ; તેથી ગોરણું **કર્તા** થયું; (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાએ શું કર્યું? રોટલી બનાવી; માટે રોટલી **કર્મ** થયું; (૩) રોટલી ક્યા સાધન દ્વારા બની? અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાના સાધન દ્વારા; માટે ગોરણું કરણ થયું. (૪) કોના માટે રોટલી બનાવી? અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણા માટે; તેથી ગોરણું **સંપ્રદાન** થયું; (૫) રોટલી કોનામાંથી બની? અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણામાંથી; માટે ગોરણું અપાદાન થયું; (૬) રોટલી કોના આધારે બની? અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાને આધારે; માટે ગોરણું **અધિકરણ** થયું.

**પ્રશ્ન-૨૦૧ :- કોઈ ચતુર પ્રશ્ન કરે છે કે જૈનશાસ્ત્રોમાં તો એમ આવે છે કે પર્યાયમાંથી પર્યાય નથી આવતી; અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી, તો પછી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણા, કર્તા અન રોટલી, કર્મ - એ કેવી રીતે હોઈ શકે?**

ઉત્તર :- અરે ભાઈ! પર્યાયમાંથી પર્યાય નથી આવતી; અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી, તમારી આ વાત ઠીક છે - પણ અમે તો રોટલી બનતા પહેલા, કઈ પર્યાયનો અભાવ થઈને થાય છે, તેની અપેક્ષાએ અનંતરપૂર્વક્ષણવર્તીયપર્યાય ક્ષણિકઉપાદાનકારણ ગોરણાને કર્તા કહ્યો છે પણ તે પણ રોટલીનો સાચો કર્તા નથી.

**પ્રશ્ન-૨૦૨ :- જો ગોરણું પણ રોટલીનો સાચો કર્તા નથી તો પછી રોટલીનો સાચો કર્તા કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ રોટલીનો સાચો કર્તા છે અને રોટલી બની, તે કર્મ છે, કેમકે જેવું કારણ હોય છે, તેવું જ કાર્ય હોય છે.

**પ્રશ્ન-૨૦૩ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ, રોટલી-કર્તા અને રોટલી બની, તે કર્મ; તેના પર છ કારકો કેવી રીતે લાગશે?**

ઉત્તર :- 'રોટલી બની' તે કર્મ/ કાર્ય છે, કાર્યથી છ પ્રશ્નો ઉઠે છે. (૧) રોટલી કોણે બનાવી? રોટલી તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ રોટલીએ; માટે રોટલી **કર્તા** થઈ; (૨) તે સમય પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ રોટલીએ શું કર્યું? રોટલી બનાવી; માટે રોટલી **કર્મ** થયું. (૩) રોટલી ક્યા સાધન દ્વારા બનાવી? તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ, રોટલીના સાધન દ્વારા; માટે રોટલી **કરણ** થઈ; (૪) રોટલી કોના માટે બનાવી? તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ રોટલી માટે; માટે રોટલી **સંપ્રદાન** થઈ; (૫) રોટલી શેમાંથી બની? તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ રોટલીમાંથી બની; માટે રોટલી **અપાદાન** થઈ; (૬) રોટલી કોના આધારે બની? તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ, રોટલીને આધારે; માટે રોટલી **અધિકરણ** થઈ. એ પ્રમાણે રોટલી બનવાનું સાચું કરણ-કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા જ છે.



**પ્રશ્ન-૨૦૪ :- તે સમયની પર્યાયની યોગ્યતાથી જ રોટલી બની; બીજાથી નહિ; તેમ જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- સંસારમાં જે-જે કાર્ય થાય છે, તે પોતપોતાની તે સમયની પર્યાયની યોગ્યતાથી થયા છે, થઈ રહ્યા છે અને થતા રહેશે- એવો નિર્ણય થતાં જ દૃષ્ટિ પોતાના સ્વભાવ ઉપર આવી જાય છે, ત્યારે ખરી રીતે તે સમયની પર્યાયની યોગ્યતાને માની.

**પ્રશ્ન-૨૦૫ :- કેવળજ્ઞાનાવરણીયકર્મના અભાવથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તેમાં (૧) નિમિત્ત કારણ - ચારેય પ્રકારના છ કારકો લગાવો; (૨) ત્રિકાળી ઉપાદાનકારણ; (૩) અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય ક્ષણિકઉપાદાનકારણ; (૪) તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ; (૫) સુથારે રથ બનાવ્યો; (૬) મેં દહીંમાંથી ઘી કાઢ્યું; (૭) શું ઔપશમિક સમ્યક્ત્વ થવાથી દર્શનમોહનીયનો ઉપશમ થયો; (૮) જ્ઞાનનો ક્ષયોપશમ થવાથી જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થયો; (૯) શું કપડા પાથર્યા; (૧૦) હું જોરથી બોલું છું; (૧૧) નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે; (૧૨) શું હું રૂપિયા કમાણો; (૧૩) શું કુંદકુંદ ભગવાને સમયસાર બનાવ્યું?**

ઉત્તર :- બધા પ્રશ્નનો ઉપર પ્રશ્ન ક્રમાંક ૧૯૭ થી ૨૦૪ સુધી જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૨૦૬ :- જ્યારે 'કાર્ય તે સમય પર્યાયની યોગ્યતા'થી થાય છે, તો (૧) નિમિત્ત; (૨) ત્રિકાળી**

**ઉપાદાન; (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ અને તે સમયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ અપેક્ષાએ, કથન કેમ કર્યું છે?**

ઉત્તર :- (૧) દ્રવ્ય, યોગ્ય બહિર સાધનોની સન્નિધિના સદ્‌ભાવથી અનેક પ્રકારની અનેક અવસ્થાઓ કરે છે. (શ્રી પ્રવચનસાર, ગાથા-૯૫ની ટીકા) (૨) પ્રતિ સમય દરેક દ્રવ્ય ત્રિસ્વભાવસ્પર્શી (ઉત્પાદ-વ્યય અને ધ્રુવ-આ ત્રણ સ્વભાવયુક્ત) હોય છે અને કાર્યના ઉત્પાદના સમયે બહિર્ સાધનો (નિમિત્ત)ની હાજરી હોય છે. (શ્રી પ્રવચનસાર, ગાથા-૧૦૨ની ટીકા) (૩) તેનાથી એમ સિદ્ધ થાય છે કે ઉત્પાદ, વ્યય, ધ્રુવ અને બહિર્ સાધનોનો સમય એક જ હોય છે - એવો સ્વભાવિક નિયમ છે; માટે કાર્યની ઉત્પત્તિના સમયે યોગ્ય નિમિત્ત હોય જ છે. - એવો સ્વભાવિક નિયમ છે. માટે કાર્યની ઉત્પત્તિના સમયે યોગ્ય નિમિત્ત હોય જ છે. (૪) જ્યારે ઉત્પાદ થાય છે, ત્યાં પૂર્વ પર્યાયનો અભાવ; ત્રિકાળીમાંથી થાય છે અને ત્યાં પોતાની યોગ્યતાથી નિમિત્ત પણ પોતે જ હોય છે - એ જ્ઞાન કરાવવાની અપેક્ષાએ કથન છે.

**પ્રશ્ન-૨૦૭ :- જ્યારે-જ્યારે કાર્ય થાય છે ત્યારે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને જ ત્રિકાળી ઉપાદાનકારણમાંથી થાય છે, ત્યારે નિમિત્ત હોય જ છે - એમ આપ કહેવા માંગો છો?**

ઉત્તર :- હાં, ભાઈ! વાત તો એમ જ છે - પણ એ ધ્યાન રાખવું જોઈએ - (૧) કોઈ માત્ર ઉપાદાનને માને, વ્યયને ન માને, ત્રિકાળીને ન માને અને નિમિત્તને ન માને તો ખોટું છે. (૨) કોઈ માત્ર વ્યયને માને, બીજાને ન માને તો ખોટું છે. (૩) માત્ર નિમિત્તને માને, બીજાને ન માને તો ખોટું છે. (૪) ચારેયની સત્તા છે પણ



પોતપોતાની છે; એક-બીજામાંથી નથી આવતી. (૫) પણ જ્યાં ઉત્પાદ થશે, ત્યાં વ્યયનો અભાવ અને ત્રિકાળી હશે અને નિમિત્ત પણ હશે. (૬) જ્યાં વ્યય થશે, ત્યાં ઉત્પાદ અને ત્રિકાળી પણ હશે. (૭) ચારેયનો એક જ સમય છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ એકમાં જ થાય છે; નિમિત્ત પર હોય છે; કેમકે કહ્યું છે — ઉપાદાન નિજગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય. ભેદજ્ઞાન પરમાણ વિધિ, બિરલા બૂઝે કોય.

**પ્રશ્ન-૨૦૮ :- શું વિકારીભાવોમાં પણ છ કારક ઘટે છે?**

ઉત્તર :- હા ઘટે છે, કેમકે વિકારીભાવો પણ નિરપેક્ષ છે.

**પ્રશ્ન-૨૦૯ :- વિકારીભાવોને શાસ્ત્રોમાં નિરપેક્ષ કેમ કહ્યા છે?**

ઉત્તર :- (૧) વિકારીભાવ એક સમયની પર્યાય છે, તે પોતાના અપરાધથી જ પોતાના ષટ્‌કારકથી સ્વયં થાય છે. (૨) વિકારીભાવોના સમય, કર્મનું નિમિત્ત હોય છે, પણ વિકાર કર્મે નથી કરાવ્યું. વિકાર કર્મના ઉદયની અપેક્ષા વિના થાય છે. (૩) વિકારીભાવને પોતાના એક સમયનો દોષ જાણીને ત્રિકાળી સ્વભાવ દોષરહિત છે, તેનો આશ્રય લઈને અભાવ કરે; માટે શાસ્ત્રોમાં વિકારીભાવોને નિરપેક્ષ કહ્યા છે.

**પ્રશ્ન-૨૧૦ :- વિકારીભાવોને શાસ્ત્રોમાં (૧) અશુદ્ધ નિશ્ચયનયથી જીવનો કહ્યો છે; (૨) વ્યવહારથી જીવનો કહ્યો છે; (૩) પર્યાયાર્થિકનયથી જીવનો કહ્યો છે; અશુદ્ધ પારિણામિકભાવ કહ્યો છે; (૫) ઔદયિકભાવ કહ્યો છે - ત્યાં એમ કહેવાનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :- (૧) વિકારીભાવ, જીવની પર્યાયમાં થાય છે; તે

અપેક્ષાએ નિશ્ચય કહ્યું અને અશુદ્ધ છે, માટે અશુદ્ધ કહ્યું; અશુદ્ધ નિશ્ચયનયથી વિકારીભાવ, જીવના કહ્યા, જેથી જીવ, શુદ્ધ નિશ્ચયનયના ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને વિકારીભાવનો અભાવ કરે છે; (૨) વિકારીભાવ, પરાશ્રિત હોવાથી વ્યવહાર કહ્યા; નિશ્ચય સ્વાશ્રિત હોય છે, માટે નિશ્ચયનો આશ્રય લઈને વિકારીભાવ, જે પરાશ્રિત છે, તેનો અભાવ કરે; (૩) વિકારીભાવ, પર્યાયમાં છે; દ્રવ્ય-ગુણમાં નથી. દ્રવ્ય-ગુણ અભેદનો આશ્રય લઈને પર્યાયમાંથી વિકારનો અભાવ કરે; (૪) ધવલમાં વિકારીભાવોને અશુદ્ધપારિણામિકભાવ કહ્યા છે, કેમકે પાત્રજીવ શુદ્ધ પારિણામિકભાવનો આશ્રય લઈને, વિકારીભાવનો અભાવ કરે; (૫) વિકારીભાવોને ઔદયિકભાવ કહ્યા છે જેથી પાત્ર જીવ પારિણામિકભાવનો આશ્રય લઈને, ઔદયિકભાવનો અભાવ કરે. તે જુદી-જુદી અપેક્ષા કહેવાનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૨૧૧ :- 'આત્મા, પ્રજ્ઞા દ્વારા-ભેદજ્ઞાન કરે છે.' આ વાક્યમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- ત્રણ — આત્મા-કર્તા; પ્રજ્ઞા દ્વારા-કરણ; ભેદજ્ઞાન કરે છે - કર્મ.

**પ્રશ્ન-૨૧૨ :- આત્માએ જ્ઞાન આપ્યું. આ વાક્યમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- બે - આત્મા-કર્તા; જ્ઞાન આપ્યું-કર્મ.

**પ્રશ્ન-૨૧૩ :- આત્માએ જ્ઞાન દ્વારા જ્ઞાન આવ્યું, તેમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- ત્રણ — આત્માએ કર્તા; જ્ઞાન દ્વારા - કરણ; જ્ઞાન આપ્યું કર્મ.

**પ્રશ્ન-૨૧૪ :- આત્માએ જ્ઞાન દ્વારા, જ્ઞાન માટે, જ્ઞાન આપ્યું, તેમાં કેટલા કારકો સિદ્ધ થાય છે?**



ઉત્તર :- ચાર — આત્માએ કર્તા; જ્ઞાન દ્વારા-કરણ; જ્ઞાન માટે-સંપ્રદાન; જ્ઞાન આપ્યું-કર્મ.

**પ્રશ્ન-૨૧૫ :- 'અરિહંત ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું.' તેમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અરિહંતભગવાન - કર્તા; કેવળજ્ઞાન - કર્મ.

**પ્રશ્ન-૨૧૬ :- આત્માએ જ્ઞાન દ્વારા, જ્ઞાન માટે, જ્ઞાનમાંથી જ્ઞાન આપ્યું, તેમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- પાંચ - આત્મા-કર્તા; જ્ઞાન દ્વારા - કરણ; જ્ઞાન માટે-સંપ્રદાન; જ્ઞાનમાંથી - અપાદાન; જ્ઞાન આપ્યું કર્મ.

**પ્રશ્ન-૨૧૭ :- આત્મામાંથી શુદ્ધતા આવે છે, તેમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- બે — આત્મામાંથી અપદાન; શુદ્ધતા-કર્મ.

**પ્રશ્ન-૨૧૮ :- નિશ્ચયરત્નત્રયનું કારણ શુદ્ધ આત્મા છે - તેમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- નિશ્ચયરત્નત્રય-કર્મ; કારણ-કરણ; શુદ્ધ આત્મા-કર્તા.

**પ્રશ્ન-૨૧૯ :- હું મારા હિત માટે, અભ્યાસ કરું છું - તેમાં કેટલા કારક સિદ્ધ થાય છે?**

ઉત્તર :- ત્રણ — હું કર્તા; પોતાના હિત માટે-સંપ્રદાન; અભ્યાસ કરું છું-કર્મ.

**પ્રશ્ન-૨૨૦ :- ઊંચા નિમિત્તો દ્વારા, જીવ ઊંચો ચઢે છે, તેમાં કેટલા કારકોના સંબંધમાં ભૂલ છે?**

ઉત્તર :- કારણ, કર્તા, કર્મ - ત્રણ કારકોના સંબંધમાં ભૂલ છે.

**પ્રશ્ન-૨૨૧ :- મહાપુરુષ પોતામાંથી બીજાને દે છે, તેમાં કેટલા કારકોની ભૂલ સિદ્ધ થાય છે?**

**ઉત્તર :-** કર્તા, અપાદાન, કર્મ ત્રણ કારકોની ભૂલ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન-૨૨૨ :- છ કારકોની સ્વતંત્રતાથી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર :-** જીવ અનંત, પુદ્ગલ અનંતાઅનંત ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે; દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે; દરેક ગુણમાં એક જ સમયમાં એક પર્યાયનો વ્યય, બીજીનો ઉત્પાદ અને ગુણ, ધ્રુવ રહે છે. - એવું દરેક દ્રવ્યના ગુણમાં થઈ ચૂક્યું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં થતું રહેશે - તે વસ્તુસ્વરૂપ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન-૨૨૩ :- ઉપરના વસ્તુસ્વરૂપ જાણનારને શું-શું લાભ થાય છે?**

**ઉત્તર :-** (૧) કેવળીની સમાન જ્ઞાતા-દૃષ્ટાબુદ્ધિ પ્રગટ થઈ જાય છે. (૨) દરેક વસ્તુ કેવી છે અને શું કરે છે - એવું સાચું જ્ઞાન થઈ જાય છે. (૩) અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતાની મર્યાદાસહિત પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી - આ મંત્રનું રહસ્ય, પોતાનો અનુભવ થયા વિના સમજી નથી શકતો; જ્ઞાની આ મંત્રનું રહસ્ય જાણે છે અને સદા સુખી રહે છે. (૪) અજ્ઞાની, અનાદિથી વ્યવહાર ષટ્કારકના અવલંબનમાં પાગલ હતો, તે મટીને શુદ્ધાત્માનુભૂતિ પ્રગટે છે. (૫) જ્ઞાની જાણે છે કે મારો આત્મા અનાદિ-અનંત કોઈમાં ગયો નથી, મળ્યો નથી; એ પ્રમાણે દરેક દ્રવ્ય, કોઈ કોઈમાં ગયું નથી, ક્યારે જશે નહિ. (૬) તે વસ્તુસ્વરૂપ, એટલે કે સુખી થવાનો મંત્ર આખા આગમનો સાર છે, તે વીતરાગવિજ્ઞાનતા અને ભેદજ્ઞાન છે.

જય મહાવીર - જય મહાવીર



## ૨

## કારણ-કાર્ય રહસ્ય

# ઉપાદાન-ઉપાદેય

**પ્રશ્ન-૧ :- કાર્ય ક્યા પ્રકારે થાય છે?**

**ઉત્તર :-** **'कारणानुविधायित्वादेव कार्याणि'**

**(શ્રી સમયસાર, ગાથા-૧૩૦-૧૩૧ ટીકા)**

**'कारणानुविधायित्वादेव कार्याणि'** એટલે કે કારણનું અનુસરણ કરીને જ કાર્ય થાય છે. કાર્યને કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ અને પરિણમિત પણ કહે છે.

**(શ્રી સમયસાર, ગાથા-૬૮ ટીકા)**

(અહીં કારણને ઉપાદાનકારણ સમજવું, કેમકે ઉપાદાનકારણ જ સાચું કારણ છે.)

**પ્રશ્ન-૨ :-** કારણ કોને કહે છે?

**ઉત્તર :-** કાર્યની ઉત્પાદ સામગ્રીને કારણ કહે છે.

**પ્રશ્ન-૩ :- ઉત્પાદક સામગ્રીના કેટલા ભેદ છે?**

**ઉત્તર :-** દો ભેદ છે — ઉપાદાન અને નિમિત્ત.

**પ્રશ્ન-૪ :- ઉપાદાનની સામે શું છે?**

**ઉત્તર :-** ઉપાદાનની સામે નિમિત્ત છે.

**પ્રશ્ન-૫ :- નિજ શક્તિની સામે શું છે?**

**ઉત્તર :-** નિજ શક્તિની સામે, પરયોગ છે.

**પ્રશ્ન-૬ :- નિશ્ચયની સામે શું છે?**

ઉત્તર :- નિશ્ચયની સામે, વ્યવહાર છે.

**પ્રશ્ન-૭ :- ઉપાદાનકારણ કોને કહે છે?**

ઉત્તર :- જે પદાર્થ કાર્યરૂપ પરિણમિત થાય છે તેને ઉપાદાનકારણ કહે છે.

**પ્રશ્ન-૮ :- ઉપાદાનકારણ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- ત્રણ પ્રકારના છે. (૧) ત્રિકાળી ઉપાદાનકારણ, (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ, (૩) તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ.

**પ્રશ્ન-૯ :- ત્રિકાળી ઉપાદાનકારણ કોને કહે છે?**

ઉત્તર :- જે દ્રવ્ય સ્વયં કાર્યરૂપ પરિણમે છે, તેને ત્રિકાળી ઉપાદાનકારણ કહે છે. જેમ કે ઘડાની ઉત્પત્તિમાં માટી, તેનું ત્રિકાળી ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૧૦ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ કોને કહે છે?**

ઉત્તર :- અનાદિકાળથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે, તેમાં અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને અનંતરઉત્તરક્ષણવર્તીપર્યાય, કાર્ય છે. જેમ કે માટીનો ઘડો થવામાં, માટીનો પિંડ તે ઘડાની અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ અને ઘડારૂપકાર્ય, તે પિંડની અનંતરઉત્તરક્ષણવર્તીપર્યાય છે. અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયનો વ્યય, તે ક્ષણિક ઉપાદાનકારણ કહેવાય છે. (આ પર્યાયાર્થિકનયથી છે.)

**પ્રશ્ન-૧૧ :- (૧) 'અનંતરપૂર્વ' શબ્દ શું બતાવે છે, (૨) અને 'અનંતર' શબ્દ ન રાખીએ તો નુકસાન છે?**

ઉત્તર :- (૧) જે કાર્ય થયું, તેની તરત પહેલાની પર્યાયને



બતાવે છે. જેમ દસ નંબર પર ઘડો ને તો નવ નંબરની પર્યાયને બતાવે છે. (૨) અને જો 'અનંતર' શબ્દ ન લગાવવામાં આવે તો જે કાર્ય થયું - તેના પહેલાની બધી પર્યાયોનું ગ્રહણ થઈ જાય, જે ઠીક નથી.

**પ્રશ્ન-૧૨ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ કોને કહે છે?**

ઉત્તર :- જે કાર્ય થયું - તે તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ અને તે જ પર્યાય કાર્ય છે. તે સાચું કારણ છે.

**પ્રશ્ન-૧૩ :- યોગ્યતા કોને કહે છે?**

ઉત્તર :- **योग्यतैव विषयप्रतिनियमकारणामिति**

એટલે કે, યોગ્યતા જ વિષયનું પ્રતિનિયમિત કારણ છે. (ન્યાય દીપિકા, પૃષ્ઠ-૨૭) (આ કથન, જ્ઞાનની યોગ્યતા (સામર્થ્ય)ને લઈને છે, પણ યોગ્યતાનું કારણપણું બધામાં સર્વત્ર સમાન છે.)

**પ્રશ્ન-૧૪ :- ઉપાદાનનો શાબ્દિક અર્થ શું છે?**

ઉત્તર :- ઉપ = સમીપ. આ = મર્યાદાપૂર્વક. દાન = દાન દેવું. દ્રવ્યની સમીપમાંથી કઈ, જેવી પર્યાયની યોગ્યતા છે, તે પર્યાયને પ્રાપ્ત થવું. તે ઉપાદાનનો શાબ્દિક અર્થ છે.

**પ્રશ્ન-૧૫ :- આ ત્રણે ઉપાદાનકારણોમાંથી કાર્યના સાચા કારણ કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ ખરેખર કાર્યનું સાચું કારણ છે. ત્રિકાળી ઉપાદાનકારણ; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ અને નિમિત્તકારણ, સાચું કારણ નથી.

**પ્રશ્ન-૧૬ :- ત્રિકાળી ઉપાદાનકારણ, કાર્યનું સાચું કારણ**

કેમ નથી?

ઉત્તર :- કાર્યનો સમય એક છે અને જો કાર્યનું કારણ અનાદિ-અનંત ત્રિકાળી હોય તો કાર્ય પણ અનાદિ-અનંત હોવું જોઈએ; માટે કાર્યનું સાચું કારણ તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ છે; ત્રિકાળી ઉપાદાનકારણ નથી.

**પ્રશ્ન-૧૭ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ કાર્યનું સાચું કારણ કેમ નથી?**

ઉત્તર :- કાર્ય પોતે એક સમયનું સત્ છે, તે અનંતરપૂર્વપર્યાયમાંથી આવે, એમ નથી કેમકે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી; માટે કાર્યનું સાચું કારણ, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ, સાચું કારણ નથી. યાદ રહે - અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણને કાર્યનું અભાવરૂપ કારણ કહેવાય છે.

**પ્રશ્ન-૧૮ :- કાર્યને ઉપાદાનકારણની અપેક્ષાએ શું કહે છે?**

ઉત્તર :- ઉપાદેય કહે છે.

**પ્રશ્ન-૧૯ :- ઉપાદાન-ઉપાદેયસંબંધ શેમાં હોય છે?**

ઉત્તર :- ઉપાદાન-ઉપાદેયસંબંધ એક જ પદાર્થમાં લાગુ પડે છે.

**પ્રશ્ન-૨૦ :- 'ઉપાદેય' શબ્દ ક્યા-ક્યા પ્રયોગ થાય છે?**

ઉત્તર :- (૧) ઉપાદાનકારણની અપેક્ષાએ કાર્યને ઉપાદેય કહે છે. (૨) ત્રિકાળી સ્વભાવ જે અનાદિ-અનંત છે, તેનો આશ્રય કરવા યોગ્ય ઉપાદેય કહે છે. (૩) મોક્ષમાર્ગને એકદેશ પ્રગટ કરવા યોગ્ય ઉપાદેય કહે છે. (૪) મોક્ષને પૂર્ણ પ્રગટ કરવા યોગ્ય ઉપાદેય



કહે છે.

અહીં ઉપાદાન-ઉપાદેય પ્રકરણમાં, જે કાર્ય થાય છે, તે ઉપાદેય કહેવું છે. માટે અહીં કાર્યને ઉપાદેય કહેશું. યાદ રાખવું - વ્યવહારનયને ઉપાદેય કહ્યું, ત્યાં ઉપાદેયનો અર્થ 'જાણવું' સમજવો.

**'કુંભારે ચાકડો, ખીલી, ડંડો, હાથ આદિથી ઘડો બનાવ્યો.' આ વાક્યમાં 'ઘડો' કાર્ય ઉપર ઉપાદાન-ઉપાદેયના ૨૫ પ્રશ્નોત્તરો દ્વારા સ્પષ્ટીકરણ.**

**પ્રશ્ન-૨૧ :- કુંભાર ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય. શું આ ઉપાદાન-ઉપાદેયનું જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી. કેમકે અહીં માટી ત્રિકાળી ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય છે.

**પ્રશ્ન-૨૨ :- જો કોઈ ચતુર - કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ આદિ ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય - એમ જ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નાશ થઈને માટી બની જાય તો એમ માની શકાય કે કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય; પણ એ ન હોઈ શકે કેમકે ઉપાદાન-ઉપાદેય, તે સ્વરૂપમાં જ એટલે કે અભિન્ન સત્તાવાન પદાર્થોમાં જ હોય છે; જેની સત્તા-સત્ત્વ જુદાં-જુદાં છે, એવા બે પદાર્થોમાં નથી હોતું.

**પ્રશ્ન-૨૩ :- જે કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણોને જ ઘડાનું (કાર્યનું) સાચું કારણ માને છે, તેને જિનવાણીમાં ક્યા-ક્યા નામોથી સંબંધોન કર્યું છે?**

ઉત્તર :- (૧) જે નિમિત્તકારણોથી જ કાર્યની ઉત્પત્તિ માને

છે, તેને શ્રી સમયસાર, કળશ-૫૫માં કહે છે કે 'તેનું સવળું થવું દુર્નિવાર છે.' (૨) શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫માં કહ્યું છે કે 'તે ડગલેને પગલે ઠગાય છે.' (૩) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૬માં કહ્યું છે કે 'તસ્ય દેશના નાસ્તિ'; એટલે કે તે ભગવાનની વાણી સાંભળવાને લાયક નથી. (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે.'

**પ્રશ્ન-૨૪ :- માટી, ત્રિકાળી ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય તેને સમજવાથી શો લાભ થયો?**

**ઉત્તર** :- (૧) કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણોથી ઘડો બન્યો — એવી મિથ્યામાન્યતાનો અભાવ થઈ જાય છે. (૨) આહારવર્ગણારૂપ સ્કંધ માટીને છોડીને અન્ય વર્ગણાઓથી દૃષ્ટિ ખસી જાય છે. (૩) હવે અહીંયાં ઘડો બનવા માટે માત્ર ત્રિકાળી ઉપાદાનકારણ માટી તરફ જોવું રહ્યું - એટલો લાભ થયો.

**પ્રશ્ન-૨૫ :- કોઈ ચતુર પ્રશ્ન કરે છે કે જો કુંભાર, ચાકડો, વગેરેથી ઘડો નથી બનતો, માટીથી બને છે તો માટી તો પડી છે, ઘડો કેમ નથી બનતો? માટે માટી, ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય - તે આપની વાત સિદ્ધ નથી થતી.**

**ઉત્તર** :- અરે ભાઈ — અમે માટીને ઘડાનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્ત કારણોથી ભિન્ન પાડવાની અપેક્ષાએ કહ્યું છે. ખરેખર તો માટી પણ ઘડાનું સાચું ઉપાદાનકારણ નથી.

**પ્રશ્ન-૨૬ :- જો માટી પણ ઘડાનું સાચું ઉપાદાનકારણ નથી, તો ઘડાનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**



**ઉત્તર** :- માટીમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે; માનો કે દસ નંબર પર ઘડો બન્યો, તો તેમાં અનંતરપૂર્વક્ષણવર્તી નવ નંબરની પર્યાયરૂપ પિંડ ક્ષણિકઉપાદાનકારણ ઘડાનું સાચું ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૨૭ :- માટીમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ કેમ ચાલ્યો આવે છે?**

**ઉત્તર** :- દરેક દ્રવ્ય-ગુણ અનાદિ-અનંત ધ્રુવ રહેતું થકું એક પર્યાયનો વ્યય અને એક પર્યાયનો ઉત્પાદ એક જ સમયમાં સ્વયં પોતે પોતાના પરિણમન સ્વભાવને કારણે કરતું રહ્યું છે, કરે છે અને ભવિષ્યમાં પણ કરતું રહેશે - એવું વસ્તુસ્વરૂપ છે. આ કારણે અનાદિકાળથી માટીમાં પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે.

**પ્રશ્ન-૨૮ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ક્ષણિકઉપાદાન કારણ અને ઘડો, ઉપાદેય - તેને જાણવાથી શું લાભ થયો?**

**ઉત્તર** :- (૧) એ સિવાય ભૂત-ભવિષ્યની પર્યાયોથી દૃષ્ટિ હટી ગઈ. (૨) માટી, ત્રિકાળી ઉપાદાનકારણ હતું, તે પણ વ્યવહારકારણ થઈ ગયું. (૩) હવે અહીંયાં ઘડો બનવા માટે માત્ર અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ પિંડ તરફ જોવાનું રહ્યું.

**પ્રશ્ન-૨૯ :- કોઈ ચતુર પ્રશ્ન કરે છે કે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી - એમ જિનવાણીમાં કહ્યું છે, પછી એમ માનવું કે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ પિંડ અને ઘડો, ઉપાદેય છે - તે વાત મિથ્યા સિદ્ધ થાય છે?**

**ઉત્તર** :- અરે ભાઈ! અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી એ પર્યાયમાંથી પર્યાય નથી આવતી - તે જિનવાણીની વાત બિલકુલ

ઠીક છે, પણ અમે તો કાર્યની પહેલા કઈ પર્યાય થાય છે - તેની અપેક્ષાએ અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડને, ઘડાનું ક્ષણિકઉપાદાનકારણ કહ્યું છે. આમ તો અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ પણ ઘડાનું સાચું કારણ નથી.

**પ્રશ્ન-૩૦ :- જો અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ પણ ઘડાનું સાચું ઉપાદાનકારણ નથી, તો કેવું કારણ છે અને કેવું કારણ નથી?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ઘડાનું અભાવરૂપ કારણ છે, તે કાળસૂચક છે પણ કાર્યનો જનક નથી.

**પ્રશ્ન-૩૧ :- અનંતરપૂર્વક્ષવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ પિંડ પણ ઘડાનું સાચું ઉપાદાનકારણ નથી - તો ખરેખર ઘડાનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- ખરેખર તો તે સમયની યોગ્યતા ક્ષણિકઉપાદનકારણ જ ઘડાનું સાચું ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૩૨ :- વાસ્તવમાં તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ ઘડાનું સાચું ઉપાદાનકારણ છે - એમ જાણવાથી શો લાભ થયો?**

ઉત્તર :- (૧) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ પિંડની તરફ ઘડાને માટે જોવું ન રહ્યું. (૨) હવે એકમાત્ર ઘડા માટે તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ તરફ જ જોવું રહ્યું - તે લાભ થયો.

**પ્રશ્ન-૩૩ :- (૧) માટી ત્રિકાળી ઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ક્ષણિકઉપાદાનકારણ અને ઘડો, ઉપાદેય. (૩) તે સમયની પર્યાયની યોગ્યતા ઘડો, ક્ષણિકઉપાદાનકારણ અને ઘડો,**



**ઉપાદેય - તેમ શાસ્ત્રોમાં જણાવ્યું પણ આટલું લાંબુ કથન કરવાથી શો લાભ થયો? સીધું કહી દે કે કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ થાય છે.**

ઉત્તર :- (૧) નિમિત્તકારણોથી જુદા કરવાની અપેક્ષાએ ત્રિકાળી ઉપાદાનકારણ માટીને બતાવવી આવશ્યક હતી. (૨) ભૂત અને ભવિષ્યની પર્યાયોથી જુદા કરવાની અપેક્ષાએ અને અભાવરૂપ કારણનું જ્ઞાન કરાવવા માટે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ પિંડને બતાવવું આવશ્યક હતું. (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ક્ષણિકઉપાદાનકારણથી જુદું કરવાની અપેક્ષાએ અને કાર્યના સાચા કારણનું જ્ઞાન કરાવવા માટે તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણને બતાવવું આવશ્યક હતું; માટે ત્રણે કારણોનું સાચું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રોમાં આટલું લાબું કથન કરીને સમજાવ્યું છે.

**પ્રશ્ન-૩૪ :- ઘડો, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી બન્યો છે, તેમ જાણવાથી શો લાભ થયો?**

ઉત્તર :- જેમ, ઘડો તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી બન્યો છે; તેવી રીતે જગતમાં જેટલા પણ કાર્ય છે, તે બધા તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે - એમ કેવળીની સમાન સાચું જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન-૩૫ :- જગતમાં જેટલા પણ કાર્ય છે, તે બધા તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થતા રહેશે - એમ કેવળીની સમાન સાચું જ્ઞાન થતાં જ શું અપૂર્વ કાર્ય જોવામાં આવે છે?**

**ઉત્તર :-** (૧) અનાદિકાળની પરમાં હું કરું-હું કરુંની મિથ્યામાન્યતાનો અભાવ થવો; (૨) દૃષ્ટિ પોતાના જ્ઞાયકસ્વભાવ પર આવવી; (૩) સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને, ક્રમથી શુદ્ધિમાં વૃદ્ધિ થઈને મોક્ષલક્ષ્મીના નાથ થવું; (૪) મિથ્યાત્વાદિ સંસારના પાંચ કારણોનો અભાવ થવો; (૫) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પંચ પરાવર્તનો અભાવ થઈને, પંચ પરમેષ્ઠીઓમાં ગણતરી થવી - તે લાભ થાય છે.

**પ્રશ્ન-૩૬ :- જગતમાં દરેક કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ થાય છે, ત્યારે કઈ-કઈ ચાર વાતો એક સાથે, એક જ સમયમાં નિયમથી હોય છે?**

**ઉત્તર :-** (૧) તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ (ઉત્પાદ)

(૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ (વ્યય)

(૩) ત્રિકાળી ઉપાદાનકારણ (ધ્રૌવ્ય), અને

(૪) નિમિત્તકારણ.

આ ચાર વાતો દરેક કાર્યમાં એક જ સાથે એક જ કાળમાં નિયમથી હોય છે. **(શ્રી પ્રવચનસાર, ગાથા-૯૫)**

**પ્રશ્ન-૩૭ :- શું તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ ઉત્પન્ન કાર્ય નિરપેક્ષ છે?**

**ઉત્તર :-** હા, કાર્ય પોતે પરની અપેક્ષા નથી રાખતું; માટે નિરપેક્ષ છે, અને પોતાની અપેક્ષા રાખે છે; માટે સાપેક્ષ છે. પાત્ર ભવ્યજીવોએ પ્રથમ કાર્યની નિરપેક્ષ સિદ્ધિ કરવી જોઈએ; પછી જે કાર્ય થયું, તેના અભાવરૂપ કારણ કોણ છે, ત્રિકાળીકારણ કોણ છે અને નિમિત્તકારણ કોણ છે? એ વાતોનું જ્ઞાન કરવું જોઈએ,



કેમકે કાર્યના સમયે ચારેય વાતો નિયમથી હોય છે.

**પ્રશ્ન-૩૮ :- ઘડો (કાર્ય) તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થયો છે — એમ માનવાથી ક્યા-ક્યા કારણ ઉપર દૃષ્ટિ નથી જતી?**

**ઉત્તર :-** (૧) કુંભાર, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણ; (૨) માટી; (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ક્ષણિકઉપાદાનકારણ વગેરે ઉપર દૃષ્ટિ નથી જતી.

**પ્રશ્ન-૩૯ :- 'કુંભાર, કારણ અને ઘડો કાર્ય' - કારણાનુવિધાયિની કાર્યાણિને ક્યારે માન્યું અને ક્યારે નહિ?**

**ઉત્તર :-** પુદ્‌ગલ આરાહવર્ગણાના સ્કંધમાં માટીમાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમય પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી ઘડો બન્યો છે; કુંભારથી નથી બન્યો તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને માન્યું અને કુંભારથી ઘડો બન્યો છે - એવી માન્યતાવાળાએ **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને નથી માન્યું.

**પ્રશ્ન-૪૦ :- માટી કારણ અને ઘડો કાર્ય' - કારણાનુવિધાયિની કાર્યાણિને ક્યારે માન્યું અને ક્યારે નહિ?**

**ઉત્તર :-** અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી ઘડો (કાર્ય) થયું છે તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને માન્યું અને માટીથી ઘડો બન્યો છે તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને નથી માની.

**પ્રશ્ન-૪૧ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ક્ષણિક ઉપાદાનકારણ અને ઘડો, કાર્ય - કારણાનુવિધાયિની કાર્યાણિને ક્યારે માન્યું અને ક્યારે નહિ?**

ઉત્તર :- ઘડો, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી બન્યો છે તો **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પિંડ, ક્ષણિકઉપાદાનકારણથી બન્યો છે તો તો **कारणानुविधायिनी कार्याणि** ને નથી માની.

નોંધ :- જે પ્રમાણે અહીં માટીને ઉપાદાન અને ઘડાને ઉપાદેય અને કુંભાર, ચાકડો, ખીલી, ડંડો વગેરેને નિમિત્ત પર ઉપાદાન-ઉપાદેયના પ્રશ્નોત્તરો કહેવામાં આવ્યા તે પ્રમાણે (૧) કુંભાર (૨) ચાકડો (૩) ખીલી, ડંડો ઉપાદાન અને તેની પોતપોતાની ક્રિયા ઉપાદેય તથા માટી/ ઘડો નિમિત્ત - તે પ્રમાણે દરેક ઉપર અલગ-અલગ પ્રશ્નોત્તરો લગાવી શકાય છે.

**કુંભારે ચાકડો, ખીલી, દંડો, હાથ વગેરેથી ઘડો બનાવ્યો. આ વાક્યમાંથી 'અજ્ઞાની કુંભાર'ના 'રાગ' પર ઉપાદાન-ઉપાદેયના ૨૫ પ્રશ્નોત્તરો દ્વારા સ્પષ્ટીકરણ.**

**પ્રશ્ન-૪૨ :- ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે ઉપાદાનકારણ અને રાગ ઉપાદેય - શું આ ઉપાદાન-ઉપાદેય જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી. કેમકે અહીં ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય (કાર્ય) છે.

**પ્રશ્ન-૪૩ :- જો કોઈ ચતુર ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરેને ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય - એમ જ માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નાશ પામીને ચારિત્રગુણ બની જાય તો એમ માની શકાય કે ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે ઉપાદાનકારણ અને રાગ ઉપાદેય પણ એમ ન થઈ શકે, કેમકે ઉપાદાન-ઉપાદેય, તત્સ્વરૂપમાં જ (અભિન્નસત્તાવાન



પદાર્થોમાં જ) હોય છે. જેની સત્તા-સત્વ ભિન્ન-ભિન્ન છે - એવા બે પદાર્થોમાં ઉપાદાન-ઉપાદેય નથી હોતું.

**પ્રશ્ન-૪૪ :- જે ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્ત-કારણોને જ રાગનું સાચું કારણ માને છે, તો તેને જિનવાણીમાં ક્યા-ક્યા નામોથી સંબોધન કરવામાં આવ્યું છે?**

ઉત્તર :- (૧) જો નિમિત્તકારણોથી જ કાર્યની ઉત્પત્તિ માને તો તેને શ્રી સમયસાર, કળશ ૫૫માં કહ્યું છે કે 'તેનું સવળું થવું દુર્નિવાર છે અને આ તેનો અજ્ઞાન-મોહ અંધકાર' (૨) શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫માં કહ્યું છે કે 'તે પગલે-પગલે ઠગાતો રહે છે.' (૩) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૬માં કહ્યું છે કે '**तस्य देशना नास्ति**' એટલે કે તે ભગવાનની વાણી સાંભળવાને લાયક નથી. (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે.'

**પ્રશ્ન-૪૫ :- ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય. તેને સમજવાથી શો લાભ થયો?**

ઉત્તર :- (૧) ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણોથી રાગ થયો - એવી મિથ્યામાન્યતાનો અભાવ થઈ જાય છે; (૨) આત્મામાં અનંતગુણ છે; તેમાંથી ચારિત્રગુણ સિવાય બીજા ગુણોથી દૃષ્ટિ હટી જાય છે; (૩) રાગને માટે, માત્ર ત્રિકાળી ઉપાદાનકારણ ચારિત્રગુણ તરફ જોવું રહ્યું - એટલો લાભ થયો.

**પ્રશ્ન-૪૬ :- કોઈ ચતુર પ્રશ્ન કરે છે કે જો ચારિત્રગુણ, રાગનું કારણ હોય તો સિદ્ધોને પણ રાગ હોવો જોઈએ પણ એમ હોતું નથી; માટે ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણ હોય તો રાગ થાય અને આપ**

**કહો છો, રાગરૂપ કાર્યનું નિમિત્તાકારણોથી કોઈ સંબંધ નથી; માટે ચારિત્રગુણ, ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય - આ વાત મિથ્યા થાય છે.**

**ઉત્તર :-** અરે ભાઈ! અમે ચારિત્રગુણને રાગનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણોને જુદા કરવાની અપેક્ષાએ કહ્યું છે; ખરેખર તો ચારિત્રગુણ પણ રાગનું સાચું ઉપાદાનકારણ નથી.

**પ્રશ્ન-૪૭ :- જો ચારિત્રગુણ પણ રાગનું સાચું ઉપાદાનકારણ નથી તો રાગનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

**ઉત્તર :-** ચારિત્રગુણમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે; માનો કે દસ નંબર પર્યાયમાં રાગ થયો તો તેમાં અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, નવ નંબર, ક્ષણિકઉપાદાનકારણ, રાગનું સાચું ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૪૮ :- ચારિત્રગુણમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ કેમ ચાલ્યો આવે છે?**

**ઉત્તર :-** દરેક દ્રવ્ય તથા ગુણ અનાદિ-અનંત ધ્રુવ રહેતા થકા એક પર્યાયનો વ્યય, એક પર્યાયનો ઉત્પાદ એક જ સમયમાં સ્વયં પોતે પોતાના પરિણમનસ્વભાવને કારણ કરતા રહ્યા છે, કરી રહ્યા છે અને ભવિષ્યમાં કરતા રહેશે - એવું વસ્તુસ્વરૂપ છે. તે કારણે અનાદિકાળથી ચારિત્રગુણમાં પર્યાયોનો પ્રવાહ ચાલતો આવ્યો છે.

**પ્રશ્ન-૪૯ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય - તેને માનવાથી શો લાભ થયો?**

**ઉત્તર :-** (૧) ભૂત-ભવિષ્યની પર્યાયોથી દૃષ્ટિ હટી ગઈ; (૨) ચારિત્રગુણ જે ત્રિકાળી ઉપાદાન કારણ હતું, તે પણ હવે વ્યવહારકારણ થઈ ગયું; (૩) હવે રાગ માટે, માત્ર



અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ તરફ જોવાનું રહ્યું - એ લાભ છે.

**પ્રશ્ન-૫૦ :- કોઈ ચતુર ફરી પ્રશ્ન કરે છે કે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી હોતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી - એમ જિનવાણીમાં કહ્યું છે, તો પછી એમ માનવું કે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય - તે આપની વાત મિથ્યા સિદ્ધ થાય છે?**

**ઉત્તર :-** અરે ભાઈ! અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી, તે જિનવાણીની વાત બિલકુલ ઠીક છે - પણ અમે તો કાર્યની પહેલા કઈ પર્યાય હોય છે - તેની અપેક્ષાએ અુનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયને રાગનું ઉપાદાનકારણ કહ્યું છે, પણ અનંતરપૂર્વવક્ષણવર્તીપર્યાય પણ રાગનું સાચું ઉપાદાનકારણ નથી.

**પ્રશ્ન-૫૧ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, રાગનું સાચું ઉપાદાનકારણ નથી તો કેવું કારણ છે અને કેવું કારણ નથી?**

**ઉત્તર :-** અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, રાગના અભાવરૂપ કારણ અને કાળસૂચક છે, પણ કાર્યની જનક નથી.

**પ્રશ્ન-૫૨ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ પણ રાગનું સાચું ઉપાદાનકારણ નથી તો હકીકતમાં રાગનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

**ઉત્તર :-** તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ રાગનું સાચું ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૫૩ :- વાસ્તવમાં તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ રાગનું સાચું ઉપાદાનકારણ છે - એમ માનવાથી શો લાભ થયો?**

ઉત્તર :- (૧) અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય, ક્ષણિકઉપાદાનકારણ તરફ જોવાનું ન રહ્યું; (૨) રાગને માટે એક માત્ર તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ તરફ જ જોવાનું રહ્યું, તે લાભ થયો.

**પ્રશ્ન-૫૪ :- (૧) ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય; (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય; (૩) તે સમયની પર્યાયની યોગ્યતા રાગ, ક્ષણિક - ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય, એમ શાસ્ત્રોમાં બતાવ્યું છે; પરંતુ આટલું લાંબુ કથન કરવાથી શું લાભ હતો? સીધું જ કહી દીધું હોત કે કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થાય છે?**

ઉત્તર :- (૧) નિમિત્તકારણોથી અલગ કરવાની અપેક્ષાથી ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણને બતાવવું આવશ્યક હતું; (૨) ભૂત-ભવિષ્યની પર્યાયથી અલગ કરવાની અપેક્ષાથી અને અભાવરૂપ કારણનું જ્ઞાન કરાવવા માટે, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણને બતાવવું આવશ્યક હતું; (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણથી અલગ કરવાની અપેક્ષાએ અને કાર્યના સાચા કારણનું જ્ઞાન કરાવવા માટે તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણને બતાવવું આવશ્યક હતું; માટે શાસ્ત્રોમાં આટલું લાંબુ કથન કરીને સમજાવ્યું છે.

**પ્રશ્ન-૫૫ :- રાગ, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી થયું છે, તેને જાણવાથી શું લાભ થયો?**

ઉત્તર :- જેમ - રાગ, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિક ઉપાદાનકારણથી થયું છે; તેવી રીતે જગતમાં જેટલા પણ કાર્ય છે, તે બધા તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી



થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થતા રહેશે - તેમ કેવળીની સમાન સાચું જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન-૫૬ :- જગતમાં દરેક કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને થતા રહેશે - તેમ કેવળીની સમાન સાચું થતાં ક્યા-ક્યા અપૂર્વ કાર્ય જોવા મળે છે?**

ઉત્તર :- (૧) અનાદિકાળથી પરમાં હું કરું-હું કરુંની મિથ્યાબુદ્ધિનો અભાવ; (૨) દૃષ્ટિ પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર આવવી; (૩) સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને ક્રમથી શુદ્ધિમાં વૃદ્ધિ કરીને, મોક્ષ લક્ષ્મીના નાથ થવું; (૪) મિથ્યાત્વાદિ સંસારના પાંચ કારણોનો અભાવ થવો; (૫) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પંચ પરાવર્તનનો અભાવ થઈને, પંચ પરમેષ્ઠીઓમાં તેની ગણતરી થવી - તે તે અપૂર્વ કાર્ય જોવામાં આવે છે.

**પ્રશ્ન-૫૭ :- જગતમાં દરેક કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી જ થાય છે, ત્યારે કઈ-કઈ ચાર વાતો એક સાથે, એક જ સમયમાં નિયમથી થાય છે?**

ઉત્તર :- (૧) તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ (ઉત્પાદ); (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ઉપાદાનકારણ (વ્યય); (૩) ત્રિકાળી ઉપાદાનકારણ (ધ્રુવ); અને (૪) નિમિત્તકારણ - આ ચાર વાતો દરેક કાર્યમાં એક જ સાથે, એક જ કાળમાં નિયમથી હોય છે. **(શ્રી પ્રવચનસાર, ગાથા-૯૫)**

**પ્રશ્ન-૫૮ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે - શું તે નિરપેક્ષ છે?**

ઉત્તર :- હાં; કાર્ય પોતે પરની અપેક્ષા નથી રાખતું; માટે નિરપેક્ષ છે અને પોતાની અપેક્ષા રાખે છે; માટે સાપેક્ષ છે. પાત્ર ભવ્ય જીવોએ પ્રથમ કાર્યની નિરપેક્ષ સિદ્ધિ કરવી જોઈએ, પછી જે કાર્ય થયું - તેના અભાવરૂપ કારણ કોણ? ત્રિકાળી કારણ કોણ છે; અને નિમિત્તકારણ કોણ છે - એ વાતોનું જ્ઞાન કરવું જોઈએ કેમકે કાર્યના સમયે ચારેય વાતો નિયમથી હોય છે.

**પ્રશ્ન-૫૯ :- રાગ, તે સમય પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી થયું છે - એમ માનવાથી ક્યા-ક્યા કારણ ઉપર દૃષ્ટિ નથી જતી?**

ઉત્તર :- (૧) ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરે નિમિત્તકારણ; (૨) ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ; (૩) અનંતપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ પર દૃષ્ટિ નથી જાતી.

**પ્રશ્ન-૬૦ :- ઘડો, કારણ અને રાગ, કાર્ય - કારણાનુવિધાયિની કાર્યાણિ ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના ચારિત્રગુણમાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયનો અભાવ કરીને, તે સમય પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી રાગ થયો છે; ઘડાને કારણે નથી થયું તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને માન્યું; અને ઘડાને કારણે રાગ થયો છે તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને નથી માન્યું.

**પ્રશ્ન-૬૧ :- ચારિત્રગુણ, કારણ અને રાગ, કાર્ય - કારણાનુવિધાયિની કાર્યાણિ ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી



રાગ થયો છે; ચારિત્રગુણને કારણે નથી થયો તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** માન્યું; અને ચારિત્રગુણને કારણે રાગ થયો તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** નથી માન્યું.

**પ્રશ્ન-૬૨ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને રાગ કાર્ય - કારણાનુવિધાયિની કાર્યાણિ ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- રાગ તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થયો છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણથી નહિ તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** ને માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાયને કારણે રાગ થયો, તો **કારણાનુવિધાયિની કાર્યાણિ** નથી માની.

**કુંભારે ચાકડો, ખીલી, ડંડો, હાથ વગેરેથી ઘડો બનાવ્યો - આ વાક્યમાંથી જ્ઞાની કુંભારના 'જ્ઞાન' પર ઉપાદાન-ઉપાદેયના ૨૫ પ્રશ્નોત્તરો દ્વારા સ્પષ્ટીકરણ.**

**પ્રશ્ન-૬૩ :- ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ, ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય - શું આ ઉપાદાન-ઉપાદેયનું જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી. કેમકે અહીંયાં આત્માનો જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય છે.

**પ્રશ્ન-૬૪ :- જો કોઈ ચતુર ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ, ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય- એમ જ માને તો શું દોષ આવે છે?**

ઉત્તર :- ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ નાશ થઈને આત્માના જ્ઞાનગુણ બની જાય તો એમ માની શકાય છે કે ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ; ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય

પણ એમ નથી થઈ શકતું, કેમકે ઉપાદાન-ઉપાદેય તત્સ્વરૂપમાં જ (અભિન્ન સત્તાવાન પદાર્થમાં જ) થાય છે; જેની સત્તા-સત્ત્વ ભિન્ન-ભિન્ન છે - એવા બે પદાર્થોમાં ઉપાદાન-ઉપાદેય નથી થતું.

**પ્રશ્ન-૬૫ :- જે ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ વગેરે નિમિત્તકારણોને જ જ્ઞાનનું સાચું કારણ માને છે, તે જિનવાણીમાં ક્યા-ક્યા નામોથી સંબોધન કર્યું છે?**

**ઉત્તર :-** (૧) જે નિમિત્તકારણોમાંથી જ કાર્યની ઉત્પત્તિ માને છે, તેને શ્રી સમયસાર, કળશ-૫૫માં કહ્યું છે કે 'તેનું સવળું થવું દુર્નિવાર છે અને તે તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે.' (૨) શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫માં કહ્યું છે કે 'તે પગ-પગ પર ઠગાય છે.' (૩) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૬માં લખ્યું છે કે '**तस्य देशना नास्ति**' એટલે કે તે ભગવાનની વાણી સાંભળવાને લાયક નથી. (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે.'

**પ્રશ્ન-૬૬ :- આત્માનો જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય તેને સમજવાથી શો લાભ થયો?**

**ઉત્તર :-** (૧) ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ વગેરે નમિત્તકારણોથી જ્ઞાન થયું, એવી મિથ્યા માન્યતાનો અભાવ; (૨) આત્મામાં અનંતગુણ છે, તેમાં જ્ઞાનગુણને છોડીને, અન્ય ગુણોથી દષ્ટિ હટાવવી; (૩) હવે, જ્ઞાન માટે માત્ર ત્રિકાળી ઉપાદાનકારણ, જ્ઞાનગુણ તરફ જોવાનું રહ્યું - એટલો લાભ છે.

**પ્રશ્ન-૬૭ :- જો જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય/ કાર્ય છે, તો જ્ઞાનગુણ સદાય વિદ્યમાન છે; ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગસંબંધી જ્ઞાન સદાય કેમ નથી થતું? માટે આ વાત તમારી મિથ્યા સિદ્ધ થાય છે.**



**ઉત્તર :-** અરે ભાઈ, અમે આત્માના જ્ઞાનગુણને જ્ઞાનનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ, રાગ વગેરે નિમિત્તકારણોથી અલગ કરવાની અપેક્ષાએ કહ્યું છે. ખરેખર તો આત્માનો જ્ઞાનગુણ પણ જ્ઞાનનું સાચું ઉપાદાનકારણ નથી.

**પ્રશ્ન-૬૮ :- આત્માનો જ્ઞાનગુણ પણ જ્ઞાન હોવાનું સાચું ઉપાદાનકારણ નથી - તો જ્ઞાનનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

**ઉત્તર :-** આત્માના જ્ઞાનગુણમાં અનાદિકાળથી પર્યાયોના પ્રવાહ ચાલ્યો આવે છે. માનો દસ નંબર પર આ સંબંધી જ્ઞાન થયું તો તેનાથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય નવ નંબર ક્ષણિકઉપાદાનકારણ, અહીંયાં જ્ઞાનનું સાચું ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૬૯ :- જ્ઞાનગુણમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ કેમ ચાલ્યો આવે છે?**

**ઉત્તર :-** દરેક દ્રવ્ય તથા ગુણ અનાદિ-અનંત ધ્રુવ રહેતો થકો એક પર્યાયનો વ્યય અને એક પર્યાયનો ઉત્પાદ એક જ સમયમાં સ્વયં પોતે પોતાના પરિણમનસ્વભાવને કારણે કરતું રહ્યું છે, કરે છે અને ભવિષ્યમાં કરતું રહેશે - એવું વસ્તુસ્વરૂપ છે. તે કારણે અનાદિકાળથી જ્ઞાનગુણમાં પર્યાયનો પ્રવાહ ચાલ્યો આવે છે.

**પ્રશ્ન-૭૦ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય, - તેને જાણવાથી શો લાભ થયો?**

**ઉત્તર :-** (૧) ભૂત-ભવિષ્યની પર્યાયોથી દષ્ટિ હટી ગઈ; (૨) જ્ઞાનગુણ જે ત્રિકાળી ઉપાદાનકારણ હતું, તે પણ હવે વ્યવહાર કારણ થયું; (૩) હવે જ્ઞાન માટે માત્ર અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ તરફ જોવાનું રહ્યું.

**પ્રશ્ન-૭૧ :- કોઈ ચતુર ફરી પ્રશ્ન કરે છે કે અભાવમાંથી**

ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી - તેમ જિનવાણીમાં કહ્યું છે, પછી એમ માનવું કે અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય છે, તે વાત મિથ્યા સિદ્ધ થાય છે?

ઉત્તર :- અરે ભાઈ! અભાવથી ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી - આ જિનવાણીની વાત બિલકુલ ઠીક છે, પણ અમે તો કાર્યની પહેલા કઈ પર્યાય થાય છે, તેનું જ્ઞાન કરાવવાની અપેક્ષાએ અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયને જ્ઞાનનું ક્ષણિકઉપાદાનકારણ કહ્યું છે; ખરેખર તો અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પણ જ્ઞાનનું સાચું કારણ નથી.

**પ્રશ્ન-૭૨ :- જો અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય જ્ઞાન થવાનું સાચું ઉપાદાનકારણ નથી તો કેવું કારણ છે અને કેવું કારણ નથી?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય જ્ઞાન થવાના અભાવરૂપ કારણ છે અને કાળસૂચક છે, પણ કાર્યની જનક નથી.

**પ્રશ્ન-૭૩ :- અનંતરપૂર્વકક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ પણ જ્ઞાનનું સાચું કારણ નથી તો જ્ઞાનનું વાસ્તવિક ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ જ જ્ઞાનનું વાસ્તવિક ઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૭૪ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાન કારણ જ જ્ઞાનનું વાસ્તવિક ઉપાદાનકારણ છે - એમ જાણવાથી શો લાભ થયો?**

ઉત્તર :- (૧) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ તરફ જ્ઞાન માટે જોવાનું ન રહ્યું; (૨) હવે જ્ઞાન માટે એક માત્ર



તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ તરફ જોવાનું રહ્યું - તે લાભ થયો.

**પ્રશ્ન-૭૫ :- (૧) આત્માનો જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય; (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય; (૩) તે સમયની પર્યાયની યોગ્યતા જ્ઞાન, ક્ષણિકઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય - એમ શાસ્ત્રોમાં બતાવ્યું છે. આટલું લાંબુ કથન કરવાથી શો લાભ? સીધું કહ્યું હોત કે કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી જ થાય છે?**

ઉત્તર :- (૧) નિમિત્તકારણોથી અલગ કરવા માટે ત્રિકાળી ઉપાદાનકારણ, જ્ઞાનગુણને બતાવવું આવશ્યક હતું; (૨) ભૂત-ભવિષ્યત્ પર્યાયોથી અલગ કરવાને માટે અને અભાવરૂપ કારણનું જ્ઞાન કરાવવા માટે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણને બતાવવું આવશ્યક હતું; (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણથી અલગ કરવા અને કાર્યના સાચા કારણનું જ્ઞાન કરાવવા માટે, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ, જ્ઞાનને બતાવવું આવશ્યક હતું.

**પ્રશ્ન-૭૬ :- જ્ઞાન તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થયું છે - તેને જાણવાથી શો લાભ થયો?**

ઉત્તર :- જેમ જ્ઞાન તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી થયું છે; તેવી જ રીતે જગતમાં જેટલા પણ કાર્ય છે, તે બધા તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે -

તેવું કેવળીની સમાન સાચું જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન-૭૭ :- જગતના બધા કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થતા રહેશે - એવું કેવળી સમાન સાચું જ્ઞાન થતા જ શું અપૂર્વ કાર્ય જોવામાં આવે છે?**

ઉત્તર :- (૧) અનાદિકાળથી પરમાં હું કરું - હું કરુંની મિથ્યામાન્યતાનો અભાવ; (૨) દૃષ્ટિ પોતના જ્ઞાયકસ્વભાવ પર આવવી; (૩) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈને ક્રમથી શુદ્ધિમાં વૃદ્ધિ થઈને મોક્ષલક્ષ્મીના નાથ થવું; (૪) મિથ્યાત્વાદિ સંસારના પાંચ કારણોનો અભાવ થવો; (૫) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પંચ પરાવર્તનનો અભાવ થઈને, પંચ પરમેષ્ઠીઓમાં ગણતરી થવી - આ અપૂર્વ કાર્ય જોવામાં આવે છે.

**પ્રશ્ન-૭૮ :- જગતમાં દરેક કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ થાય છે, ત્યારે કઈ-કઈ ચાર વાતો એક સાથે, એક જ સમયમાં નિયમથી થાય છે?**

ઉત્તર :- (૧) તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ (ઉત્પાદ); (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ઉપાદાનકારણ (વ્યય); (૩) ત્રિકાળી ઉપાદાનકારણ (ધ્રુવ); અને (૪) નિમિત્તકારણ - આ ચાર વાતો દરેક કાર્યમાં એક જ સાથે, એક જ કાળમાં નિયમથી હોય છે. **(શ્રી પ્રવચનસાર, ગાથા-૯૫)**

**પ્રશ્ન-૭૯ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે - શું તે નિરપેક્ષ છે?**

ઉત્તર :- હાં; કાર્ય પોતે પરની અપેક્ષા નથી રાખતું; માટે



નિરપેક્ષ છે અને પોતાની અપેક્ષા રાખે છે; માટે સાપેક્ષ છે. પાત્ર ભવ્ય જીવોએ પ્રથમ નિરપેક્ષ સિદ્ધિ કરવી જોઈએ, પછી જો કાર્ય થયું - તેના અભાવરૂપ કારણ કોણ છે? ત્રિકાળી કારણ કોણ છે; અને નિમિત્તકારણ કોણ છે - એ વાતોનું જ્ઞાન કરવું જોઈએ કેમકે કાર્યના સમયે ચારેય વાતો નિયમથી હોય છે.

**પ્રશ્ન-૮૦ :- જ્ઞાન, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિક ઉપાદાનકારણથી થયું છે - એમ માનવાથી ક્યા-ક્યા કારણ ઉપર દૃષ્ટિ નથી જતી?**

ઉત્તર :- (૧) ઘડો, ચાકડો, ખીલી, ડંડો, હાથ રાગ (નિમિત્તકારણ); (૨) જ્ઞાનગુણ (ત્રિકાળી ઉપાદાનકારણ); (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ પર દૃષ્ટિ નથી જાતી.

**પ્રશ્ન-૮૧ :- ઘડો, કારણ અને જ્ઞાન, કાર્ય - कारणानुविधायिनी कार्याणि ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણમાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતાથી જ્ઞાન થયું છે; ઘડાને કારણે નથી થયું તો **कारणानुविधायिनी कार्याणि** ને માન્યો; અને જ્ઞાન ઘડાને કારણે થયું છે તો **कारणानुविधायिनी कार्याणि** ને નથી માન્યું.

**પ્રશ્ન-૮૨ :- જ્ઞાનગુણ, કારણ અને જ્ઞાન, કાર્ય - कारणानुविधायिनी कार्याणि ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; જ્ઞાનગુણને કારણે નહિ તો **कारणानुविधायिनी**

કાર્યાણિ માન્યું; અને જ્ઞાનગુણને કારણે રાગ થયો છે તો કારણાનુવિધાયિની કાર્યાણિ ને નથી માન્યું.

**પ્રશ્ન-૮૩ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને જ્ઞાન કાર્ય - કારણાનુવિધાયિની કાર્યાણિ ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

**ઉત્તર :-** જ્ઞાન, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થયું છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણથી નહિ તો કારણાનુવિધાયિની કાર્યાણિ ને માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય ક્ષણિકઉપાદાનકારણ નવ નંબરથી જ્ઞાન થયું તો કારણાનુવિધાયિની કાર્યાણિ ને નથી માન્યું.

**પ્રશ્ન-૮૪ :- કારણનું અનુસરણ કરવાથી જ કાર્ય થાય છે - એમ ક્યાં કહ્યું છે?**

**ઉત્તર :-** (૧) 'कारणानुविधायित्वादेव कार्याणां' એટલે કે કારણનું અનુસરણ કરીને જ કાર્ય થાય છે; (૨) 'कारणानुविधायित्वादेव कार्याणां', એટલે કે કારણ જેવા કાર્ય હોય છે; (શ્રી સમયસાર, ગાથા-૧૩૦-૧૩૧ની ટીકા) (૩) 'कारणानुविधायिनी कार्याणि' એટલે કે કારણ જેવું જ કાર્ય થાય છે; (શ્રી સમયસાર, ગાથા-૬૮ની ટીકા); (૪) 'तेहि पुणों पज्जाया' એટલે કે દ્રવ્ય અને ગુણોથી પર્યાયો થાય છે; (શ્રી પ્રવચનસાર ગાથા-૯૩) (૫) ગુણોનું વિશેષ કાર્ય (પરિણમન)ને પર્યાય કહે છે.

**પ્રશ્ન-૮૫ :- કાર્યના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે?**

**ઉત્તર :-** કાર્યને કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ, પરિણતિ, વ્યાપ્ય, ઉપાદેય, નૈમિત્તિક વગેરે કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૮૬ :- કારણનું અનુસરણ કરીને જ કાર્ય થાય છે, તેમાં અનેકાંત ક્યા પ્રકારે ઘટે છે?**



**ઉત્તર :-** કારણનું અનુસરણ કરીને જ કાર્ય થાય છે; પરથી નહિ, તે અનેકાંત છે.

**પ્રશ્ન-૮૭ :- કારણનું અનુસરણ કરીને જ કાર્ય થાય છે; પરથી નહિ, તેમાં ક્યા કારણની વાત છે?**

**ઉત્તર :-** 'તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ'ની વાત છે.

**પ્રશ્ન-૮૮ :- 'કારણનું અનુસરણ કરીને જ કાર્ય થાય છે; પરથી નહિ,' 'પરમેં' ક્યા-ક્યા કારણ આવે છે?**

**ઉત્તર :-** (૧) નિમિત્તકારણ (૨) ત્રિકાળી ઉપાદાનકારણ, (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ - તે બધા પરમાં આવે છે.

***કારણાનુવિધાયિની કાર્યાણિ - કેટલાક પ્રશ્નોત્તર.**

**પ્રશ્ન-૮૯ :- ગુરુ, કારણ અને જ્ઞાન, કાર્ય, શું કારણાનુવિધાયિની કાર્યાણિ ને માન્યું?**

**ઉત્તર :-** બિલકુલ નથી માન્યું. કેમકે આત્માના જ્ઞાનગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિક ઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; ગુરુથી નહિ, ત્યારે 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માની.

**પ્રશ્ન-૯૦ :- જ્ઞાન, કાર્ય અને ઈન્દ્રિયો, કારણ; શું કારણાનુવિધાયિની કાર્યાણિ ને માન્યું?**

**ઉત્તર :-** નથી માન્યું, કેમકે આત્માના જ્ઞાનગુણમાં

* આ પ્રકરણના પ્રશ્નોત્તરમાં દરેક બોલ પર ઉપાદાન-ઉપાદેયના પ્રશ્નોત્તર જાતે લગાવીને અભ્યાસ કરવો જોઈએ.

અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; ઈન્દ્રિયથી નહિ, ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૧ :- જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ, કારણ અને જ્ઞાન કાર્ય; શું कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું; કેમકે આત્માના જ્ઞાનગુણમાંથી અનંતરપૂર્વક્ષણવર્તીય પર્યાય ક્ષણિકઉપાદાન કારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી નહીં; ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૨ :- શુભભાવ, કારણ અને જ્ઞાન, કાર્ય; શું कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું; કેમકે આત્માના જ્ઞાનગુણમાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; શુભભાવથી નહિ. ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૩ :- શ્રદ્ધાગુણ, કારણ અને જ્ઞાન, કાર્ય - શું कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે આત્માના જ્ઞાનગુણમાંથી; અનંતપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને; તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; શ્રદ્ધાગુણથી નહિ, ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૩ :- આત્મા, કારણ અને જ્ઞાન, કાર્ય; શું कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે આત્મામાં તો અનંતગુણ છે;



માટે જ્ઞાનગુણમાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને; તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; આત્માથી નહિ, ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૫ :- જ્ઞાનગુણ, કારણ અને જ્ઞાન, કાર્ય શું कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે જ્ઞાનગુણ તો ત્રિકાળ છે અને જ્ઞાનરૂપ કાર્ય એક સમયનું છે; માટે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું; ત્રિકાળી જ્ઞાનગુણને કારણે નહિ, ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૬ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ અને જ્ઞાન, કાર્ય; શું कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે ક્યારેય અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી; માટે તે સમયની પર્યાયની યોગ્યતા, જ્ઞાન ક્ષણિક ઉપાદાનકારણ અને જ્ઞાન, કાર્ય, ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૯૭ :- જ્ઞાન, તે સમય પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી થયું - એમ માનવાથી ક્યાં-ક્યાંથી દૃષ્ટિ હટી ગઈ?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન દેવ, ગુરુ, શાસ્ત્રથી, (૨) આંખ, નાક, કાન વગેરે ઈન્દ્રિયોથી, (૩) જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ આદિથી, (૪) શુભભાવોથી, (૫) શ્રદ્ધા-ચારિત્ર-આનંદ આદિ અનંતગુણોથી, (૬) અભેદદ્રવ્યથી, (૭) જ્ઞાનગુણથી, (૮) અનંતપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણથી દૃષ્ટિ હટી ગઈ.

**પ્રશ્ન-૯૮ :- હવે વર્તમાન જ્ઞાન માટે ક્યાં જોવાનું રહ્યું?**

ઉત્તર :- ખરેખર તો તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિક ઉપાદાનકારણ જ જ્ઞાન થવામાં સાચું કારણરૂ છે, તે તરફ જોવાનું રહ્યું.

**દર્શનમોહનીયના ક્ષયોપશમથી ક્ષયોપશમસમ્યક્ત્વ થયું - આ વાક્યમાંથી (૧) ક્ષયોપશમસમ્યક્ત્વ, (૨) દર્શનમોહનીયના ક્ષયોપશમ ઉપર અહીં કેવળ આ સંબંધમાં ત્રણ પ્રશ્નોત્તર આપ્યા છે. ઉપાદાન-ઉપાદેય લગાવીને સમજાવો.**

**પ્રશ્ન-૯૯ :- ક્ષયોપશમસમ્યક્ત્વ થયું, તેનું સાચું કારણ કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ ક્ષયોપશમસમ્યક્ત્વનું સાચું કારણ છે.

**પ્રશ્ન-૧૦૦ :- ક્ષયોપશમસમ્યક્ત્વનું સાચું કારણ, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ છે, એમ જાણવાથી ક્યાં-ક્યાંથી દૃષ્ટિ હટી જાય છે?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન દેવ, ગુરુ, શાસ્ત્રથી, (૨) દર્શનમોહનીયના ક્ષયોપશમથી, (૩) આત્માથી, (૪) જ્ઞાન-ચારિત્ર વગેરે અનંત ગુણોથી, (૫) શુભભાવોથી, (૬) શ્રદ્ધાગુણ જે ત્રિકાળી ઉપાદાનકારણ છે, તેનાથી, (૭) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ ઔપશમિકસમ્યક્ત્વથી; ક્ષયોપશમસમ્યક્ત્વસ્વરૂપકાર્ય માટે દૃષ્ટિ હટી ગઈ.

**પ્રશ્ન-૧૦૧ :- ક્ષયોપશમસમ્યક્ત્વના દ્રવ્ય, ગુણ અને અભાવરૂપ પર્યાયના નામ બતાવો?**

ઉત્તર :- (૧) આત્મા, દ્રવ્ય છે, (૨) શ્રદ્ધા, ગુણ છે, (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ ઔપશમિકસમ્યક્ત્વની અભાવરૂપ પર્યાય છે.



**કેવળજ્ઞાનાવરણીના અભાવથી કેવળજ્ઞાન થયું --તે વાક્યથી (૧) કેવળજ્ઞાન, (૨) કેવળજ્ઞાનાવરણીનો અભાવ પર અહીં આ સંબંધમાં માત્ર ત્રણ પ્રશ્નોત્તર આપ્યા છે. ઉપાદાન-ઉપાદેય લગાવીને સમજાવો.**

**પ્રશ્ન-૧૦૨ :- કેવળજ્ઞાનનું સાચું કારણ કોણ છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ કેવળજ્ઞાનનું સાચું કારણ છે.

**પ્રશ્ન-૧૦૩ :- તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ કેવળજ્ઞાનનું સાચું કારણ છે તો કેવળજ્ઞાનનું સાચું કારણ કોણ-કોણ નથી.?**

ઉત્તર :- (૧) ચોથો કાળ, (૨) કેવળજ્ઞાનાવરણીકર્મનો અભાવ, (૩) વજ્રવૃષભનારાચસંહનન, (૪) આત્મા, (૫) જ્ઞાનગુણ સિવાયના બીજા અનંત ગુણ, (૬) જ્ઞાનગુણ, (૭) શુક્લલેશ્યા વગેરે મંદકષાયનો શુભભાવ (૮) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ, ભાવશ્રુતજ્ઞાન - તે બધા કેવળજ્ઞાનના સાચા કારણ નથી.

**પ્રશ્ન-૧૦૪ :- કેવળજ્ઞાનનું (૧) ત્રિકાળી ઉપાદાનકારણ, (૨) અભાવરૂપ ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- (૧) આત્માનો જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ છે, અને (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ભાવશ્રુતજ્ઞાન, ક્ષણિકઉપાદાન અભાવરૂપ કારણ છે અને કેવળજ્ઞાન, કાર્ય છે.

**પ્રશ્ન-૧૦૫ :- કુંભારે ઘડો બનાવ્યો - તેમાં કુંભાર કારણ અને ઘડો બન્યો કાર્ય - कारणानुविधायिनी कार्याणि ને ક્યારે માન્યું?**

ઉત્તર :- આહારવર્ગણારૂપ માટીમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ પિંડનો અભાવ કરીને; તે સમયની પર્યાયની

યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી ઘડો બન્યો; કુંભાર આદિથી નહિ, ત્યારે **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું.

**પ્રશ્ન-૧૦૬ :- ઘડો, તે સમય પર્યાયની યોગ્યતા, ક્ષણિક ઉપાદાનકારણથી બન્યો છે; કુંભાર આદિથી નહિ - તેમાં કોનો-કોનો સમાવેશ થાય છે? દરેક પર कारणानुविधायिनी कार्याणि ને ક્યારે માન્યું, ક્યારે નહિ?**

ઉત્તર :- (૧) કુંભારનો રાગ, (૨) હાથ-ખીલી-ચાકડો-ડંડો, (૩) આહારવર્ગણાને છોડીને બાકીની વર્ગણાઓ (૪) માટી, (૫) પિંડ, એ બધા 'કુંભાર વગેરે'માં આવે છે; તેનાથી ઘડો નથી બનતો. એકમાત્ર તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણથી ઘડો બન્યો - એમ માનનારાએ જ **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું; બીજાએ નહિ.

**પ્રશ્ન-૧૦૭ :- 'ज्ञान क्रियाभ्याम् मोक्षः' - તેમાં એમ લાગે છે કે આત્માનું જ્ઞાન અને શરીરની ક્રિયા, ઉપાદાનકારણ અને મોક્ષ કાર્ય - कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- '**कारणानुविधायिनी कार्याणि**' ને બિલકુલ નથી માન્યું, કેમકે તે સમયની પર્યાયની યોગ્યતા મોક્ષ, ક્ષણિક ઉપાદાનકારણ અને મોક્ષ કાર્ય છે.

**પ્રશ્ન-૧૦૮ :- મોક્ષના ત્રિકાળી ઉપાદાનકારણ અને અભાવરૂપ ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- આત્મા, ત્રિકાળી ઉપાદાનકારણ છે અને અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ચૌદમું ગુણસ્થાન અભાવરૂપ ક્ષણિકઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૧૦૮ :- મોક્ષનું કારણ કોણ-કોણ નથી? દરેક પર कारणानुविधायिनी कार्याणि ને માન્યું અને ક્યારે નથી**



**માન્યું?**

ઉત્તર :- (૧) ઔદારિકશરીર; (૨) દ્રવ્યકર્મનો અભાવ; (૩) વજ્રવૃષભનારાચસંહનન; (૪) ચોથો કાળ; (૫) આત્મા; (૬) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ ચૌદમું ગુણસ્થાન; (૭) આત્માનું જ્ઞાન અને શરીરની ક્રિયા, તેમાંથી કોઈપણ મોક્ષનું કારણ નથી. એકમાત્ર તે સમયની પર્યાયની યોગ્યતા, મોક્ષ, ક્ષણિક ઉપાદાનકારણ અને મોક્ષ થયો, તે કાર્ય છે - એમ માનનારાએ જ **कारणानुविधायिनी कार्याणि** ને માન્યું; બીજાએ નહિ.

**પ્રશ્ન-૧૧૦ :- જો એમ હોય તો શાત્રોમાં 'ज्ञान क्रियाभ्याम् मोक्षः' એમ કેમ કહ્યું છે?**

ઉત્તર :- અહીંયાં જ્ઞાન એટલે કે સમ્યગ્જ્ઞાન, અને ક્રિયા એટલે કે સમ્યક્ચારિત્ર, બંને મળીને મોક્ષનું કારણ જાણવું જોઈએ. શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારને મોક્ષમાર્ગ ન જાણવો જોઈએ. તે આ કથનનો આશય છે. જે '**ज्ञान क्रियाभ्याम् मोक्षः**'નો અર્થ જ્ઞાન અને શરીરની ક્રિયાથી મોક્ષ છે, એમ કરે છે તે મિથ્યા છે.

**પ્રશ્ન-૧૧૧ :- આત્માનું જ્ઞાન અને શરીરની ક્રિયા, ઉપાદાનકારણ અને મોક્ષ, કાર્ય - આ સૂત્રનો તે અર્થ ખોટો કેમ છે?**

ઉત્તર :- '**ज्ञान क्रियाभ्याम् मोक्षः**' નો અર્થ જે શરીરની ક્રિયા અને આત્માનું જ્ઞાન - એમ કરે છે, તેને વ્યાકરણનું પણ જ્ઞાન નથી, કેમકે જ્ઞાન એક અને શરીરની ક્રિયા, તે અનંત પુદ્‌ગલ પરમાણુઓની ક્રિયા છે. **क्रियाभ्याम्** દ્વિવચન છે, જો અહીં **भ्याम्** ને બદલે ત્રીજો બહુવચન શબ્દ હોય તો ઠીક હોત, પણ અહીંયાં **भ्याम्** છે, તે બેને બતાવે છે; માટે જે જ્ઞાન અને શરીરની ક્રિયા,

તે મોક્ષ છે - એવો અર્થ કરે છે, તે મિથ્યા અર્થ છે. માટે પાત્ર જીવોએ અહીં જ્ઞાનનો અર્થ, સમ્યગ્જ્ઞાન અને ક્રિયાનો અર્થ, સમ્યક્ચારિત્ર તથા આ બંનેને મેળવીને મોક્ષનું કારણ જાણવું અને શરીરની ક્રિયાને મોક્ષમાર્ગ ન જાણવો, એવો જ્ઞાનીઓનો આદેશ છે.

**પ્રશ્ન-૧૧૨ :- 'દર્શનમોહનીયકર્મનો અભાવ, કારણ અને ક્ષાયિકસમ્યક્ત્વ કાર્ય' - कारणानुविधायिनी कार्याणि ને માન્યું?**

ઉત્તર :- નથી માન્યું, કેમકે ત્રિકાળી ઉપાદાનકારણ, શ્રદ્ધાગુણ છે અને ક્ષાયિકસમ્યક્ત્વ કાર્ય છે.

**પ્રશ્ન-૧૧૩ :- કોઈ ચતુર, દર્શનમોહનીયકર્મનો અભાવ, કારણ અને ક્ષાયિકસમ્યક્ત્વ, કાર્ય - એમ કહે તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- દર્શનમોહનીયના અભાવને જીવનો શ્રદ્ધાગુણ બનવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. - તે દોષ આવે છે.

**પ્રશ્ન-૧૧૪ :- ક્ષાયિકસમ્યક્ત્વનું સાચું કારણ કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ સાચું કારણ છે, કેમકે પર તો કારણ છે જ નહિ; શ્રદ્ધાગુણ અને અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ ક્ષયોપશમસમ્યક્ત્વ પણ સાચું કારણ નથી.

**પ્રશ્ન-૧૧૫ :- ક્ષાયિકસમ્યક્ત્વનું સાચું કારણ 'તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ છે' - એમ જાણવાથી ક્યા-ક્યા કારણોથી દૃષ્ટિ હટી ગઈ?**

ઉત્તર :- (૧) દેવ-ગુરુ; (૨) દર્શનમોહનીયનો અભાવ; (૩) શ્રદ્ધાગુણ; (૪) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ



ક્ષયોપશમસમ્યક્ત્વથી દૃષ્ટિ હટી ગઈ.

**પ્રશ્ન-૧૧૬ :- ભૂતાર્થસ્વભાવ, કારણ અને સમ્યગ્દર્શન, કાર્ય - તેમાં ભૂતાર્થસ્વભાવ કોણ છે?**

ઉત્તર :- એકમાત્ર અનાદિ-અનંત અમૂર્ત જ્ઞાયકસ્વભાવ જ ભૂતાર્થ સ્વભાવ છે; ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે.

**પ્રશ્ન-૧૧૭ :- સમ્યગ્દર્શન કાર્ય માટે અભૂતાર્થ કોણ-કોણ છે?**

ઉત્તર :- (૧) દેવ-ગુરુ-શાસ્ત્ર અભૂતાર્થ છે; (૨) દર્શનમોહનીયનો ઉપશમાદિ અભૂતાર્થ છે; (૩) શરીર, ઈન્દ્રિય, નોકર્મ અભૂતાર્થ છે; (૩) શુભભાવ અભૂતાર્થ છે; (૪) ચોથો કાળ અભૂતાર્થ છે.

**પ્રશ્ન-૧૧૮ :- મોક્ષરૂપ કાર્ય માટે ભૂતાર્થ કોણ છે?**

ઉત્તર :- એકમાત્ર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ જ ભૂતાર્થ છે.

**પ્રશ્ન-૧૧૯ :- મોક્ષરૂપ કાર્ય માટે અભૂતાર્થ કારણ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- (૧) વજ્રવૃષભનારાચસંહનન; (૨) કર્મોનો અભાવ; (૩) શુભભાવ; અને (૪) ચોથોકાળ, અભૂતાર્થ કારણ છે.

**પ્રશ્ન-૧૨૦ :- કાર્ય થવામાં કારણથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- વાસ્તવમાં કાર્ય થવામાં ઉપાદાનકારણથી તાત્પર્ય છે; નિમિત્તકારણથી તાત્પર્ય નથી.

**પ્રશ્ન-૧૨૧ :- શાસ્ત્રોમાં નિમિત્તકારણોની વાતો કેમ કરી છે, જ્યારે કાર્યનું સાચું કારણ ઉપાદાનકારણ જ છે?**

ઉત્તર :- જ્યારે-જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય છે, તે સમયે નિમિત્ત હોય જ છે, એવી વસ્તુસ્થિતિ છે; માટે કાર્યને સમયે કોણ નિમિત્તકારણ છે? તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રોમાં નિમિત્તની

વાત સમજાવી છે.

**પ્રશ્ન-૧૨૨ :- જ્યારે-જ્યારે કાર્ય થાય છે, ત્યારે ત્યારે નિમિત્ત હોય જ છે —એવું શાસ્ત્રોમાં ક્યાં લખ્યું છે?**

**ઉત્તર :-** (૧) 'ઉપાદાન નિજ ગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય. ભેદજ્ઞાન પરમાન વિધિ, બિરલા બુઝે કોય.' (બનારસીવિલાસ) (૨) દરેક સમયનો ઉત્પાદ (કાર્ય)ને સમયે યોગ્ય બહિરંક સાધનોને (નિમિત્તોની) સન્નિધિ (ઉપસ્થિતિ) હોય જ છે. 'જે ઉચિત બહિરંગ સાધનોની સન્નિધિના સદ્ભાવમાં અનેક પ્રકારની અનેક અવસ્થાઓ કરે છે.' (શ્રી પ્રવચનસાર, ગાથા-૯૫ ટીકા) (૩) તે વસ્તુમાં વિદ્યમાન પરિણમનરૂપ જે યોગ્યતા, તે અંતરંગ નિમિત્ત (ઉપાદાનકારણ) છે અને તે પરિણમનનો નિશ્ચયકાળ (કાળદ્રવ્ય), બાહ્ય નિમિત્ત છે - એવું તત્ત્વદર્શીઓએ નિશ્ચય કર્યો છે. (શ્રી ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૮૦ની ટીકા તથા શ્લોક)

**પ્રશ્ન-૧૨૩ :- ત્રણે કારણોમાંથી ક્યું કારણ હોય ત્યારે કાર્યની ઉત્પત્તિ નિયમથી થાય છે?**

**ઉત્તર :-** ખરેખર તો કાર્યની ઉત્પત્તિ, તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણને સમયે નિયમથી થાય છે. ત્યાં બાકીના બે ઉપાદાનકારણ અને નિમિત્તકારણ હોય જ છે; કોઈએ કોઈની રાહ નથી જોવી પડતી.

**પ્રશ્ન-૧૨૪ :- પહેલા કારણ છે કે કાર્ય છે?**

**ઉત્તર :-** કારણ અને કાર્ય એક જ સમયે છે; માટે તે પ્રશ્ન કે પહેલા કારણ કે કાર્ય તે વ્યર્થ છે.

**પ્રશ્ન-૧૨૪ :- જ્યારે બધા કાર્યો 'તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ'થી જ થાય છે તો લોકો બીજા કારણોની ચર્ચા કેમ કરે છે?**



**ઉત્તર :-** જેમ, કોઈનો માલ ચોરી કરવાથી ડંડા પડે છે, જેલ જાવું પડે છે; તેવી રીતે જે કાર્યમાં બીજા કારણોની વાતમાં પાગલ થઈ રહ્યા છે, તેને ચારેય ગતિમાં ફરીને નિગોદમાં જાવું ઠીક લાગે છે; માટે બીજા કારણોની ચર્ચા કરે છે.

**પ્રશ્ન-૧૨૬ :- જે વ્યવહારકારણને સાચું કારણ માને છે, તે જીવોને ભગવાને ક્યા-ક્યા નામોથી શાસ્ત્રોમાં સંબોધન કર્યું છે?**

**ઉત્તર :-** જે વ્યવહાકારણોને સાચું કારણ માને છે, તે (૧) 'તેનું સવળું થવું દુર્નિવાર છે અને તે તેનો મોહ અજ્ઞાન-અંધકાર છે.' (શ્રી સમયસાર, કળશ-૫૫) (૨) તે ડગલે-પગલે ઠગાય છે. (શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫) (૩) તે ભગવાનની વાણી સાંભળવાને લાયક નથી. (શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૬) (૪) તે મિથ્યાદષ્ટિ છે. (શ્રી સમયસાર, ૩૨૪ થી ૩૨૭ના હેડિંગમાં) (૫) તેનું ફળ સંસાર છે. (શ્રી સમયસાર ગાથા-૧૧નો ભાવાર્થ) (૬) તેના દરેક ધર્મના અંગ મિથ્યાત્વભાવને પામે છે અને અકાર્યકારી, એટલે કે અનર્થકારી છે. (શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ-૨૧૩) (૮) તે તેનું હરામજાદીપણું છે. (શ્રી આત્માવલોકન, પૃષ્ઠ-૧૪૩)

**પ્રશ્ન-૧૨૭ :- તે સમય પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનથી કાર્યની ઉત્પત્તિ થાય છે, શું તે નિરપેક્ષ છે?**

**ઉત્તર :-** હાં; વસ્તુ પોતે પરની અપેક્ષા નથી રાખતી; માટે નિરપેક્ષ છે અને પોતાની અપેક્ષા રાખે છે; માટે સાપેક્ષ છે. માટે સૌથી પહેલા પાત્ર જીવોએ કાર્યની નિરપેક્ષ સિદ્ધિ કરવી જોઈએ, પછી સાપેક્ષતાની વાત આવે છે.

**પ્રશ્ન-૧૨૮ :- શું નિરપેક્ષતા સિદ્ધ કર્યા વિના, સાપેક્ષતા નથી હોતી?**

ઉત્તર :- નથી હોતી કેમકે — (૧) નિરપેક્ષતા વિના, સાપેક્ષતાનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૨) અભેદ વિના, ભેદનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૩) નિશ્ચય વિના, વ્યવહારનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૪) ઉપાદાન વિના, નિમિત્તનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૫) ભૂતાર્થ વિના, અભૂતાર્થનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૬) યથાર્થ વિના, ઉપચારનું યથાર્ જ્ઞાન નથી થતું, (૭) સ્વ વિના પરનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૯) મુખ્ય વિના ગૌણનું યથાર્થ જ્ઞાન નથી થતું, (૧૦) દ્રદવ્યાર્થિક વિના, પર્યાયાર્થિકનું સાચું જ્ઞાન નથી થતું, (૧૧) અહેતુક વિના, સહેતકનું યથાર્થ જ્ઞાન નથી થતું. (૧૨) નિત્ય વિના અનિત્યનું સાચું જ્ઞાન નથી થતું, (૧૩) તત્ વિના અતત્નું યથાર્થ જ્ઞાન નથી થતું, (૧૪) અસ્તિ વિના નાસ્તિનું સાચું જ્ઞાન નથી થતું, (૧૫) એક વિના અનેકનું યથાર્થ જ્ઞાન નથી થતું. (૧૬) સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિના પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સાચું જ્ઞાન નથી થતું - તેમ જિનવાણીમાં કહ્યું છે.

**પ્રશ્ન-૧૨૯ :- ક્ષાયિકસમ્યગ્દર્શનમાં ત્રણે પ્રકારના ઉપાદાન-ઉપાદેય બતાવો?**

**ઉત્તર :-** (૧) જીવનો શ્રદ્ધાગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ; ક્ષાયિકસમ્યક્ત્વ, ઉપાદેય; (૨) ક્ષયોપશમસમ્યક્ત્વ, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ; ક્ષાયિકસમ્યક્ત્વ, ઉપાદેય; (૩) ક્ષાયિકસમ્યક્ત્વ તે સમયની પર્યાયની યોગ્યતા, શ્રણિક ઉપાદાનકારણ; ક્ષાયિકસમ્યક્ત્વ, ઉપાદેય.

**પ્રશ્ન-૧૩૦ :- કેવળદર્શનમાં ત્રણે પ્રકારના ઉપાદાન-ઉપાદેય બતાવો?**

**ઉત્તર :-** (૧) આત્માનો દર્શનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ; કેવળદર્શન, ઉપાદેય; (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય અચક્ષુદર્શન,



ક્ષણિકઉપાદાનકારણ; અનંતરઉત્તરક્ષણવર્તીપર્યાય કેવળદર્શન, ઉપાદેય; (૩) કેવળદર્શન તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિક ઉપાદાનકારણ, કેવળદર્શન, ઉપાદેય.

**પ્રશ્ન-૧૩૧ :- અંતરાયકર્મના અભાવમાં ત્રણે પ્રકારના ઉપાદાન-ઉપાદેય બતાવો?**

**ઉત્તર :-** (૧) કાર્મણવર્ગણા, ત્રિકાળી ઉપાદાનકારણ; અંતરાયકર્મનો અભાવ, ઉપાદેય; (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય અંતરાયકર્મનો ક્ષયોપશમ, ક્ષણિકઉપાદાનકારણ; અનંતરઉત્તરક્ષણવર્તીપર્યાય અંતરાયકર્મનો અભાવ, ઉપાદેય; (૩) અનંતરાયકર્મનો અભાવ તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ, અનંતરાયકર્મનો અભાવ, ઉપાદેય.

**પ્રશ્ન-૧૩૨ :- યથાખ્યાતચારિત્રમાં ત્રણે પ્રકારના ઉપાદાન-ઉપાદેય બતાવો?**

**ઉત્તર :-** (૧) જીવનો ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ; યથાખ્યાતચારિત્ર, ઉપાદેય; (૨) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય સકળચારિત્ર, ક્ષણિકઉપાદાનકારણ; અનંતરઉત્તરક્ષણવર્તીપર્યાય યથાખ્યાતચારિત્ર, ઉપાદેય; (૩) તે સમયની પર્યાયની યોગ્યતા યથાખ્યાતચારિત્ર ક્ષણિકઉપાદાનકારણ; યથાખ્યાતચારિત્ર, ઉપાદેય.

**પ્રશ્ન-૧૩૩ :- જ્યારે ઉત્પાદ થાય છે, ત્યાં ઉત્પાદ સિવાય ત્રણ વાતો કઈ-કઈ હોય છે?**

**ઉત્તર :-** (૧) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિકઉપાદાનકારણ (વ્યય); (૨) ત્રિકાળી ઉપાદાનકારણ (ધ્રુવ); (૩) અનુકૂળ નિમિત્તની (ઉપસ્થિતિ)

**જય મહાવીર - જય મહાવીર**

③

કારણ-કાર્ય રહસ્ય

## યોગ્યતા : સ્વરૂપ તથા લાભ

**પ્રશ્ન-૧ :- યોગ્યતા કોને કહે છે?**

**ઉત્તર :-** સમર્થ ઉપાદાનશક્તિનું નામ જ યોગ્યતા છે.

**પ્રશ્ન-૨ :- યોગ્યતાના પર્યાયવાચી શબ્દો ક્યા છે?**

**ઉત્તર :-** સમર્થ ઉપાદાનશક્તિ કહો; ભવિતવ્યતા કહો; યોગ્યતા કહો; એક જ વાત છે.

**પ્રશ્ન-૩ :- ભવિતવ્યતા, એટલે કે યોગ્યતાનો વ્યુત્પત્તિ અર્થ શું છે?**

**ઉત્તર :-** '**भवितु योग्य भवितव्यम् तस्य भावः भवितव्यता**' જે થવાયોગ્ય હોય, તેને ભવિતવ્ય કહે છે; તેનો ભાવ, ભવિતવ્યતા કહેવાય છે. જેને અમે યોગ્યતા કહીએ છીએ, તેનું બીજું નામ ભવિતવ્યતા છે.

**પ્રશ્ન-૪ :- યોગ્યતાને જાણવાથી શા-શા લાભ છે?**

**ઉત્તર :-** (૧) દરેક દ્રવ્યમાં જે જે પરિણમન થાય છે, તે 'તે સમયની પર્યાયની યોગ્યતા' અનુસાર જ થાય છે, થઈ રહ્યું છે, થતું રહેશે; તેમાં બીજા કોઈનો જરા પણ હસ્તક્ષેપ નથી - તેમ જાણવાથી પરનું હું કાંઈક કરું કે પર મારું કાંઈ કરે - એવો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો; (૨) ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય છે; (૩) કરું-કરુંની મિથ્યાબુદ્ધિનો અભાવ થતા જ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થઈને ક્રમથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.



**પ્રશ્ન-૫ :- કાર્ય, યોગ્યતાનુસાર જ થાય છે - તેના માટે ક્યા શાસ્ત્રપ્રમાણ છે?**

**ઉત્તર :-** (૧) વૈભાવિકપરિણમન, નિમિત્ત-સાપેક્ષ થઈને પણ તે પોતાની કાળમાં પ્રગટ થનારી યોગ્યતા અનુસાર જ છે. પોતાની યોગ્યતા અનુસાર જીવ, સંસારી છે અને પોતાની યોગ્યતા અનુસાર જ જીવ મુક્ત છે; (૨) પરિણમનનું સાધારણ કારણ, કાળદ્રવ્ય હોવા છતાં પણ, દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યયસ્વભાવને કારણે જ પરિણમન કરે છે; કાળ તેનો કાંઈ પ્રેરક નથી; (૩) વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી, કેમકે તે પર્યાયનો સ્વભાવ છે. (શ્રી સમયસાર, કળશ-૨૧૧); (૪) એક દ્રવ્યમાં અતીત (ભૂત), અનાગત (ભવિષ્ય), અને ગાથામાં આવેલો 'અપિ' શબ્દથી વર્તમાન પર્યાયરૂપ જેટલી અર્થપર્યાય અને વ્યંજનપર્યાય છે, 'તત્પ્રાણ' તે દ્રવ્ય થાય છે. (ધવલા પુસ્તક ૧, પૃષ્ઠ ૩૮૬) (૫) ત્રણ કાળના જેટલા સમય છે, દરેક દ્રવ્યના દરેક ગુણમાં તેટલી-તેટલી જ પર્યાયો હોય છે. (૬) દરેક પર્યાય, પૂર્વ પર્યાયનો અભાવ કરીને આવે છે એ અપેક્ષાએ 'વિકાર્ય' કહી છે; નવી ઉત્પન્ન થઈ, તે અપેક્ષાએ 'નિવર્ત્ય' કહી છે; હતી તો આવી, તે અપેક્ષાએ પ્રાપ્ય કહ્યું છે. (શ્રી સમયસાર, ગાથા-૭૬થી ૭૮) એ યોગ્યતા માટે શાસ્ત્રના પ્રમાણ છે.

**પ્રશ્ન-૬ :- જ્યારે તમારા લોકોથી કોઈ ઉત્તર નથી બનતો, તો આપ કહી દો છો કે તે 'તે સમયની પર્યાયની યોગ્યતા'થી છે; તે પ્રકારે 'યોગ્યતા' કહીને આપ શું ઠગતા નથી?**

**ઉત્તર :- નહિ, ભાઈ!** તે ઠગ્યા નથી, પણ સર્વજ્ઞપ્રણીત સત્યાર્થ

વસ્તુસ્થિતિ છે. જુઓ! (૨) બે પરમાણુ છે, એક પરમાણુની વર્ણગુણની પર્યાય સો ટકા સફેદ છે અને બીજા પરમાણુની હજાર ગુણી સફેદ છે- તો આપ કહો તેનું શું કારણ છે? પરમાણુ તો શુદ્ધ છે, તેમાં બીજું કોઈ કારણ નથી કહેવામાં આવ્યું; માટે નિશ્ચિત થાય છે કે તેનું કારણ તે સમયની પર્યાયની યોગ્યતા જ છે. (૨) આપની સામે બધા પુદ્‌ગલ સ્કંધ છે, કોઈના રંગગુણની પર્યાય કાળી છે, લીલી છે, પીળી છે, વાદળી છે - તો પ્રશ્ન થાય છે - એમ કેમ? તો આપે કહેવં પડશે કે 'તે સમયની પર્યાયની યોગ્યતા' જ કારણ છે. (૩) જગતમાં જીવ અનંત છે, બધાના ભાવ અલગ-અલગ કેમ છે? આપે કહેવું પડશે — તે સમય પર્યાયની યોગ્યતા જ કારણ છે. (૪) શિક્ષક ક્લાસમાં ૫૦ વિદ્યાર્થીને ભણાવે છે, બધાને એક જેવું જ્ઞાન કેમ નથી થતું? તો આપે કહેવું પડશે કે 'તે સમયની પર્યાયની યોગ્યતા' જ કારણ છે. (૫) સામે લોકાલોક છે; લોકાકનું જ્ઞાન, કેવળીને હોય છે, આપને કેમ નથી થતું? - તો કહેવું પડશે કે 'તે સમય પર્યાયની યોગ્યતા' જ કારણ છે. (૬) ભગવાનની દિવ્યધ્વનિ ખરે છે, શું બધાને એક જેવું જ્ઞાન થાય છે? નહિ; તો અમે પૂછીએ છીએ એમ કેમ છે? જવાબ એ જ હશે 'તે સમયની પર્યાયની યોગ્યતા'જ કારણ છે.

યાદ રાખો :— ખરેખર કોઈ પણ કાર્ય થવામાં કે બગડવામાં 'તે સમયની પર્યાયની યોગ્યતા જ' સાક્ષાત્‌ સાધક છે.

(ઈષ્ટોપદેશ, ગાથા-૩૫ની ટીકા)

**પ્રશ્ન-૭ :- આચાર્યોએ ધવલ શ્લોક, ૧૯૯માં યોગ્યતાના વિષયમાં શું કહ્યું છે?**

**ઉત્તર :-** (૧) દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યમાં ત્રણ કાળની પર્યાયરૂપ પોતપોતાના સમયમાં પરિણમન કરવાની યોગ્યતા છે. (૨)



પર્યાયાર્થિકનયથી દ્રવ્યમાં જે વર્તમાન પર્યાય હોય છે, તે તેરૂપે પરિણમનની યોગ્યતા રાખે છે. (૩) તેનાથી એમ સિદ્ધ થયું વર્તમાન પર્યાય, ભૂત કે ભવિષ્યમાં પરિણમે, એમ નથી બનતું. ભૂતકાળની કોઈ પણ પર્યાય, આગળ-પાછળના કાળમાં થવાની યોગ્યતા નથી રાખતી. ભવિષ્યની પર્યાય, તેના પહેલા થઈ જાય કે પછી થઈ જાય, તેવી યોગ્યતા નથી રાખતી; માટે કોઈપણ દ્રવ્યની કોઈપણ પર્યાયને અનિશ્ચિત માનવી, જિનમતનીી બહાર છે. (૪) આ જીવ આટલો કાળ વીત્યા પછી મોક્ષ જાશે, તેવી નોંધ કેવળજ્ઞાનમાં છે. (શ્રી સમયસાર, કળશટીકા નં.૪ પૃષ્ઠ ૪) (૫) કેવળજ્ઞાન એક જ સમયમાં સર્વ આત્મપ્રદેશોથી સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. (શ્રી પ્રવચનસાર, ગાથા-૪૭નું રહસ્ય)

**પ્રશ્ન-૮ :- યોગ્યતાથી શું સિદ્ધ થયું?**

**ઉત્તર :-** (૧) બોમ પડવો, (૨) ઘણા મનુષ્યોનું એક સાથે મરવું, (૩) એક શરીરમાં રહેનારા નિગોદિયા જીવોનું, બધાનું એક સાથે મરણ થવું, (૪) વિમાનનું તૂટવું, (૫) રોકેટ ઉપર જવું, (૬) નદીનો પ્રવાહ બદલાવો, (૭) ડેમનું બનવું, (૮) કાચા ફળો જલ્દી પાકવા, (૯) પાકા ફળને લાંબા સમય સુધી રાખવા, (૧૦) અકાળમરણ, (૧૧) કર્મનું સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ, સ્થિતિકાંડ, અનુભાગકાંડ વગેરે બધા કાર્યો પોતપોતાના કાર્યકાળમાં જ થાય છે, કેમકે દરેક દ્રવ્યમાં જેટલા-જેટલા ગુણ છે, તે-તે દરેક ગુણમાં ત્રણ કાળ જેટલો સમય છે, તેટલી-તેટલી પર્યાયો છે, તે નિશ્ચિત અને ક્રમબદ્ધ છે, જરા પણ આગળ-પાછળ નથી થતી - એ વાત 'યોગ્યતાથી' સિદ્ધ થાય છે.

**પ્રશ્ન-૯ :- યોગ્યતા શું છે?**

**ઉત્તર :-** ભવિતવ્યતા અથવા નિયતિ, 'તે સમયની પર્યાયની

યોગ્યતા છે' તે ક્ષણિકઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૧૦ :- દ્રવ્યની યોગ્યતા શું છે?**

**ઉત્તર :-** દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્યરૂપ જ રહે છે, ક્યારે બીજા દ્રવ્યરૂપે નથી થતા; માટે દ્રવ્યરૂપ યોગ્યતા, દ્રવ્યરૂપ રહે છે.

**પ્રશ્ન-૧૧ :- ગુણની યોગ્યતા શું છે?**

**ઉત્તર :-** દરેક ગુણ પોતપોતારૂપે જ રહે છે. જેમ જ્ઞાનગુણ, જ્ઞાનગુણરૂપ જ રહે છે; શ્રદ્ધા, ચારિત્રરૂપ નથી થતી; અને પુદ્‌ગલમાં રસગુણ, રસગુણરૂપ જ રહે છે; ગંધ-વર્ણ-સ્પર્શરૂપ નથી થતું - તે ગુણરૂપ યોગ્યતા છે.

**પ્રશ્ન-૧૨ :- પર્યાયરૂપ યોગ્યતા શું છે?**

**ઉત્તર :-** દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે. એક-એક ગુણમાં, જે સમયે જે પર્યાયની યોગ્યતા છે, તે જ થશે; એક સમય પણ આગળ-પાછળ નથી થઈ શકતી. કોઈપણ રીતે તે યોગ્યતાને ટાળવા માટે દેવ, ઈન્દ્ર, જિનેન્દ્રભગવાન પણ સમર્થ નથી. પર્યાયની યોગ્યતા એક સમયમાત્ર જ હોય છે.

**પ્રશ્ન-૧૩ :- ઉપાદાન-ઉપાદેય પ્રકરણમાં કઈ યોગ્યતાની વાત ચાલે છે?**

**ઉત્તર :-** પર્યાયરૂપ યોગ્યતાની વાત ચાલે છે. તે યોગ્યતારૂપ પર્યાય, જાણવાયોગ્ય છે; આશ્રય કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૪ :- યોગ્યતારૂપ પર્યાયને જાણવાથી શું-શું લાભ છે?**

**ઉત્તર :-** (૧) દરેકમાં યોગ્યતારૂપ જે પર્યાય થવાની છે, તે થશે; આગળ-પાછળ નહિ; (૨) પરમાં કરવું-કરાવાની બુદ્ધિનો અભાવ થઈ જાય છે; (૩) દૃષ્ટિ પોતાના સ્વભાવ પર આવી જાય છે અને જૈનદર્શનના રહસ્યનો મર્મી બની જાય છે; (૪) ક્રમથી



મોક્ષનો પથિક બની જાય છે.

**પ્રશ્ન-૧૫ :- પર્યાયરૂપ યોગ્યતા અને દ્રવ્યરૂપ યોગ્યતાના વિષયમાં શું-શું જાણવું જોઈએ?**

**ઉત્તર :-** (૧) પર્યાયરૂપ યોગ્યતા, જ્ઞાયકનું જ્ઞેય છે, જાણવાયોગ્ય છે. (૨) નિજ દ્રવ્યરૂપ યોગ્યતા, આશ્રય કરવાયોગ્ય છે, કેમકે તેના આશ્રયથી જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન-૧૬ :- પર્યાયરૂપ યોગ્યતાને વિશેષરૂપે સમજાવો?**

**ઉત્તર :-** (૧) જેમ, કેરી છે, જ્યારે તેની પાકવાની યોગ્ય અવસ્થા થાય છે, ત્યારે જ થશે; આગળ-પાછળ નહિ થાય. કોઈને .. દઈને પહેલા પકાવી દીધી - એમ નથી. (૨) કેરી ખાટી હતી, મીઠી થઈ ગઈ, જ્યારે તેની મીઠી થવાની યોગ્ય અવસ્થા હતી, ત્યારે જ થઈ; આગળ-પાછળ નહિ અને કોઈના કારણે પણ નહિ. (૩) શરીરમાં બાળપણ, યુવા અવસ્થા, વૃદ્ધાવસ્થા થવાયોગ્ય હોય, ત્યારે થયા છે; કોઈ બાહ્ય સાધનથી કે કોઈ પણ પ્રકારની હેર-ફેર નથી થઈ શકતી. (૪) મહાવીર ભગવાનને ૩૦ વર્ષની ઉંમરે દીક્ષાનો ભાવ આવ્યો; આદિનાથ ભગવાનને ૮૩ લાખ વર્ષ પૂર્વ આયુ પછી દીક્ષાનો ભાવ આવ્યો - તે તેની યોગ્યતા એવી હતી. (૫) મહાવીર ભગવાનને દીક્ષાના બાર વર્ષ પછી કેવળજ્ઞાન થયું અને આદિનાથ ભગવાનને દીક્ષાના એક હજાર વર્ષ પછી કેવળજ્ઞાન થયું; મલ્લિનાથ ભગવાનને દીક્ષા લીધા પછી છ દિવસમાં કેવળજ્ઞાન થયું - તે બધી તે સમયની પર્યાયની યોગ્યતાની વાત છે; તેમાં કોઈનો કાંઈપણ હસ્તક્ષેપ નથી. (૬) બધા દ્રવ્યોમાં જે-જે પર્યાય થાય છે, તે તે સમયની યોગ્યતાને કારણે જ થાય છે. તે વાતને સ્વીકારતા જ દૃષ્ટિ પોતાના ભગવાન આત્મા ઉપર આવી જાય

છે, ત્યારે વાસ્તવમાં યોગ્યતાને માની અને જાણી કહેવાય છે.

**પ્રશ્ન-૧૭ :- યોગ્યતાની વાત, જીવ-પુદ્‌ગલદ્રવ્યોમાં છે કે બધા દ્રવ્યોમાં યોગ્યતાની વાત છે?**

ઉત્તર :- (૧) જીવ અનંત, પુદ્‌ગલ અનંતાઅનંત ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે. આ બધા દ્રવ્યોમાં દરેકમાં અનંત-અનંત ગુણ છે. દરેક ગુણમાં જેટલ ત્રણ કાળના સમય છે, તેટલી જ પર્યાયની યોગ્યતા છે. (૨) તે યોગ્યતા, ક્રમબદ્ધ અને ક્રમનિયમિત છે. તેમાં જરા પણ હેરફેર કોઈ કરી શકતું નથી.

**પ્રશ્ન-૧૮ :- બધા દ્રવ્યોની પર્યાયોની યોગ્યતા ક્રમબદ્ધ અને નિશ્ચિત છે, તેને કોણ જાણે છે?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી લઈને સિદ્ધદશા સુધીના બધા જીવ જાણે છે. જાણવામાં જરા પણ અંતર નથી; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે.

**પ્રશ્ન-૧૯ :- યોગ્યતા, યોગ્યતાની વાત કરે અને આત્માનો આશ્રય ન લે, તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- તે સ્વચ્છંદતાનું સેવન કરનાર, ચાર ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જશે - કેમકે યોગ્યતાને જાણવા-માનવાનું ફળ અને પોતાના સ્વભાવનો આશ્રય લઈને, સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ કરીને ક્રમથી નિર્વાણને પામે છે.

**પ્રશ્ન-૨૦ :- યોગ્યતાથી શું-શું સિદ્ધ થાય છે?**

ઉત્તર :- (૧) જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની યોગ્યતા છે તે જ નિયમથી થાય છે; (૨) પર્યાય થાય છે, તે પોતાના સ્વકાળથી થાય છે; (૩) દરેક પર્યાય પોતાના જન્મક્ષણમાં જ ઉત્પન્ન થાય છે; (૪) જે સમયે જે પર્યાયનો ઉત્પાદ થાશે, તે



સમયે તે થશે; (૫) ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ વગેરે વાતોનો નિર્ણય યોગ્યતાને માનવાથી થાય છે.

**પ્રશ્ન-૨૧ :- યોગ્યતા માનનારને ક્યા-ક્યા પ્રશ્નો ઊપજતા નથી?**

ઉત્તર :- (૧) આનાથી આ થયું; (૨) આ હોય, આ ન હોય; (૩) આમ કેમ? - વગેરે પ્રશ્નો ઊપજતા નથી.

**જય મહાવીર - જય મહાવીર**

(૪)

## કારણ-કાર્ય રહસ્ય

# નિમિત્તકારણ : સ્વરૂપ તથા પ્રયોજન

**પ્રશ્ન-૧ :- નિમિત્તકારણ કોને કહે છે?**

ઉત્તર :- જે પદાર્થ સ્વયં સ્વતઃ કાર્યરૂપે ન પરિણમે, પણ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના પર આરોપ આવે, તે પદાર્થને નિમિત્તકારણ કહે છે. જેમ કે ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર વગેરે નિમિત્તકારણ છે.

**પ્રશ્ન-૨ :- શું નિમિત્ત સાચું કારણ છે?**

ઉત્તર :- નિમિત્ત સાચું કારણ નથી; તે અકારણવત્-અહેતુવત્ છે, કેમકે તે ઉપચારમાત્ર અથવા વ્યવહારમાત્ર કારણ છે.

**પ્રશ્ન-૩ :- નિમિત્તના પર્યાયવાચી નામ બતાવો?**

ઉત્તર :- નિમિત્તમાત્ર, અસર, પ્રભાવ, બલાધાન, પ્રેરક, સહાયક આ બધા શબ્દોનો અર્થ નિમિત્ત છે.

**પ્રશ્ન-૪ :- આપે જે નિમિત્તના પર્યાયવાચી નામો બતાવ્યો, શું બધા શાસ્ત્રોમાં છે?**

ઉત્તર :- શ્રી તત્ત્વાર્થસાર, ત્રીજો અધિકાર, શ્લોક-૪૩માં આવ્યું છે.

**પ્રશ્ન-૫ :- જૈનેન્દ્ર-સિદ્ધાંતકોશ, ભાગ-૨, પૃષ્ઠ-૬૧૦માં નિમિત્તના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા બતાવ્યા છે?**



ઉત્તર :- કારણ; પ્રત્યય; હેતુ; સાધન; સહકારી; ઉપકારી; ઉપગ્રાહક; આશ્રય; આલંબન; અનુગ્રાહક; ઉત્પાદક; કર્તા; હેતુકર્તા; પ્રેરક; હેતુમત; અભિવ્યંજક - તે બધા નિમિત્તના પર્યાયવાચી શબ્દો છે.

**પ્રશ્ન-૬ :- નિમિત્તકારણોના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે (૧) પ્રેરકનિમિત્ત, અને (૨) ઉદાસીનનિમિત્ત.

**પ્રશ્ન-૭ :- પ્રેરકનિમિત્ત કોને કહે છે?**

ઉત્તર :- (૧) ગમનક્રિયાવાળા (આમાં ક્ષેત્રથી ક્ષેત્રાંતર માત્ર જ લેવા છે) જીવ-પુદ્‌ગલ, અને (૨) ઇચ્છા આદિ (ક્રોધ, માન, માયા, લોભ)વાળા જીવ, પ્રેરકનિમિત્ત કહેવાય છે.

**પ્રશ્ન-૮ :- પ્રેરકનો અર્થ શું છે?**

ઉત્તર :- પોતામાં પ્રકૃષ્ટરૂપથી ઈરણ અને પ્રેરણા કરે, તે પ્રેરક છે.

**પ્રશ્ન-૯ :- ઇચ્છાવાળા અને ગમનક્રિયાવાળા જીવોથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- (૧) કોઈ મુનિ છે; તેમને કોઈ ધર્મલોભી જીવને ઉપદેશ દેવાનો વિકલ્પ આવે, તો તે (મુનિ) ઇચ્છાદિવાળા નિમિત્ત કહેવાય, (૨) અરિહંતભગવાન ઇચ્છાદિવાળા નિમિત્ત નથી, પણ ગમનક્રિયાવાળા નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૦ :- સિદ્ધભગવાનને ઇચ્છા નથી અને ગમન પણ નથી, તો સિદ્ધભગવાન ક્યા નિમિત્ત કહેવાશે?**

ઉત્તર :- સિદ્ધભગવાન, ઉદાસીનનિમિત્ત કહેવાશે.

**પ્રશ્ન-૧૧ :- શું પ્રેરકનિમિત્ત, ઉપાદાનમાં કાંઈ કરે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ! પ્રેરકનિમિત્ત, જબરદસ્તી ઉપાદાનમાં

કાર્ય કરી દે છે કે પ્રભાવ પાડી શકે છે - એમ ન સમજવું, કેમકે બંને પદાર્થોનું (ઉપાદાન-નિમિત્તનો) એક-બીજામાં અભાવ છે. પ્રેરકનિમિત્ત, ઉપાદાનને પ્રેરણા નથી કરતું.

**પ્રશ્ન-૧૨ :- ઉદાસીનનિમિત્ત કોને કહે છે?**

ઉત્તર :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળાદિ નિષ્ક્રિય (ગમનક્રિયારહિત) કે રાગરહિત દ્રવ્યોને ઉદાસીનનિમિત્ત કહે છે.

**પ્રશ્ન-૧૩ :- જ્યારે નિમિત્ત, ઉપાદાનમાં કાંઈ કરતું જ નથી, ત્યારે પ્રેરકનિમિત્ત અને ઉદાસીનનિમિત્ત - એવો ભેદ કેમ નાખ્યો?**

ઉત્તર :- નિમિત્તોના ઉપભેદ બતાવવા માટે કોઈ નિમિત્તોને પ્રેરક અને કોઈને ઉદાસીન કહેવામાં આવે છે, પણ સર્વ પ્રકારના નિમિત્ત, ઉપાદાન માટે તો 'ધર્માસ્તિકાયવત્ ઉદાસીન જ છે.' નિમિત્તનું ભિન્ન-ભિન્ન પ્રકારે જ્ઞાન કરાવવા માટે જ, તેના બે ભેદ કહેવામાં આવ્યા છે.

**પ્રશ્ન-૧૪ :- નિમિત્તના બીજા પ્રકારના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે. સદ્‌ભાવરૂપ નિમિત્ત અને અભાવરૂપ નિમિત્ત.

**પ્રશ્ન-૧૫ :- સદ્‌ભાવરૂપ નિમિત્ત અને અભાવરૂપ નિમિત્તથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- સદ્‌ભાવ નિમિત્ત, અસ્તિરૂપ છે અને અભાવરૂપ નિમિત્ત, નાસ્તિરૂપ છે.

**પ્રશ્ન-૧૬ :- સર્વ પ્રકારના નિમિત્ત ધર્માસ્તિકાયવત્ જ છે, એવું ક્યા શાસ્ત્રમાં ક્યા આવ્યું છે?**

ઉત્તર :- 'નાજ્ઞો વિજ્ઞત્વમાયાતિ, વિજ્ઞો નાજ્ઞત્વમૃચ્છતિ।



નિમિત્તમાત્ર મન્યસ્તુ, ગતેધર્માસ્તિકાયવત્।।૩૫।।'

**અર્થાત્ :—** અજ્ઞાની, વિશેષ પ્રકારના જ્ઞાનભાવને પ્રાપ્ત નથી કરતો અને વિશેષ જ્ઞાની, અજ્ઞાનપણાને પ્રાપ્ત નથી કરતો. ગતિને જેમ ધર્માસ્તિકાય નિમિત્ત છે; તેમ અન્ય તો નિમિત્તમાત્ર છે. **(શ્રી ઈષ્ટોપદેશ, શ્લોક-૩૫)**

(૨) ચૈતન્યસ્વભાવના કારણે જાણવા અને દેખવાની ક્રિયાનો જીવ જ કર્તા છે. જ્યાં જીવ છે, ત્યાં ચાર અરૂપી અચેતનદ્રવ્ય પણ છે, તોપણ તે જે પ્રકારે જાણવા અને દેખવાની ક્રિયાના કર્તા નથી; તે પ્રકારે જીવના સંબંધમાં રહેલા કર્મ, નોકર્મરૂપ પુદ્‌ગલ પણ તે ક્રિયાના કર્તા નથી. **(શ્રી પંચાસ્તિકાય, ગાથા-૧૨૨ની ટીકાથી)**

**પ્રશ્ન-૧૭ :- 'કુંભારે ઘડો બનાવ્યો' તેના પર નિમિત્તની પરિભાષા લગાવો?**

ઉત્તર :- કુંભાર પોતે તો ઘડારૂપે પરિણમતો નથી, પણ ઘડાની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જે (કુંભાર) પર આરોપ આવી શકે, તે પદાર્થને (કુંભારને) નિમિત્તકારણ કહે છે.

**પ્રશ્ન-૧૮ :- જીવે કર્મ બાંધ્યું, તેના પર નિમિત્તની પરિભાષા લગાવો?**

ઉત્તર :- જીવ, પોતે તો કર્મબંધરૂપે પરિણમતો નથી, પણ કર્મબંધની અવસ્થામાં અનુકૂળ થવાનો જેના પર (અજ્ઞાની જીવ પર) આરોપ આવી શકે, તે પદાર્થને (અજ્ઞાની જીવને) નિમિત્તકારણ કહે છે.

**પ્રશ્ન-૧૯ :- (૧) સ્ત્રીએ રોટલી બનાવી; (૨) દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિકસમ્યક્ત્વ થયું; (૩) કેવળજ્ઞાનથી કેવળજ્ઞાનાવરણીયનો અભાવ થયો; (૪) મેં સામાન ઉઠાવ્યો;**

(૫) દરજીએ કપડા સીવ્યા; (૬) દિવ્યધ્વનિ સાંભળવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઈ; (૭) જ્ઞેયથી જ્ઞાન થાય છે; (૮) મેં મકાન બનાવ્યું; (૯) ધર્મદ્રવ્ય મને ચલાવે છે; (૧૦) અધર્મદ્રવ્ય મને રોકે છે; (૧૧) આકાશદ્રવ્ય જગ્યા આપે છે; (૧૨) કાળદ્રવ્યે મને પરિણમાવ્યો; (૧૩) જ્ઞાનાવરણીકર્મના ક્ષયોપશમથી જ્ઞાનનો ઉઘાડ થાય છે; (૧૪) હું હસ્યો; (૧૫) હું બોલ્યો; (૧૬) હું ચાલ્યો; (૧૭) મેં કપડા પહેર્યા; (૧૮) મેં પલંગ બનાવ્યો; (૧૯) મેં હલવો બનાવ્યો; (૨૦) હું ઉઠ્યો - વગેરે વાક્યોમાં નિમિત્તની પરિભાષા લગાવીને બતાવો?

ઉત્તર :- (૧) સ્ત્રી પોતે તો રોટલીરૂપે પરિણમતિ નથી, પણ રોટલીની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના પર (સ્ત્રી પર) આરોપ આવી શકે, તે પદાર્થને (સ્ત્રીને) નિમિત્તકારણ કહે છે. તે પ્રમાણે બધા ૧૯ વાક્યો પર પૂર્વ પ્રશ્ન અનુસાર લગાવીને અભ્યાસ કરવો.

પ્રશ્ન-૨૦ :-

'गुरु उपदेश निमित्त बिन, उपादान बलहीन।
ज्यों नर दूजे पाँव बिन, चलवे को आधीन।।'

અર્થાત્ :— ગુરુના ઉપદેશરૂપ નિમિત્ત વિના, ઉપાદાન (શિષ્યાદિ) બળહીન છે, જેમ કે એક પગ વિના, મનુષ્ય ચાલી નથી શકતો? શું તે માન્યતા સાચી છે -

ઉત્તર :- આ માન્યતા સાચી નથી - એમ બતાવવા માટે શ્રીગુરુ દોહાથી ઉત્તર દે છે કે —

'ज्ञान नैन किरिया चरन, दोऊ शिवमग धार।
उपादान निहचै जहाँ, तहाँ निमित्त व्योहार।।'

અર્થાત્ :- સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ નેત્ર અને સ્થિરતારૂપ ચરણ



લીનતારૂપ ક્રિયા - બંને મળીને મોક્ષમાર્ગને જાણો. જ્યાં ઉપાદાનરૂપ નિશ્ચયકારણ હોય છે, ત્યાં નિમિત્તરૂપ વ્યવહારકારણ હોય જ છે.

તાત્પર્ય એ છે કે ઉપાદાન તો નિશ્ચય, એટલે કે સાચું કારણ છે અને નિમિત્ત તો માત્ર વ્યવહાર, એટલે કે ઉપચારકારણ છે; સાચું કારણ નથી; માટે જ તેને અકારણવત્ (અહેતુવત્) કહ્યું છે. તેને ઉપચાર (આરોપિત) કારણ એટલા માટે કહ્યું છે કે તે ઉપદાનમાં કાંઈ કાર્ય કરતું-કરાવતું નથી, તોપણ કાર્યને સમયે તેના પર અનુકૂળતાનો આરોપ આવે છે; તે કારણે તેને ઉપચારમાત્ર કહ્યું છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને ચારિત્રરૂપ લીનતાને મોક્ષમાર્ગ જાણો - એમ કહ્યું, તેમાં શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારનો મોક્ષમાર્ગ ન જાણો, તે વાત આવી જાય છે.

'उपादान निज गुण जहाँ, तहाँ निमित्त पर होय।
भेदज्ञान परमान विधि, बिरला बूझे कोय।।'

અર્થાત્ :— જ્યાં નિજશક્તિરૂપ ઉપાદાન હોય, ત્યાં નિમિત્ત હોય જ છે, તેના દ્વારા ભેદજ્ઞાન પ્રમાણની વિધિ (વ્યવસ્થા) છે. તે સિદ્ધાંત કોઈ વિરલા જ સમજે છે.

જ્યાં ઉપાદાનની યોગ્યતા હોય, ત્યાં નિયમથી નિમિત્ત હોય જ છે. નિમિત્તની પ્રતીક્ષા કરવી પડે - એમ નથી હોતું; અને નિમિત્તને અમે ભેગા કરી શકીએ - એમ પણ કદી નથી હોતું. નિમિત્તની પ્રતિક્ષા કરવી પડે છે કે તેને હું લાવી શકું છું —એવી માન્યતા, પરપદાર્થમાં અભેદબુદ્ધિ, એટલે કે અજ્ઞાનસૂચક છે. ઉપાદાન અને નિમિત્ત, બંને અસહાયરૂપ સ્વતંત્ર છે, તે તેની મર્યાદા છે.

'उपादान बल जहँ तहाँ, नहिं निमित्त को दाव।
एक चक्र सौ रथ चलै, रवि को यहि स्वभाव।।'

અર્થાત્ :— જ્યાં જુઓ ત્યાં ઉપાદાનનું જ બળ છે; (નિમિત્ત હોય છે) પણ નિમિત્તનું (કાર્ય કરવામાં) કોઈ પણ દાવ (બળ) નથી. એક ચક્રથી રવિનો (સૂર્યનો) રથ ચાલે છે, તે તેનો સ્વભાવ છે. (તે પ્રકારે દરેક કાર્ય, ઉપાદાનની યોગ્યતાથી (સામર્થ્યથી) જ થાય છે.)

**પ્રશ્ન-૨૧ :-**

'हौ जाने था एक ही, उपादान सों काज।
थकै सहाई पौन बिन, पानी माँहि जहाज।।'

**અર્થાત્ :— એકલા ઉપાદાનથી કાર્ય થાય છે તો પવનની સહાયતા વિના વહાણ પાણીમાં કેમ નથી ચાલતું?**

ઉત્તર :-

'सधै वस्तु असहाय जहँ, तहँ निमित्त है कौन।
ज्यों जहाज परवाह में, तिरै सहज बिन पौन।।'

**અર્થાત્** :— જ્યાં દરેક વસ્તુ સ્વતંત્રરૂપે પોતાની અવસ્થાને (કાર્યને પ્રાપ્ત કરે છે, ત્યાં નિમિત્ત કોણ છે? જે પ્રકારે વહાણ પ્રવાહમાં સહજ રીતે પવન વિના તરે છે)

આશય એ છે કે જીવ અને પુદ્‌ગલદ્રવ્ય, શુદ્ધ કે અશુદ્ધ અવસ્થામાં સ્વતંત્રરૂપે જ પોતામાં પરિણમન કરે છે. અજ્ઞાની જીવ પણ સ્વતંત્રરૂપે જ નિમિત્તાધિન થઈને પરિણમન કરે છે; કોઈ નિમિત્ત તેને આધિન નથી કરી શકતું.

'उपादान विधि निर्वचन, है निमित्त उपदेश।
बसे जु जैसे देश में, करै सु तैसे भेष।।'

**અર્થાત્** :— ઉપાદાનનું કથન નિર્વચન છે; (એટલે કે એક 'યોગ્યતા' દ્વારા જ થાય છે) ઉપાદાન પોતાની યોગ્યતાથી અનેક પ્રકારે પરિણમન કરે છે, ત્યારે ઉપસ્થિત નિમિત્ત પર જુદા-જુદા



કારણપણાનો આરોપ (વેશ) આવે છે; ઉપાદાનની વિધિ નિર્વચન હોવાથી, નિમિત્ત દ્વારા તે કાર્ય થયું - તેમ વ્યવહારથી કહેવાય છે.

ઉપાદાન જ્યારે જેવું કાર્ય કરે છે, ત્યારે તેવા કારણપણાનો આરોપ (વેશ) નિમિત્ત પર આવે છે; જેમ કોઈ વજ્રકાયવાન મનુષ્ય, સાતમી નરકગતિને યોગ્ય મલીનભાવ ધારણ કરે છે, તો વજ્રકાય ઉપર નરકના કારણપણાનો આરોપ આવે છે, અને જો જીવ મોક્ષને યોગ્ય નિર્મળભાવ કરે છે તો તે વજ્રકાય પર, મોક્ષના કારણપણાનો આરોપ આવે છે. તે પ્રકારે ઉપાદાનના કાર્ય અનુસાર, નિમિત્તમાં કારણપણાનો ભિન્ન-ભિન્ન આરોપ કરવામાં આવે છે. તેનાથી એમ સિદ્ધ થાય છે કે નિમિત્તથી કાર્ય નથી થતું, પણ કથન થાય છે; માટે ઉપાદાન સાચું કારણ છે અને નિમિત્ત, આરોપિતકારણ છે. ખરેખર તો નિમિત્ત એમ પ્રસિદ્ધ કરે છે કે —નૈમિત્તિક, સ્વતંત્ર પોતાને કારણે પરિણમન કરે છે, તો ઉપસ્થિતિ અનુકૂળ બીજી વસ્તુને નિમિત્ત કહેવાય છે.

**પ્રશ્ન-૨૨ :- અમે નિમિત્ત મેળવીએ કે નહિ?**

**ઉત્તર** :- કોઈ પણ કોઈ દ્રવ્યને મેળવી નથી શકતું, કેમકે બધા દ્રવ્યો અલગ-અલગ છે. નિમિત્ત મેળવવાની બુદ્ધિ, મિથ્યાદષ્ટિઓની છે.

**પ્રશ્ન-૨૩ :- અમે નિમિત્તને કેમ ન મેળવી શકીએ?**

**ઉત્તર** :- (૧) નિમિત્ત અને ઉપાદાનનું કાર્ય એક જ સમયનું છે; (૨) નિમિત્ત-નૈમિત્તિકસંબંધ, બે સ્વતંત્ર દ્રવ્યોના એક સમયની પર્યાયમાં જ થાય છે; (૩) છદ્મસ્થ એક સમયની પર્યાય નથી પકડી શકતો; (૪) એક દ્રવ્યની પર્યાય, બીજા દ્રવ્યની પર્યાયમાં અકિંચિત્કર છે; (૫) ક્યા સમયે ક્યા દ્રવ્યનું પરિણમન નથી હોતું?

બધાનું હોય જ છે. માટે નિમિત્ત મેળવવાની બુદ્ધિ અનંત સંસારનું કારણ છે.

**પ્રશ્ન-૨૪ :- નિમિત્તનું જ્ઞાન કેમ કરાવે છે?**

ઉત્તર :- (૧) મિથ્યાદૃષ્ટિઓને અનાદિથી એક-એક સમય કરીને નિમિત્તને આશ્રય માને છે. (૨) નિમિત્ત પરદ્રવ્ય છે, તેનાથી તારે સંબંધ નથી - એવું જ્ઞાન કરીને, સ્વભાવનો આશ્રય લે, તો તારું ભલું થાય. (૩) નિમિત્તનો આશ્રય છોડાવવા માટે, નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. (૪) જ્યાં ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્ત હોય જ છે; માટે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

**પ્રશ્ન-૨૫ :- નિમિત્ત અને ઉપાદાનના વિષયમાં કઈ-કઈ વાતો યાદ રાખવી જોઈએ?**

ઉત્તર :- (૧) જ્યારે તત્ સમયની યોગ્યતાવાળા ક્ષણિકઉપાદાનકારણ હોય છે, ત્યાં નિયમથી ત્રિકાળી ઉપાદાનકારણ; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ અને નિમિત્ત કારણ નિયમથી હોય છે; તેમાંથી કોઈ ન હોય, એમ નથી બનતું. (૨) ઉપાદાનનું કાર્ય, ઉપાદાનથી જ થાય છે, નિમિત્તથી નહિ. (૩) જેટલા પ્રકારના નિમિત્ત છે, તે બધા ઉપાદાન માટે માત્ર દ્રવ્યસમાન જ છે. (૪) જ્યારે ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્ત હોય જ છે - એવી વસ્તુસ્થિતિ છે. (૫) નિમિત્તકારણ, ઉપાદાનને પ્રતિ નિશ્ચયથી (વાસ્તવમાં) અકિંચિત્કર (કાંઈ કરનારા નથી); તેથી તેને નિમિત્તમાત્ર, બલાધાનમાત્ર, સહાયમાત્ર, અહેતુવત્ વગેરે શબ્દો દ્વારા સંબોધિત કરવામાં આવે છે. (૬) કોઈપણ સમયે ઉપાદાનમાં નિમિત્ત કાંઈ પણ નથી કરી શકતું; નિમિત્ત, ઉપાદાનમાં કાંઈ કરે છે - એવી બુદ્ધિ, નિગોદનું કારણ છે. (૭) ઉપાદાનને અનુકૂળ જ ઉચિત નિમિત્તકારણ હોય છે. (૮) નિમિત્તકારણ આવે ત્યારે ઉપાદાનમાં



કાર્ય થાય છે - એવી માન્યતા મિથ્યા છે. (૯) ઉપાદાન-નિમિત્ત બંને એક સાથે પોતપોતાના કારણે હોય છે. (૧૦) કાર્ય, ઉપાદાનથી જ થાય છે; નિમિત્તની અપેક્ષાએ કથન હોય છે - એવું માત્ર જીવ જાણે છે.

**પ્રશ્ન-૨૬ :- અજ્ઞાની શું જોવે છે?**

ઉત્તર :- વિશેષને જોવે છે; સામાન્યને જોતો નથી.

**પ્રશ્ન-૨૭ :- માત્ર વિશેષને દેખવાથી અને સમાન્યને નહિ જોવાથી શું થાય છે?**

ઉત્તર :- આસ્રવ-બંધ કરતો થકો, ચારેય ગતિમાં ફરતો નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૨૮ :- જ્ઞાની શું દેખે છે?**

ઉત્તર :- સામાન્યને દેખે છે.

**પ્રશ્ન-૨૯ :- સામાન્યને જોતા શું થાય છે?**

ઉત્તર :- સંવર-નિર્જરાની પ્રાપ્તિ કરીને, ક્રમથી મોક્ષની પ્રાપ્તિ કરે છે.

**પ્રશ્ન-૩૦ :- નિમિત્ત શું બતાવે છે?**

ઉત્તર :- નિમિત્ત, ઉપાદાનની પ્રસિદ્ધિ કરે છે. જેમ પાણીનો લોટો એમ બતાવે છે કે લોટો તો પિત્તળનો છે; પાણીનો નથી; તે પ્રમાણે નિમિત્ત કહે છે કે જેમ હું કહું છું, તેને જૂઠું માનીને અને ઉપાદાન જે કહે છે, તેને સાચું માનવું. કેમકે હું કોઈને કોઈમાં મેળવીને કથન કરું છું; મારી શ્રદ્ધાથી મિથ્યાત્વ થશે અને ઉપાદાન, કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ નથી કરતું, તેના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે. જ્યાં મારી અપેક્ષા (નિમિત્તની અપેક્ષા)એ કથન કર્યું હોય, તેનો અર્થ 'એમ છે નહિ નિમિત્તાદિની અપેક્ષાએ કથન કર્યું છે' - તેમ જાણવું. નિમિત્ત, પાત્ર જીવને એવું જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન-૩૧ :- ઉપાદાન શું બતાવે છે?**

ઉત્તર :- ઉપાદાન કહે છે કે જે હું કહું છું તેને સત્ય માનવું; નિમિત્તની વાત જૂઠી માનવી, કેમકે હું કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ નથી કરતો; મારા શ્રદ્ધાનથી સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થઈને ક્રમથી મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે અને નિમિત્ત, કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે; તેના શ્રદ્ધાનથી ચારેય ગતિમાં ફરીને નિગોદને પામશે. જ્યાં મારી અપેક્ષા (ઉપાદાનની અપેક્ષા)એ કથન કર્યું હોય તેને 'આમ જ છે' - એવું શ્રદ્ધાન કરવું. એવા પાત્ર જીવને ઉપાદાન, જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન-૩૨ :- અજ્ઞાની કહે છે કે જ્ઞાની, નિમિત્તને નથી માનતા કેમકે તે નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય તેમ નથી માનતા?**

ઉત્તર :- જેમ, અન્ય મતાવલંબી કહે છે કે જૈનમતાવલંબી ઈશ્વરને નથી માનતા, કેમકે તે ઈશ્વરને, ઉત્પન્ન કરનારા, રક્ષા કરનારા, પાપીઓનો નાશ કરનારા નથી માનતાઃ તે પ્રમાણે વર્તમાનમાં દિગંબરધર્મી નામ ધરાવીને કહે છે કે જ્ઞાની નિમિત્તને નથી માનતા; અજ્ઞાનીઓની આ વાત સાચી નથી.

**પ્રશ્ન-૩૩ :- શું ખરેખર જ્ઞાની નિમિત્તને નથી માનતા?**

ઉત્તર :- ખરેખર જ્ઞાની જ નિમિત્તને માને છે, કેમકે જ્ઞાની કહે છે કે નિમિત્ત પોતાનું કાર્ય સો એ સો ટકા પોતામાં કરે છે અને ઉપાદાન, સોએ સો ટકા પોતાનું કાર્ય પોતામાં કરે છે - એવો સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. ખોટી દૃષ્ટિથી શાસ્ત્ર ભણનારા અજ્ઞાની કહે છે કે નિમિત્ત, ઉપાદાનમાં કાંઈ કરે છે - જો એમ માનો તો અમે તમારું નિમિત્તને માન્યું એમ કહીએ.

**પ્રશ્ન-૩૪ :- નિમિત્ત, ઉપાદાનમાં કાંઈ કરે છે - એમ માને તો ક્યો દોષ આવે છે?**



ઉત્તર :- તેણે નિમિત્તને નિમિત્ત ન માનતા, ઉપાદાન માન્યું.

**પ્રશ્ન-૩૫ :- આ જીવ સંસારમાં કેમ ભ્રમણ કરી રહ્યો છે?**

ઉત્તર :- નિમિત્તને નિમિત્ત ન માનતા, નિમિત્તને ઉપાદાન માનીને સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

**પ્રશ્ન-૩૬ :- શું નિમિત્ત નથી?**

ઉત્તર :- (૧) નિમિત્ત છે; (૨) નિમિત્ત જાણવાયોગ્ય છે; (૩) આસ્રવ કરવાયોગ્ય છે.

**પ્રશ્ન-૩૭ :- નિમિત્તનો પ્રભાવ પડે છે તે માન્યતા કોની છે?**

ઉત્તર :- અજ્ઞાની મિથ્યાદૃષ્ટિઓની છે.

**પ્રશ્ન-૩૮ :- આજકાલના પંડિતો કહે છે કે નિમિત્ત વિના કામ નથી થતું; ગુરુ વિના, જ્ઞાન નથી થતું; કર્મનો અભાવ થયા વિના મોક્ષ નથી થતો; શુભભાવ કરે તો ધર્મની પ્રાપ્તિ થાય - શું આ તેમનું કહેવું જૂઠું છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠું છે. કેમકે નિમિત્ત વિના કામ નથી થતું વગેરે માન્યતા અન્યમતોની છે. દિગંબરની આડમાં અન્યમતની પુષ્ટિ કરનારા ચારેય ગતિમાં ફરીને નિગોદને પાત્ર છે.

**પ્રશ્ન-૩૯ :- ઉપાદાન અને નિમિત્ત ક્યા નયનું કથન છે?**

ઉત્તર :- ઉપાદાન, નિશ્ચયનયનું કથન છે અને નિમિત્ત વ્યવહારનયનું કથન છે.

**પ્રશ્ન-૪૦ :- યાદ રાખવાયોગ્ય વાતો કઈ-કઈ છે?**

ઉત્તર :- (૧) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયનો વ્યય થઈને જે

ઉપાદાનરૂપ પર્યાય થાય છે, તે દ્રવ્યમાં થવાયોગ્ય હોયે, તે જ થાય છે; બીજી થતી નથી. (૨) જે સ્વયં પોતે કાર્ય કરવામાં અસમર્થ છે, તેનું પર કાંઈ નથી કરી શકતો અને પોતે પોતાનું કાર્ય કરવામાં સમર્થ છે, તેનું પણ પર કાંઈ નથી કરી શકતું.

**પ્રશ્ન-૪૧ :- મુક્તદશા થતાં અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનું શું નામ છે અને શું તે નિયમથી થાય છે?**

ઉત્તર :- તેનું નામ અયોગીકેવળી ચૌદમું ગુણસ્થાન છે અને તે નિયમથી હોય છે.

**પ્રશ્ન-૪૨ :- કોઈ માત્ર સામાન્ય અંશને જ ઉપાદાન કહે, તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- તે ઉપાદાનનું સ્વરૂપ નહિ જાણનાર વેદાંતમતવાળો છે.

**પ્રશ્ન-૪૩ :- કોઈ માત્ર વિશેષ અંશને જ ઉપાદાન કહે, તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- તે ઉપાદાનનું સ્વરૂપ નહિ જાણનારા બૌદ્ધમતવાળો છે.

**પ્રશ્ન-૪૪ :- ઉપાદાન અને નિમિત્ત કારણ છે કે કાર્ય?**

ઉત્તર :- બંને કારણ છે; કાર્ય નથી.

**પ્રશ્ન-૪૫ :- નિમિત્ત અને નૈમિત્તિક, કારણ છે કે કાર્ય છે?**

ઉત્તર :- નિમિત્ત કારણ છે અને નૈમિત્તિક કાર્ય છે.

**પ્રશ્ન-૪૬ :- પર્યાય, નિયત છે કે અનિયત છે?**

ઉત્તર :- પર્યાય પોતાથી નિયત છે.

**પ્રશ્ન-૪૭ :- પર્યાય, નિયત છે - જરા સ્પષ્ટ કરો?**



ઉત્તર :- ત્રણકાળના જેટલા સમય છે, તેટલી જ એક-એક ગુણની પર્યાયો હોય છે. તેને જરા-પણ આગળ-પાછળ નથી કરી શકાતી, કેમકે એક પર્યાયને આગળ-પાછળ કરવું માને તો ગુણ-દ્રવ્યના નાશનો પ્રસંગ ઉપસ્થિત થશે.

**પ્રશ્ન-૪૮ :- દરેક કાર્ય, ક્રમબદ્ધ અને નિશ્ચિત છે તો નિમિત્ત મેળવવાની વાત ક્યાંથી આવી?**

ઉત્તર :- (૧) જ્યારે નિશ્ચયકારણ ઉપાદાનના કાર્યરૂપ પરિણમવાનો કાળ હોય છે, ત્યારે નિમિત્તની ઉપસ્થિતિ પોતાની જાતે થાય છે - એવો વસ્તુનો સ્વભાવ છે. (૨) જે જીવ, નિમિત્ત મેળવવાના પ્રયત્નમાં લાગ્યો રહે છે, તેને ધર્મની પ્રાપ્તિ નહિ થાય, કેમકે નિમિત્ત મેળવવું પડતું નથી, પણ તે હોય છે. (૩) નિમિત્ત મેળવવાની વાત નિગોદથી (મિથ્યાત્વથી) આવી છે, કેમકે દરેક કાર્ય એક સમય જેટલું હોવાથી તેનું (કાર્યનું) નિમિત્તની સાથે એક સમયનો સંબંધ છે. કાર્ય થયા પહેલા નિમિત્ત કોને કહેવું અને મેળવવું કેવી રીતે?

**પ્રશ્ન-૪૯ :- ઉપાદાન અને નિમિત્તને જાણવાનું ફળ શું આવવું જોઈએ?**

ઉત્તર :- (૧) વ્યવહારથી મોહ છોડવો; (૨) વ્યવહારનયમાં અવિરોધરૂપથી મધ્યસ્થ રહેવું; (૩) ત્રિકાળી ઉપાદાન દ્વારા મોહનો અભાવ કરવો; (૪) હું પરનો નથી, પર મારા નથી - એવો સ્વ-પરનો પરસ્પર સ્વ-સ્વામીસંબંધને ત્યાગવો; (૫) હું એક આત્મા જ છું; અનાત્મા નથી; (૬) પોતાને પોતામાં એકાગ્ર કરવું; (૭) ધ્રુવ માટે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે; (૮) અધ્રુવ શરીરાદિ ઉપલબ્ધ કરવાયોગ્ય નથી; (શ્રી પ્રવચનસાર, ગાથા-૧૯૦ થી ૧૯૩ સુધીના શબ્દોમાં)- તે ફળ આવવું જોઈએ.

**પ્રશ્ન-૫૦ :- ક્યું ઉપાદાનકારણ હોય ત્યારે કાર્યની ઉત્પત્તિ નિયમથી થાય છે.**

**ઉત્તર** :- તે સમયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ હોય, ત્યારે નિયમથી કાર્યની ઉત્પત્તિ થાય જ છે.

**પ્રશ્ન-૫૧ :- પહેલા કારણ કે કાર્ય?**

**ઉત્તર** :- ખરેખર તો સાચા કારણ-કાર્યનો એક જ સમય હોય છે; ત્યારે પહેલા કારણ અને પછી કાર્ય - એ પ્રશ્ન જ નથી.

**પ્રશ્ન-૫૨ :- ઉપાદાન માટે અને નિમિત્ત માટે આચાર્યે ક્યો શબ્દ પ્રયોગ કર્યો છે?**

**ઉત્તર** :- ઉપાદાનને 'અનુરૂપ' અને નિમિત્તને 'અનુકૂળ' શબ્દ કહ્યા છે.

**પ્રશ્ન-૫૩ :- પર્યાયનું કારણ પર તો નથી, પણ દ્રવ્ય પણ કારણ નથી અને અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય પણ કારણ નથી; માત્ર તે સમયની પર્યાયની યોગ્યતા જ કારણ છે - તેની સિદ્ધિ કેવી રીતે થાય?**

**ઉત્તર** :- જુઓ પાથરણું, લાડુ, ચશ્મા, પુસ્તક -એ ચાર પુદ્ગલો છે. તે દરેકમાં વર્ણગુણ છે; બધાની અલગ-અલગ પર્યાયો કેમ છે? વર્ણગુણ તો બધામાં છે; માટે માનવું પડે કે તે સમયની પર્યાયની યોગ્યતા જ કારણ છે.

**પ્રશ્ન-૫૪ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણને જાણવાથી શો લાભ છે?**

**ઉત્તર** :- (૧) જગતમાં જે-જે કાર્ય થાય છે, તે તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ થાય છે; (૨) પર તો તેનું કારણ છે જ નહિ; (૩) દ્રવ્ય પણ તેનું કારણ નથી; (૪) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ પણ સાચું કારણ



નથી; (૫) તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાનકારણ જ સાચું કારણ અને કાર્ય છે - એમ જાણવાથી અનાદિકાળથી પરમાં કર્તા-ભોક્તાની મિથ્યાબુદ્ધિનો અભાવ થઈને, ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૫૫ :- શું નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે છે?**

**ઉત્તર** :- બિલકુલ નથી કરતું, કેમકે બંનેના સ્વચતુષ્ટયો જુદાં-જુદાં છે.

**પ્રશ્ન-૫૬ :- સોનગઢમાં નિશ્ચયની વાત તો ઠીક છે, પણ વ્યવહારની વાત ઠીક નથી - શું એ વાત સત્ય છે?**

**ઉત્તર** :- કોઈ શેઠને એક પુત્ર હતો. તેને યુવાનીમાં વેશ્યા સેવનનું વ્યસન થઈ ગયુ હતું. જ્યારે શેઠે તેના પુત્રને લગ્નની વાત કરી તો તે કહેવા લાગ્યો, હું લગ્ન નહિ કરું. શેઠે વિચાર્યું - એ કેવી રીતે હોઈ શકે? શેઠે સારા ખાનદાનની એક સુંદર કન્યા સાથે તેની સગાઈ કરાવી દીધી. પુત્ર કહે છે કે મારે લગ્ન નથી કરવા, કેમકે હું તેનો ચહેરો જોઈશ તો આંધળો થઈ જઈશ. ત્યારે શેઠે દીકરીવાળાને બોલાવીને કહ્યું કે અમારે ત્યાં છોકરાની આંખ ઉપર પટ્ટી બાંધીને ફેરા થાય છે - એવો રિવાજ છે.

છોકરીવાળા સહમત થઈ ગયા અને લગ્ન થઈ ગયા. છોકરો ઘરમાં આંખ ઉપર પટ્ટી બાંધીને આવે, તરત ચાલ્યો જાય. છોકરી હોશિયાર હતી. તેને ખબર પડી કે તેનો પતિ વેશ્યાગામી છે અને વેશ્યાએ તેને કહ્યું છે કે તું તારી પત્નીનો ચહરો જોઈશ તો આંધળો થઈ જઈશ.

નોંધ :- નિમિત્ત-ઉપાદાન / કારણ-કાર્યનું સાચું સ્વરૂપ સમજવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન ગ્રંથ (૧) વસ્તુવિજ્ઞાનસાર; (૨) મૂળમાં ભૂલ; (૩) સ્વતંત્રતાની ઘોષણા; (૪) સ્વાધીનતાનો શંખનાદનું અધ્યયન કરવું જોઈએ. બધા પુસ્તકો તીર્થધામ મંગલાયતનથી મેળવી શકાશે.

એક દિવસ છોકરીએ તેના પતિનો હાથ પકડીને કહ્યું, તમને ખબર છે કે તમે મને જોશો તો તમે આંધળા થઈ જશો? આપ મારા કહેવાથી એક આંખ ઉપર પટ્ટી બાંધેલી રહેવા દો અને એક આંખથી જ મને જુઓ. તેણે એમ જ કર્યું, પણ આંખ ન ફુટી. ત્યારે તેણે કહ્યું હવે બીજી પર પટ્ટી બાંધી લો અને બીજી આંખથી મને જુઓ, ત્યારે તે પણ ન ફુટી. ત્યારે તેણે કહ્યું - હવે બંને આંખોથી મને જુઓ; ત્યારે તેણે બંને પટ્ટીને ખોલીને જોયું તો આંખો ફૂટી નહિ. પણ વેશ્યાથી દૃષ્ટિ ઉઠી ગઈ; એ પ્રકારે સોનગઢનો નિશ્ચય તો ઠીક છે, તો ભાઈ! ત્યાં જઈને જો કે કેવો વ્યવહાર સોનગઢમાં છે. લાખો રૂપિયાના દાન થાય છે, નામ કોઈ લખાવતું નથી. બે વાર પ્રવચન, પૂજા, ભક્તિ થાય છે. જુઓ! કંદમૂળ કોઈ ખાતું નથી, રાત્રે પાણી નથી પીતા. વધારેપડતા પતિ-પત્ની બ્રહ્મચર્યથી રહે છે. લગભગ ૬૦ બહેનો આજન્મ બ્રહ્મચર્યથી રહે છે. માટે હે ભાઈ! નિશ્ચય તો સોનગઢનું શીખવું પડશે, પણ વ્યવહાર પણ સોનગઢનો જ શીખવો પડશે. જ્યાં વ્યવહારને હેય કહેવાય છે, જુઓ! ત્યાંનો વ્યવહાર કેવો છે! માટે સોનગઢની નિશ્ચયની વાત ઠીક છે અને વ્યવહારની વાત ઠીક નથી, તે વાત બિલકુલ જૂઠી છે.

**પ્રશ્ન-૫૭ :- નિમિત્તકર્તાથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર :-** એણે આમ કર્યું તો આમ થયું - એવી માન્યતા થવી, તે નિમિત્તકર્તાનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૫૮ :- નિમિત્તકર્તાની માન્યતાને ઉદાહરણથી સમજાવો?**

**ઉત્તર :-** (૧) મેં શુભભાવ કર્યો તો જીવ બચી ગયો. (૨) મેં અશુભભાવ કર્યો તો જીવ મરી ગયો. (૩) મેં ગાળ આપી



તો તેને ક્રોધ આવ્યો. (૪) જીવે વિકાર કર્યો તો કર્મબંધ થયું. (૫) મેં ભાવ કર્યા તો આવા-આવા કાર્ય થયા - વગેરે નિમિત્તકર્તાના ઉદાહરણ છે.

**પ્રશ્ન-૫૯ :- નિમિત્તકર્તા માનવાનું શું ફળ છે?**

**ઉત્તર :-** ચારેય ગતિમાં ફરીને નિગોદ, નિમિત્તકર્તાને માનવાનું ફળ છે.

૫

કારણ-કાર્ય રહસ્ય

## નિમિત્ત-નૈમિત્તિકસંબંધ : સ્વરૂપ તેમજ પ્રયોજન

**પ્રશ્ન-૧ :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કોને કહે છે?**

ઉત્તર :- જ્યારે ઉપાદાન સ્વયં પોતે કાર્યરૂપ પરિણમિત થાય છે, ત્યારે ભાવરૂપ (અસ્તિરૂપ) કે અભાવરૂપ (નાસ્તિરૂપ) ક્યા (ઉચિત) યોગ્ય નિમિત્તકારણનો તેની સાથે સંબંધ છે, તે બતાવવા માટે તે કાર્યને નૈમિત્તિક કહે છે; એ પ્રકારે ભિન્ન-ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધોને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહે છે.

**પ્રશ્ન-૨ :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધ શેમાં હોય છે?**

ઉત્તર :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બે સ્વતંત્ર પર્યાયોની વચ્ચે હોય છે.

**પ્રશ્ન-૩ :- શું નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પરતંત્રતાનો સૂચક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પરસ્પર સ્વસંત્રતાના સૂચક છે; પરતંત્રતાનો સૂચક નથી. નૈમિત્તિકની સાથે કોણ નિમિત્તરૂપ પદાર્થ છે, તેનું તે જ્ઞાન કરાવે છે?

**પ્રશ્ન-૪ :- કાર્યને નિમિત્તની અપેક્ષાએ શું કહે છે?**

ઉત્તર :- નૈમિત્તિક કહે છે.



**પ્રશ્ન-૫ :- કાર્યને ઉપાદાનની અપેક્ષાએ શું કહે છે?**

ઉત્તર :- ઉપાદેય કહે છે.

**પ્રશ્ન-૬ :- નિમિત્ત-નૈમિત્તિકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એક જ છે કે જુદાં-જુદાં છે?**

ઉત્તર :- નિમિત્ત-નૈમિત્તિકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદાં-જુદાં છે.

**પ્રશ્ન-૭ :- શું નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એક દ્રવ્યમાં તેના પર્યાયની સાથે હોય છે?**

ઉત્તર :- બિલકુલ નહિ. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બે ભિન્ન-ભિન્ન સ્વતંત્ર પર્યાયોની વચ્ચે હોય છે; એક દ્રવ્યમાં તેની પર્યાયની સાથે નથી હોતું.

**પ્રશ્ન-૮ :- અનેક નિમિત્તકારણોમાં ક્યા-ક્યા ભેદ પડે છે?**

ઉત્તર :- અનેક નિમિત્તકારણોમાં જે મુખ્ય નિમિત્ત હોય, તેને અંતરંગ (નિમિત્ત) કારણ કહેવાય છે અને ગૌણ નિમિત્ત હોય તેને બહિરંગ નિમિત્તકારણ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૯ :- જીવે વિકાર કર્યો તો કર્મબંધ થયો - તેમાં નિમિત્ત-નૈમિત્તિક બતાવો?**

ઉત્તર :- કર્મબંધ, નૈમિત્તિક અને જીવનો વિકાર નિમિત્ત.

**પ્રશ્ન-૧૦ :- 'કર્મબંધ થયો' તેમાં કર્મની કેટલા પ્રકારની દિશાઓ હોય છે?**

ઉત્તર :- પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ અને અનુભાગ - ચાર પ્રકારની દશા હોય છે.

**પ્રશ્ન-૧૧ :- પ્રકૃતિ, પ્રદેશબંધ થયો, તેમાં નિમિત્ત-નૈમિત્તિક કોણ છે?**

ઉત્તર :- પ્રકૃતિ-પ્રદેશબંધ નૈમિત્તિક, અને યોગગુણની વિકારી પર્યાય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૨ :- સ્થિતિ, અનુભાગબંધ થયો, તેમાં નિમિત્ત-નૈમિત્તિક કોણ છે?**

ઉત્તર :- સ્થિતિ-અનુભાગબંધ, નૈમિત્તિક અને કષાયભાવ, નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૩ :- કર્મબંધ થયો, તેમાં અલગ-અલગ નિમિત્ત-નૈમિત્તિક ક્યા પ્રકારે થયા - જરા સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- (૧) પ્રકૃતિ-પ્રદેશબંધ થયો, નૈમિત્તિક અને યોગગુણની વિકારી પર્યાય નિમિત્ત; (૨) સ્થિતિ-અનુભાગબંધ થયો, નૈમિત્તિક અને કષાયભાવ, નિમિત્ત.

કર્મબંધ માટે આત્માના યોગગુણના વિકારીપરિણમનને બહિરંગ નિમિત્તકારણ કહ્યું અને કર્મબંધન માટે જીવના કષાયભાવને અંતરંગ નિમિત્તકારણ કહ્યું પણ કર્મબંધને માટે બંને નિમિત્ત, ધર્મદ્રવ્ય સમાન છે, તોપણ નિમિત્તોની ઓળખાણ કરાવવા સ્પષ્ટ કર્યું છે.

**પ્રશ્ન-૧૪ :- કર્મબંધમાં યોગની વિકારી પર્યાય અને કષાયભાવ કેવા નિમિત્ત છે?**

ઉત્તર :- ખરેખર તો બંને બહિરંગ નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૫ :- આપે કર્મબંધને માટે યોગ અને વિકારી પરિણમનને બરિહંગ નિમિત્ત અને કષાયને અંતરંગ નિમિત્ત કેમ કહ્યું?**

ઉત્તર :- (૧) કષાયની મુખ્યતા બતાવવા માટે, તેને અંતરંગ નિમિત્તકારણ કહ્યું છે અને યોગગુણના વિકારી પરિણમનની ગૌણતા બતાવવા માટે, તેને બહિરંગ નિમિત્તકારણ કહ્યું છે.

**પ્રશ્ન-૧૬ :- કર્મબંધ માટે અંતરંગ અને બહિરંગ**



**નિમિત્તકારણ બતાવવા પાછળ શું રહસ્ય છે?**

ઉત્તર :- (૧) પ્રકૃતિ-પ્રદેશબંધનું નૈમિત્તિકપણું પોતાના ઉપાદાનથી થયું; યોગગુણના વિકારી પરિણમનને કારણે નહિ. યોગગુણમાં વિકારી પરિણમને કારણે પ્રકૃતિ-પ્રદેશબંધનું કાર્ય થયું - એવી શ્રદ્ધા છોડવાની છે. (૨) સ્થિતિ-અનુભાગબંધનું નૈમિત્તિકપણું પોતાના ઉપાદાનથી થયું; કષાયને કારણે નહિ. કષાયનું પરિણમન થવાનું કારણ, કર્મોમાં સ્થિતિ અનુભાગબંધ થયો - એવી શ્રદ્ધા છોડવાની છે.

**પ્રશ્ન-૧૭ :- દર્શનમોહનીયના ઉપશમથી ઔપશમિકસમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ - તેમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવો?**

ઉત્તર :- ઔપશમિકસમ્યક્ત્વની પ્રાપ્તિ, નૈમિત્તિક અને દર્શનમોહનીયનો ઉપશમ નિમિત્ત.

**પ્રશ્ન-૧૮ :- ઔપશમિકસમ્યક્ત્વમાં દર્શનમોહનીયકર્મનો ઉપશમ, નિમિત્ત કહ્યું છે. તે સિવાય બીજા કોઈ નિમિત્ત પણ છે?**

ઉત્તર :- સાચા ગુરુ, બીજું નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯ :- દર્શનમોહનીયનો ઉપશમ અને ગુરુ આ બે ઔપશમિકસમ્યક્ત્વમાં નિમિત્ત થયા, આ બંને નિમિત્તોને શું કહેવામાં આવે છે?**

ઉત્તર :- દર્શનમોહનીયનો ઉપશમ, અંતરંગ નિમિત્ત અને ગુરુ, બહિરંગ નિમિત્ત કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૨૦ :- ગુરુ જે નિમિત્ત છે તેમાં પણ કોઈ ભેદ છે?**

ઉત્તર :- હાં છે; જ્ઞાની ગુરુનો અભિપ્રાય, અંતરંગ નિમિત્ત

અને વાણી, બહિરંગ નિમિત્ત.

**પ્રશ્ન-૨૧ :- અંતરંગનિમિત્ત, બહિરંગનિમિત્ત - તેમ નિમિત્તોના ભેદ કેમ કર્યા?**

ઉત્તર :- (૧) નિમિત્તોના ઉપભેદ બતાવવા માટે ભેદ કર્યા છે. (૨) સમ્યગ્દર્શન પોતાના શ્રદ્ધાગુણના પરિણમનને કારણે થયું છે; (૩) જેટલા પણ નિમિત્ત છે - ચાહે અંતરંગ હોય કે બહિરંગ હોય, તે બધા નિમિત્ત ધર્મદ્રવ્ય સમાનજ છે.

**પ્રશ્ન-૨૨ :- બાઈએ રોટલી બનાવી - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- રોટલી બની, નૈમિત્તિક અને બાઈનો રાગ, નિમિત્ત.

**પ્રશ્ન-૨૩ :- કર્મને કારણે રાગ થયો, - તેમાં નિમિત્ત-નૈમિત્તિક બતાવો?**

ઉત્તર :- રાગ થયો, નૈમિત્તિક અને ચારિત્રમોહનીયકર્મનો ઉદય, નિમિત્ત.

**પ્રશ્ન-૨૪ :- ધોબીએ કપડા ધોયા - તેમાં નિમિત્ત-નૈમિત્તિક બતાવો?**

ઉત્તર :- કપડા ધોવાયા નૈમિત્તિક અને ધોબીનો રાગ નિમિત્ત.

**પ્રશ્ન-૨૫ :- ધર્મદ્રવ્ય, જીવને ચલાવે છે - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- જીવનું ચાલવું નૈમિત્તિક અને ધર્મદ્રવ્ય નિમિત્ત.

**પ્રશ્ન-૨૬ :- (૧) સુથાર રથ બનાવે છે. (૨) હું રોટલી ખાવ છું. (૩) કર્મોના અભાવથી જીવ મોક્ષ જાય છે. (૪) દેહથી સુખ થાય છે. (૫) મેં પથારી કરી. (૬) જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ્ઞાનનો ઉઘાડ થાય છે. (૭) કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે. (૮) દર્શનમોહનીયના ક્ષયથી**



**ક્ષાયિકસમ્યક્ત્વ થાય છે. (૯) મેં પુસ્તક બનાવ્યું. (૧૦) મેં મેજ ઉઠાવી આ દરેકમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ લગાવો?**

ઉત્તર :- રથ બનાવવો નૈમિત્તિક અને સુથારનો રાગ નિમિત્ત. આ પ્રમાણે બાકીના નવ વાક્યોના ઉત્તર જાતે આપો.

**પ્રશ્ન-૨૭ :- સકળચારિત્રની પ્રાપ્તિ થઈ - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- સકળચારિત્ર, નૈમિત્તિક અને અનંતાનુબંધી વગેરે ત્રણ ચોકડીરૂપ દ્રવ્યકર્મનો અભાવ નિમિત્ત.

**પ્રશ્ન-૨૮ :- ઔપશમિકસમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- ઔપશમિકસમ્યક્ત્વ, નૈમિત્તિક અને દર્શનમોહનીયનો ઉપશમ અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ; દ્રવ્યકર્મનો ક્ષયોપશમાદિ નિમિત્ત.

**પ્રશ્ન-૨૯ :- મિથ્યાત્વદશા થઈ - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- મિથ્યાત્વદશા, નૈમિત્તિક અને દર્શનમોહનીયકર્મનો ઉદય, નિમિત્ત.

**પ્રશ્ન-૩૦ :- બારમાં ગુણસ્થાનમાં ક્ષયોપશમદશા છે - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- બારમાં ગુણસ્થાનમાં ક્ષયોપશમદશા નૈમિત્તિક અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયકર્મનો ક્ષયોપશમ, નિમિત્ત.

**પ્રશ્ન-૩૧ :- કેવળજ્ઞાનમાં નિમિત્ત-નૈમિત્તિક કોણ છે?**

ઉત્તર :- કેવળજ્ઞાન, નૈમિત્તિક અને કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૩૨ :- અરિહંતદશામાં સિદ્ધપદ નથી - તેમાં**

**નિમિત્ત-નૈમિત્તિક કોણ છે?**

ઉત્તર :- અરિહંતને સિદ્ધપદ ન હોવું, નૈમિત્તિક અને ચાર અઘાતિકર્મનો ઉદય, નિમિત્ત છે.

**પ્રશ્ન-૩૩ :- સાચા શ્રાવકપણામાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- સાચું શ્રાવકપણું, નૈમિત્તિક અને દર્શનમોહનીયસહિત અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન-ચારિત્રમોહનીયકર્મનો અભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૩૪ :- જીવની વિભાવવ્યંજનપર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક કોણ છે?**

ઉત્તર :- જીવની વિભાવવ્યંજનપર્યાય, નૈમિત્તિક અને શરીર તથા નામકર્મનો સદ્‌ભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૩૫ :- જીવની સ્વભાવવ્યંજનપર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- જીવની સ્વભાવવ્યંજનપર્યાય, નૈમિત્તિક અને શરીર તથા નામકર્મનો અભાવ નિમિત્ત.

**પ્રશ્ન-૩૬ :- શુક્લલેશ્યામાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- શુક્લલેશ્યાનો ભાવ, નૈમિત્તિક અને ચારિત્રમોહનીયકર્મનો મંદ ઉદય, નિમિત્ત.

**પ્રશ્ન-૩૭ :- નોકષાયમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- નોકષાયનો ભાવ નૈમિત્તિક અને ચારિત્રમોહનીયકર્મનો ઉદય નિમિત્ત.

**પ્રશ્ન-૩૮ :- અકષાયભાવમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- અકષાયભાવ, નૈમિત્તિક અને ગુણસ્થાનપ્રમાણ ચારિત્ર મોહનીયકર્મનો અભાવ, નિમિત્ત.



**પ્રશ્ન-૩૯ :- શુક્લધ્યાનમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- શુક્લધ્યાન, નૈમિત્તિક અને સંજ્વલન ચારિત્રમોહનીયકર્મનો ગુણસ્થાન અનુસાર અભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૪૦ :- અવ્યાબાધપ્રતિજીવીગુણ શુદ્ધ થયો - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- અવ્યાબાધ પ્રતિજીવીગુણની શુદ્ધપર્યાય, નૈમિત્તિક અને વેદનીયકર્મનો અભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૪૧ :- અવગાહનપ્રતિજીવીગુણ શુદ્ધ થયો - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- અવગાહનપ્રતિજીવીગુણની શુદ્ધપર્યાય, નૈમિત્તિક અને આયુકર્મનો અભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૪૨ :- અગુરુલઘુત્વપ્રતિજીવીગુણ શુદ્ધ પ્રગટ્યું, તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- અગુરુલઘુત્વપ્રતિજીવીગુણની શુદ્ધપર્યાય, નૈમિત્તિક અને ગોત્રકર્મનો અભાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૪૩ :- સૂક્ષ્મત્વપ્રતિજીવીગુણની શુદ્ધપર્યાય, પ્રગટી, તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- સૂક્ષ્મત્વપ્રતિજીવીગુણની શુદ્ધપર્યાય, નૈમિત્તિક અને નામકર્મનો અબાવ, નિમિત્ત.

**પ્રશ્ન-૪૪ :- પરમ જ્ઞાયકસ્વભાવમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- પરમ જ્ઞાયકસ્વભાવ, નિરપેક્ષસ્વભાવ છે; તેમાં નિમિત્ત-નૈમિત્તિક નથી હોતું, કેમકે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બે સ્વતંત્ર પર્યાયોની વચ્ચે હોય છે.

**પ્રશ્ન-૪૫ :- શું દ્રવ્યકર્મ છે, માટે જીવમાં દોષ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે બંને દ્રવ્યોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદાં-જુદાં છે; માટે દ્રવ્યકર્મ છે તો જીવમાં દોષ થયો એમ નથી.

**પ્રશ્ન-૪૬ :- શું જીવમાં દોષ છે, માટે દ્રવ્યકર્મ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; કેમકે બંને જુદાં-જુદાં પદાર્થ છે.

**પ્રશ્ન-૪૭ :- એવું ક્યું દ્રવ્ય છે, જેની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિકપણું ન હોય?**

ઉત્તર :- એવી કોઈ પણ દ્રવ્યની પર્યાય નથી, કેમકે પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિકપણાનો સ્વભાવ છે અને સ્વભાવનો કદી અભાવ થતો નથી.

**પ્રશ્ન-૪૮ :- જીવની અશુદ્ધદશામાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ શું છે?**

ઉત્તર :- જીવની અશુદ્ધદશા, નૈમિત્તિક અને દ્રવ્યકર્મનો ઉદય, નિમિત્ત.

**પ્રશ્ન-૪૯ :- જીવ-પુદ્ગલની ગતિમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- જીવ-પુદ્ગલનું ગમન થવું, નૈમિત્તિક અને અધર્મદ્રવ્ય નિમિત્ત.

**પ્રશ્ન-૫૦ :- જીવ-પુદ્ગલની સ્થિતિમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- જીવ-પુદ્ગલની સ્થિતિ થવી નૈમિત્તિક અને ધર્મદ્રવ્ય નિમિત્ત.

**પ્રશ્ન-૫૧ :- છ દ્રવ્યોને સ્થાન દેવામાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- છ દ્રવ્યોના પોતપોતાના સ્થાન (ક્ષેત્ર)માં રહેવું



નૈમિત્તિક અને આકાશદ્રવ્ય નિમિત્ત.

**પ્રશ્ન-૫૨ :- છ દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- છ દ્રવ્યોનું પરિણમન, નૈમિત્તિક અને કાળદ્રવ્ય નિમિત્ત.

**પ્રશ્ન-૫૩ :- ક્ષાયિકસમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- ક્ષાયિકસમ્યગ્દર્શન, નૈમિત્તિક અને સાતેય કર્મપ્રકૃતિઓનો અભાવ, અંતરંગનિમિત્ત

**પ્રશ્ન-૫૪ :- રાગાદિનું થવું - તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- રાગાદિ થવા, નૈમિત્તિક અને ચારિત્રમોહનીયનો ઉદય તથા નોકર્મ નિમિત્ત.

**પ્રશ્ન-૫૫ :- છઠ્ઠા ગુણસ્થાનમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- (અ) શુદ્ધપરિણતિ, નૈમિત્તિક અને ત્રણ ચોકડી કષાય કર્મનો અભાવ, નિમિત્ત તથા (આ) શુભભાવ, નૈમિત્તિક અને સંજ્વલન ક્રોધાદિનો તીવ્ર ઉદય, નિમિત્ત.

**પ્રશ્ન-૫૬ :- સાતમા ગુણસ્થાનમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- (અ) રાગનો અવ્યક્તરૂપથી સદ્ભાવ, નૈમિત્તિક અને સંજ્વલન-ક્રોધાદિનો મંદ ઉદય, નિમિત્ત તથા (આ) શુદ્ધોપયોગદશા, નૈમિત્તિક અને ત્રણ ચોકડી તથા સંજ્વલનના તીવ્ર ઉદયનો અભાવ નિમિત્ત.

**પ્રશ્ન-૫૭ :- જીવનો સ્વભાવ, દ્રવ્યકર્મના અભાવરૂપ ક્યારે થાય છે?**

ઉત્તર :- જીવના સ્વભાવમાં, દ્રવ્યકર્મના અભાવના સદ્‌ભાવનો કોઈ સંબંધ નથી કેમકે સ્વભાવ ત્રિકાળ એકરૂપ રહે છે.

**પ્રશ્ન-૫૮ :- મોક્ષમાર્ગમાં પ્રકાશ કોનો છે?**

ઉત્તર :- સંવર-નિર્જરારૂપ નિશ્ચયરત્નત્રયરૂપ જૈનધર્મનો પ્રકાશ છે.

**પ્રશ્ન-૫૯ :- શું ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું કારણ દ્રવ્યકર્મ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે શ્રેણીનું કારણ તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ છે.

**પ્રશ્ન-૬૦ :- એક જીવ અનંતકાળ પહેલા મોક્ષ ગયો અને એક હવે જઈ રહ્યો છે અને બીજા પછીથી જશે - તેનું શું કારણ છે?**

ઉત્તર :- 'તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાન કારણ' છે.

**પ્રશ્ન-૬૧ :- શું જીવની અશુદ્ધતામાં ઉપાદાનકારણ દ્રવ્યકર્મ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે તે સમયની પર્યાયની યોગ્યતા, ક્ષણિકઉપાદાન સાચું ઉપાદાનકારણ છે; દ્રવ્યકર્મ, કારણ નથી.

**પ્રશ્ન-૬૨ :- નિમિત્ત-નૈમિત્તિકનું સ્વરૂપ જાણવામાં કઈ મિથ્યામાન્યતા દૂર થઈ જવી જોઈએ?**

ઉત્તર :- એક-બીજામાં કરવું-કરાવાની અને ભોક્તા-ભોગ્યની માન્યતા નાશ થઈ જવી જોઈએ.

**પ્રશ્ન-૬૩ :- શું કેવળજ્ઞાનીઓને જ પારમાર્થિક સુખ છે?**

ઉત્તર :- હા, કેવળજ્ઞાનીઓને જ પારમાર્થિક સુખ છે - એમ જ્ઞાની જાણે છે.



**પ્રશ્ન-૬૪ :- કેવળજ્ઞાનીઓને જ પારમાર્થિક સુખ છે - એવું ક્યાંય શ્રી પ્રવચનસારમાં આવ્યું છે?**

ઉત્તર :- ગાથા-૬૨માં આવ્યું કે :—

**सूणी घातिकर्म विहीन को सुख, वह सुख उत्कृष्ट है।**

**श्रद्धे न वह अभव्य है अरु भव्य वह सम्मत करे।।**

અર્થાત્ — જેમના ઘાતિકર્મ નાશ થઈ ગયા છે, તેમનું સુખ (બધા) સુખોમાં ઉત્કૃષ્ટ છે. તે સાંભળીને જે શ્રદ્ધા નથી કરતા, તે અભવ્ય છે અને જે તેને સ્વીકારે છે - તેની શ્રદ્ધા કરે છે, તે ભવ્ય છે.

**પ્રશ્ન-૬૫ :- પારમાર્થિકસુખની શરૂઆત ક્યા ગુણસ્થાની થાય છે?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી પારમાર્થિક સુખની શરૂઆત થાય છે. જેમને પારમાર્થિકસુખની શરૂઆત થાય છે, તે અલ્પકાળમાં જ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૬૬ :- જ્ઞાનીઓને સુખ છે અને જ્ઞાન પણ છે - એમ કોણ કહે છે?**

ઉત્તર :- જિન-જિનવર અને જિનવરવૃષભ કહે છે.

**પ્રશ્ન-૬૭ :- જ્ઞાનીઓને જ પારમાર્થિકસુખ છે અને જ્ઞાન પણ છે - એમ જાણીને જ્ઞાની શું કરે છે?**

ઉત્તર :- પોતાના જ્ઞાયકસ્વભાવમાં વિશેષ સ્થિરતા કરીને, અલ્પ કાળમાં જ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૬૮ :- જ્ઞાનીઓને જ પારમાર્થિકસુખ છે અને જ્ઞાન પણ છે; અજ્ઞાનીઓને ન સુખ છે અને ન જ્ઞાન પણ છે - સાંભળી એવા સમ્યક્ત્વની સન્મુખ પાત્ર જીવ શું કરે**

છે?

ઉત્તર :- સમ્યક્ત્વની સન્મુખ પાત્ર જીવ, પોતાના જ્ઞાયકસ્વભાવની શ્રદ્ધા કરીને, ક્રમથી જ્ઞાનીઓની જેમ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૬૯ :- જ્ઞાનીઓને જ પારમાર્થિકસુખ છે અને જ્ઞાન પણ, અજ્ઞાનીઓને ન સુખ છે અને ન જ્ઞાન છે, એમ સાંભળી અપાત્ર અજ્ઞાની શું કરે છે?**

ઉત્તર :- ભગવાનની વાણીનો વિરોધ કરીને, ચારેય ગતિમાં ફરી નિગોદ ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૭૦ :- જ્ઞાનીઓને જ પારમાર્થિકસુખ અને જ્ઞાન કેમ છે?**

ઉત્તર :- જ્ઞાનીને પોતાનું શ્રદ્ધા-જ્ઞાન-આચરણ હોવાથી તથા વસ્તુસ્વરૂપનું જ્ઞાન હોવાથી પારમાર્થિકસુખ અને જ્ઞાન, બંને વર્તે છે.

**પ્રશ્ન-૭૧ :- અજ્ઞાનીઓને પારમાર્થિક સુખ અને જ્ઞાન કેમ નથી?**

ઉત્તર :- અજ્ઞાનીનીઓને પોતાનું શ્રદ્ધા-જ્ઞાન-આચરણ ન હોવાથી તથા વસ્તુસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી પારમાર્થિકસુખ અને જ્ઞાન નથી.

**પ્રશ્ન-૭૨ :- વસ્તુસ્વરૂપ કેવું છે?**

ઉત્તર :- 'અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી, કોઈ કોઈને પરિણમન કરાવવાથી પરિણમતિ નથી થતી' એવું વસ્તુસ્વરૂપ છે.

**પ્રશ્ન-૭૩ :- 'હું સવારે ઊઠીને અહીં આવ્યો' - આ વાક્યમાં વસ્તુસ્વરૂપ (નિમિત્ત-નૈમિત્તિક) ક્યા પ્રકારે છે?**



ઉત્તર :- (અ) હું આત્મા અનાદિ-અનંત જ્ઞાયકસ્વરૂપ, અનંતગુણોનો ધારી અમૂર્તિક પ્રદેશોનો પુંજ છું. મારા આત્માની પોતાની ક્રિયાવતીશક્તિને કારણે ગમનરૂપ પરિણમન થયું, પછી સ્થિરરૂપ પરિણમન થયું. ગમનરૂપ પરિણમનમાં ધર્મદ્રવ્ય, નિમિત્ત છે અને સ્થિરરૂપ પરિણમનમાં અધર્મદ્રવ્ય, નિમિત્ત છે. મારો આત્મા પોતાના અસંખ્યાત પ્રદેશોમાં રહ્યો છે. તેમાં નિમિત્ત, આકાશદ્રવ્ય છે; મારા આત્માના અનંતગુણોમાં નિરંતર પરિણમન તેની યોગ્યતાથી થાય છે, તેમાં નિમિત્ત, કાળદ્રવ્ય છે. (આ) ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, ભાષા અને મનનો મારા આત્માની સાથે માત્ર એકક્ષેત્રાવગાહીસંબંધ છે તથા વ્યવહારનયથી જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે. ખરેખર તો જ્ઞાનપર્યાય, જ્ઞેય અને મારો આત્મા, જ્ઞાયક છે, પણ એ પણ ભેદ છે અને ભેદના લક્ષથી રાગી જીવને રાગની ઉત્પત્તિ થાય છે; તેથી મારો આત્મા જ્ઞાયક, તે જ્ઞાયક જ છે. એ પ્રકારે અભેદના લક્ષથી જીવનું કલ્યાણ થાય છે. માટે મારો આત્મા જ્ઞાયક-જ્ઞાયક.

(ઈ) ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, ભાષા અને મનમાં અનંત પુદ્‌ગલ, પરમાણુ છે. દરેક પરમાણુ પોતપોતાની ક્રિયાવતીશક્તિને કારણે ગમન કરે છે, જેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે; ગમનપૂર્વક થઈને સ્થિર થાય છે, તેમાં અધર્મદ્રવ્ય, નિમિત્ત છે, અને ઔદારિકશરીર વગેરેમાં અનંત પુદ્‌ગલ પરમાણુ પોતપોતાના પ્રદેશમાં અવગાહન કરે છે, તેમાં નિમિત્ત, આકાશદ્રવ્ય છે; ઔદારિક શરીર વગેરેમાં અનંત પુદ્‌ગલ પરમાણુ છે અને દરેક પરમાણુમાં અનંત-અનંત ગુણ છે, તે બધા પોતપોતાની યોગ્યતાથી પરિણમન કરે છે, તેમાં કાળદ્રવ્ય નિમિત્ત છે. તે બધા મૂર્તિકદ્રવ્યોનો પિંડ; પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોથી રહિત; જેનો નવીન સંયોગ થયો છે - એવા

ઔદારિક વગેરે શરીર (પુદ્ગલ) પર છે - એવી વસ્તુસ્થિતિ છે. એવું વસ્તુસ્વરૂપ (નિમિત્ત-નૈમિત્તિક) જાણવા-માનવાથી પાત્ર જીવોની પરમાંથી કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. તે એ બધાના જ્ઞાતા-દૃષ્ટા જ રહે છે. માટે તેને સુખ અને જ્ઞાન પણ પ્રતિ સમય રહે છે અને ક્રમથી મોક્ષરૂપી લક્ષ્મીના નાથ બની જાય છે.

**પ્રશ્ન-૭૪ :- પૂર્વ પ્રશ્ન અનુસાર વસ્તુસ્વરૂપનું જ્ઞાન, એટલે કે નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાનું ફળ, ભગવાને શું બતાવ્યું છે?**

**ઉત્તર** :- 'ભવ બંધન તડ-તડ ટૂટ પડે, ખિલ જાવે અંતર કી કલિયાં', એટલે કે અનાદિનું ભવબંધન નાશ થઈને, ક્રમથી મોક્ષની પ્રાપ્તિ, તેનું ફળ બતાવ્યું છે.

**પ્રશ્ન-૭૫ :- 'હું સવારે ઊઠીને અહીં આવ્યો' અજ્ઞાની તેમાં કેવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માને છે?**

**ઉત્તર** :- 'અજ્ઞાનીની માન્યતામાં, હું આત્મા હતો તો શરીર ઉઠીને આવ્યું કે શરીર હતું તો હું આત્મા આવ્યો.' એ પ્રકારે અનંત પરદ્રવ્યોમાં પોતાપણાની, મમકારપણાની, પરને પોતારૂપ કરવાની, પોતાને પરરૂપ કરવાની મિથ્યાબુદ્ધિ જોવા મળે છે. જેનું ફળ નિગોદ છે, એટલે કે ઉંધો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ માનવાનું ફળ નિગોદ છે.

**પ્રશ્ન-૭૬ :- અજ્ઞાનીનો અજ્ઞાન દૂર કરવાનો ઉપાય ભગવાને શું બતાવ્યો છે?**

**ઉત્તર** :- જેમ કોઈ મોહિત થઈને મડદાને જીવિત માને કે જીવાડવા ચાહે તો પોતે જ દુઃખી થાય છે તથા તેને મડદું માનવું અને તેને જીવાડવાથી જીવશે નહિ - એમ માનવું તે જ દુઃખ દૂર કરવાનો ઉપાય છે. તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિ, પદાર્થોને બીજી રીતે માને કે બીજી રીતે પરિણમિત કરવા ચાહે તો પોતે જ દુઃખી



થાય છે; તેને યથાર્થ માનવું અને તે પરિણમિત કરવાથી બીજી પરિણમિત નથી થતા - એમ માનવું, તે જ તે દુઃખ દૂર થવાનો ઉપાય છે. ભ્રમજનિત દુઃખનો ઉપાય, ભ્રમ દૂર કરવો તે જ છે. તેથી ભ્રમ દૂર થવાથી સમ્યક્શ્રદ્ધાન થાય છે. તે સત્ય ઉપાય ભગવાને બતાવ્યો છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ-૫૨)**

**પ્રશ્ન-૭૭ :- શું અજ્ઞાની, સવારથી સાંજ સુધી દેખાતા પુદ્ગલના કાર્યોનો નિમિત્તકર્તા પણ નથી?**

**ઉત્તર** :- ખરેખર તો સવારથી સાંજ સુધીમાં જેટલા પણ રૂપીપદાર્થોના કાર્યો થાય છે, તેનો કર્તા પુદ્ગલ જ છે. અજ્ઞાની જીવ પણ પુદ્ગલના કાર્યોમાં નિમિત્તકર્તા નથી પણ અજ્ઞાની અજ્ઞાનવશ એમ માને છે કે મેં રોટલી બનાવી, મેં વ્યાપાર કર્યો, હું હસ્યો, હું સૂતો વગેરે વિપરીત માન્યતાઓમાં પાગલ બની ગયો છે. જેનું ફળ પરંપરા નિગોદ છે.

**પ્રશ્ન-૭૮ :- અજ્ઞાની દુઃખી કેમ છે?**

**ઉત્તર** :- જડની ક્રિયાને પોતાની માનવાને કારણે જ દુઃખી છે.

**પ્રશ્ન-૭૯ :- જ્ઞાની સુખી કેમ છે?**

**ઉત્તર** :- જડની ક્રિયાને પોતાની ન માનવાને કારણે જ સુખી છે. પોતાની જ્ઞાનક્રિયા છે - એવી શ્રદ્ધા-જ્ઞાન થવાથી જ જ્ઞાની સુખી છે.

**પ્રશ્ન-૮૦ :- જેટલું જડનું કાર્ય છે - શું તેનો કર્તા-કર્મ અને ભોક્તા-ભોગ્ય જડ જ છે?**

**ઉત્તર** :- હાં, ભાઈ! જડનો કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય સર્વથા જડ જ છે; જીવ નથી.

**પ્રશ્ન-૮૧ :- શું અજ્ઞાની જડના કાર્યોમાં નિમિત્ત પણ નથી?**

ઉત્તર :- અજ્ઞાની, જડના કાર્યમાં નિમિત્ત પણ નથી, પણ જડના કાર્ય હું કરું છું - એવી માન્યતા હોવાથી તે દુઃખી છે.

**પ્રશ્ન-૮૨ :- શું જડના કાર્યમાં જ્ઞાનીનું નિમિત્ત-નૈમિત્તિકપણું નથી?**

ઉત્તર :- નથી, પણ માત્ર જ્ઞેય-જ્ઞાયકપણું વ્યવહારથી છે. એટલે કે જ્ઞાનની પર્યાય, નૈમિત્તિક અને જડપદાર્થની પર્યાય નિમિત્ત છે.

**પ્રશ્ન-૮૩ :- શ્રી મોક્ષમાર્ગપ્રકાશકના ત્રીજા અધિકારમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધના વિષયમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- મોહના આવેશથી તે ઇન્દ્રિયો દ્વારા વિષય-ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે, અને તે વિષયોના ગ્રહણ થવાથી, તે ઇચ્છા મટવાથી નિરાકુળ થાય છે, ત્યારે આનંદ માને છે. જેમ-કૂતરો હાડકું ચાવે છે, તેનાથી પોતાનું લોહી નીકળે છે, તેનો સ્વાદ લઈને એમ માને છે કે તે હાડકાનો સ્વાદ છે. તે પ્રમાણે આ જીવ, વિષયોને જાણે છે, તેમાં પોતાનું જ્ઞાન પ્રવર્તે છે; તેનો સ્વાદ લઈને એમ માને છે કે તે વિષયનો સ્વાદ છે, પણ વિષયમાં તો સ્વાદ નથી. પોતે જ ઇચ્છા કરી હતી, તેને પોતે જ જાણીને પોતે જ આનંદ માની લે છે; પરંતુ હું અનાદિ-અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા છું - એવો નિઃકેવળજ્ઞાનનો (પરથી ભિન્ન પોતાના આત્માનું) તો અનુભવન જ નથી.

**પ્રશ્ન-૮૪ :- (૧) હું સવારે ઉઠ્યો; (૨) હું બોલ્યો; (૩) મેં રોટલી ખાધી; (૪) હું રૂપિયા કમાણો; (૫) મેં જીવોની રક્ષા કરી; (૬) હું બિમાર છું; (૭) હું શાસ્ત્ર પ્રવચન કરું છું; (૮) હું કપડા ધોવ છું; (૯) મેં સિનેમા જોયું; આ વાક્યોને પૂર્વ પ્રશ્નમાં આપેલા ઉત્તર પ્રમાણે સમજાવો?** ●●



## ૬

### કારણ-કાર્ય રહસ્ય

# વ્યાપ્ય-વ્યાપકસંબંધ : સ્વરૂપ તથા પરિજ્ઞાનથી લાભ

**પ્રશ્ન-૧ :- વ્યાપ્ય વ્યાપક કોને કહે છે?**

ઉત્તર :- (૧) જે સર્વ અવસ્થાઓમાં રહે, તે વ્યાપક છે અને એક અવસ્થા વિશેષ, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે.

**પ્રશ્ન-૨ :- વ્યાપ્ય-વ્યાપકના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે??**

ઉત્તર :- વ્યાપ્ય-વ્યાપક કહો, કર્તા-કર્મ કહો, પરિણામી-પરિણામ કહો, ત્રિકાળી ઉપાદાન-ઉપાદેય કહો, એક જ વાત છે.

**પ્રશ્ન-૩ :- દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપક શેમાં છે?**

ઉત્તર :- દ્રવ્ય-ગુણ વ્યાપક છે, અને પર્યાય વ્યાપ્ય છે.

**પ્રશ્ન-૪ :- શું વ્યાપ્ય-વ્યાપકપણું ભિન્ન-ભિન્ન પદાર્થોમાં હોય છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે વ્યાપ્ય-વ્યાપકપણું તત્સ્વરૂપમાં જ, એટલે કે અભિન્ન સત્તાવાન પદાર્થોમાં જ હોય છે. અતત્સ્વરૂપમાં, એટલે કે જેની સત્તા ભિન્ન-ભિન્ન છે - એવા પદાર્થોમાં નથી હોતી.

**પ્રશ્ન-૫ :- વ્યાપ્ય-વ્યાપકને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- સામાન્યમાંથી વિશેષ આવે છે, એટલે કે વ્યાપકમાંથી વ્યાપ્ય આવે છે; પરથી નહિ - એમ જાણવાથી જ્ઞાની થઈ જાય છે અને અનાદિથી પરપદાર્થોમાં જે કર્તા-કર્મ માન્યું હતું, તેનો અભાવ થઈ જાય છે. જગતનો જ્ઞાતા-દૃષ્ટા સાક્ષીભૂત બની જાય છે.

**પ્રશ્ન-૬ :- સમ્યગ્દર્શનનું વ્યાપ્ય-વ્યાપક કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- આત્માનો શ્રદ્ધાગુણ, વ્યાપક અને સમ્યગ્દર્શન વ્યાપ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, દર્શનમોહનીયના ઉપશમાદિ, વ્યાપક નથી.

**પ્રશ્ન-૭ :- કેવળજ્ઞાનમાં વ્યાપ્ય-વ્યાપક કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- આત્માનો જ્ઞાનગુણ, વ્યાપક છે અને કેવળજ્ઞાન વ્યાપ્ય છે. વજ્રવૃષભનારાચસંહનન, જ્ઞાનાવરણીયનો અભાવ, ચોથો કાળ અને શુભભાવ વ્યાપક નથી.

**પ્રશ્ન-૮ :- શું રોટલી વ્યાપ્ય અને બાઈ વ્યાપક ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે લોટ વ્યાપક અને રોટલી વ્યાપ્ય છે.

**પ્રશ્ન-૯ :- જો બાઈને વ્યાપક કહે તો શું થશે?**

ઉત્તર :- બાઈનો નાશ થવાનો પ્રસંગ આવશે. બાઈ, લોટ બની જાય તો એમ કહી શકાય, પણ વ્યાપ્ય-વ્યાપકસંબંધ એક જ દ્રવ્યનું તેની પર્યાયમાં થાય છે; બે દ્રવ્યોમાં નથી થતું.

**પ્રશ્ન-૧૦ :- શું જીવના વિકારીપરિણામ, વ્યાપક અને પુદ્‌ગલના વિકારી પરિણામ (કર્મ), વ્યાપ્ય - તે ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ. કેમકે પુદ્‌ગલના વિકારીપરિણામ વ્યાપ્ય અને કાર્મણવર્ગણા વ્યાપક છે.



**પ્રશ્ન-૧૧ :- કોઈ કહે, અમે તો જીવના વિકારી પરિણામ વ્યાપક અને પુદ્‌ગલકર્મ વ્યાપ્ય - એમ જ માનીશું, તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- જીવના નાશનો પ્રસંગ ઉપસ્થિત થશે. જો જીવ નષ્ટ થઈને કાર્મણવર્ગણા બની જાય તો એમ કહી શકાય છે, પણ એમ બનતું નથી, કેમકે વ્યાપ્ય-વ્યાપકસંબંધ એક દ્રવ્યના તેની પર્યાયમાં જ થાય છે; જુદાં-જુદાં પદાર્થોમાં નથી થતાં.

**પ્રશ્ન-૧૨ :- શું દ્રવ્યકર્મનો ઉદય, વ્યાપક અને સંસાર અવસ્થા, વ્યાપ્ય - ઠીક છે?**

ઉત્તર :- બિલકલુ નહિ, કેમકે સંસાર અવસ્થા વ્યાપ્ય અને જીવ વ્યાપક છે.

**પ્રશ્ન-૧૩ :- કોઈ કહે, અમે તો કર્મનો ઉદય, વ્યાપક અને સંસાર અવસ્થા વ્યાપ્ય - એમ જ માનીએ તો ક્યો દોષ આવશે?**

ઉત્તર :- જીવના નાશનો પ્રસંગ ઉપસ્થિત થશે અને કર્મના ઉદયને જીવ બની જવાનો પ્રસંગ ઉપસ્થિત થશે, પણ એમ બનતું નથી, કેમકે વ્યાપ્ય-વ્યાપકસંબંધ એક જ દ્રવ્યનું તેની પર્યાયમાં થાય છે; જુદાં-જુદાં દ્રવ્યોમાં નથી થતું.

**પ્રશ્ન-૧૪ :- શું દ્રવ્યકર્મનો અભાવ, વ્યાપક અને સંસારનો અભાવ વ્યાપક ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે સંસારનો અભાવ વ્યાપ્ય અને જીવ વ્યાપક છે.

**પ્રશ્ન-૧૫ :- જો દ્રવ્યકર્મનો અભાવ, વ્યાપક અને સંસારનો અભાવ વ્યાપ્ય - એમ જ માને તો ક્યો દોશ આવશે?**

ઉત્તર :- જીવના અભાવનો પ્રસંગ ઉપસ્થિત થશે અને કર્મનો જીવ બની જવાનો પ્રસંગ ઉપસ્થિત થશે, પણ એમ બનતું નથી, કેમકે વ્યાપ્ય-વ્યાપકસંબંધ એક દ્રવ્યનું તેની પર્યાયમાં જ થાય છે; અલગ-અલગ દ્રવ્યોમાં નથી થતાં.

**પ્રશ્ન-૧૬ :- શું હવાનું આવવું, વ્યાપક અને સમુદ્રમાં લહેરો ઉઠવા વ્યાપક - ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે સમુદ્રમાં લહેરો ઉઠવી વ્યાપ્ય અને સમુદ્ર વ્યાપક છે.

**પ્રશ્ન-૧૭ :- કોઈ કહે, હવાનું આવવું વ્યાપક અને સમુદ્રમાં લહેર ઉઠવી વ્યાપ્ય તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- સમુદ્રનો નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે અને વાયુનો નાશ થઈને સમુદ્ર બની જવાનો પ્રસંગ ઉપસ્થિત થશે, પણ એમ નથી બનતું. કેમકે વ્યાપ્ય-વ્યાપકસંબંધ, એક દ્રવ્યનું તેની પર્યાયમાં થાય છે; જુદાં-જુદાં દ્રવ્યોની પર્યાયોમાં નહિ.

**પ્રશ્ન-૧૮ :- શું હવાનું ન વહેવું વ્યાપક અને તરંગ ન ઉઠવી વ્યાપ્ય ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે સમુદ્રમાં તરંગ નહિ ઉઠવી વ્યાપ્ય અને સમુદ્ર વ્યાપક છે.

**પ્રશ્ન-૧૯ :- કોઈ કહે હવા ન ચાલવી, વ્યાપક અને તરંગ ન ઉઠવી વ્યાપ્ય તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- સમુદ્રનો નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય અને હવાનો નાશ થઈને સમુદ્ર બની જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, પણ એમ થતું નથી, વ્યાપ્ય-વ્યાપકસંબંધ, એક દ્રવ્યનું તેની પર્યાયમાં થાય છે; જુદાં-જુદાં દ્રવ્યોની પર્યાયોમાં નહિ.

**પ્રશ્ન-૨૦ :- વિકારીભાવ અહેતકુ છે કે સહેતુક છે?**



ઉત્તર :- ખરેખર તો વિકારીભાવ અહેતુક છે, કેમકે દરેક દ્રવ્યના પરિણામ સ્વતંત્ર છે, અને વિકારીપર્યાયના સમયે નિમિત્ત હોય છે, તે અપેક્ષાએ સહેતુક છે.

**પ્રશ્ન-૨૧ :- વિકારીભાવની અહેતુક કે સહેતુકમાં કોઈ બીજી પણ અપેક્ષા છે?**

ઉત્તર :- વિકારીભાવ, આત્મા સ્વતંત્રતાથી કરે છે, તે પોતાનો હેતુ છે, એ અપેક્ષાએ સહેતુક છે; અને કર્મ સાચો હેતુ નથી, એ અપેક્ષાએ અહેતુક છે.

**પ્રશ્ન-૨૨ :- તમે વિકારીભાવને આત્માનો સ્વભાવ કહો છો અને સ્વભાનો કદી અભાવ નથી થતો; માટે વિકારને કર્મકૃત માનવો જોઈએ - શું તે ઠીક છે?**

ઉત્તર :- (૧) વિકારીભાવ, વ્યાપ્ય, અને દ્રવ્યકર્મ વ્યાપક એમ માને તો એવો વ્યાપ્ય-વ્યાપકસંબંધ નહિ બને, કેમકે વ્યાપ્ય-વ્યાપકસંબંધ, એક દ્રવ્યનું તેની પર્યાયમાં જ હોય છે; જુદાં-જુદાં દ્રવ્યોમાં નથી હોતો; માટે આત્મા વ્યાપક અને વિકારીભાવ વ્યાપ્ય - એમ માનવા યોગ્ય છે. (૨) અમે વિકારને એક સમયનો વિકારીસ્વભાવ કહીએ છીએ; ત્રિકાળીસ્વભાવ નથી કહેતા. (૩) જો જીવ વિકારને એક સમયનો પોતાનો અપરાધ માને, તો ત્રિકાળીસ્વભાવના આશ્રયથી વિકારનો અભાવ કરી શકે છે. (૪) જો વિકારને કર્મકૃત માનવામાં આવે તો જીવ કદી નિગોદથી નહિ નીકળે; જ્યાં જેમ પડ્યો છે ત્યાં જ પડ્યો રહેશે.

**પ્રશ્ન-૨૩ :- શુદ્ધનયની દૃષ્ટિથી રાગાદિકનું વ્યાપ્ય-વ્યાપક કોણ છે?**

ઉત્તર :- રાગાદિભાવ, વ્યાપ્ય અને પુદ્‌ગલ, વ્યાપક છે.

**પ્રશ્ન-૨૪ :- અશુદ્ધનિશ્ચયથી રાગાદિકનું વ્યાપ્ય-વ્યાપક**

કોણ છે?

ઉત્તર :- રાગાદિભાવ, વ્યાપ્ય અને અજ્ઞાની જીવનો ચારિત્રગુણ વ્યાપક છે.

**પ્રશ્ન-૨૫ :- કુંદકુંદ ભગવાને સમયસાર બનાવ્યું - તેમાં વ્યાપ્ય-વ્યાપક બતાવો?**

ઉત્તર :- સમયસાર બનવું વ્યાપ્ય; પુદ્‌ગલરૂપ આહારવર્ગણા વ્યાપક.

**પ્રશ્ન-૨૬ :- હું બોલ્યો - તેમાં વ્યાપ્ય-વ્યાપક બતાવો?**

ઉત્તર :- શબ્દ નીકળવા વ્યાપ્ય અને ભાષાવર્ગણા વ્યાપક છે.

જય મહાવીર - જય મહાવીર



(૭)

## શ્રી સમયસાર, ગાથા-૧૦૦નું રહસ્ય

# આત્મા, નિમિત્ત - નૈમિત્તિકભાવથી પણ...

**પ્રશ્ન-૧ :- શ્રી સમયસાર, ગાથા-૧૦૦ના ચાર બોલ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- (૧) જો આત્મા, વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્યનો કર્તા બને તો તન્મયપણાનો પ્રસંગ ઉપસ્થિત થાય, એટલે કે અભિપ્રાયમાં આત્માના નાશનો પ્રસંગ ઉપસ્થિત થશે; **(પરરૂપપણું)** (૨) જો આત્મા, નિમિત્ત-નૈમિત્તિકભાવથી પરદ્રવ્યનો કર્તા બને તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ ઉપસ્થિત થશે, એટલે કે તેનો સંસાર ત્રણે કાળ કાયમ રહેશે. **(ત્રિકાળ સંસારપણું)** (૩) અજ્ઞાનીના યોગ અને ઉપયોગ, પરદ્રવ્યની પર્યાયના નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા બને છે; **(અજ્ઞાનીપણું)** (૪) જ્ઞાનીના યોગ અને ઉપયોગ, પરદ્રવ્યની પર્યાયના નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા નથી, માત્ર જ્ઞાતા છે. **(જ્ઞાનીપણું)**

**પ્રશ્ન-૨ :- કુંભારે ઘડો બનાવ્યો - શું કુંભાર, વ્યાપક અને ઘડો વ્યાપ્ય તે ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે માટી વ્યાપક અને ઘડો વ્યાપ્ય છે.

**પ્રશ્ન-૩ :- કોઈ ચતુર કહે કે કુંભાર વ્યાપક અને ઘડો**

વ્યાપ્ય તો શું થશે?

ઉત્તર :- જો કુંભાર નાશ પામીને માટી બની જાય તો એમ કહી શકાય છે પણ એમ બની શકતું નથી, કેમકે વ્યાપ્ય-વ્યાપકસંબંધ તત્સ્વરૂપમાં જ હોય છે, અતત્સ્વરૂપમાં નથી હોતું.

**પ્રશ્ન-૪ :- એ ઠીક છે કે વ્યાપ્ય-વ્યાપકસંબંધ તો એક દ્રવ્યનું તેની પર્યાયમાં જ થાય છે પણ ઘડો બન્યો નૈમિત્તિક અને કુંભાર, નિમિત્ત તો છે ને?**

ઉત્તર :- (૧) કુંભાર, નિમિત્ત નથી. જો કુંભાર ઘડાનો નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા બને, તો કુંભારને નિત્યકર્તૃત્વપણાનો પ્રસંગ ઉપસ્થિત થશે, એટલે કે તેનો સંસાર ત્રણે કાળ કાયમ રહેશે, (૨) યાદ રાખો - નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બે દ્રવ્યોની સ્વતંત્ર પર્યાયોની વચ્ચે હોય છે; દ્રવ્ય-ગુણની વચ્ચે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ નથી હોતો. બીજો બોલ, દ્રવ્યની અપેક્ષાએ છે; માટે કુંભાર, નિમિત્ત નથી.

**પ્રશ્ન-૫ :- અમે પણ દ્રવ્ય-ગુણમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ નથી માનતા; માટે આપની વાત ઠીક છે, પણ ઘડો બન્યો, નૈમિત્તિક અને કુંભારનો તે સમયનો રાગ તો નિમિત્ત છે ને?**

ઉત્તર :- (૧) નિમિત્ત તો છે, પણ અજ્ઞાની નિમિત્તકર્તા માને છે અને નિમિત્ત કર્તા માનવાથી, જ્યારે જ્યારે ઘડો બને તો કુંભારે હાજર રહેવું પડે. તે ક્યારેય પોતાના બાળકોને રમાડી નહિ શકે, સ્વર્ગ-મોક્ષમાં પણ નહિ જઈ શકે, એટલે કે તેનો સંસાર ત્રણે કાળ કાયમ રહેશે.

(૨) જેમ ગાયનું માંસ નીકળ્યું હોય તો કાગડો ત્યાં જ બેઠો રહે છે; તેમ અજ્ઞાનીની દૃષ્ટિ નિમિત્તકર્તા પર જ રહે છે. (૩) ખરેખર તો અજ્ઞાની, પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ શાસ્ત્રના



આધારે કહે છે, તેની બુદ્ધિમાં કર્તા-કર્મ બેઠું છે; માટે કહે છે કે એક સમયનું નિમિત્ત તો છે ને!

**પ્રશ્ન-૬ :- અમારી દૃષ્ટિમાં કાંઈ પણ બેઠું હોય અમે તો એમ પૂછીએ છીએ કે ઘડો બન્યો, નૈમિત્તિક અને કુંભારનો તે સમયનો રાગ નિમિત્ત છે ને?**

ઉત્તર :- માનો ઘડો બન્યો ૧૦ નંબર ઉપર; કુંભારનો રાગ પણ ૧૦ નંબર પર; હાથ વગેરેની ક્રિયા પણ ૧૦ નંબર પર; આ ત્રણે અલગઅલગ દ્રવ્યોની સ્વતંત્ર ક્રિયાઓ છે. અજ્ઞાનીને તેની સ્વતંત્રતાની ખબર નથી. (૧) અહીંયાં કુંભારના જ્ઞાનનું કષાયોની સાથે જોડાવું તે ઉપયોગ કહ્યો છે. (૨) અને હાથ વગેરેની ક્રિયાનું મન-વચન-કાયના નિમિત્તથી આત્મપ્રદેશોમાં ચાલવું, તે યોગ છે. (૩) ઘડો બન્યો, તે પરદ્રવ્યની ક્રિયા છે. અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ પરદ્રવ્યની પર્યાયનો નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા બને છે; છે નહિ.

**ચાર્ટમાં જુઓ**

| ત્રિકાળી ઉપાદાન | કુંભારનો ચારિત્ર ગુણ | આહારવર્ગણા નો સ્કંધ | માટી |
|---|---|---|---|
| | ૧<br>૨<br>૩ | ૧<br>૨<br>૩ | ૧<br>૨<br>૩ |
| | ૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૪<br>૫<br>૬<br>૭<br>૮ |
| અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણ | ૯ | ૯ | ૯ |
| તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ | ૧૦ | ૧૦ | ૧૦ |
| (કાર્ય) ઉપાદેય | કુંભાર નો રાગ | હાથ વગેરે ક્રિયા | ઘડો બન્યો |

એ ત્રણે સ્વતંત્રરૂપથી પરિણમન કરતા થકા પોતપોતાના ક્રમકાળે ૧૦ નંબર આવ્યા. અજ્ઞાની કુંભારને એની ખબર નથી; માટે કુંભારનો યોગ અને ઉપયોગ ઘડાની પર્યાયના નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા બન્યા છે.

**પ્રશ્ન-૮ :- અજ્ઞાની કુંભાર, ઘડાની પર્યાયના નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા બને છે. તો શું જ્ઞાની કુંભાર હોય તે સ્વતંત્ર પર્યાયોનો નિમિત્ત-નૈમિત્તિક ભાવથી કર્તા નથી?**



ઉત્તર :- ખરેખર જ્ઞાની તો અસ્થિરતાના રાગનો, હાથ આદિ ક્રિયાનો અને ઘડો બન્યો, તે બધામાં માત્ર વ્યવહારથી જ્ઞાતા છે. કેમકે જ્ઞાની જાણે છે કે બધા દ્રવ્ય પોતપોતાના સ્વરૂપે પરિણમે છે; કોઈ કોઈના પરિણમાવ્યા પરિણમતા નથી.

**ચાર્ટને ધ્યાનથી જુઓ**

| ત્રિકાળી ઉપાદાન | કુંભારનો જ્ઞાનગુણ | કુંભારનો ચારિત્રગુણ | હાથ વગેરે આહારવર્ગણા ના સ્કંધ | માટી |
|---|---|---|---|---|
| | ૧<br>૨<br>૩ | ૧<br>૨<br>૩ | ૧<br>૨<br>૩ | ૧<br>૨<br>૩ |
| | ૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૪<br>૫<br>૬<br>૭<br>૮ |
| અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય-ક્ષણિક ઉપાદાનકારણ | ૯ | ૯ | ૯ | ૯ |
| તે સમયની પર્યાય ની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| (કાર્ય) ઉપાદેય | જ્ઞાન થયું | અસ્થિરતા નો રાગ | હાથ વગેરે ની ક્રિયા | ઘડો બની |

**પ્રશ્ન-૯ :- શું જ્ઞાની કુંભારનો ઘડો બનવામાં નિમિત્ત-નૈમિત્તિકપણું નથી?**

ઉત્તર :- જ્ઞાતાપણું છે; જ્ઞેય-જ્ઞાયકસંબંધ પણ વ્યવહારથી છે, કેમકે જ્ઞાની કુંભાર તો યોગ, હાથ વગેરે ક્રિયાનો; અસ્થિરતાના રાગનો; ઘડા બનવાની ક્રિયાનો; નિમિત્ત-નૈમિત્તિકથી કર્તા નથી; માત્ર જ્ઞાતા છે.

**પ્રશ્ન-૧૦ :- શું જ્ઞાની કુંભાર, જ્ઞાયક અને અસ્થિરતાના રાગ; હાથ વગેરેની ક્રિયા; ઘડ બન્યો, તે બધું જ્ઞેય છે?**

ઉત્તર :- હા, એ બધું વ્યવહારથી જ્ઞાનનું જ્ઞેય છે. ખરેખર તો જ્ઞાનીએ પોતાની જ્ઞાનપર્યાયનું જ્ઞાન કર્યું છે.

**પ્રશ્ન-૧૧ :- આત્મા, જ્ઞાયક અને જ્ઞાનની પર્યાય, જ્ઞેય - તે તો ઠીક છે ને?**

ઉત્તર :- તે પણ વ્યવહારકથન છે; બસ! જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

**પ્રશ્ન-૧૨ :- શ્રી સમયસારની ૧૦૦મી ગાથાના ચાર બોલોનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- (૧) દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય, અન્ય કોઈ દ્રવ્યનો કર્તા નથી. (૨) પણ પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યની પર્યાય, કોઈ સમય, કોઈ અન્ય દ્રવ્યની પર્યાયને નિમિત્ત હોય છે; માટે તે અપેક્ષાએ એક દ્રવ્યનું પરિણામ, અન્યના પરિણામના નિમિત્ત કર્તા કહેવાય છે. (૩) પરમાર્થતઃ દરેક દ્રવ્ય પોતાના જ પરિણામોનો કર્તા છે; અન્યના પરિણામોનો અન્ય દ્રવ્ય, કર્તા નથી.

**પ્રશ્ન-૧૩ :- આ ૧૦૦મી ગાથાના ચાર બોલ સમજાવાનો શો લાભ છે?**

ઉત્તર :- (૧) પરમાં કર્તા-ભોક્તાબુદ્ધિનો અભાવ થઈને, ધર્મની



પ્રાપ્તિ થવી; (૨) પંચ પરાવર્તનનો અભાવ થવો; (૩) મિથ્યાત્વાદી સંસારના પાંચ કારણોનો અભાવ થવો; (૪) પંચમ પારિણામિકભાવનું મહત્ત્વ આવવું; અને (૫) પંચ પરમેષ્ઠીઓમાં ગણતરી થવી - તે લાભ છે.

**પ્રશ્ન-૧૪ :- આ ૧૦૦મી ગાથામાં યોગ અને ઉપયોગ કોને કહ્યા છે?**

ઉત્તર :- (૧) યોગ એટલે કે મન-વચન-કાયના નિમિત્તે આત્મપ્રદેશોનું ચલન; (૨) ઉપયોગ, એટલે કે જ્ઞાનનું કષાયની સાથે ઉપયુક્ત થવું-જોડાવું.

**પ્રશ્ન-૧૫ :- યોગ અને ઉપયોગને તો ઘટાદિક અને દ્રવ્યકર્મના નિમિત્તકર્તા કહેવાય છે, પણ આત્માને તેનો કર્તા કેમ નથી કહેવામાં આવતો?**

ઉત્તર :- (૧) ત્રિકાળી આત્મા, તેનો કર્તા નથી. (૨) જેને સ્વભાવની દૃષ્ટિ થઈ છે, તે જ્ઞાની આત્મા, યોગ-ઉપયોગ અને ઘટાદિક દ્રવ્યકર્મના નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ કર્તા નથી; માત્ર જ્ઞાતા છે; માટે આત્માને તેનો કર્તા નથી કહેવામાં આવતો. (૩) આત્માને સંસારદશામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય છે, પણ કોઈ પણ આત્માને ઘટાદિક અને દ્રવ્યકર્મનો કર્તા તો કોઈ પણ અપેક્ષાએ નથી કહી શકાતો.

**જય મહાવીર - જય મહાવીર**

## (૮)

# શ્રી સમયસાર, કળશ-૨૧૧નું રહસ્ય
# સ્વતંત્રતાની ઘોષણા

**પ્રશ્ન-૧ :- ૨૧૧મો કળશ શું બતાવે છે?**

ઉત્તર :- સ્વતંત્રતાની ઘોષણા કરે છે.

**પ્રશ્ન-૨ :- ૨૧૧મો કળશ તથા તેનો અર્થ બતાવો?**

ઉત્તર :- **ननु परिणाम एव किल कर्म विनिश्चयतः**
**स भवति नापरस्य परिणामिन एव भवेत्।**
**न भवति करत्तृशून्यमिह कर्म न चैकतया**
**स्थितिरिह वस्तुनो भवतुं कर्तृतदैव ततः।।२११।।**

વસ્તુ પોતે જ પોતાના પરિણામની કર્તા છે; તેનું (વસ્તુનું) બીજાની સાથે કર્તા-કર્મપણું નથી. એ વાતને આ કળશમાં ચાર બોલો દ્વારા સમજાવી છે —

(૧) ખરેખર તો પરિણામ જ નિશ્ચયથી કર્મ છે.

(૨) પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનો જ કર્તા થાય છે; અન્યનો નહિ.

(૩) કર્મ, કર્તા વિના નથી હોતો.

(૪) વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.

આ કળશમાં મહાસિદ્ધાંત ભર્યો છે. જગતના જીવ અનંત, પુદ્‌ગલદ્રવ્ય અનંતા અનંત, ધર્મ અધર્મ-આકાશદ્રવ્ય એક-એક અને



લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે; આ બધા દ્રવ્યના સ્વરૂપનો નિયમ શું છે? તે વાત આ કળશમાં સમજાવી છે.

(૧) કોઈ ગાળ દે છે; (૨) ધન ચોરાય જાય છે; (૩) શરીરમાં અનુકૂળતા કે પ્રતિકુળતા થાય છે; (૪) ઘરમાં કોઈનું મૃત્યુ થાય છે; (૫) બાળકો કહેવું નથી માનતા; (૬) દીકરી ભાગી જાય છે; (૭) લાખો રૂપિયાનું લાભ-નુકસાન થાય છે - વગેરે પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ જો ૨૧૧મો કળશ આપણી સામે હશે તો અશાંતિ નહિ આવે, કેમકે જ્ઞાની તો જાણે છે કે 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.'

**પ્રશ્ન-૩ :- ખરેખર તો પરિણામ જ નિશ્ચયથી કર્મ છે - તે સમજાવો?**

ઉત્તર :- પરિણામ, કાર્ય, કર્મ, દશા, હાલત, કંડીશન - તે બધા પર્યાયવાચી શબ્દો છે. પરિણામ, પરિણામીનું જ હોય છે. સૌથી પહેલાં નિર્ણય કરવો જોઈએ - આ શું છે? જેમ કોઈએ કહ્યું - બાઈએ રોટલી બનાવી, તો વિચારો, અહીં કાર્ય શું છે? રોટલી બનવી કાર્ય છે. તે લોટથી જ બની છે. એ પ્રમાણે સંસારમાં જે કાર્ય થાય છે, તે પરિણામીથી થાય છે, એમ જે સમજે તેણે 'ખરેખર પરિણામ જ નિશ્ચયથી કર્મ છે' એમ માન્યું. વાસ્તવમાં પહેલો બોલ સમજવાથી-

(૧) જ્ઞાન થયું, તે જ્ઞાનમાંથી આવ્યું, (૨) સમ્યગ્દર્શન થયું, તે શ્રદ્ધાગુણમાંથી થયું, (૩) દિવ્યધ્વનિ ખરી, તે ભાષાવર્ગણામાંથી ખરી, (૪) રાગ આવ્યો, તે ચારિત્રગુણમાંથી આવ્યો વગેરે વાતોનો નિર્ણય થઈ જાય છે.

**પ્રશ્ન-૪ :- પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ છે; બીજાનું નહિ - તેનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- જે પહેલા બોલમાં ન સમજાયું, તેને વધારે સ્પષ્ટ કરવા માટે આચાર્ય ભગવાને અતિ કૃપા કરી છે. જેમ કે—

(૧) જ્ઞાન થયું, તે જ્ઞાનગુણમાંથી આવ્યું; તે આંખ, કાન, નાક, કર્મના ક્ષયોપશમાદિથી નથી આવ્યું.

(૨) સમ્યગ્દર્શન થયું, તે શ્રદ્ધાગુણમાંથી જ થયું છે; દેવ-ગુરુથી, દર્શનમોહનીયના ઉપશમાદિથી નથી થયું.

(૩) દિવ્યધ્વનિ, ભાષાવર્ગણાથી જ આવી છે; ભગવાનથી નહિ.

(૪) જ્ઞાનગુણમાંથી જ જ્ઞાન આવ્યું છે; ચારિત્ર વગેરે ગુણોથી નથી આવ્યું.

(૫) યથાખ્યાતચારિત્ર પ્રગટ્યું, તે ચારિત્રગુણમાંથી જ આવ્યું છે; જ્ઞાન-શ્રદ્ધા વગેરે ગુણોમાંથી નથી આવ્યું - વગેરે વાતોનું સ્પષ્ટીકરણ બીજા બોલમાં અસ્તિ-નાસ્તિથી સમજાવ્યું છે. તેમાં જે કાર્ય થયું છે તે દ્રવ્યનું જ છે; બીજાનું નથી. એક દ્રવ્યમાં અનંત ગુણ છે; એક ગુણના કાર્ય, બીજા ગુણથી થયા નથી - તે વાત પણ સમજાવી છે. તેનાથી જીવને અનાદિકાળથી પરમાં કર્તા-ભોક્તા બુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૫ :- 'કર્મ, કર્તા વિના નથી હોતું' તેનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- સંસારમાં જે કાર્યો થાય છે, તે કાર્ય, કર્તા વિના નથી થતા; જેમ કે (૧) જ્ઞાન થયું, તે જ્ઞાનગુણ વિના નથી થતું.

(૨) દિવ્યધ્વનિ થઈ, તે ભાષાવર્ગણા વિના નથી થઈ.

(૩) ગાળ, તે ભાષાવર્ગણા વિના નથી થઈ. જે માત્ર પર્યાયને જ માને છે, દ્રવ્યને નથી માનતા, તેને કહ્યું કે 'પર્યાય દ્રવ્ય વિના નથી થતી.' જ્યારે અનાદિ-અનંત કર્તા સ્વયં સ્વતંત્રતાપૂર્વક



પોતપોતાનું કાર્ય કરે છે - એમ જાને-માને, તો તેને તરત ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૬ :- 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી' - તેનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- જે વસ્તુ છે, એક-એક સમય કરીને બદલાવું તેનો સ્વભાવ છે. જેમ કે (૧) હમણાં સુધી આ માણસ મારી પ્રશંસા કરી રહ્યો હતો, એટલામાં નિંદા કેમ કરવા લાગ્યો? અરે ભાઈ! 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.'

(૨) હમણાં થોડું જ્ઞાન હતું, વધારે કેમ થઈ ગયું? 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.'

(૩) પહેલા જ્ઞાન વધારે હતું, હવે ઓછું કેમ થઈ ગયું? અરે ભાઈ! 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.'

(૪) ઈન્દ્રભૂતિ ગૃહીતમિથ્યાદષ્ટિ હતા, તેને ભગવાન મહાવીરના સમવસરણમાં આવવાથી સમ્યગ્દર્શન, મુનિપણું, ગણધરપણું, અવધિ, મનઃપર્યયજ્ઞાન કેવી રીતે થઈ ગયું? અરે ભાઈ! 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.'

(૫) મારીચને ભગવાન આદિનાથના સમવસરણમાં સમ્યક્ત્વ ન થયું, સિંહપર્યાયમાં કેવી રીતે થઈ ગયું? અરે ભાઈ! 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.' જીવ એમ જાણે તે નિયમથી વિકારનો અભાવ થઈને, ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય જ છે.

**પ્રશ્ન-૭ :- કળશ-૨૧૧ના ચાર બોલ સમજનારા જીવને કેવા-કેવા ભાવ એકત્વબુદ્ધિપૂર્વક નથી આવતા?**

ઉત્તર :- (૧) આમ કેમ, (૨) આનાથી આ, (૩) આ હોય, આ ન હોય વગેરે પ્રશ્ન ઉપસ્થિત નથી થતાં, ન એવા ભાવ એકત્વબુદ્ધિપૂર્વક આવે છે. જ્ઞાની તો બધાનો જ્ઞાતા છે કેમકે તે

જાણે છે કે 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.'

**પ્રશ્ન-૮ :- 'આમ કેમ' એવા પ્રશ્ન માને જ્ઞાનસ્વભાવમાં સ્થાન કેમ નથી?**

ઉત્તર :- (૧) એક મનુષ્ય, બીજા મનુષ્યની નિંદા કરી રહ્યો હતો, એકાએક તેની પ્રશંસા કરવા લાગ્યો.

(૨) પાર્શ્વનાથ ભગવાનનો જીવ, હાથીની પર્યાયમાં પાગલ બનીને ફરતો હતો, તેની તે પર્યાયમાં તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. અજ્ઞાની હોવાથી એમ લાગે છે કે 'આમ કેમ' પણ જ્ઞાતાસ્વભાવને જાણનાર જ્ઞાનીને આ પ્રશ્ન નથી થતો કેમકે 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.' અને પરિણામ, પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ.

**પ્રશ્ન-૯ :- નિંદા કે ગાળના શબ્દ સાંભળીને અજ્ઞાનીને અને જ્ઞાનીને કેવા-કેવા ભાવ થાય છે?**

ઉત્તર :- 'કોઈએ ગાળ આપી.' (૧) જ્ઞાની તો જાણે છે 'ગાળ તો માત્ર શબ્દોની અવસ્થા છે.' અમુક-અમુક અક્ષરોના મળવાથી ગાળરૂપ શબ્દ બને છે, તે કોઈ નિંદા નથી. અજ્ઞાની એમ માને છે કે 'આ મારી નિંદા થઈ.' એ તેની માન્યતાનો દોષ છે અને તે માન્યતા જ દુઃખનું કારણ છે.

(૨) જ્ઞાની જાણે છે - જીવ, ચેતન હોવાથી જડ શબ્દોની અવસ્થા કરી જ નથી શકતા કેમકે શબ્દ, ભાષાવર્ગણાનું જ કાર્ય છે. અજ્ઞાની જીવ પણ નિંદાના શબ્દોને તો પરિણમન કરાવી નથી શકતું, પણ તે ગાળ દેવાનો દ્વેષભાવ કરે છે અને તે માત્ર દ્વેષભાવ થી જ દુઃખી થઈ રહ્યો છે.

**પ્રશ્ન-૧૦ :- 'કોઈએ ગાળ આપી' - તેમાં આમ કેમ? એ અપેક્ષાએ જ્ઞાની શું વિચારે છે?**

ઉત્તર :- (૧) જ્ઞાની જાણે છે — સામેનો જીવ નિંદાના



શબ્દોનું પરિણમન કરાવી નથી શકતો, કેમકે નિંદાના શબ્દોનો કર્તા, ભાષાવર્ગણા છે અને દ્વેષભાવનો કર્તા, અજ્ઞાનીનો ચારિત્રગુણ છે, માટે (બીજા જીવ પર) ક્રોધ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

(૨) સામેનો જીવ, મારા અરૂપી જ્ઞાયકસ્વભાવી આત્માને જોઈ નથી શકતો; માટે જ્યારે તે જોઈ નથી શકતો તો તેણે મને કાંઈ કહ્યું જ નથી. અજ્ઞાની તો શરીર અને નામને ઉદ્દેશ કરીને નિંદા કરે છે પણ જ્ઞાની વિચારે છે — શરીર અને નામ તો મારા છે જ નહિ; શરીર અને નામ તો મારાથી પર છે; માટે જ્ઞાનીને દુઃખ નથી. શરીર અને નામ પોતાના નહિ હોવા છતાં, તેને પોતાના માનવારૂપ ભૂલ, અજ્ઞાની જીવ કરે છે, તે જ તેના દુઃખનું કારણ છે.

(૩) જે સમયે આ જીવના જ્ઞાનનો ઉઘાડ નિંદાના શબ્દોના જ્ઞાન કરવારૂપ થાય છે, તે સમયે તે શબ્દો જ સામે જ્ઞેયરૂપ હોય છે - એમ જ્ઞાની જાણે છે પણ અજ્ઞાની વિચારે છે કે મારી નિંદા ન થાય, એટલે કે અવ્યક્તરૂપથી એમ માને છે કે નિંદાના શબ્દોની જ્ઞાનપર્યાય મને ન હોય. જ્ઞાનપર્યાય તો જ્ઞાનગુણની છે; એટલે કે મારો જ્ઞાનગુણ મને ન હો - એમ માન્યું. જ્ઞાનગુણ, આત્માનો છે, એટલે કે મારો આત્મા મને ન હો એમ માન્યું. એવી માન્યતાવાળા જીવ આત્મઘાતી મહાપાપી છે.

એનાથી સિદ્ધ થયું, સામેનો જીવ, મારી નિંદા કરે છે - એમ કેમ? આવા પ્રશ્નનો જ્ઞાનસ્વભાવને જાણનારા માટે સ્થાન જ નથી. એ પ્રમાણે સમજીને જ્ઞાતાસ્વભાવી બનીને કળશ-૨૧૧નો મર્મ સમજી, સુખી રહેવું તે જ્ઞાનીનું કાર્ય છે કેમકે જ્ઞાની જાણે છે કે વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી અને પરિણામ, પરિણામીનું જ હોય છે; બીજાનું નહિ.

**પ્રશ્ન-૧૧ :- 'આનાથી આ' શું એવો પ્રશ્ન પણ**

**જ્ઞાનસ્વભાવી જ્ઞાનીને નથી ઉઠતો?**

**ઉત્તર :-** જેમ, હજાર રૂપિયા ખોવાઈ ગયા - અજ્ઞાની એમ માને છે કે મારા રૂપિયા ગયા; માટે મને દુઃખ થાય છે. ખરેખર તો રૂપિયા ખોવાઈ જવાને કારણે દુઃખ નથી, પણ 'મારા ખોવાઈ ગયા' - એ માન્યતા દુઃખનું કારણ છે. જ્ઞાની તો વિચારે છે કે રૂપિયા ગયા, તે તો પુદ્‌ગલની ક્રિયાવતીશક્તિને કારણે ગયા છે. તેના જવાને કારણે મને દુઃખ છે જ નહિ. હું તો સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવી આત્મા છું. માટે સ્વના જ્ઞાનના સમયે, રૂપિયા ખોવાઈ જવારૂપ પુદ્‌ગલની અવસ્થા થઈ, તેનો તો હું માત્ર પરજ્ઞેયરૂપથી જાણનાર છું, એમ જાણવાથી જ્ઞાનીને દુઃખ નથી થતું. એથી સિદ્ધ થાય છે કે પરને કારણે આત્મામાં કાંઈ પણ નથી થઈ શકતું. પછી 'આનાથી આ'નો પ્રશ્ન જ્ઞાનીને નથી ઉઠતો; માત્ર અજ્ઞાનીને જ ઉઠે છે. જ્ઞાની તો જાણે છે કે 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.' પરિણામ, પરિણામીનું જ હોય છે, બીજાનું નહિ.

**પ્રશ્ન-૧૨ :- 'આ હોય, આ ન હોય' - શું એવો પ્રશ્ન પણ જ્ઞાનસ્વભાવી જ્ઞાનીને નથી થતો?**

**ઉત્તર :-** (૧) સંસારમાં મારા મિત્રો જ હોય, કોઈ દુશ્મન ન હોય.

(૨) સદાય જ્ઞાની જ હોય, અજ્ઞાની ન હોય.

(૩) મારી અનુમોદના કરનારા હોય, વિરોધ કરનારા ન હોય.

(૪) સારું જ થાય, ખરાબ ન થાય. એવું અજ્ઞાની માને છે પણ એવું કદી થઈ નથી શકતું, કેમકે બધા પદાર્થ સત્‌ છે, દરેક પદાર્થ કાયમ રહીને પલટવાનો જ તેનો સ્વભાવ છે, કેમકે 'વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.' - એમ માનનારા જ્ઞાની જીવને 'આ હોય અને આ ન હોય' એવો પ્રશ્ન થતો નથી. જ્ઞાની તો સમજે



છે કે સંસારમાં સંપૂર્ણ પદાર્થ સત્‌ છે તથા સદા કાળ કાયમ રહીને પલટવાનો તેનો સ્વભાવ છે. પછી અમુક જ્ઞેય હોય અને અમુક ન હોય - એવો ભેદ પાડવો, તે જ્ઞાનસ્વભાવમાં નથી. માટે જ્ઞાની તો બધાનો જ્ઞાતા જ રહે છે કેમકે તે 'સત્‌ દ્રવ્ય લક્ષણમ્‌' 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્‌'ના રહસ્યને જાણે છે અને ભગવાન અમૃતચંદ્રાચાર્ય રચિત કળશ-૨૧૧ના ચાર બોલોને જાણે છે કે -

(૧) ખરેખર પરિણામ જ નિશ્ચયથી કર્મ છે.

(૨) પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ છે; બીજાનું નથી.

(૩) કર્મ, કર્તા વિના નથી હોતું.

(૪) વસ્તુની એકરૂપ સ્થિતિ નથી રહેતી.

માટે જ્ઞાનીને (૧) આમ કેમ, (૨) આનાથી આ, (૩) આ હોય, આ ન હોય - એવા પ્રશ્નો ઉપસ્થિત થતા નથી. તે તો સિદ્ધભગવાનની સમાન જ્ઞાતા-દૃષ્ટા રહે છે. જાણવામાં વિરૂદ્ધતા નથી; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. એવું જ્ઞાનસ્વભાવીનું રહસ્ય બતાવનારા જિન, જિનવર અને જિનવરવૃષભોને વારંવાર નમસ્કાર.

પરિશિષ્ટ પ્રવચન

## સ્વતંત્રતાની ઘોષણા

કર્તા-કર્મસંબંધી ભેદજ્ઞાન કરાવતા આચાર્યદેવ કહે છે કે વસ્તુ પોતે પોતાના પરિણામની કર્તા છે; બીજાની સાથે તેને કર્તાકર્મનનો સંબંધ નથી. એ સિદ્ધાંતને આચાર્યદેવે સમયસાર કળશ-૨૧૧માં આ પ્રકારે સમજાવ્યો છે —

(नर्दटक छन्द)

ननु परिणाम एव किल कर्म विनिश्चयतः
स भवति नापरस्य परिणामिन एव भवेत्।
न भवति करत्तृशून्यमिह कर्म न चैकतया
स्थितिरिह वस्तुनो भवतुं कर्तृतदैव ततः।।२११।।

એટલે કે, ખરેખર તો પરિણામ જ નિશ્ચયથી કર્મ છે અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનો જ કર્તા છે; બીજાનો નહિ (કેમકે પરિણામ પોતપોતાના દ્રવ્યને આશ્રયે છે; અન્યના પરિણામ, અન્યના આશ્રયે નથી હોતા) અને કર્મ, કર્તા વિના નથી હોતા તથા વસ્તુની એકરૂપ (કૂટસ્થ) સ્થિતિ નથી હોતી. (કેમકે વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યત્વ, બાધાસહિત છે); માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે.

(આ કળશમાં સ્વતંત્રતાના સિદ્ધાંતને પ્રતિપાદિત કરનારા ચાર બોલ આ પ્રમાણે છે -)

૧. પરિણામ એટલે કે પર્યાય તે જ કર્મ એટલે કાર્ય છે.

૨. પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ હોય છે, બીજાના નથી હોતા, કેમકે પરિણામ પોતપોતાના આશ્રયભૂત પરિણામી (દ્રવ્ય)ના આશ્રયે હોય છે, અન્યના પરિણામ અન્યના



આશ્રયે હોતા નથી.

૩. કર્તા વગર કર્મ હોતું નથી; એટલે કે પરિણામ વસ્તુ વગર હોતા નથી.

૪. વસ્તુની સદા એક સમાન સ્થિતિ રહેતી નથી, કેમકે વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે.

આ રીતે, આત્મા અને જડ બધીયે વસ્તુઓ પોતે જ પોતાના પરિણામસ્વરૂપ કર્મની કર્તા છે - એ વસ્તુસ્વરૂપનો મહા સિદ્ધાંત આચાર્યદેવે સમજાવ્યો છે.

જુઓ! આમાં વસ્તુસ્વરૂપને ચાર બોલથી સમજાવ્યા છે. આ જગતમાં છ વસ્તુઓ છે - આત્મા અનંત; પુદ્‌ગલપરમાણુ અનંતા અનંત; ધર્મ, અધર્મ અને આકાશ એક-એક અને કાળ અસંખ્યાત. આ છએ પ્રકારની વસ્તુઓ અને તેના સ્વરૂપનો વાસ્તવિક નિયમ શું છે? સિદ્ધાંત શું છે? તેને અહીંયાં ચાર બોલમાં સમજાવવામાં આવ્યો છે.

**(૧) પરિણામ જ કર્મ છે.**

'**ननु परिणाम एव किल कर्म विनिश्चयतः**' એટલે કે પરિણામી વસ્તુના જે પરિણામ છે, તે જ નિશ્ચયથી તેનું કર્મ છે. કર્મ એટલે કાર્ય; પરિણામ એટલે અવસ્થા. પદાર્થની અવસ્થા જ ખરેખર તેનું કર્મ/કાર્ય છે. પરિણામી એટલે અખંડ વસ્તુ; તે જે ભાવથી પરિણમન કરે, તે ભાવને પરિણામ કહે છે. પરિણામ કહો, કાર્ય કહો, પર્યાય કહો કે કર્મ કહો - તે બધા શબ્દ વસ્તુના પરિણામના પર્યાયવાચી જ છે.

જેમકે આત્મા જ્ઞાનગુણસ્વરૂપ છે; તેનું પરિણમન થતાં જે જાણવાની પર્યાય થઈ, તે તેનું કર્મ છે - વર્તમાન કર્મ છે. રાગ કે શરીર તે કોઈ જ્ઞાનનું કાર્ય નથી, પણ 'આ રાગ છે, આ શરીર

છે' એમ તેને જાણનારું જે જ્ઞાન છે, તે આત્માનું કાર્ય છે. આત્માના પરિણામ, તે આત્માનું કાર્ય છે અને જડના પરિણામ; એટલે કે જડની અવસ્થા તે જડનું કાર્ય છે. આ પ્રકારે એક બોલ પૂર્ણ થયો.

**(૨) પરિણામ વસ્તુનું જ હોય છે, બીજાનું નહિ.**

હવે, આ બીજા બોલમાં કહે છે કે જે પરિણામ થાય છે, તે પરિણામી પદાર્થનું જ થાય છે, તે બીજા કોઈને આશ્રયે થતું નથી. જેમકે સાંભળતી વખતે જે જ્ઞાન થાય છે, તે કાર્ય છે-કર્મ છે. તે જ્ઞાન કોનું કાર્ય છે? તે જ્ઞાન શબ્દોનું કાર્ય નથી પણ પરિણામી વસ્તુ જે આત્મા છે, તેનું જ તે કાર્ય છે. પરિણામી વગર પરિણામ હોય નહિ.

આત્મા, પરિણામી છે, તેના વગર જ્ઞાનપરિણામ નથી હોતું - એ સિદ્ધાંત છે પણ વાણી વગર જ્ઞાન ન થાય - એ વાત સાચી નથી. શબ્દ વગર જ્ઞાન ન થાય - એમ નથી, પણ આત્મા વગર જ્ઞાન ન થાય - એમ છે. આ રીતે પરિણામી આત્માના આશ્રયે જ જ્ઞાનાદિ પરિણામ છે.

જુઓ, આ મહા સિદ્ધાંત છે; વસ્તુસ્વરૂપનો અબાધિત નિયમ છે.

પરિણામીના આશ્રયે જ તેના પરિણામ થાય છે. જાણનાર આત્મા તે પરિણામી છે, તેના આશ્રયે જ જ્ઞાન થાય છે; તે જ્ઞાનપરિણામ આત્માના છે, વાણીના નહિ. જ્ઞાન પરિણામ, વાણીના રજકણોના આશ્રયે નથી થતા, પણ જ્ઞાનસ્વભાવી આત્મવસ્તુના આશ્રયે (તે પરિણામ) થાય છે. આત્મા ત્રિકાળ સ્થિત રહેનાર પરિણામી છે, તે પોતે રૂપાંતર થઈને નવી-નવી અવસ્થાઓને ધારણ કરે છે. જ્ઞાન-આનંદ વગેરે જે તેના વર્તમાનભાવ છે, તે તેના પરિણામ છે.



'પરિણામ' પરિણામીના જ છે; બીજાના નથી - એમાં જગતના બધા પદાર્થોના નિયમ આવી જાય છે. પરિણામ પરિણામીના જ આશ્રયે હોય છે. જ્ઞાનપરિણામ આત્માના આશ્રયે છે, ભાષા આદિને આશ્રયે નથી; માટે તેમાં પર સામે જોવાનું ન રહ્યું, પણ પોતપોતાની વસ્તુ સામે જોઈને સ્વસન્મુખ પરિણમન કરવાનું રહ્યું, તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

વાણી તો અનંત જડ પરમાણુઓની અવસ્થા છે, તે પોતાના જડ પરમાણુઓના આશ્રયે છે. બોલવાની જે ઈચ્છા થઈ, તે ઈચ્છાના આશ્રયે ભાષાના પરિણામ ત્રણકાળમાં પણ નથી. જ્યારે ઈચ્છા થઈ અને ભાષા નીકળી, તે વખતે તેનું જે જ્ઞાન થયું, તે જ્ઞાન આત્માના આશ્રયે જ થયું છે; ભાષાના આશ્રયે તથા ઈચ્છાના આશ્રયે જ્ઞાન થયું નથી.

પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ આશ્રયે થાય છે; બીજાના આશ્રયે થતા નથી. એ પ્રકારે અહીં અસ્તિ-નાસ્તિથી અનેકાંત દ્વારા વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે. આ વાત સત્યના સિદ્ધાંતની; એટલે કે વસ્તુના સત્‌સ્વરૂપની છે. અજ્ઞાની આ વાતને ઓળખ્યા વગર મૂઢપણે અજ્ઞાનતામાં જ જીવન પૂરું કરી નાંખે છે.

ભાઈ! આત્મા શું છે અને જડ શું છે? - તેની ભિન્નતા સમજીને વસ્તુસ્વરૂપના વાસ્તવિક સત્‌ને જાણ્યા વગર જ્ઞાનમાં સત્‌પણું નથી આવતું, એટલે કે સમ્યગ્જ્ઞાન નથી થતું; વસ્તુસ્વરૂપના સત્યજ્ઞાન વગર સાચી રુચિ અને શ્રદ્ધા પણ નથી હોતી અને સાચી શ્રદ્ધા વિના વસ્તુમાં સ્થિરતારૂપ ચારિત્ર પ્રગટે નહિ, શાંતિ થાય નહિ, સમાધાન અને સુખ થાય નહિ; માટે વસ્તુ શું છે? તે પહેલાં સમજવું જોઈએ. વસ્તુસ્વરૂપને સમજવાથી મારા પરિણામ પરથી અને પરના પરિણામ મારાથી થાય છે - એવી પરાશ્રિતબુદ્ધિ નથી

રહેતી; એટલે કે સ્વાશ્રિત સ્વસન્મુખ પરિણમન પ્રગટે છે, આ જ ધર્મ છે.

આત્માનું જે જ્ઞાન થાય છે, તે જાણનારા પરિણામ, આત્માના આશ્રયે છે; તે પરિણામ, વાણીના આશ્રયે થયા નથી, કાનના આશ્રયે થયા નથી તથા તે વખતની ઈચ્છાના આશ્રયે પણ થયા નથી. જો કે ઈચ્છા પણ આત્માના પરિણામ છે, પણ તે ઈચ્છા પરિણામના આશ્રયે જ્ઞાનપરિણામ નથી; જ્ઞાનપરિણામ, આત્મવસ્તુને આશ્રિત છે; માટે વસ્તુ સામે દૃષ્ટિ કર.

બોલવાની ઈચ્છા થાય, હોઠ ચાલે, ભાષા નીકળે અને તે સમયે તે પ્રકારનું જ્ઞાન થાય - એવી ચારેય ક્રિયાઓ એકસાથે થવા છતાં કોઈ ક્રિયા કોઈના આશ્રયે નથી; સૌ પોતપોતાના પરિણામી દ્રવ્યના આશ્રયે જ છે. જે ઈચ્છા છે, તે આત્માના ચારિત્રગુણના પરિણામ છે. હોઠ ચાલે, તે હોઠના રજકણોની અવસ્થા છે; તે અવસ્થા ઈચ્છાના આધારે થઈ નથી. ભાષા નીકળી તે ભાષાવર્ગણાના રજકણોની અવસ્થા છે, તે અવસ્થા ઈચ્છાને આશ્રયે કે હોઠને આશ્રયે થઈ નથી, પણ પરિણામીરૂપ રજકણોને આશ્રયે ઉત્પન્ન થઈ અને તે સમયનું જ્ઞાન આત્મવસ્તુના આશ્રયે છે, ઈચ્છા અથવા ભાષાના આશ્રયે નથી. આવું વસ્તુસ્વરૂપ છે.

ભાઈ! ત્રણકાળ, ત્રણલોકમાં સર્વજ્ઞ ભગવાને જોયેલો આ વસ્તુસ્વભાવ છે; અજ્ઞાની તેને જાણ્યા વગર અને સમજવાની દરકાર કર્યા વગર આંધળાની જેમ ચાલ્યો જાય છે પણ વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન વગર કોઈપણ પ્રકારે ક્યાંય કલ્યાણ નથી થઈ શકતું. આ વસ્તુસ્વરૂપને વારંવાર લક્ષમાં લઈને પરિણામમાં ભેદજ્ઞાન કરવા માટેની આ વાત છે. એક વસ્તુના પરિણામ બીજી વસ્તુના આધારે તો નથી, પણ તે વસ્તુમાં પણ તેના એક પરિણામના આશ્રયે બીજા



પરિણામ નથી. પરિણામી વસ્તુના આશ્રયે જ પરિણામ છે - આ મહાન સિદ્ધાંત છે.

દરેક ક્ષણે ઈચ્છા, ભાષા અને જ્ઞાન - ત્રણે એકસાથે થવા છતાં પણ ઈચ્છા અને જ્ઞાન જીવના આશ્રયે છે અને ભાષા તે જડના આશ્રયે છે; ઈચ્છાને કારણે ભાષા થઈ કે ભાષાને કારણે જ્ઞાન થયું - એમ નથી; તેમજ ઈચ્છાના આશ્રયે પણ જ્ઞાન નથી. ઈચ્છા અને જ્ઞાન - આ બંને આત્માના પરિણામ છે, છતાં એકના આશ્રયે બીજાના પરિણામ નથી. જ્ઞાનપરિણામ અને ઈચ્છાપરિણામ બંને ભિન્ન-ભિન્ન છે. જે જ્ઞાન થયું, તે ઈચ્છાનું કાર્ય નથી અને જે ઈચ્છા થઈ તે જ્ઞાનનું કાર્ય નથી. જ્યાં ઈચ્છા પણ જ્ઞાનનું કાર્ય નથી, ત્યાં જડ ભાષા વગેરે તો જ્ઞાનનું કાર્ય ક્યાંથી હોઈ શકે? એ તો જડનું જ કાર્ય છે.

જગતમાં જે પણ કાર્ય થાય છે, તે સત્‌ની અવસ્થાઓ છે. કોઈ વસ્તુના પરિણામ જ હોય છે પણ વસ્તુ વગર અદ્ધરથી નથી થતા. પરિણામીનું પરિણામ હોય છે, નિત્ય સ્થિત વસ્તુના આશ્રયે પરિણામ થાય છે; પરના આશ્રયે ન થાય.

પરમાણુમાં હોઠનું હલન અને ભાષાનું પરિણમન - એ બંને પણ જુદી ચીજો છે. આત્મામાં ઈચ્છા અને જ્ઞાન - એ બંને પરિણામ પણ ભિન્ન-ભિન્ન છે.

હોઠના હલનના આશ્રયે, ભાષાની પર્યાય નથી. હોઠનું હલવું તે હોઠના પુદ્‌ગલોના આશ્રયે છે; ભાષાનું પરિણમન તે ભાષાના પુદ્‌ગલોના આશ્રય છે. હોઠ અને ભાષા; ઈચ્છા અને જ્ઞાન - એ ચારેનો કાળ એક હોવા છતાં ચારેયના પરિણામ જુદા છે.

તેમાં પણ ઈચ્છા અને જ્ઞાન - એ બંને પરિણામ, આત્મા આશ્રિત હોવા છતાં પણ ઈચ્છાપરિણામના આશ્રયે જ્ઞાનપરિણામ

નથી. જ્ઞાન તે આત્માના પરિણામ છે, ઈચ્છાના નહિ; તેમ જ ઈચ્છા તે આત્માના પરિણામ છે, પણ જ્ઞાનના નહિ. ઈચ્છાને જાણનારું જ્ઞાન તે ઈચ્છાનું કાર્ય નથી; તેમ તે જ્ઞાન, ઈચ્છાને ઉત્પન્ન પણ કરતું નથી. ઈચ્છાપરિણામ આત્માનું કાર્ય છે ખરૂં પણ જ્ઞાનનું કાર્ય નથી. ભિન્ન-ભિન્ન ગુણના પરિણામ ભિન્ન-ભિન્ન છે. એક જ દ્રવ્યમાં હોવા છતાં એક ગુણના આશ્રયે બીજા ગુણના પરિણામ નથી.

અહો! કેટલી સ્વતંત્રતા!! આમાં પરના આશ્રયની તો વાત જ ક્યાં રહી?

આત્મામાં ચારિત્રગુણ વગેરે અનંત ગુણ છે. તેમાં ચારિત્રના વિકૃત પરિણામ ઈચ્છા છે, તે ચારિત્રગુણના આશ્રયે છે અને તે સમયે તે ઈચ્છાનું જ્ઞાન થયું, તે જ્ઞાનગુણરૂપ પરિણામીના પરિણામ છે; તે કાંઈ ઈચ્છાના પરિણામના આશ્રયે નથી. આમ ઈચ્છાપરિણામ અને જ્ઞાનપરિણામ - આ બંનેના ભિન્ન-ભિન્ન પરિણમન છે; બંને એકબીજાના આશ્રયે નથી.

ભાઈ! સત્ જેમ છે તેમ તે પ્રકારે જ્ઞાન કરે તો સત્ જ્ઞાન થાય અને સતનું જ્ઞાન કરે તો તેનું બહુમાન તથા યથાર્થનો આદર પ્રગટે, રુચિ થાય, શ્રદ્ધા દઢ થાય અને તેમાં સ્થિરતા થાય; તેને જ ધર્મ કહેવામાં આવે છે. સત્થી વિપરીત જ્ઞાન કરે, તને ધર્મ નથી થતો. સ્વમાં સ્થિરતા જ મૂળ ધર્મ છે પણ વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન વગર સ્થિરતા કરશે શેમાં?

આત્મા અને શરીરાદિ રજકણો ભિન્ન- ભિન્ન તત્ત્વો છે; શરીરની અવસ્થા હલન-ચલન, બોલવું - તે બધી પરિણામી પુદ્‌ગલોના પરિણામ છે; તે પુદ્‌ગલોના આશ્રયે તે પરિણામ ઉત્પન્ન થયા છે, ઈચ્છાના આશ્રયે નહિ; તે પ્રકારે ઈચ્છાના આશ્રયે જ્ઞાન પણ નથી.



પુદ્‌ગલના પરિણામ, આત્માના આશ્રયે માનવા અને આત્માના પરિણામ પુદ્‌ગલના આશ્રયે માનવા, તેમાં તો વિપરીત માન્યતારૂપ મૂઢતા છે.

જગતમાં પણ જે ચીજ જેમ હોય, તેનાથી ઊલટી બતાવનારાને લોકો મૂર્ખ કહે છે તો પછી સર્વજ્ઞે કહેલો આ લોકોત્તર વસ્તુસ્વભાવ જેમ છે, તેમ ન માનતાં વિરુદ્ધ માનનારા તો લોકોત્તર મૂર્ખ અને અવિવેકી છે. વિવેકી અને વિલક્ષણ ક્યારે કહેવાય? કે જ્યારે વસ્તુના જે પરિણામ થયા તેને કાર્ય ગણી, તેને પરિણામી - વસ્તુના આશ્રયે સમજે ને બીજાના આશ્રયે ન માને, ત્યારે સ્વપરનું ભેદજ્ઞાન થાય છે, ને ત્યારે વિવેકી છે—એમ કહેવામાં આવે છે. આત્માના પરિણામ, પરના આશ્રયે થતા નથી. વિકારી કે અવિકારી જે કોઈ પરિણામ જે વસ્તુના છે તે વસ્તુના આશ્રયે છે, બીજાના આશ્રયે નથી.

પદાર્થના પરિણામ, તે તે જ પદાર્થનું કાર્ય છે - એ એક વાત. બીજી વાત એ કે તે પરિણામ, તે પદાર્થના આશ્રયે જ થાય છે, અન્યના આશ્રયે થતા નથી - આ નિયમ જગતના બધા પદાર્થોમાં લાગુ પડે છે.

જુઓ ભાઈ! આ તો ભેદજ્ઞાન માટે વસ્તુસ્વભાવના નિયમ બતાવ્યા છે. હવે ધીરે-ધીરે દૃષ્ટાંતપૂર્વક યુક્તિથી વસ્તુસ્વરૂપ સિદ્ધ કરવામાં આવે છે.

જુઓ! કોઈને એવા ભાવ ઉત્પન્ન થયા કે હું સો રૂપિયા દાનમાં આપું, તેના તે પરિણામ આત્મવસ્તુના આશ્રયે થયા છે; ત્યાં રૂપિયા જવાની જે ક્રિયા થાય છે, તે રૂપિયાના રજકણોના આશ્રયે છે, જીવની ઈચ્છાના આશ્રયે નહિ. હવે તે વખતે તે રૂપિયાની ક્રિયાનું જ્ઞાન અથવા ઈચ્છાના ભાવનું જ્ઞાન થાય છે, તે જ્ઞાનપરિણામ આત્માના આશ્રયે થયા છે. આ પ્રકારે પરિણામની વહેંચણી કરીને

વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરવું જોઈએ.

ભાઈ! તારું જ્ઞાન અને તારી ઈચ્છા- એ બંને પરિણામ આત્મામાં હોવા છતાં જ્યારે એકબીજાના આશ્રયે નથી તો પછી પરના આશ્રયની તો વાત જ ક્યાં રહી? દાનની ઈચ્છા થઈ અને રૂપિયા અપાયા, ત્યાં રૂપિયા જવાની ક્રિયા હાથના આધારે નથી, હાથનું હલવું ઈચ્છાના આધારે નથી અને ઈચ્છાનું પરિણમન જ્ઞાનના આધારે નથી; સૌ પોતપોતાના આશ્રયભૂત વસ્તુના આધારે છે.

જુઓ, આ સર્વજ્ઞના પદાર્થ-વિજ્ઞાનનો પાઠ છે - આવા વસ્તુસ્વરૂપનું જ્ઞાન, સાચું પદાર્થ-વિજ્ઞાન છે. જગતના પદાર્થોનો સ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે, પણ પરિણમન કરીને નવી-નવી અવસ્થારૂપ કાર્યને કર્યા કરે છે - એ વાત ચોથા બોલમાં કહેશે. જગતના પદાર્થોનો સ્વભાવ એવો છે કે તે કાયમ રહે અને તેમાં ક્ષણે-ક્ષણે નવી-નવી અવસ્થારૂપ કાર્ય તેના પોતાના જ આશ્રયે થયા કરે. વસ્તુસ્વભાવનું એવું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

- જીવને ઈચ્છા થઈ, માટે હાથ હલ્યો અને સો રૂપિયા દેવાયા- એમ નથી.

- ઈચ્છાનો આધાર આત્મા છે; હાથ અને રૂપિયાનો આધાર પરમાણુ છે.

- રૂપિયાના જ્ઞાનથી ઈચ્છા થઈ - એમ પણ નથી.

- હાથનું હલન-ચલન, તે હાથના પરમાણુના આધારે છે.

- રૂપિયાનું આવવું-જવું, તે રૂપિયાના પરમાણુના આધારે છે.

- ઈચ્છા થવી, તે આત્માના ચારિત્રગુણના આધારે છે.

આ તો ભિન્ન-ભિન્ન દ્રવ્યના પરિણામની ભિન્નતાની વાત થઈ; અહીં તો તેથી આગળ અંદરની વાત લેવી છે. એક જ દ્રવ્યના અનેક પરિણામ પણ એકબીજાના આશ્રયે નથી - એમ બતાવવું



છે. રાગ અને જ્ઞાન બંનેના કાર્ય જુદાં છે; એકબીજાના આશ્રયે નથી.

કોઈએ ગાળ દીધી અને જીવને દ્વેષના પાપપરિણામ થયા; ત્યાં તે પાપના પરિણામ પ્રતિકૂળતાના કારણે નથી થયા, તેમ જ ગાળ દેનારાના આશ્રયે પણ નથી થયા, પણ ચારિત્રગુણના આશ્રયે થયા છે. ચારિત્રગુણે તે વખતે તે પરિણામ અનુસાર પરિણમન કર્યું છે; બીજા તો નિમિત્તમાત્ર છે.

હવે, દ્વેષ વખતે તેનું જ્ઞાન થયું કે 'મને આ દ્વેષ થયો' - તે જ્ઞાનપરિણામ જ્ઞાનગુણના આશ્રયે છે; ક્રોધના આશ્રયે નથી. જ્ઞાનસ્વભાવી દ્રવ્યના આશ્રયે જ્ઞાનપરિણામ થાય છે; અન્યના આશ્રયે નહિ. એ જ રીતે સમ્યગ્દર્શન પરિણામ, સમ્યગ્જ્ઞાન પરિણામ, આનંદ પરિણામ વગેરેમાં પણ એમ જ સમજવું. આ જ્ઞાનાદિ પરિણામ દ્રવ્યના આશ્રયે છે; અન્યના આશ્રયે નથી તથા પરસ્પર એક-બીજાના આશ્રયે પણ નથી.

ગાળના શબ્દો અથવા દ્વેષ વખતે તેનું જ્ઞાન થયું, તે જ્ઞાન શબ્દોના આશ્રયે નથી અને ક્રોધના આશ્રયે પણ નથી, તેનો આધાર તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે; માટે તેના ઉપર દૃષ્ટિ માંડ તો તારી પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટ થઈ જશે. આ મોક્ષમાર્ગરૂપી કાર્યનો કર્તા પણ તું જ છે; અન્ય કોઈ નહિ.

અહો! આ તો સરળ અને સ્પષ્ટ વાત છે. લૌકિક ભણતર વધારે ન ભણ્યો હોય તોપણ આ સમજાય - તેવું છે. જરા અંદરમાં ઉતરીને લક્ષમાં લેવું જોઈએ કે આત્મા અસ્તિરૂપ છે, તેમાં જ્ઞાન છે, આનંદ છે, શ્રદ્ધા છે, અસ્તિત્વ છે; એમ અનંત ગુણો છે. તે અનંત ગુણોના ભિન્ન-ભિન્ન અનંત પરિણામ સમયે-સમયે થાય છે તે બધાનો આધાર પરિણામી - એવું આત્મદ્રવ્ય છે; બીજી

વસ્તુ તો તેના આધાર નથી, પણ પોતામાં બીજા ગુણના પરિણામ પણ તેનો આધાર નથી. જેમકે શ્રદ્ધાપરિણામનો આધાર જ્ઞાનપરિણામ નથી અને જ્ઞાનપરિણામનો આધાર શ્રદ્ધાપરિણામ નથી; બંને પરિણામનો આધાર આત્મા જ છે. એ પ્રમાણે સર્વ ગુણોના પરિણામોમાં સમજવું. આ રીતે પરિણામીનું જ પરિણામ છે; અન્યનું નહિ.

આ ૨૧૧માં કળશમાં આચાર્યદેવે કહેલા વસ્તુસ્વરૂપના ચાર બોલોમાંથી અત્યારે બીજા બોલનું વિવેચન ચાલે છે. પ્રથમ તો કહ્યું કે 'परिणाम एव किल कर्म' અને પછી કહ્યું કે 'स भवति परिणामिन एव, न अपरस्य भवेत्' પરિણામ તે જ કર્મ છે અને તે પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ - આવો નિર્ણય કરીને સ્વદ્રવ્ય સન્મુખ લક્ષ જતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પરિણામ થયા, તે આત્માનું કર્મ છે, તે આત્મારૂપ પરિણામીના આધારે થયા છે. પૂર્વના મંદરાગના આશ્રયે અથવા વર્તમાનમાં શુભરાગના આશ્રયે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનના પરિણામ નથી થયા. જો કે રાગ પણ છે તો આત્માનું પરિણામ, તોપણ શ્રદ્ધાપરિણામથી રાગપરિણામ અન્ય છે, તે શ્રદ્ધાના પરિણામ રાગના આશ્રયે નથી કેમકે પરિણામ, પરિણામીના જ આશ્રયે હોય છે; અન્યના આશ્રયે નથી થતા.

એ જ રીતે ચારિત્રપરિણામમાં - આત્મસ્વરૂપમાં સ્થિરતા તે ચારિત્રનું કાર્ય છે; તે કાર્ય શ્રદ્ધાપરિણામના આશ્રયે નથી, જ્ઞાન પરિણામને આશ્રયે નથી, પણ ચારિત્રગુણ ધારણ કરનાર આત્માના આશ્રયે જ છે. દેહ વગેરેના આશ્રયે ચારિત્રપરિણામ નથી.



**શ્રદ્ધાના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;**
**જ્ઞાનના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;**
**સ્થિરતાના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;**
**આનંદના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે.**

બસ, મોક્ષમાર્ગના બધા પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે છે; બીજાના આશ્રયે નથી. તે સમયે બીજા (રાગાદિ) પરિણામ હોય છે, તેના આશ્રયે પણ આ પરિણામ નથી. એક સમયમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે અનંતગુણોના પરિણામ હોય છે, તે કર્મ છે; તેનો આધાર ધર્મી એટલે કે પરિણમનારી વસ્તુ છે; તે વખતે બીજા જે અનેક પરિણામ થાય છે તેના આધારે શ્રદ્ધા વગેરેના પરિણામ નથી. નિમિત્ત વગેરેના આધારે તો નથી પણ પોતાના બીજા પરિણામના આધારે પણ કોઈ પરિણામ નથી. એક જ દ્રવ્યમાં એક સાથે થનારા પરિણામમાં પણ એક પરિણામ બીજા પરિણામના આશ્રયે નથી, દ્રવ્યના જ આશ્રયે બધા પરિણામ છે. બધા પરિણામરૂપે પરિણમન કરનારા 'દ્રવ્ય' જ છે; એટલે દ્રવ્ય સામે લક્ષ જતાં જ સમ્યક્ પર્યાયો પ્રગટવા લાગે છે.

વાહ! જુઓ, આચાર્યદેવની શૈલી!! થોડામાં ઘણું સમાડી દેવાની અદ્ભુત શૈલી છે. ચાર બોલના આ મહાન સિદ્ધાંતમાં વસ્તુસ્વરૂપના ઘણા નિયમોનો સમાવેશ થઈ જાય છે. આ ત્રિકાળ સત્ય, સર્વજ્ઞ દ્વારા નિશ્ચિત કરેલો સિદ્ધાંત છે.

અહો! આ પરિણામીના પરિણામની સ્વાધીનતા, સર્વજ્ઞદેવે કહેલા વસ્તુસ્વરૂપનું તત્ત્વ છે. સન્તોએ તેનો વિસ્તાર કરીને ગજબનાં કામ કર્યા છે, પદાર્થનું પૃથક્કરણ કરીને ભેદજ્ઞાન કરાવ્યું છે. અંતરમાં આનું મંથન કરીને જોવે તો ખબર પડે કે અનંતા સર્વજ્ઞોએ અને સન્તોએ આવું જ વસ્તુસ્વરૂપ કહ્યું છે અને આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

સર્વજ્ઞભગવંત દિવ્યધ્વનિથી આવું તત્ત્વ કહેતા આવ્યા છે - એમ વ્યવહારે કહેવામાં આવે છે. પણ વસ્તુતાએ દિવ્યધ્વનિ તો પરમાણુના આશ્રયે છે.

કોઈ કહે કે અરે, દિવ્યધ્વનિ પણ પરમાણુના આશ્રયે? હા, દિવ્યધ્વનિ, તે પુદ્‌ગલના પરિણામ છે અને પુદ્‌ગલપરિણામનો આધાર તો પુદ્‌ગલદ્રવ્ય જ હોય છે; જીવ તેનો આધાર ન હોય શકે. ભગવાનનો આત્મા તો પોતાના કેવળજ્ઞાનાદિનો આધાર છે. ભગવાનનો આત્મા તો કેવળજ્ઞાન-દર્શન-સુખ વગેરે નિજપરિણામરૂપ પરિણમન કરે છે પણ કાંઈ દેહ અને વાણીની અવસ્થારૂપે પરિણમતા નથી; તે રૂપે તો પુદ્‌ગલ જ પરિણમે છે. પરિણામ, પરિણામીના જ હોય છે; બીજાના નહિ.

ભગવાનની સર્વજ્ઞતાના આધારે દિવ્યધ્વનિના પરિણામ થયા- એવું વસ્તુસ્વરૂપ નથી. ભાષારૂપ પરિણામ, અનંત પુદ્‌ગલ આશ્રિત છે અને સર્વજ્ઞતા વગેરે પરિણામ, જીવના આશ્રયે છે; આ પ્રકારે બંનેની ભિન્નતા છે. કોઈ કોઈનું કર્તા કે આધાર નથી.

જુઓ! આ ભગવાન આત્માની પોતાની વાત છે. સમજાશે નહિ - એમ ન માની લેવું; અંતર લક્ષ કરે તો સમજાય તેવું સહેલું છે. જુઓ, લક્ષમાં લ્યો કે અંદર કંઈક વસ્તુ છે કે નહિ? અને આ જે જાણવાના કે રાગાદિના ભાવ થાય છે - તે ભાવનો કર્તા કોણ છે? આત્મા પોતે તેનો કર્તા છે. આમ આત્માને લક્ષમાં લેવા માટે બીજા ભણતરની ક્યાં જરૂર છે? આ અજ્ઞાની જીવ જગતમાં મજુરી કરીને દુઃખી થાય છે, એના કરતાં જો વસ્તુસ્વભાવને સમજે તો કલ્યાણ થાય. અરે જીવ! આવા સરસ ન્યાયથી સંતોએ વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તેને તું સમજ.

આ રીત વસ્તુસ્વરૂપના બે બોલ થયા.



હવે ત્રીજો બોલ

**(૩) કર્તા વગર કર્મ હોતું નથી**

કર્તા; એટલે પરિણમનારી વસ્તુ અને કર્મ એટલે તેની અવસ્થારૂપ કાર્ય; કર્તા વગરનું કર્મ નથી હોતું; એટલે વસ્તુ વગરની પર્યાય નથી હોતી; સર્વથા શૂન્યમાંથી કોઈ કાર્ય ઉત્પન્ન થઈ જાય - એમ બનતું નથી.

જુઓ! આ વસ્તુવિજ્ઞાનના મહા સિદ્ધાંતો છે, આના ઉપર ૨૧૧માં કળશમાં ચાર બોલ વડે ચારે પડખેથી સ્વતંત્રતા સિદ્ધ કરી છે. અજ્ઞાની વિદેશોમાં અજ્ઞાનના ભણતર પાછળ હેરાન થાય છે, તેની અપેક્ષાએ સર્વજ્ઞદેવે કહેલું આ પરમ સત્ય વીતરાગી- વિજ્ઞાનને સમજે તો અપૂર્વ કલ્યાણ થાય.

(૧) પરિણામ, તે કર્મ - આ એક વાત.

(૨) તે પરિણામ કોનું? કે પરિણામી વસ્તુના પરિણામ છે, બીજાના નહિ. આ બીજો બોલ; તેનો ઘણો વિસ્તાર કર્યો.

હવે, આ ત્રીજા બોલમાં કહે છે કે પરિણામી વગર પરિણામ હોય નહિ. પરિણામી વસ્તુથી જુદા બીજે ક્યાંક પરિણામ થાય - એમ બને નહિ. પરિણામી વસ્તુમાં જ તેના પરિણામ થાય છે; એટલે પરિણામી વસ્તુ, તે કર્તા છે; તેના વગર કાર્ય થતું નથી. જુઓ, આમાં નિમિત્ત વગર ન થાય - એમ ન કહ્યું. નિમિત્ત નિમિત્તમાં રહ્યું છે, તે કાંઈ આ કાર્યમાં આવી જતું નથી. માટે નિમિત્ત વિના કાર્ય થાય છે પણ પરિણામી વગર કાર્ય નથી થતું. નિમિત્ત ભલે હોય પણ તેનું અસ્તિત્વ તે નિમિત્તમાં છે; આમાં (કાર્યમાં) તેનું અસ્તિત્વ નથી. પરિણામી વસ્તુની સત્તામાં જ તેનું કાર્ય થાય છે.

આત્મા વિના સમ્યક્ત્વાદિ પરિણામ ન હોય. પોતાના બધા

પરિણામનો કર્તા આત્મા છે, તેના વગર કર્મ ન હોય. '**कर्म कृतं शून्यं न भवति**' દરેક પદાર્થની અવસ્થા તે-તે પદાર્થ વગર હોતી નથી. સોનું નથી ને ઘરેણાં બની ગયા; વસ્તુ નથી અને અવસ્થા થઈ ગઈ - એમ હોઈ શકે નહિ. અવસ્થા છે, તે ત્રિકાળી વસ્તુને પ્રગટ કરે છે - પ્રસિદ્ધ કરે છે કે આ અવસ્થા આ વસ્તુની છે.

જેમકે પુદ્‌ગલ, જડ કર્મરૂપે હોય છે, તે કર્મપરિણામ, કર્તા વગર ન હોય. હવે તેનો કર્તા કોણ? - તો કહે છે કે તે પુદ્‌ગલકર્મરૂપે પરિણમનારા રજકણો જ કર્તા છે; આત્મા તેનો કર્તા નથી.

- આત્મા કર્તા થઈને જડ કર્મનો બંધ કરે - એવું વસ્તુસ્વરૂપમાં નથી.

- જડકર્મ આત્માને વિકાર કરાવે - એવું વસ્તુસ્વરૂપમાં નથી.

- મંદકષાયના પરિણામ, સમ્યક્ત્વનો આધાર થાય - એવું વસ્તુસ્વરૂપમાં નથી.

- શુભરાગથી ક્ષાયિકસમ્યક્ત્વ થાય - એવું વસ્તુસ્વરૂપમાં નથી.

છતાં અજ્ઞાની એમ માને છે કે એ તો બધા ઊંધા છે, અન્યાય છે. ભાઈ! તારો આ અન્યાય વસ્તુસ્વરૂપને સહન નહિ થાય. વસ્તુસ્વરૂપને વિપરીત માનતાં તારા આત્માને બહુ દુઃખ થશે - એવી કરુણા સંતોને આવે છે. સંતો નથી ઈચ્છતા કે કોઈ જીવ દુઃખી થાય. જગતમાં બધા જીવો સત્યસ્વરૂપને સમજે અને દુઃખથી છૂટીને સુખ પામે - એવી તેમની ભાવના છે.

ભાઈ! તારા સમ્યગ્દર્શનનો આધાર તારું આત્મદ્રવ્ય છે; શુભરાગમાં કાંઈ તેનો આધાર નથી. મંદરાગ, તે કર્તા અને સમ્યગ્દર્શન તેનું કાર્ય - એવું ત્રણકાળમાં નથી. વસ્તુનું જે સ્વરૂપ છે, તે ત્રણ કાળમાં આઘું-પાછું નથી થઈ શકતું. કોઈ જીવ, અજ્ઞાનથી એને વિપરીત માને, તેથી કાંઈ સત્ય ફરી ન જાય. કોઈ સમજે કે ન



સમજે, સત્ય તો સદા સત્યરૂપે જ રહેશે, તે કદી ફરશે નહિ. જેમ છે તેમ તેને જે સમજશે, તે પોતાનું કલ્યાણ કરી લેશે. અને જે નહિ સમજે એની તો શું વાત કરવી? એ તો સંસારમાં રખડી જ રહ્યા છે.

જુઓ! વાણી સાંભળી માટે જ્ઞાન થયું ને? પણ સોનગઢવાળા ના પાડે છે કે વાણીના આધારે જ્ઞાન ન થાય. આમ કહીને કેટલાક કટાક્ષ કરે છે - પણ ભાઈ! એ તો વસ્તુસ્વરૂપ છે, ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા પણ દિવ્યધ્વનિમાં એમ જ કહે છે કે જ્ઞાન, આત્માના આશ્રયે થાય છે, જ્ઞાન, તે આત્માનું કાર્ય છે, દિવ્યધ્વનિના પરમાણુનું તે કાર્ય નથી. જ્ઞાનકાર્યનો કર્તા, આત્મા છે; નહિ કે વાણીના રજકણો. જે પદાર્થના જે ગુણનું જે વર્તમાન હોય છે, તે બીજા પદાર્થના કે બીજા ગુણના આશ્રયે હોતું નથી. તેનો કર્તા કોણ? તો કહે છે કે વસ્તુ પોતે. કર્તા અને તેનું કાર્ય બંને એક જ વસ્તુમાં હોવાનો નિયમ છે, તે ભિન્ન વસ્તુમાં હોતાં નથી.

આ લાકડી ઊંચી થઈ, તે કાર્ય છે; તે કોનું કાર્ય? કર્તાનું કાર્ય છે. કર્તા વગર કાર્ય ન હોય. કર્તા કોણ છે? કે લાકડીના રજકણ જ લાકડીની આ અવસ્થાના કર્તા છે; આ હાથ, આંગળી કે ઈચ્છા તેના કર્તા નથી.

હવે, અંતરનું સૂક્ષ્મ દૃષ્ટાન્ત લઈએ તો કોઈ આત્મામાં ઈચ્છા અને સમ્યગ્જ્ઞાન બંને પરિણામ વર્તે છે; ત્યાં ઈચ્છાના આધારે સમ્યગ્જ્ઞાન નથી અને ઈચ્છા, સમ્યગ્જ્ઞાનની કર્તા નથી. આત્મા જ કર્તા થઈને તે કાર્યને કરે છે. કર્તા વગરનું કર્મ નથી અને બીજો કોઈ કર્તા નથી; એટલે જીવકર્તા વડે જ્ઞાનકાર્ય થાય છે. આ પ્રમાણે બધા પદાર્થોના બધા કાર્યોમાં તે બધા પદાર્થનું કર્તાપણું છે - એમ સમજવું જોઈએ.

જુઓ ભાઈ! આ તો સર્વજ્ઞ ભગવાનના ઘરની વાત છે તેને સાંભળીને સંતોષ થવો જોઈએ. અહા! સંતોએ વસ્તુસ્વરૂપ સમજાવીને માર્ગ સ્પષ્ટ કરી દીધો છે. સંતોએ બધો માર્ગ સહેલો ને સીધોસટ કરી દીધો, તેમાં વચ્ચે ક્યાંય અટકવું પડે એમ નથી. પરથી ભિન્ન આવું સ્પષ્ટ વસ્તુસ્વરૂપ સમજે તો મોક્ષ થઈ જાય. બહારથી તેમજ અંદરથી આવું ભેદજ્ઞાન સમજતાં મોક્ષ તો હથેળીમાં આવી જાય છે. હું તો પરથી છૂટો છું અને મારામાં એક ગુણનું કાર્ય બીજા ગુણથી નથી - આ મહાન સિદ્ધાંત સમજતાં સ્વાશ્રયભાવે અપૂર્વ કલ્યાણ પ્રગટ થાય છે.

કર્મ પોતાના કર્તા વગર હોતું નથી - એ વાત ત્રીજા બોલમાં કહી અને ચોથા બોલમાં કર્તાની (વસ્તુની) સ્થિતિ એકરૂપ એટલે કે સદાય એકસરખી હોતી નથી, પણ તે નવા-નવા પરિણામરૂપે બદલ્યા કરે છે-એ વાત કહેશે. દર વખતે પ્રવચનમાં આ ચોથા બોલનો વિશેષ વિસ્તાર થાય છે, આ વખતે બીજા બોલનો વિશેષ વિસ્તાર આવ્યો.

કર્તા વગર કાર્ય હોતું નથી - આ સિદ્ધાંત છે; ત્યાં કોઈ કહે કે આ જગત કાર્ય છે અને ઈશ્વર તેનો કર્તા છે - તો એ વાત વસ્તુસ્વરૂપની નથી. દરેક વસ્તુ પોતે જ પોતાની પર્યાયનો ઈશ્વર છે અને તે જ કર્તા છે, એનાથી ભિન્ન બીજું કોઈ કે બીજો કોઈ પદાર્થ કર્તા નથી. પર્યાય તે કાર્ય અને પદાર્થ તેનો કર્તા. કર્તા વગર કાર્ય નથી. ને બીજો કોઈ કર્તા નથી.

કોઈપણ અવસ્થા થાય - શુદ્ધ અવસ્થા, વિકારી અવસ્થા કે જડ અવસ્થા; તેનો કર્તા ન હોય - એમ બને નહિ તેમજ બીજો કોઈ કર્તા હોય - એમ પણ ન બને.

પ્રશ્ન :- તો શું ભગવાન તેના કર્તા છે?



ઉત્તર :- હા, ભગવાન કર્તા ખરા પણ કોણ ભગવાન છે? કોઈ બીજા ભગવાન નહિ, પણ આ આત્મા પોતે પોતાનો ભગવાન છે તે જ કર્તા થઈને પોતાના શુદ્ધ-અશુદ્ધ પરિણામને કરે છે. જડના પરિણામને જડપદાર્થ કરે છે. તે તેના ભગવાન છે. દરેક વસ્તુ પોતપોતાની અવસ્થાને રચનાર ઈશ્વર છે. દરેક પદાર્થ પોતાનો/સ્વનો સ્વામી છે, તેને પરનો સ્વામી માનવું મિથ્યાત્વ છે.

સંયોગ વગર અવસ્થા ન થાય - એમ નથી, પરંતુ વસ્તુ પરિણમ્યા વગર અવસ્થા ન થાય - એ સિદ્ધાંત છે. પર્યાયના કર્તૃત્વનો અધિકાર વસ્તુનો પોતાનો છે, પરનો તેમાં અધિકાર નથી.

ઈચ્છારૂપી કાર્ય થયું તો તેનો કર્તા આત્મદ્રવ્ય છે. પૂર્વની પર્યાયમાં તીવ્ર રાગ હતો, માટે વર્તમાનમાં રાગ થયો - એવી રીતે પૂર્વ પર્યાયમાં આ પર્યાયનું કર્તાપણું નથી. વર્તમાનમાં આત્મા તેવા ભાવરૂપે પરિણમીને પોતે કર્તા થયો છે. એ પ્રમાણે જ્ઞાનપરિણામ, શ્રદ્ધાપરિણામ, આનંદપરિણામ, તે બધાનો કર્તા આત્મા છે; પર નથી. પૂર્વના પરિણામ પણ કર્તા નથી તેમ જ વર્તમાનમાં તેની સાથે વર્તતા બીજા પરિણામ પણ કર્તા નથી; આત્મદ્રવ્ય પોતે કર્તા છે. શાસ્ત્રમાં પૂર્વપર્યાયને કોઈ કોઈ વાર ઉપાદાન કહે છે, તે તો પૂર્વ-પછીની સંધિ બતાવવા માટે કહ્યું છે પણ પર્યાયનું કર્તા તો તે વખતે વર્તતું દ્રવ્ય છે, તે જ પરિણામી થઈને કાર્યરૂપે પરિણમ્યું છે. જે સમયે સમ્યગ્દર્શનપર્યાય થઈ, તે સમયે તેનો કર્તા આત્મા જ છે. પૂર્વની ઈચ્છા, વીતરાગની વાણી કે શાસ્ત્ર - તે કોઈ ખરેખર આ સમ્યગ્દર્શનના કર્તા નથી.

એ જ રીતે જ્ઞાનકાર્યનો કર્તા પણ આત્મા જ છે. ઈચ્છાનું જ્ઞાન થયું, ત્યાં તે જ્ઞાન કાંઈ ઈચ્છાનું કાર્ય નથી, ને ઈચ્છા તે જ્ઞાનનું કાર્ય નથી. બંને પરિણામ એક જ વસ્તુના હોવા છતાં તેમાં

કર્તા-કર્મપણું નથી. કર્તા તો પરિણામી વસ્તુ છે.

પુદ્‌ગલમાં ખાટી-ખારી અવસ્થા હતી અને જ્ઞાને તે પ્રમાણે જાણ્યું. ત્યાં ખાટું-ખારું તે પુદ્‌ગલના પરિણામ છે અને પુદ્‌ગલો તેના કર્તા છે; તે સંબંધી જે જ્ઞાન થયું, તેનો કર્તા આત્મા છે, તે જ્ઞાનનો કર્તા તે ખાટી-ખારી અવસ્થા નથી. અહો! કેટલી સ્વતંત્રતા!! એ જ રીતે શરીરમાં રોગાદિ કાર્ય થાય, તેના કર્તા તે પુદ્‌ગલ છે આત્મા નહિં અને તે શરીરની હાલતનું જે જ્ઞાન થયું તેનો કર્તા આત્મા છે. આત્મા, કર્તા થઈને જ્ઞાનપરિણામને કરે છે પણ શરીરની અવસ્થાને તે કરતો નથી.

ભાઈ! આ તો પરમેશ્વર થવા માટે પરમેશ્વરના ઘરની વાત છે. પરમેશ્વરસર્વજ્ઞદેવે કહેલું આ વસ્તુસ્વરૂપ છે.

જગતમાં ચેતન કે જડ અનંત પદાર્થો અનંતપણે કાયમ ટકીને પોતપોતાના વર્તમાન કાર્યને કરે છે, દરેક પરમાણુમાં સ્પર્શ - રંગ વગેરે અનંત ગુણો; સ્પર્શની ચીકણી વગેરે અવસ્થા, રંગની કાળી વગેરે અવસ્થા, તે-તે અવસ્થાનો કર્તા પરમાણુદ્રવ્ય છે; ચીકણી અવસ્થા, તે કાળી અવસ્થાની કર્તા નથી.

એ રીતે આત્મામાં - દરેક આત્મામાં અનંતગુણો છે. જ્ઞાનમાં કેવળજ્ઞાન પર્યાયરૂપ કાર્ય થયું, આનંદ પ્રગટ્યો તેનો કર્તા આત્મા પોતે છે. મનુષ્યદેહ કે સ્વસ્થ શરીરને કારણે તે કાર્ય થયું - એમ નથી. પૂર્વની મોક્ષમાર્ગ પર્યાયના આધારે તે કાર્ય થયું - એમ પણ નથી, જ્ઞાન અને આનંદના પરિણામ પણ એક-બીજાના આશ્રયે નથી, દ્રવ્ય જ પરિણમીને તે કાર્યનું કર્તા થયું છે. ભગવાન આત્મા પોતે જ પોતાના કેવળજ્ઞાનાદિ કાર્યનો કર્તા છે; કોઈ બીજો નહિ. આ ત્રીજો બોલ થયો.

**(૪) વસ્તુની સ્થિતિ સદા એકરૂપ (કૂટસ્થ) નથી રહેતી.**



સર્વજ્ઞદેવે જોયેલ વસ્તુનું સ્વરૂપ એવું છે કે તે કાયમ ટકીને ક્ષણે-ક્ષણે નવી અવસ્થારૂપે પરિણમ્યા કરે છે. પર્યાય બદલાયા વિના એમ ને એમ કૂટસ્થ જ રહે - એવું વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુ, દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે; એટલે એમાં સર્વથા એકલું નિત્યપણું નથી. પર્યાયથી પરિવર્તનપણું પણ છે. વસ્તુ પોતે જ પોતાની પર્યાયરૂપે પલટે છે, કોઈ બીજો તેને પલટાવે - એમ નથી.

નવી-નવી પર્યાયરૂપે થવું, તે વસ્તુનો પોતાનો સ્વભાવ છે, તો બીજો તેને શું કરે? આ સંયોગોને કારણે આ પર્યાય થઈ- એમ સંયોગને લીધે જે પર્યાય માને છે, તેણે વસ્તુના પરિણમનસ્વભાવને જાણ્યો નથી, બે દ્રવ્યને એક માન્યા છે. ભાઈ! તું સંયોગથી ન જો, વસ્તુના સ્વભાવને જો! વસ્તુસ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે. દ્રવ્યપણે એકરૂપ રહે, પણ પર્યાયપણે એકરૂપે ન રહે. પલટાયા જ કરે - એવું વસ્તુ સ્વરૂપ છે.

આ ચાર બોલથી એમ સમજાવ્યું કે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કાર્યની કર્તા છે - આ ચોક્કસ સિદ્ધાંત છે.

આ પુસ્તકનું પાનું પહેલાં આમ હતું ને પછી ફર્યું - તે હાથ અડ્યો માટે તે ફર્યું - એમ નથી પણ તે પાનાનાં રજકણોમાં જ એવો સ્વભાવ છે કે સદા એકરૂપે તેની સ્થિતિ નથી રહેતી, તેની હાલત બદલાયા જ કરે; તેથી તે સ્વયં પહેલી અવસ્થા છોડીને બીજી અવસ્થારૂપ થયા છે, બીજાને લીધે નહિ. વસ્તુમાં ભિન્ન-ભિન્ન અવસ્થાઓ થયા જ કરે છે; ત્યાં સંયોગને કારણે તે ભિન્ન અવસ્થા થઈ - એવો અજ્ઞાનીનો ભ્રમ છે કેમકે તે સંયોગને જ જુએ છે પણ વસ્તુના સ્વભાવને દેખતો નથી. વસ્તુ પોતે પરિણમનસ્વભાવી છે, એટલે તે એક જ પર્યાયરૂપે નથી રહેતી - આવા સ્વભાવને જાણે તો કોઈ સંયોગથી પોતામાં કે પોતાથી પરમાં

ફેરફાર થવાની બુદ્ધિ છૂટી જાય અને સ્વદ્રવ્ય સામે જોવાનું રહે, એટલે મોક્ષમાર્ગ પ્રગટે.

પાણી પહેલાં ઠંડુ હતું અને ચૂલા ઉપર આવતાં ઊનું થયું; ત્યાં તે રજકણોનો જ એવો સ્વભાવ છે કે તેની કાયમ એક અવસ્થારૂપે સ્થિતિ ન રહે; તેથી તે પોતાના સ્વભાવથી જ ઠંડી અવસ્થા છોડીને ઊની અવસ્થારૂપ પરિણમ્યા છે. આમ સ્વભાવને ન જોતાં, અજ્ઞાની સંયોગને જુએ છે કે અગ્નિ આવી માટે પાણી ગરમ થયું. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારા સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આવેલું આ તત્ત્વ છે અને સંતોએ તેને પ્રગટ કર્યું છે. આચાર્યદેવે ચાર બોલથી સ્વતંત્ર વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તે સમજે તો ક્યાંય ભ્રમ ન રહે.

બરફના સંયોગથી પાણી ઠંડું થયું અને અગ્નિના સંયોગથી પાણી ગરમ થયું - એમ અજ્ઞાની જોવે છે, પણ પાણીના રજકણમાં જ ઠંડી-ગરમ અવસ્થારૂપે પરિણમવાનો સ્વભાવ છે, તેને અજ્ઞાની જોતો નથી. ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું જ છે કે અવસ્થાની સ્થિતિ એકરૂપ ન રહે. વસ્તુ કૂટસ્થ નથી પણ વહેતા પાણીની માફક દ્રવે છે - પર્યાયને પ્રવહે છે, તે પર્યાયનો પ્રવાહ વસ્તુમાંથી આવે છે; સંયોગમાંથી નથી આવતો. ભિન્ન પ્રકારના સંયોગને કારણે અવસ્થાની ભિન્નતા થઈ કે સંયોગ બદલાયા માટે અવસ્થા બદલાઈ ગઈ - એમ અજ્ઞાનીને ભ્રમ થાય છે, પણ વસ્તુસ્વરૂપ એમ નથી.

અહીં ચાર બોલોથી વસ્તુનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ કર્યું છે.

૧. પરિણામ જ કર્મ છે.

૨. પરિણામી વસ્તુના જ પરિણામ છે; અન્યના નહિ.

૩. તે પરિણામરૂપી કર્મ, કર્તા વગરનું હોતું નથી.

૪. વસ્તુની સ્થિતિ એકરૂપે રહેતી નથી.



માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે - એ સિદ્ધાંત છે.

આ ચાર બોલમાં તો ઘણું રહસ્ય સમાવી દીધું છે. એનો નિર્ણય કરતાં ભેદજ્ઞાન તથા દ્રવ્યસન્મુખ દૃષ્ટિથી મોક્ષમાર્ગ પ્રગટ થશે.

**પ્રશ્ન :-** સંયોગ આવે તે પ્રમાણે અવસ્થા બદલાતી દેખાય છે?

**ઉત્તર :-** એ સાચું નથી, વસ્તુસ્વભાવને જોતાં એમ દેખાતું નથી; અવસ્થા બદલવાનો સ્વભાવ વસ્તુનો પોતાનો છે - એમ દેખાય છે. કર્મનો મંદ ઉદય હોય, માટે મંદરાગ અને તીવ્ર ઉદય હોય, માટે તીવ્ર રાગ - એમ નથી. અવસ્થા એકરૂપ નથી રહેતી. પણ પોતાની યોગ્યતાથી મંદ-તીવ્રરૂપે બદલાય છે - એવો સ્વભાવ વસ્તુનો પોતાનો છે, તે કાંઈ પરને લીધે નથી.

ભગવાન પાસે જઈને પૂજા કરે કે શાસ્ત્ર સાંભળે. તે વખતે જુદા પરિણામ થાય છે અને ઘરે જાય ત્યાં જુદા પરિણામ થઈ જાય છે, તો શું સંયોગના કારણે તે પરિણામ બદલ્યા? ના; વસ્તુ એકરૂપે ન રહેતાં તેના પરિણામ બદલાયા કરે - એવો જ તેનો સ્વભાવ છે; તે પરિણામોનું પલટવું વસ્તુના આશ્રયે જ થાય છે, સંયોગના આશ્રયે નહિ. આ રીતે વસ્તુ સ્વયં પોતાના પરિણામની કર્તા છે - આ નિશ્ચિત સિદ્ધાંત છે.

આ ચાર બોલના સિદ્ધાંત પ્રમાણે વસ્તુસ્વરૂપ સમજે તો મિથ્યાત્વના મૂળિયા ઊખડી જાય અને પરાશ્રિતબુદ્ધિ છૂટી જાય. આવા સ્વભાવની પ્રતીતિ થતાં અખંડ સ્વ-વસ્તુ ઉપર લક્ષ જાય છે ને સમ્યગ્જ્ઞાન થાય છે. તે સમ્યગ્જ્ઞાનપરિણામનો કર્તા આત્મા પોતે છે. પહેલાં અજ્ઞાનપરિણામ પણ વસ્તુના જ આશ્રયે હતા, ને હવે જ્ઞાનપરિણામ થયા તે પણ વસ્તુના જ આશ્રયે છે.

મારી પર્યાયનો કર્તા બીજો કોઈ નહિ, મારું દ્રવ્ય જ પરિણમીને

મારી પર્યાયનું કર્તા થાય છે-એવો નિશ્ચય કરતાં સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે અને ભેદજ્ઞાન તથા સમ્યક્‌જ્ઞાન થાય છે. હવે તે કાળે ચારિત્રદોષથી કાંઈક રાગાદિ પરિણામ રહ્યા તે પણ અશુદ્ધનિશ્ચયનયથી આત્માનું પરિણમન હોવાથી આત્માનું કાર્ય છે - એમ ધર્મી જીવ જાણે છે, તેને જાણવાની અપેક્ષાએ વ્યવહારનયને તે કાળે જાણેલો પ્રયોજનવાન કહ્યો છે.

ધર્મીને દ્રવ્યનો શુદ્ધસ્વભાવ લક્ષમાં આવી ગયો છે; એટલે સમ્યક્ત્વાદિ નિર્મળકાર્ય થાય છે, અને જે રાગ બાકી રહ્યો તેને પણ તે પોતાનું પરિણમન જાણે છે પણ હવે તેની મુખ્યતા નથી, મુખ્યતા તો સ્વભાવની થઈ ગઈ છે. પહેલાં અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ પરિણામ હતા, તે પણ સ્વદ્રવ્યના અશુદ્ધ ઉપાદાનને આશ્રયે જ હતા પણ જ્યારે નક્કી કર્યું કે મારા પરિણામ મારા દ્રવ્યના જ આશ્રયે થાય છે, ત્યારે તે જીવને મિથ્યાત્વપરિણામ નથી રહેતા; તેને તો સમ્યક્ત્વાદિરૂપ પરિણામ જ હોય.

હવે, જે રાગપરિણમન સાધકપર્યાયમાં બાકી રહ્યું છે તેમાં જો કે તેને એકત્વબુદ્ધિ નથી, છતાં તે પરિણમન પોતાનું છે - એમ તે જાણે છે. આવું વ્યવહારનું જ્ઞાન, તે કાળે પ્રયોજનવાન છે. સમ્યગ્જ્ઞાન થાય ત્યારે નિશ્ચય-વ્યવહારનું યથાર્થ સ્વરૂપ જણાય છે, ત્યારે દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ જણાય છે; ત્યારે કર્તા-કર્મનું સ્વરૂપ જણાય છે અને સ્વદ્રવ્યના લક્ષે મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે છે; તેનો કર્તા આત્મા પોતે છે.

આ રીતે આ ૨૧૧ માં કળશમાં આચાર્યદેવે ચાર બોલથી સ્પષ્ટ કરીને અલૌકિક વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તેનું વિવેચન પૂરું થયું.

**(શ્રાવકધર્મ પ્રકાશમાં પરિશિષ્ટ પ્રવચન)**



૯

# કારણ-કાર્ય સ્વરૂપ : પ્રયોગાત્મક પ્રશ્નોત્તર

**A** પ્રશ્ન - ૧ - હું મોઢેથી બોલ્યો.

**B** પ્રશ્ન - ૨ - મારા આત્મા અને બોલવાથી મોઢું ખુલ્યું.

**C** પ્રશ્ન - ૩ - બોલવા અને મોઢું ખોલવાથી રાગ થયો.

**D** પ્રશ્ન - ૪ - રાગ, બોલવા અને મોઢું ખોલવાથી જ્ઞાન થયું.

**હું મોઢાથી શબ્દ બોલ્યો (ચાર્ટ ધ્યાનથી જુઓ)**

| ત્રિકાળી ઉપાદાન કારણ | જ્ઞાનગુણ | ચારિત્રગુણ | મોઢારૂપ આહારવર્ગણાનો સ્કંધ | ભાષાવર્ગણા |
|---|---|---|---|---|
| | ૧<br>૨<br>૩<br>૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૧<br>૨<br>૩<br>૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૧<br>૨<br>૩<br>૪<br>૫<br>૬<br>૭<br>૮ | ૧<br>૨<br>૩<br>૪<br>૫<br>૬<br>૭<br>૮ |
| અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય-ક્ષણિક ઉપાદાનકારણ | ૯ | ૯ | ૯ | ૯ |
| તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| (કાર્ય) ઉપાદેય | જ્ઞાન થયું | રાગ થયો | મોઢું ખુલ્યું | શબ્દ થયા |

**નૈમિત્તિક / કાર્ય / ઉપાદેય**

(૧) જ્યારે બોલવાને નૈમિત્તિક કહીએ,

(૨) જ્યારે મોઢું હલવાને નૈમિત્તિક કહીએ,

(૩) જ્યારે રાગકાર્યને નૈમિત્તિ કહીએ,

(૪) જ્યારે જ્ઞાનકાર્યને નૈમિત્તિક કહીએ

**નૈમિત્તિકારણ**

(૧) ત્યારે જ્ઞાન-રાગ, મોઢું, નૈમિત્તિકકારણ

(૨) ત્યારે જ્ઞાન-રાગ, બોલવું, નૈમિત્તિકકારણ

(૩) ત્યારે જ્ઞાન-બોલવું, મોઢું, નૈમિત્તિકકારણ

(૪) ત્યારે રાગ-બોલવું, મોઢું, નૈમિત્તિકકારણ

નોંધ :- જ્યાં 'મારો આત્મા' કે 'હું' કહેવાય, ત્યાં જ્ઞાન-રાગ, આ બે કાર્યોને ગાણવા.

૧

**A પ્રશ્ન :- હું મોઢેથી બોલ્યો - આ વાક્યમાં નિમિત્તની પરિભાષા લગાવીને બતાવો?**

ઉત્તર :- આત્માનું જ્ઞાન, રાગ તથા મોઢું સ્વયં પોતે બોલવારૂપ ન પરિણમે, પણ બોલવારૂપ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના આરોપ આપી શકે, તે આત્માના જ્ઞાન, રાગ તથા મોઢાને બોલવારૂપ કાર્યનું નિમિત્તકારણ કહે છે.

**B પ્રશ્ન :- આત્માનું જ્ઞાન, રાગ અને બોલવાને કારણે, મોઢું ખુલ્યું - આ વાક્ય પર નિમિત્તની પરિભાષા લગાવી**



**બતાવો?**

ઉત્તર :- આત્માનું જ્ઞાન, રાગ અને બોલવું, સ્વયં પોતે મોઢું ખોલવારૂપ પરિણમિત ન હોય, પણ મોઢું ખુલવારૂપ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના પર આરોપ આવી શકે, તે આત્માના જ્ઞાન, રાગ અને બોલવાને નિમિત્તકારણ કહે છે.

**C પ્રશ્ન :- જ્ઞાન, બોલવા અને મોઢું ખુલવાના કારણે રાગ થયો - આ વાક્ય ઉપર નિમિત્તની પરિભાષા લગાવો?**

ઉત્તર :- જ્ઞાન, બોલવું અને મોઢું ખુલવું, તે પોતે જાતે રાગરૂપ પરિણમન ન થાય, પણ રાગની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના ઉપર આરોપ આવી શકે, તે જ્ઞાન, બોલવું અને મોઢું ખુલવાને નિમિત્તકારણ કહે છે.

**D પ્રશ્ન :- રાગ, બોલવું અને મોઢું ખુલવાના કારણે જ્ઞાન થયું - આ વાક્ય પર નિમિત્તની પરિભાષા લગાવો?**

ઉત્તર :- રાગ, બોલવું, મોઢું ખુલવું પોતે જાતે જ્ઞાનરૂપ ન પરિણમે, પણ જ્ઞાનની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના ઉપર આરોપ આવે, તે રાગ, બોલવું અને મોઢું ખુલવાને નિમિત્તકારણ કહે છે.

૨

**A પ્રશ્ન :- હું મોઢેથી બોલ્યો - આ વાક્ય પર નિમિત્ત-નૈમિત્તિક-સંબંધની પરિભાષા લગાવો?**

ઉત્તર :- જ્યારે ભાષાવર્ગણા સ્વયં પોતે બોલવારૂપ પરિણમે છે, ત્યારે ભાવરૂપ જ્ઞાન, રાગ અને મોઢું, ક્યા યોગ્ય નિમિત્તકારણ બોલવા સાથે સંબંધ છે, એ બતાવવા માટે બોલવાના કાર્યને નૈમિત્તિક કહે છે; એ પ્રકારે જ્ઞાન, મોઢું અને બોલવાની ભિન્ન-ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહે છે.

**B પ્રશ્ન :- જ્ઞાન, રાગ અને બોલવાના કારણે, મોઢું**

**ખુલ્યું - આ વાક્ય પર નિમિત્ત-નૈમિત્તિકસંબંધની પરિભાષા લગાવીને બતાવો?**

ઉત્તર :- જ્યારે મોઢારૂપ આહારવર્ગણા સ્વયં સ્વતઃ મોઢું ખોલવારૂપ પરિણમે છે, ત્યારે જ્ઞાન, રાગ અને બોલવાના ભાવરૂપ ક્યું યોગ્ય નિમિત્તકારણને મોઢું ખોલવા સાથે સંબંધ છે, તે બતાવવા માટે મોઢું ખોલવારૂપ કાર્યને નૈમિત્તિક કહે છે. એ પ્રકારે જ્ઞાન, રાગ, બોલવું અને મોઢું ખુલવું, આ ભિન્ન-ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહે છે.

**C પ્રશ્ન :- જ્ઞાન, બોલવું અને મોઢું ખુલવાના કારણે, રાગ થયો - આ વાક્ય પર નિમિત્ત-નૈમિત્તિકસંબંધની પરિભાષા લગાવી બતાવો?**

ઉત્તર :- જ્યારે આત્માનો ચારિત્રગુણ સ્વયં પોતે રાગરૂપ પરિણમે છે, ત્યારે જ્ઞાન, બોલવું, મોઢું ખુલવાના ભાવરૂપ ક્યા યોગ્ય નિમિત્તકારણનો રાગની સાથે સંબંધ છે, તે બતાવવા માટે રાગરૂપ કાર્યને નૈમિત્તિક કહે છે; એ પ્રકારે જ્ઞાન, બોલવું, મોઢું ખોલવું અને રાગરૂપ ભિન્ન-ભિન્ન પદાર્થના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-નૈમિત્તિસંબંધ કહે છે.

**D પ્રશ્ન :- રાગ, બોલવું અને મોઢું ખુલવાના કારણે, જ્ઞાન થયું - આ વાક્ય પર નિમિત્ત-નૈમિત્તિકસંબંધની પરિભાષા લગાવો?**

ઉત્તર :- જ્યારે આત્માનો જ્ઞાનગુણ સ્વયં સ્વતઃ જ્ઞાનરૂપ પરિણમે છે, ત્યારે રાગ બોલવું, મોઢું ખુલવાના ભાવરૂપ ક્યા યોગ્ય નિમિત્તકારણનો જ્ઞાનની સાથે સંબંધ છે, તે બતાવવા માટે જ્ઞાનરૂપ કાર્યને નૈમિત્તિક કહે છે; આ પ્રકારે રાગ, બોલવું, મોઢું ખોલવું અને જ્ઞાનરૂપ કાર્યના ભિન્ન-ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-



નૈમિત્તિકસંબંધ કહે છે.

૩

**A પ્રશ્ન :- મારો આત્મા અને મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને બોલવું, ઉપાદેય - શું તે ઉપાદાન-ઉપાદેયનું જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી. કેમકે અહીંયાં ભાષાવર્ગણા, ત્રિકાળી ઉપાદાનકારણ અને બોલવું કાર્ય, ઉપાદેય છે.

**B પ્રશ્ન :- મારો આત્મા અને બોલવારૂપ ભાષાવર્ગણા, ઉપાદાનકારણ અને મોઢું ખુલ્યું, ઉપાદેય - શું આ ઉપાદાન-ઉપાદેયનું જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી, કેમકે અહીંયાં મોઢારૂપ આહારવર્ગણા, ત્રિકાળી ઉપાદાનકારણ અને મોઢું ખુલ્યું ઉપાદેય છે.

**C પ્રશ્ન :- બોલવારૂપ ભાષાવર્ગણા અને મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય - શું તે ઉપાદાન-ઉપાદેયનું જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી, કેમકે અહીંયાં આત્માનો ચારિત્રગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય છે.

**D પ્રશ્ન :- રાગરૂપ ચારિત્રગુણ, બોલવારૂપ ભાષાવર્ગણા, મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય-શું આ ઉપાદાન-ઉપાદેયનું જ્ઞાન ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી, કેમકે અહીંયાં આત્માનો જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય છે.

૪

**A પ્રશ્ન :- જો કોઈ ચતુર માને કે મારા આત્મા અને મોંરૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને બોલવારૂપ કાર્ય,**

ઉપાદેય - તો શું દોષ આવે છે?

ઉત્તર :- મારો આત્મા અને મોઢારૂપ આહારવર્ગણા નાશ થઈને, ભાષાવર્ગણા બની જાય તો એમ માની શકાય કે મારો આત્મા અને મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને બોલવારૂપ કાર્ય, ઉપાદેય - પણ એમ છે ન હોઈ શકે, કેમકે ઉપાદાન-ઉપાદેય સંબંધ અભિન્ન સત્તાવાળા પદાર્થોમાં જ હોય છે. આત્મા, મોઢું, બોલવું જેમના સત્તા-સત્ત્વ જુદાં-જુદાં છે, એવા પદાર્થોમાં ઉપાદાન-ઉપાદેય સંબંધ હોતો નથી.

**B પ્રશ્ન :- જો કોઈ ચતુર માને કે મારા આત્મા અને બોલવારૂપ ભાષાવર્ગણા, ઉપાદાનકારણ અને મો ખુલ્યું, ઉપાદેય - તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- મારો આત્મા અને બોલવારૂપ ભાષાવર્ગણા નાશ થઈને, મોઢારૂપ આહારવર્ગણા બની જાય તો એમ માની શકાય છે, કે મારો આત્મા અને બોલવારૂપ ભાષાવર્ગણા, ઉપાદાનકારણ અને મોઢું ખુલ્યું ઉપાદેય - પણ એમ ન હોઈ શકે, કેમકે ઉપાદાન-ઉપાદેય સંબંધ અભિન્ન સત્તાવાળા પદાર્થોમાં જ હોય છે. આત્મા, બોલવું, મોઢું ખુલવું જેની સત્તા સત્ત્વ ભિન્ન-ભિન્ન છે - એવા પદાર્થોમાં ઉપાદાન-ઉપાદેય સંબંધ નથી હોતો.

**C પ્રશ્ન :- જો કોઈ ચતુર માને કે - બોલવારૂપ ભાષાવર્ગણા અને મોઢું ખોલવારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય,-તો શું દોષ આવે છે?**

ઉત્તર :- જો બોલવારૂપ ભાષાવર્ગણા અને મોઢારૂપ આહારવર્ગણા નાશ થઈને, આત્માનો ચારિત્રગુણ બની જાય તો એમ માની શકાય કે બોલવારૂપ ભાષાવર્ગણા, મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય, - પણ એમ ન હોઈ શકે, કેમકે ઉપાદાન-



ઉપાદેય સંબંધ અભિન્ન સત્તાવાળા પદાર્થોમાં જ હોય છે; બોલવું, મોઢું ખુલવું, રાગ - જેની સત્તા-સત્ત્વ ભિન્ન-ભિન્ન છે - એવા પદાર્થોમાં ઉપાદાન-ઉપાદેય સંબંધ નથી હોતો.

**D પ્રશ્ન :- જો કોઈ ચતુર એમ માને કે રાગરૂપ ચારિત્રગુણ, બોલવારૂપ ભાષાવર્ગણા, મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- જો રાગરૂપ ચારિત્રગુણ, બોલવારૂપ ભાષાવર્ગણા, મોઢારૂપ આહારવર્ગણા નાશ થઈને, આત્માનો જ્ઞાનગુણ બની જાય તો એમ માની શકાય કે રાગરૂપ ચારિત્રગુણ, બોલવારૂપ ભાષાવર્ગણા, મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને જ્ઞાન, ઉપાદેય - પણ એમ ન હોઈ શકે, કેમકે ઉપાદાન-ઉપાદેય સંબંધ અભિન્ન સત્તાવાળા પદાર્થોમાં જ હોય છે; રાગ, બોલવું, મોઢું ખુલવું, જ્ઞાન જેની સત્તા-સત્ત્વ જુદાં-જુદાં છે - એવા પદાર્થોમાં ઉપાદાન-ઉપાદેય સંબંધ નથી હોતો.

૫

**A-D પ્રશ્ન :- જે નિમિત્તકારણોથી જ બોલવું, મોઢું ખોલવું, રાગ અને જ્ઞાન વગેરેની ઉત્પત્તિ માને છે, તેનું જિનવાણીમાં ક્યા ક્યા નામોથી સંબોધન કર્યું છે?**

ઉત્તર :- તેને (૧) શ્રી સમયસાર, કળશ-૫૫માં કહ્યું છે કે 'તેને સવળું થવું દુર્નિવાર છે અને તે તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે.' (૨) શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫માં કહ્યું છે કે 'તે ડગલેને પગલે ઠગાય છે.' (૩) શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ગાથા-૬માં કહ્યું છે કે '**तस्य देशना नास्ति**' (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે.'

૬

**પ્રશ્ન :- (A) ભાષાવર્ગણા, ત્રિકાળી ઉપાદાનકારણ અને બોલવારૂપ કાર્ય, ઉપાદેય; (B) આહારવર્ગણા, ત્રિકાળી ઉપાદાનકારણ અને મોઢું ખોલવું, ઉપાદેય; (C) ચારિત્રગુણ ત્રિકાળી ઉપાદાનકારણ અને રાગ, ઉપાદેય; (D) જ્ઞાનગુણ, ત્રિકાળી ઉપાદાનકારણ અને જ્ઞાન થવું ઉપાદેય - તે સમજવાથી શો લાભ છે?**

**ઉત્તર :- (A)** (૧) આત્મા, મોઢું આદિ નિમિત્તકારણોથી બોલવારૂપ કાર્ય થયું - એવી મિથ્યામાન્યતાનો અભાવ થઈ જાય છે; (૨) બોલવારૂપ કાર્ય માટે ભાષાવર્ગણાને છોડીને, બીજી વર્ગણાઓ તરફ જોવાનું નથી રહેતું.

**(B)** (૧) આત્મા, બોલવું વગેરે નિમિત્તકારણોથી મોઢું ખોલવું એવી મિથ્યામાન્યતાનો અભાવ થઈ જાય છે; (૨) મોઢું ખોલવારૂપ કાર્ય માટે આહારવર્ગણાને છોડીને, બીજી વર્ગણાઓ તથા આત્મા તરફ જોવાનું નથી રહેતું.

**(C)** (૧) બોલવું, મોઢું ખોલવું વગેરે નિમિત્તકારણોથી રાગ થયો - એવી મિથ્યામાન્યતાનો અભાવ થઈ જાય છે; (૨) આત્મામાં અનંતગુણ છે, તેમાંથી રાગકાર્ય માટે ચારિત્રગુણને છોડીને, બાકી ગુણોં તથા મોઢું, બોલવું વગેરે તરફ જોવાનું ન રહ્યું.

**(D)** (૧) રાગ, બોલવું, મોઢું ખોલવું વગેરે નિમિત્તકારણોથી જ્ઞાન થયું - એવી મિથ્યામાન્યતાનો અભાવ થઈ જાય છે; (૨) આત્મામાં અનંત ગુણ છે, તેમાંથી જ્ઞાનરૂપ કાર્ય માટે જ્ઞાનગુણને છોડીને બાકી ગુણો તથા મોઢું, બોલવું વગેરે તરફ જોવાનું ન રહ્યું.

૭

**B પ્રશ્ન :- ૭ - આપ કહો છો કે બોલવારૂપ કાર્યનું આત્મા, મોઢું આદિ નિમિત્તકારણોથી સર્વથા સંબંધ નથી તો વિશ્વમાં ભાષાવર્ગણા તો ભરી પડી છે, હવે બોલવારૂપ કાર્ય કેમ નથી થતું? માટે આપનું એમ કહેવું કે ભાષાવર્ગણા, ઉપાદાન કારણ અને બોલવારૂપ કાર્ય, ઉપાદેય - તે મિથ્યા સિદ્ધ થાય છે?**

DÑf :- અરે ભાઈ! અમે ભાષાવર્ગણાને બોલવારૂપ કાર્યનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો આત્મા, મોઢું આદિ નિમિત્તકારણોથી જુદું કરવા માટે કહ્યું છે. ખરેખર તો ભાષાવર્ગણા પણ બોલવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી.

**B પ્રશ્ન ૭ :- આપ કહો છો કે મોઢું ખોલવારૂપ કાર્યનું આત્મા, બોલવા આદિ નિમિત્તકારણોથી સર્વથા સંબંધ નથી તો જગતમાં આહારવર્ગણા તો પહેલાથી ભરી પડી છે, ત્યારે એ બધામાં મોઢાનું ખુલવારૂપ કાર્ય કેમ નથી થતું? માટે આપનું એમ કહેવું કે, મોઢારૂપ આહારવર્ગણા, ઉપાદાનકારણ અને મોઢું ખોલ્યું ઉપાદેય-મિથ્યા સાબિત થાય છે?**

**ઉત્તર :-** અરે ભાઈ! અમે મોઢારૂપ આહારવર્ગણાને, મોઢું ખુલવારૂપ કાર્યનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો આત્મા, બોલવું વગેરે નિમિત્તકારણોથી અલગ કરવા માટે કહ્યું છે. ખરેખર તો મોઢારૂપ આહારવર્ગણા પણ મોઢું ખુલવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી.

**C પ્રશ્ન ૭ :- આપ કહો છો કે રાગરૂપકાર્યનું, બોલવું, મોઢા આદિ નિમિત્તકારણોથી સર્વથા સંબંધ નથી, તો ચારિત્રગુણ તો સિદ્ધ અને અરિહંત ભગવાન વગેરેમાં પણ છે, તેમાં રાગ ઉત્પન્ન કેમ નથી થતો? માટે આપનું એમ કહેવું કે આત્માનો ચારિત્રગુણ ઉપાદાનકારણ અને રાગરૂપ કાર્ય, ઉપાદેય-મિથ્યા સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અરે ભાઈ! અમે તો આત્માના ચારિત્રગુણને રાગરૂપ કાર્યનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો બોલવું, મોઢા આદિ નિમિત્તકારણોથી જુદાં કરવા માટે કહ્યું છે. ખરેખર તો ચારિત્રગુણ પણ રાગનું સાચું ઉપાદાનકારણ નથી.

**D પ્રશ્ન ૭ :- આપ કહો છો કે જ્ઞાનરૂપકાર્યનું, રાગ, બોલવું, મોઢું આદિ નિમિત્તકારણોથી સર્વથા સંબંધ નથી, તો જ્ઞાનગુણ તો બધા આત્માઓ પાસે છે, તે બધામાં, રાગ, બોલવું, મોઢા સંબંધી વગેરેનું જ્ઞાન કેમ નથી થાતું? માટે આપનું એમ છે કહેવું કે આત્માનો જ્ઞાનગુણ ઉપાદાનકારણ અને રાગરૂપ બોલવું, મોઢું ખોલવા સંબંધીનું જ્ઞાન, ઉપાદેય-મિથ્યા સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અરે ભાઈ! અમે તો આત્માના જ્ઞાનગુણને રાગ, બોલવા, મોઢું ખોલવા વગેરે સંબંધી જ્ઞાનરૂપ કાર્યનું ઉપાદાનકારણ કહ્યું છે, તે તો રાગ, બોલવું, મોઢું ખોલવા વગેરે નિમિત્તકારણોથી જુદું કરવા માટે કહ્યું છે. ખરેખર આત્માનો જ્ઞાનગુણ પણ રાગ, બોલવું, મોઢું ખોલવા સંબંધી જ્ઞાનરૂપ કાર્યનું સાચું ઉપાદાન કારણ નથી.

૮

**A પ્રશ્ન ૮ :- જો ભાષાવર્ગણા પણ બોલવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી. તો અહીંયાં બોલવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- ભાષાવર્ગણામાં અનાદિ કાળથી પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે. માનો કે દસ નંબરની પર્યાયમાં બોલવારૂપ કાર્ય થયું તો તેમાં અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય નવ નંબર ક્ષણિક ઉપાદાનકારણ અહીંયાં બોલવારૂપ કાર્યનું અહીંયાં સાચું ઉપાદાનકારણ છે.

**B પ્રશ્ન ૮ - જો મોઢારૂપ આહારવર્ગણા પણ મોઢું ખુલવારૂપ કાર્યનું સાચું ઉપાદાન કારણ નથી, તો મોઢું ખુલવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**



ઉત્તર :- મોઢારૂપ આહાવર્ગણામાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે. માને દસ નંબરની પર્યાયમાં મોઢું ખુલવારૂપ કાર્ય થયું, તો તેમાં અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય નવ નંબર ક્ષણિક ઉપાદાનકારણ અહીંયાં મોઢું ખુલવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ છે.

**C પ્રશ્ન ૮ :- જો આત્માનો ચારિત્રગુણ પણ રાગરૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી, તો રાગરૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- આત્માના ચારિત્રગુણમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે. માનો દસ નંબર પર્યાયમાં રાગરૂપ કાર્ય થયું તો તેમાં અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય નવ નંબર ક્ષણિક ઉપાદાનકારણ, અહીંયાં રાગરૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ છે.

**D પ્રશ્ન ૮ :- આત્માનો જ્ઞાનગુણ પણ જ્ઞાનરૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી. અહીંયાં તો જ્ઞાનરૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે. માનો દસ નંબર પર્યાયમાં જ્ઞાનરૂપ કાર્ય થયું - તો તેમાં અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય નવ નંબર ક્ષણિક ઉપાદાનકારણ અહીંયાં જ્ઞાનરૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ છે.

૯

**પ્રશ્ન :- (A) ભાષાવર્ગણા, (B) આહારવર્ગણા (C) ચારિત્રગુણ અને (D) જ્ઞાનગુણમાં અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ કેમ ચાલ્યો આવે છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય-ગુણ, અનાદિ-અનંત ધ્રુવ રહેતાં થકા એક

પર્યાયનો વ્યય અને બીજી પર્યાયનો ઉત્પાદ, એક જ સમયમાં સ્વયં પોતે પોતાના પરિણમનસ્વભાવને કારણે કરતું રહ્યું છે, કરે છે અને ભવિષ્યમાં કરતું રહેશે - એવું વસ્તુસ્વરૂપ છે; એ જ કારણે અનાદિકાળથી **(A)** ભાષાવર્ગણા **(B)** આહારવર્ગણા **(C)** ચારિત્રગુણ અને **(D)** જ્ઞાનગુણમાં પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે.

૧૦

**A-D પ્રશ્ન ૧૦ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાનકારણ અને (A) બોલવું (B) મોઢું ખુલવું, (C) રાગ અને (D) જ્ઞાન થવું ઉપાદેય - તેમ જાણવા-માનવાથી શું લાભ થયો?**

ઉત્તર :- (૧) ભૂત-ભવિષ્યની પર્યાયોથી દૃષ્ટિ હટી જાય છે. (૨) જે ત્રિકાળી ઉપાદાનકારણ હતું, તે પણ વ્યવહાર કારણ થઈ ગયું. (૩) હવે અહીંયાં, **(A)** બોલવું, **(B)** મોઢું ખોલવું **(C)** રાગ થવો અને **(D)** જ્ઞાન થવારૂપ કાર્ય માટે, માત્ર અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, ક્ષણિક ઉપાદાન કારણ તરફ જદ જોવાનું રહ્યું.

૧૧

**પ્રશ્ન ૧૧ :- કોઈ ચતુર ફરી પ્રશ્ન કરે છે કે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી, એમ જિનવાણીમાં કહ્યું છે, પછી એમ માનવું કે અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણ અને બોલવું, મોઢું ખોલવું, રાગ થવો અને જ્ઞાન થવું કાર્ય, ઉપાદેય, આ વાત મિથ્યાસિદ્ધ થાય છે.**

ઉત્તર :- અરે ભાઈ! અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થતી અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી - જિનવાણીની આ વાત બિલકુલ ઠીક છે, પણ અમે તો કાર્યની પહેલા કઈ પર્યાય હોય છે, તેની અપેક્ષાએ અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયને બોલવું, મોઢું ખોલવું, રાગ થવો અને જ્ઞાન થવારૂપ કાર્યને ક્ષણિક-ઉપાદાનકારણ કહ્યું છે, પણ અનંતરપૂર્વક્ષણવર્તી-પર્યાય પણ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી.

૧૨

**A-D પ્રશ્ન ૧૨ :- જો અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય પણ બોલવું, મોઢું ખોલવું, રાગ અને જ્ઞાન થવારૂપ કાર્યનું સાચું ઉપાદાનકારણ નથી, તો કેવું કારણ છે અને કેવું કારણ નથી?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય બોલવારૂપ કાર્યનું અભાવરૂપ કારણ છે, કાળસૂચક છે પણ કાર્યની જનક નથી.

૧૩

**A-D પ્રશ્ન ૧૩ :- જો એમ હોય તો ખરેખર કાર્યનું સાચું ઉપાદાનકારણ કોણ છે?**

ઉત્તર :- ખરેખર તો તે સમયની પર્યાયની યોગ્યતારૂપ, ક્ષણિક ઉપાદાનકારણ જ કાર્યનું સાચું ઉપાદાનકારણ છે.

૧૪

**A-D પ્રશ્ન ૧૪ :- એમ જાણવા-માનવાથી શું શું લાભ થયો?**

ઉત્તર :- (૧) કોઈપણ કાર્ય માટે, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ તરફ જોવાનું રહ્યું નહિ. (૨) કાર્યને માટે એકમાત્ર તે સમયની પર્યાયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાનકારણ તરફ જ જોવાનું રહ્યું.

૧૫

**A-D પ્રશ્ન ૧૫ :- (૧) ભાષાવર્ગણા, ત્રિકાળી** ઉપાદાનકારણ અને બોલવું ઉપાદેય. (૨)

**અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણ અને બોલવું ઉપાદેય. (૩) બોલવું તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણ, અને બોલવું ઉપાદેય એમ જિનવાણીમાં આવ્યું છે, પણ એટલું વિસ્તારથી કથન કરવાથી શો લાભ છે, સીધું કહી દે કે - બોલવારૂપ કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતારૂપ ક્ષણિકઉપાદાનકારણથી જ થાય છે.**

ઉત્તર :- (૧) નિમિત્તકારણોથી જુદું કરવા માટે ત્રિકાળી ઉપાદાનકારણ ભાષાવર્ગણાને બતાવવી જરૂરી હતી. (૨) ભૂત-ભવિષ્યની પર્યાયોથી પૃથક કરીને અને અભાવરૂપ કારણનું જ્ઞાન કરાવવા માટે ક્ષણિકઉપાદાનકારણ અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયને બતાવવી જરૂરી હતી. (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક-ઉપાદાનકારણથી અલગ કરવા અને સાચું કારણ-કાર્યનું જ્ઞાન કરાવવા માટે ક્ષણિકઉપાદાનકારણ, તે સમયની પર્યાયની યોગ્યતાનું જ્ઞાન કરાવવું જરૂરી હતું. તે પ્રકારે ત્રણે કારણોનું સાચું જ્ઞાન કરાવવા માટે જિનવાણીમાં એટલા વિસ્તારથી સમજાવ્યું છે. એ પ્રકારે અન્ય ત્રણ પ્રશ્નો પર ઘટિત કરવું જોઈએ.

૧૬

**A-D પ્રશ્ન ૧૬ :- (A) બોલવું, (B) મોઢું ખુલવું, (C) રાગ અને (D) જ્ઞાનરૂપ કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણે જ થયું છે—તેને જાણવા-માનવાથી શું લાભ થયો?**

ઉત્તર :- જેમ આ કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક-ઉપાદાનકારણથી થયા છે; તેવી રીતે વિશ્વમાં જેટલા કાર્ય છે, તે બધા તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થતા રહેશે - એવું કેવળી સમાન



સાચું જ્ઞાન થઈ જાય છે.

૧૭

**A-D પ્રશ્ન ૧૭ :- કેવળી સમાન આવું સાચું જ્ઞાન થતા જ ક્યા-ક્યા અપૂર્વ કાર્ય જોવામાં આવે છે?**

ઉત્તર :- બધા કાર્યો પોતપોતાની યોગ્યતાથી જ થાય છે- એમ માનતા જ (૧) અનાદિ કાળથી પરમાં કરું-કરુંની ખોટી માન્યતાનો અભાવ થવો; (૨) દૃષ્ટિ પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર આવવી; (૩) સ્મયગ્દર્શનની પ્રાપ્તિ થઈને ક્રમથી શુદ્ધિ-વૃદ્ધિ થઈને મોક્ષ લક્ષ્મીનો નાથ બનવું; (૪) મિથ્યાત્વાદિ સંસારના પાંચ કારણોનો અભાવ થવો; (૫) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પંચ પરાવર્તનનો અભાવ થવો; અને (૬) પંચ પરમેષ્ઠીઓમાં ગણતરી થવી - તે અપૂર્વકાર્ય જોવામાં આવે છે.

૧૮

**A-D પ્રશ્ન ૧૮ :- જગતમાં દરેક કાર્ય તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાન કારણથી થાય છે, તેમાં કઈ-કઈ ચાર વાતો એક જ સાથે, એક જ સમયમાં નિયમથી હોય છે?**

ઉત્તર :- (૧) તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાન (ઉત્પાદ) (૨) અનંતર પૂર્વ ક્ષણવર્તી પર્યાય ક્ષણિક ઉપાદાન કારણ (વ્યય) (૩) ત્રિકાળી ઉપાદાનકારણ (ધ્રુવ) (૪) (નિમિત્ત કારણ). આ ચાર વાતો, દરેક કાર્યમાં એક જ સાથે એક જ કાળમાં નિયમથી હોય છે. **(શ્રી પ્રવચનસાર, ગાથા ટીકા-૯૫)**

૧૯

**A-D પ્રશ્ન ૧૯ :- તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારથી જ થનારા (A) બોલવું (B) મોઢું ખુલવું, (C)**

**રાગ અને (D) જ્ઞાનરૂપ કાર્ય શું નિરપેક્ષ છે?**

ઉત્તર :- હા, પોતે પરની અપેક્ષા નથી રાખતા, આ કાર્ય માટે નિરપેક્ષ છે. અને પોતાની અપેક્ષા રાખે છે માટે સાપેક્ષ છે. પાત્ર ભવ્ય જીવોએ પહેલા કાર્યની નિરપેક્ષ સિદ્ધિ કરવી જોઈએ. પછી જે કાર્ય થયું, તેના અભાવરૂપ કારણ કોણ છે; ત્રિકાળી ઉપાદાનકારણ કોણ છે અને નિમિત્તકારણ કોણ છે - એ વાતોનું જ્ઞાન કરવું જોઈએ, કેમકે દરેક કાર્યના સમયે ચારેય વાતો નિયમથી હોય છે.

૨૦

**A-D પ્રશ્ન ૨૦ :- (A) બોલવું (B) મોઢું ખુલવું, (C) રાગ અને (D) જ્ઞાનરૂપ કાર્ય - તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાન કારણથી જ થયા છે. - એમ જાણવા-માનવાથી ક્યા ક્યા કારણ પર દૃષ્ટિ નથી જતી?**

ઉત્તર :- (૧) નિમિત્તકારણ; (૨) ત્રિકાળી ઉપાદાનકારણ; (૩) અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ પર, કાર્ય માટે દૃષ્ટિ નથી જાતી.

૨૧

**A પ્રશ્ન ૨૧ :- આત્માનું જ્ઞાન, કારણ અને બોલવું, કાર્ય — 'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- ભાષાવર્ગણામાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી બોલવારૂપ કાર્ય થયું છે; આત્માના જ્ઞાનથી નથી થયું તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને બોલવારૂપ કાર્ય, આત્માના જ્ઞાનથી થયું છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.



**B પ્રશ્ન ૨૧ - આત્માનું જ્ઞાન કારણ અને મોઢું ખુલ્યું કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- મોઢારૂપ આહારવર્ગણામાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી મોઢું ખુલ્યું છે; આત્માના જ્ઞાનથી નથી ખુલ્યું તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને બોલવારૂપ કાર્ય, આત્માના જ્ઞાનથી થયું છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.

**C પ્રશ્ન ૨૧ :- આત્માનું જ્ઞાન, કારણ અને રાગ કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના ચારિત્રગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી રાગ થયો છે; આત્માના જ્ઞાનને કારણે રાગ નથી થયો તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને આત્માના જ્ઞાનને કારણે રાગ થયો છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.

**D પ્રશ્ન ૨૧ :- રાગ કારણ અને જ્ઞાન કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે; રાગને કારણે જ્ઞાન નથી થયું

તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માન્યું; અને રાગને કારણે જ્ઞાન થયું છે તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને નથી માન્યું.

૨૨

**A પ્રશ્ન ૨૨ :- રાગ કારણ અને બોલવું, કાર્ય— 'કારણાનુવિધાયિની કાર્યાણિ'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- ભાષાવર્ગણામાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી બોલવારૂપ કાર્ય થયું છે; રાગને કારણે નથી થયું તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માન્યું; અને રાગને કારણે બોલવારૂપ કાર્ય થયું-એવી માન્યતાવાળાએ 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને નથી માન્યું.

**B પ્રશ્ન ૨૨ – રાગ, કારણ અને મોઢું ખુલ્યું કાર્ય– 'કારણાનુવિધાયિની કાર્યાણિ'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- મોઢારૂપ આહારવર્ગણામાંથી, અનંતતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી મોઢું ખુલવારૂપ કાર્ય થયું છે; રાગને કારણે નથી થયું તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માન્યું; અને રાગને કારણે મોઢું ખુલ્યું છે-એવી માન્યતાવાળાએ 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને નથી માન્યું.

**C પ્રશ્ન ૨૨ :- બોલવું, કારણ અને રાગ, કાર્ય– 'કારણાનુવિધાયિની કાર્યાણિ'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના ચારિત્રગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય



ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી રાગરૂપ કાર્ય થયું છે તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માન્યું; અને બોલવાને કારણે રાગરૂપ કાર્ય થયું છે એવી માન્યતાવાળાએ 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને નથી માની.

**D પ્રશ્ન ૨૨ :- મોઢું ખુલવું, કારણ અને જ્ઞાન, કાર્ય– 'કારણાનુવિધાયિની કાર્યાણિ'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાનરૂપ કાર્ય થયું છે તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માન્યું; અને મોઢું ખુલવાને કારણે જ્ઞાન થયું તો –'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને નથી માન્યું.

૨૩

**A પ્રશ્ન ૨૨ :- મોઢું ખુલવું, કારણ અને બોલવું, કાર્ય– 'કારણાનુવિધાયિની કાર્યાણિ'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- ભાષાવર્ગણામાંથી અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી બોલવારૂપ કાર્ય થયું છે તો 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને માન્યું; અને મોઢું ખુલવાને કારણે બોલવારૂપ કાર્ય થયું છે – તો એવી માન્યતાવાળાએ 'કારણાનુવિધાયિની કાર્યાણિ' ને નથી માન્યું.

**B પ્રશ્ન ૨૩ – બોલવું કારણ, મોઢું ખુલ્યું તે કાર્ય– 'કારણાનુવિધાયિની કાર્યાણિ'ને ક્યારે માન્યું અને ક્યારે નથી**

**માન્યું?**

ઉત્તર :- મોઢારૂપ આહારવર્ગણામાંથી, અનંતતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી મોઢું ખુલવારૂપ કાર્ય થયું છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને બોલવારૂપ કાર્યને કારણે મોઢું ખુલ્યું છે - તો એવી માન્યતાવાળાએ **'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.

**C પ્રશ્ન ૨૩ :- મોઢું ખુલ્યું, કારણ અને રાગ, કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના ચારિત્રગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી રાગરૂપ કાર્ય થયું છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને મોઢું ખોલવાથી રાગરૂપ કાર્ય થયું છે તો એવી માન્યતાવાળાએ **'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.

**D પ્રશ્ન ૨૩ :- બોલવું, કારણ અને જ્ઞાન, કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણમાંથી, અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાન થયું છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને બોલવાના કારણથી જ્ઞાનરૂપ કાર્ય થયું તો એવી માન્યતાવાળા ને-**'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.



## ૨૪

**A પ્રશ્ન ૨૪ :- ભાષાવર્ગણા, કારણ અને બોલવું, કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી બોલવારૂપ કાર્ય થયું છે તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું; અને ભાષાવર્ગણાના કારણે બોલવારૂપ કાર્ય થયું છે - તો એવી માન્યતાવાળાએ **'कारणानुविधायिनी कार्याणि'** ને નથી માન્યું.

**B પ્રશ્ન ૨૪ - મોઢારૂપ આહારવર્ગણા, કારણ અને મોઢું ખુલ્યું કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી મોઢું ખુલવારૂપ કાર્ય થયું છે; મોઢારૂપ આહારવર્ગણાથી નહિ—તો **'कारणानुविधायिनी कार्याणि'** ને માન્યું છે અને મોઢારૂપ આહારવર્ગણાને કારણે મોઢું ખુલવારૂપ કાર્ય થયું છે — એવી માન્યતાવાળાએ **'कारणानुविधायिनी कार्याणि'** નથી માન્યું.

**C પ્રશ્ન ૨૪ :- આત્માનો ચારિત્રગુણ કારણ અને રાગ, કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી રાગરૂપ કાર્ય થયું છે; આત્માના ચારિત્રગુણને કારણે નથી થયું તો

'कारणानुविधायिनी कार्याणि' ને માન્યું; અને આત્માના ચારિત્રગુણને કારણે રાગરૂપ કાર્ય થયું છે - એવી માન્યતાવાળાને 'कारणानुविधायिनी कार्याणि' ને નથી માન્યું.

**D પ્રશ્ન ૨૪ :- આત્માનો જ્ઞાનગુણ, કારણ અને જ્ઞાન થયું તે કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી જ્ઞાનરૂપ કાર્ય થયું છે; આત્મના જ્ઞાનગુણને કારણે નથી થયું તો 'कारणानुविधायिनी कार्याणि' ને માન્યું; અને આત્માના જ્ઞાનગુણને કારણે જ્ઞાનરૂપ કાર્ય થયું - એવી માન્યતાવાળાએ- 'कारणानुविधायिनी कार्याणि' ને નથી માન્યું.

૨૫

**A પ્રશ્ન ૨૫ :- અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય, કારણ અને બોલવું કાર્ય— 'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- બોલવારૂપ કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થયું છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાન નથી થયું તો 'कारणानुविधायिनी कार्याणि' ને માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયથી બોલવારૂપ કાર્ય થયું-એવી માન્યતાવાળાએ 'कारणानुविधायिनी कार्याणि' ને નથી માન્યું.

**B પ્રશ્ન ૨૫ - અનંતપૂર્વક્ષણવર્તીપર્યાય, કારણ અને મોઢું ખુલ્યું, કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- મોઢું ખુલવારૂપ કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા



ક્ષણિકઉપાદાનકારણથી થયું છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનથી નથી થયું તો 'कारणानुविधायिनी कार्याणि' નથી માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય ક્ષણિકઉપાદાનકારણથી મોઢું ખુલવારૂપનું કાર્ય થયું છે તો 'कारणानुविधायिनी कार्याणि' ને નથી માન્યું.

**C પ્રશ્ન ૨૫ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, કારણ અને મોઢું ખલ્યું, કાર્ય-'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- રાગરૂપ કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતા ક્ષણિક ઉપાદાનકારણથી થયું છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિક ઉપાદાનકારણથી નથી થયું, તો 'कारणानुविधायिनी कार्याणि' ને માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણથી રાગરૂપ કાર્ય થયું છે તો 'कारणानुविधायिनी कार्याणि' ને નથી માન્યું.

**D પ્રશ્ન ૨૫ :- અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાય, કારણ અને જ્ઞાન, કાર્ય -'कारणानुविधायिनी कार्याणि'ને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- જ્ઞાનરૂપ કાર્ય, તે સમય પર્યાયની યોગ્યતા ક્ષણિકઉપાદાનકારણથી થયું છે; અનંતરપૂર્વક્ષણવર્તીપર્યાયથી નથી થયું તો 'कारणानुविधायिनी कार्याणि' ને માન્યું; અને અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય ક્ષણિક ઉપાદાનકારણથી જ્ઞાનરૂપ કાર્ય થયું છે તો એવી માન્યતાવાળાએ 'कारणानुविधायिनी कार्याणि' ને નથી માન્યું.

●●

## ભૈયા ભગવતીદાસ રચિત
# ઉપાદાન-નિમિત્ત સંવાદ

મંગળાચરણ

पाद प्रणमि जिनदेव के, एक उक्ति उपजाय।
उपादान अरु निमित्त को, कहूँ संवाद बनाय।।१।।

શિષ્યનો પ્રશ્ન -

पूछत है कोऊ तहाँ, उपादान किह नाम।
कहो निमित्त कहिये कहा, कब के हैं इह ठाम।।२।।

શિષ્યના પ્રશ્નનો ઉત્તર -

उपादान निज शक्ति है, जिय को मूल स्वभाव।
है निमित्त परयोग तें, बन्यो अनादि बनाव।।३।।

નિમિત્ત -

निमित्त कहै मोकों सबै, जानत हे जगलोय।
तेरो नाम न जान हीं, उपादान को होय।।४।।

ઉપાદાન -

उपादान कहै रे निमित्त, तू कहा करै गुमान।
मोकों जानें जीव वे, जो है सम्यक्वान।।५।।

નિમિત્ત -

कहैं जीव सब जगत के, जो निमित्त सोई होय।
उपादान की बात को, पूछे नाहीं कोय।।६।।

ઉપાદાન -

उपादान बिन निमित्त तू, कर न सके इक काज।



कहा भयौ जग ना लखै, जानत हैं जिनराज।।७।।

નિમિત્ત -

देव जिनेश्वर गुरु यती, अरु जिन आगम सार।
इह निमित्त से जीव सब, पावत है भवपार।।८।।

ઉપાદાન -

यह निमित्त इस जीव के, मिल्यो अनंतीवार।
उपादान पलट्यो नहीं, तो भटक्यो संसार।।९।।

નિમિત્ત -

कै केवलि कै साधु के, निकट भव्य जो होय।
सो क्षायक सम्यक् लहै, यह निमित्त बल जोय।।१०।।

ઉપાદાન -

केवलि अरु मुनिराज के, पास रहे बहु लोय।
पै जाको सुलट्यो धनी, क्षायिक ताकों होय।।११।।

નિમિત્ત -

हिंसादिक पापन किये, जीव नर्क में जाहिं।
जो निमित्त नहिं काम को, तो इस काहे कहाहिं।।१२।।

ઉપાદાન -

हिंसा में उपयोग जहाँ, रहे ब्रह्म के राच।
तेई नर्क में जात है, मुनि नहिं जाहिं कदाच।।१३।।

નિમિત્ત -

दया दान पूजा किये, जीव सुखी जग होय।
जो निमित्त झूठौ कहो, यह क्यों माने लोय।।१४।।

ઉપાદાન -

दया-दान-पूजा भली, जगत माहिं सुखकार।
जहं अनुभव को आचरण, तहँ यह बंध विचार।।१५।।

निमित्त -

यह तो बात प्रसिद्ध है, सोच देख उर माहिं।
नरदेही के निमित्त बिन, जिय क्यों मुक्ति न जाहिं।।१६।।

ઉપાદાન -

देह पींजरा जीव को, रोकै शिवपुर जात।
उपादान की शक्ति सों, मुक्ति होत रे भ्रात।।१७।।

निमित्त -

उपादान सब जीव पै, रोकनहारौ कौन?
जाते क्यों नहिं मुक्ति में, बिन निमित्त के हौन।।१८।।

ઉપાદાન -

उपादान सु अनादि को, उलट रह्यो जगमांहि।
सुलटत ही सूधे चलें, सिद्धलोक को जाहिं।।१९।।

निमित्त -

कहुँ अनादि बिन निमित्त ही, उलट रह्यो उपयोग।
ऐसी बात न संभवै, उपादान तुम जोग।।२०।।

ઉપાદાન -

उपादान कहे रे निमित्त, हम पै कही न जाय।
ऐसी ही जिन केवली, देखे त्रिभुवन राय।।२१।।

निमित्त -

जो देख्यो भगवान ने, सो ही सांचो आहिं।
हम तुम संग अनादि के, बली कहोगे काहिं।।२२।।

ઉપાદાન -

उपादान कहे वह बली, जाको नाश न होय।
जो उपजत विनशत रहे, बली कहाँ तैं सोय।।२३।।

निमित्त -



उपादान तुम जोर हो, तो क्यों लेत अहार।
पर निमित्त के योग सों, जीवत सब संसार।।२४।।

ઉપાદાન -

जो अहार के जोग सों, जीवत है जगमांहि।
तो वासी संसार के, मरते कोऊ नांहिं।।२५।।

निमित्त -

सूर सोम मणि अग्नि के, निमित्त लखें ये नैन।
अन्धकार में कित गयो, उपादान दृग दैन।।२६।।

ઉપાદાન -

सूर सोम मणि अग्नि जो, करे अनेक प्रकाश।
नैन शक्ति बिना ना लखैं, अंधकार सम भास।।२७।।

निमित्त -

कहे निमित्त वे जीव को, मो बिन जग के माहिं।
सबै हमारे वश परे, हम बिन मुक्ति न जाहिं।।२८।।

ઉપાદાન -

उपादान कहै रे निमित्त! ऐसे बोल न बोल।
तोकों तज निज भजत हैं, ते ही करें किलोल।।२९।।

निमित्त -

कहै निमित्त हमको तजै, ते कैसे शिव जात।
पंच महाव्रत प्रगट हैं, और हु क्रिया विख्यात।।३०।।

ઉપાદાન -

पंच महाव्रत जोग त्रय, और सकल व्यवहार।
पर कौ निमित्त खपाय के, तब पहुँचे भवपार।।३१।।

निमित्त -

कहै निमित्त जग में बड्यो, मो तै बडौ न कोय।

तीन लोक के नाथ सब, मो प्रसाद तें होय।।३२।।

ઉપાદાન -

उपादान कहै तू कहा, चहुँगति में ले जाय।
तो प्रसाद तैं जीव सब, दुःखी होहिं रे भाय।।३३।।

નિમિત્ત -

कहै निमित्त जो दुःख सहै, सो तुम हमहिं लगाय।
सुखी कौन तैं होत है, ताको देहु बताय।।३४।।

ઉપાદાન -

जो सुख को तू सुख कहै, सो सुख तो सुख नांहि।
ये सुख दुःख के भूल हैं, सुख अविनाशी मांहि।।३५।।

નિમિત્ત -

अविनाशी घट घट वसे, सुख क्यों विलसत नांहिं।
शुभ निमित्त के योग बिन, परे परे बिललाहिं।।३६।।

ઉપાદાન -

शुभ निमित्त इह जीव को, मिल्यो कई भवसार।
पै इक सम्यक्‌दर्शन बिन, भटकत फिरयो गँवार।।३७।।

નિમિત્ત -

सम्यग्दर्शन भये कहा, त्वरित मुक्ति में जाहिं?
आगे ध्यान निमित्त है, ते शिव को पहुँचाहिं।।३८।।

ઉપાદાન -

छोर ध्यान की धारणा, मोर योग की रीत।
तोरि कर्म के जाल को, जोर लई शिव प्रीत।।३९।।

નિમિત્ત દ્વારા પરાજયની સ્વીકૃતિ

तब निमित्त हार्‌यो तहाँ, अब नहिं जोर बसाय।
उपादान शिव लोक में, पहुँच्यो कर्म खपाय।।४०।।



ઉપાદાનનો લાભ -

उपादान जीत्यो तहाँ, निजबल कर परकाश।
सुख अनंत ध्रुव भोगवे, अन्त न वरन्यो तास।।४१।।

તત્ત્વ સ્વરૂપ -

उपादान अरु निमित्त ये, सब जीवन पै वीर।
जो निजशक्ति संभार ही सो पहुँचे भव तीर।।४२।।

ઉપાદાનની મહિમા

भैया महिमा ब्रह्म की, कैसे वरनी जाय?
वचन अगोचर वस्तु है, कहिवो वचन बताय।।४३।।

આ સંવાદથી જ્ઞાની અને અજ્ઞાનીનો અભિપ્રાય -

उपादान अरु निमित्त को, सरस बन्यौ संवाद।
सम्यदृष्टि को सरल है, मूरख को बकवाद।।४४।।

સંવાદના રહસ્યને કોણ જાણે છે?

जो जानै गुण ब्रह्म के, सो जानै यह भेद।
साख जिनागम सों मिलै, तो मत कीज्यो खेद।।४५।।

ગ્રંથકર્તાનું નામ અને સ્થાન તેમ જ રચનાકાળ -

नगर आगरा अग्र है, जैनी जन को वास।
तिह थानक रचना करी, भैया मति प्रकाश।।४६।।
संवत् विक्रम भूप का, सत्तरहसैं पंचास।
फाल्गुन पहले पक्ष में, दशों दिशा परकाश।।४७।।

પાઠકોની નોંધ માટે



પાઠકોની નોંધ માટે